# શ્રી સંતરામ સ્તોત્રમ

**શ્રી સંતરામ સ્તોત્ર (૧૪) પુષ્પ**

લેખક

**પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**

શ્રી સંતરામ મંદિર, નડીઆદ.

| | | |
|---|---|---|
| લેખક | : | **પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**<br>શ્રી સંતરામ મંદિર, નડીઆદ. |
| ગ્રંથ સેવા સહાયક | : | શ્રી રાજુભાઇ સુતરીયા<br>શ્રીમતી ઉષાબેન આર. સુતરીયા<br>શ્રી જયંતીભાઈ દેસાઈ (દાસ)<br>શ્રી હરિશભાઈ ભટ્ટ<br>શ્રી સંતરામ ભકત સમાજ<br>પોસ્ટ બોકસ નં. ૩૨૧૫૫ નેવાર્ક,<br>ન્યુ જર્સી ૦૭૧૦૨ (યુ.એસ.એ.)<br>Web site : www.santram.info<br>E-mail : jaymaharaj@santram.info |
| પ્રકાશક | : | શ્રી સંતરામ સમાધિ સ્થાન, નડીઆદ. |
| પ્રકાશન વર્ષ | : | મહા સુદ પૂનમ - સાકરવર્ષા પર્વ<br>સંવત - ૨૦૭૬ |
| પ્રાપ્તિસ્થાન | : | શ્રી સંતરામ મંદિર, નડીઆદ<br>તેમજ શાખા મંદિરો |
| પ્રત | : | |
| મૂલ્ય | : | ગુરુ સેવા ભક્તિ |
| આવરણ ડિઝાઈન | : | હર્ષદભાઈ પ્રજાપતિ તથા આશિષભાઈ દવે |
| મુદ્રક | : | ક્રિષ્ના ઑફસેટ પ્રિન્ટર્સ, નડીઆદ. |

## જય મહારાજ

**આપને પ્રસાદીનું ભેટ આપેલ પુસ્તકનો ઉપયોગ થઈ ગયા પછી અન્યને વાંચવા આપવું અથવા મંદિરમાં પરત કરવું જરૂરી છે. આ પ્રસાદીનું પુસ્તક પસ્તીમાં વેચવા માટે નથી.**

।। જય મહારાજ ।।

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૫૨ | અદ્વૈત આનંદ સ્વરૂપ | ૧ |
| ૫૩ | નિજ પ્રભુમય દેખહિ જગત | ૦૭ |
| ૫૪ | સ્થૂળ સૂક્ષ્મ કારણ રે તે તો હું નીહ મારું | ૧૯ |
| ૫૫ | યસ્ય સ્મરણ માત્રેણ | ૩૩ |
| ૫૬ | પાપનો ગરીબ | ૪૬ |
| ૫૭ | અલ્હાદકારી ચ વાયુ | ૫૮ |
| ૫૮ | જ્ઞાન સ્વરૂપં નિજબોધ યુકતં | ૬૯ |
| ૫૯ | મે સદાજ્ઞાનમૂલા | ૮૦ |
| ૬૦ | સદ્‌ગુણોના ભંડારી | ૯૦ |
| ૬૧ | સદ્‌ગુરુ પાદ પરમ પ્રકાશા | ૯૯ |
| ૬૨ | લક્ષ્મણદાસ એ અમારું જ સ્વરૂપ છે. | ૧૦૯ |
| ૬૩ | આત્માને ઓળખો | ૧૧૯ |
| ૬૪ | કોઈના દોષ ન દેખે કશા. | ૧૩૧ |
| ૬૫ | ગુરુગમે અજવાળું થયું. | ૧૪૪ |
| ૬૬ | પંચાદિ કલેશહારમ્ | ૧૫૩ |
| ૬૭ | જેવો સંગ તેવો રંગ | ૧૬૪ |
| ૬૮ | સદ્‌ગુરુનું ફિલ્ટર | ૧૭૪ |
| ૬૯ | અતિ લોભ નિવાર | ૧૮૧ |

## પ્રકરણ–પર

# અદ્વૈત આનંદ સ્વરૂપ

**''અદ્વૈતાનંદરૂપાત્ પ્રણત જનગણાઽભીષ્ટદં દિવ્યરૂપં,**
**યત્સંગાત્પાપતાપાઃ સપદિ હૃદિગતા મે સદાઽજ્ઞાનમૂલા;**
**નષ્ટાસ્તં રામરૂપં શરણગતજનક્લેશ–પંચાદિહારમ્,**
**શ્રોત્રિયં સંતરામં બહુલભવભયઘ્નં જનાનાં ભજેઽહમ્''**

જય મહારાજ પરબ્રહ્મ વ્યાપક છે, જય મહારાજનું સ્વરૂપ સર્વમાં હોવા છતાંય અદ્વૈત છે. સર્વ એટલે અનેક થાય, અસંખ્ય થાય, એટલા બધાની વચ્ચે પણ જય મહારાજનું સ્વરૂપ, પરબ્રહ્મનું સ્વરૂપ અદ્વૈત છે.

**''અદ્વૈતાનંદરૂપાત્''**

આપ અન્ય નથી, માત્ર એક જ છો સર્વત્ર, જેમ,

**''યથા પ્રકાશ ઈતિ એકં કૃષ્ણ લોકં ઈમમ્ રવી''**

આકાશમાં સૂર્ય એક જ દેખાય છે, એક જ પ્રકાશી રહ્યો છે, પણ એના પ્રતિબિંબ અસંખ્ય હોય છે, અગણિત હોય છે. એ જે જુદા જુદા પ્રતિબિંબો હોવા છતાંય ભગવાન સૂર્યનારાયણ તો માત્ર એક જ છે, જુદા નથી, એમ જય મહારાજનું સ્વરૂપ પણ, પરબ્રહ્મ છે, બ્રહ્મતત્વ છે, એટલે સર્વમાં હોવા છતાંય પોતે એક જ છે. સૂર્ય

એક જ પ્રકાશે છે, છતાંય સર્વમા એ પ્રકાશી રહ્યો છે, દરેક જળાશયમાં, દરેક જળપાત્રની અંદર એક જ સૂર્યનું પ્રતિબિંબ છે, પ્રતિબિંબ કેટલાં બધાં હોય, છતાં સૂર્યનારાયણમ એક જ છે, એમ દરેકમાં બેઠેલા જય મહારાજનું બ્રહ્મતત્વનું સ્વરૂપ એક જ છે

**''કિંકરાણાં હૃદિસ્થમં''**

આપ તો દરેકના હૃદયમાં બેઠેલા છો. હૃદય જુદાં જુદાં છે પણ તે બધા હૃદયમાં આપ તો એક જ છો,

**''અદ્વૈતાનંદરૂપાત્''**

આ વેદાંતનો વિષય છે. બીજું નહીં માત્ર એક જ. ભગવાનના સિવાય આ જગતમાં બીજું કશું પણ છે જ નહીં. ભગવાન માત્ર એક જ છે, જુદો નથી. ભલે રૂપો અનેક હોય, મૂર્તિઓ અનેક હોય, આપણે કોઇપણ પરમાત્માને ભજીએ, કોઇ પણ ભગવાનને ભજીએ, પણ કરીએ છીએ તો માત્ર પ્રાર્થના જ ને? કોઇ પણ ભગવાન હોય, પણ થાય છે તો પૂજા જ ને? એ બધી જ રીતે એક જ હોય છે, પણ જુદાં જુદાં નામ હોય છે. જુદાં જુદાં નામ હોવા છતાંય, બધી વિધિ, બધા શ્લોકોમાં માત્ર પ્રાર્થનાનો જ ભાવ હોય છે, એટલે **જુદા જુદા શબ્દો દ્વારા, જુદા-જુદા ભગવાનને જે કંઇ પ્રાર્થના, સ્તુતિ, પૂજા કરીએ છીએ એ બધું માત્ર એક જ પરમાત્માને જતું હોય છે.** ભલે આપણે મંદબુદ્ધિથી જુદા જુદા ભેદ પાડતા હોઇએ, મારો ભગવાન આ છે, તારો ભગવાન આ છે. આનો ભગવાન આ છે. આમ નાનાં નાનાં છોકરાં રમે. જોયા છે નાનાં છોકરાંને ઘરઘર રમતાં? એ રમતાં રમતાં, ના હોય છતાંય, જો હું પપ્પા અને તારે મમ્મી બનવાનું. મારે નોકરી કરવા જવાનું. આમ કશું પણ ન હોવા છતાંય વ્યવસ્થિત રીતે ગોઠવણ કરે છે. રમે છે ને છોકરાં એ રીતે? પોતે

નથી છતાં પણ, એમ પરમાત્મા જુદો નથી છતાં સહું જુદાં જુદાં પાત્રો, જુદાં જુદાં નામ, જુદાં જુદાં સ્વરૂપ, જુદી જુદી ઉપાસના, જુદી જુદી પ્રાર્થનાઓ છતાંય અંદર તો એ માત્ર એક જ છે, જુદો નથી. એટલા માટે એને અદ્વૈત કહ્યો. આપણાથી પણ ભગવાન જુદો નથી, જે ભગવાન છે તે પોતે જ આપણામાં બેઠેલો છે, પણ આપણી અજ્ઞાન અવસ્થાથી ઓળખી શકતા નથી, સમજી શકતા નથી, કે મારામાં ભગવાન છે. એની ઉપર ખૂબ જ મોટાં મોટાં આવરણો પડેલાં છે, એટલાં બધાં આવરણો પડેલાં છે કે જેમ ઉકરડાની નીચે હીરો દબાયેલો પડેલો હોય. ઉકરડામાં તો દુર્ગંધ જ આવે, કચરો જ નાખેલો હોય, પણ એ કચરાની નીચે હોય હીરો. એમ આખું શરીર કચરો જ છે એમ સમજી લો. આ શરીર એટલે સારામાં સારી, કિંમતીમાં કિંમતી વસ્તુ લાવીને કચરો બનાવવાનું મશીન. આ શરીર એટલે સારામાં સારી વસ્તુ લાવીને, કિંમતી વસ્તુ લાવવાની, ફરવાની, ખાવા-પીવાની, અને બનવાનું શું? કચરો. કચરો બનાવવાનું મશીન એટલે આપણું આ શરીર. બીજું શું છે. દુર્ગંધ કચરામાંથી આવતી હોય. તો શરીરભાવથી ભલે ગમે તે હોય, જુદા હોય, પણ શરીરની અંદર રહેલું જે ચૈતન્ય છે, આત્મા છે, આ બધું શું? આ કેવી રીતે સમજવું? જો ભગવાન બધામાં એકસરખો હોય તો આ ઝઘડા થાય ખરા? એક જ ભગવાન જો બધાયમાં બેઠેલો છે, તો પછી આ બધાં તોફાન કયાં રહ્યાં? સંઘર્ષ અને તોફાન ભગવાન કરાવતો જ નથી. દરેકમાં બેઠેલો ભગવાન જીવન આપે છે, આયુષ્ય આપે છે, આરોગ્ય આપે છે, ભગવાન તો આનંદસ્વરૂપ છે, પણ જયારે આપણે પોતે એ ભગવાનના સ્વરૂપમાંથી થોડા બહાર નીકળી જીવભાવમાં આવી જઇએ, અને ભગવાન જિવાડે છે અને ભગવાન કરાવે છે તે

વાત ભૂલીને, હું કરું છું, બાઇક ઉપર બેઠેલા જુવાનિયાઓ, ચાલે બાઇક, સ્પીડ બાઇકની હોય, પણ કહેતા હોય કેમ મારી સ્પીડ જોઇ છે, આ મારી સ્પીડ છે, અરે ભાઇ સ્પીડ તો બાઇકની છે, તું તો ઉપર બેઠો છું. ચાલે છે તો બાઇક, પણ જે અહંકાર આવી ગયો, કે મારી સ્પીડ, પછી કયાંક અથડાય ત્યારે ચાર છ મહિનાનો ખાટલો, પણ આવું કેમ ? કે બાઇકની સ્પીડને પોતાની માની લીધી, અને એનું પરિણામ મળ્યું. એમ ભગવાન અંદર બેઠેલો જ છે આપણો, જયારે એ બેઠેલા ભગવાનને એક બાજુએ મૂકી આપણી જાતને માની લઇએ છીએ કે હું છું, હું આમ છું, ને હું આમ કરી નાખું. સ્પીડ બતાવી, અથડાયા અને પડયા. હવે કહો જોઇએ કોણ છે? હે ભગવાન જલદી સાજો કરી દેજે મને. પછી ભગવાન યાદ આવે, તો સકલ સૃષ્ટિની અંદર જયારે જીવભાવ આવે છે, મનમાં અહંકાર તોફાન આવે, ત્યારે જ આ બધા જ સંઘર્ષ એકબીજા વચ્ચે ઊભા થતા હોય છે. આખી ધરતી ઉપર બધાય એક સાથે જ રહીએ છીએ. જેની ઉપર આપણે પગ મૂકયો છે તેની ઉપર બધાએ પગ મૂકવાનો છે, ભગવાન બધાયને આધાર આપે છે, ભગવાન બધાને જીવનનું સુખ આપે છે, એ સાચા સુખને આપણે ઢાંકી દઇએ છીએ, અને આપણી કર્તાપણાની ભાવના કે, હું કરવાવાળો છું, એ અહંકાર આપણા આત્મા સ્વરૂપ ભગવાનને ઢાંકી દે છે, કે હમણાં તું દેખાઇશ નહીં, મારે તારી જરૂર નથી, આ બધું હું મારી રીતે કરી લઇશ. તો એ જે કર્તાપણાનો ભાવ, હુંપણાનો ભાવ, એ અહંકાર આવ્યો, એટલે દ્વૈત થઇ ગયું, ભગવાનથી જુદો પડી ગયો. ભગવાનથી હું જુદો પડ્યો એનું કારણ આ છે. ત્યાં પછી રાગ-દ્વેષ આવશે, સંઘર્ષ આવશે, તોફાન આવશે, બધું જ આવશે. **ભગવાન કોઇ દિવસ**

**કોઈને પણ ઝગડાવતો નથી. આ આયુષ, આ જીવન, આ જન્મ આપ્યો છે તે લડવા ઝઘડવા કે દુઃખી થવા માટે આપ્યો જ નથી,** ભગવાન તો કહે છે કે,

**''આનંદંબ્રહ્મ ઈતિ વ્યજાનાત્''**

**આપણા ઉપનિષદના, વેદોના ઋષિઓ કહે છે, આનંદ એ જ પરમાત્માનું સ્વરૂપ છે. આપણા જીવનની અંદર જયારે સાહજિક આનંદ આવે, ત્યારે સમજવાનું કે મારામાં આત્માના સ્વરૂપ ભગવાનના સ્વરૂપનું દર્શન થઇ રહ્યું છે.** એ બેઠેલો છે, પણ જયારે આપણે કોઇ વ્યવહાર કોઇ લોકિક, કોઇ એવી બાબતોમાં બેસી જઇ પછી સુખ લેવા જઇએ, એ બધાં સુખ ઊભાં કરેલાં હોય છે, જેને કહેવાય આર્ટિફિશિયલ. બનાવટી સુખ આપણે લેવા માટે દોડીએ છીએ, પછી દુઃખી થવાનો વારો આવે છે. એમાં પછી દુઃખ, ઝઘડા અને સંઘર્ષ બધું જ આવવાનું. સાચું સુખ છે તે આપણા પોતાનામાં જ છે. તમે પૂછો, કે સુખ આવ્યું કયાંથી? તમે જે સુખ બીજાનામાં શોધો છો તે સુખનું મૂળ છે આ શરીરની અંદર. શરીરમાં આત્મા જ ન હોય તો? બધાં જ સુખ મડદા આગળ પાથરી દીધાં હોય, મડદું એમાનું કોઇ પણ સુખ અનુભવી શકશે ખરું? સુખ તો તમારા પોતાનામાં પડેલું છે. સુખ કોઇ ચીજમાં, કોઇ વસ્તુમાં કે કોઇ વ્યકિતમાં નથી. સુખ આપણા પોતાનામાં છે, એની અનુભૂતિ થાય ત્યારે થાય, કે અદ્વૈત પરમાત્મા મારા પોતાનામાં જ છે. એ પરમાત્માનો હુ અંશ છું. જય મહારાજ પણ એ અદ્વૈત આનંદનું જ સ્વરૂપ છે. સ્વયં પરબ્રહ્મ છે. બ્રહ્મતત્વ છે. સહુમાં બેઠેલા જય મહારાજ છે એને અનુભવો.

**''અદ્વૈતાનંદરૂપાત્''**

એટલે જે એમને શરણે છે, જે જય મહારાજના આશ્રિતો છે, એ જય મહારાજને વંદન કરી રહ્યા છે, પ્રાર્થી રહ્યા છે, ઉપાસી રહ્યા છે,

**"દભિષ્ટદંનિત્યમિડે"**

અને નિત્ય વંદના કરનારને, નિત્ય ઉપાસના કરનારને જય મહારાજ તેઓનું પરમ કલ્યાણ થાય તેવું આપવાવાળા છે, પણ અદ્વૈતની રીતે જુદા નથી. એ પોતે જ છે, આપણા પોતાનામાં રહીને જ, આપણને સુખ શાંતિ આનંદ આપવા માટે બેઠેલા છે. આપણે આપણામાં બેઠેલા આત્મારૂપી જય મહારાજને અવગણીને, મારે જોવું છે, મારે ખાવું છે, મારે બોલવું છે, **મારે, એ ભાવ જયાં આવ્યો ત્યારે આ જીવ દુઃખી થતો હોય છે. જય મહારાજ તો સુખ આપનારા છે, એમના શરણમાં રહેનારને આનંદ આપવાવાળા છે.**

।। જય મહારાજ ।।

## પ્રકરણ–૫૩

# નિજ પ્રભુમય દેખહિ જગત

પરમબ્રહ્મ બ્રહ્મતત્વ આપનું સ્વરૂપ આનંદમય છે, અદ્વૈતા છે.

**''અદ્વૈતાનંદરૂપાત''**

આપ આનંદસ્વરૂપ છો. ભગવાનનું સ્વરૂપ આનંદનું જ સ્વરૂપ છે. ભગવાન અદ્‌વૈતરૂપે સર્વત્ર બિરાજે છે, અને એ પણ આનંદ આપવાવાળા છે. ભગવાન સૌને સુખી કરવાવાળા છે, કોઈને કયારેય પણ દુઃખી કરતા જ નથી, જીવમાત્ર દુઃખી થાય છે પોતાની જાતથી. પોતે દુઃખી થતો હોય છે પોતાના કર્મથી, પોતાના વ્યવહારથી. પોતાના વ્યવહારની અંદર પોતે ચોકકસ અને વ્યવસ્થિત થાય તો અશાંતિ કે દુઃખ એના જીવનમાં કયારેય આવે જ નહીં. પરમાત્મા બ્રહ્મસ્વરૂપ સ્વયં આનંદ સ્વરૂપ છે.

**''આનંદમં બ્રહ્મ ઇતિ વ્યજાનાત''**

બ્રહ્મનું સ્વરૂપ જ આનંદ છે. કયારેય પણ દુઃખ શોક કે અશાંતિ સ્પશૃતાં જ નથી. પરમાત્મા અદ્‌વૈત છે, અને એક જ છે. સર્વત્ર છે સર્વમાં છે, એને કહ્યું કે,

**''આનંદસ્વરૂપમ્''**

અદ્વૈતનો આનંદ કેવો હોય? કોઇપણ પારકું લાગે જ નહીં. બધા જ આપણા છે અને આપણે બધાના છીએ. કોઇપણ પારકું દેખાય જ નહીં. અદ્વૈત ભકિતમાર્ગની અંદર, કાગભૂષંડીજીએ કહ્યું કે કોની જોડે હું વિરોધ કરું? ભગવાન શિવ પાર્વતીજીને રામકથા કહેતાં કહે છે, સાંભળો ઉમા, ભગવાન બહુ આનંદમાં આવી જાય ત્યારે નામ બોલી દે છે. ઉમા એમ કહી દે છે. નામ દઇને બોલાવે, એટલે સમજવાનું કે આજે બહું આનંદમાં છે. અહીંયાં ભગવાન શિવે અદ્વૈતની વાત કરી,

**''ઉમા રામચરણ રજ વિગત કામ મદ ક્રોધ,**

**નિજ પ્રભુમય દેખહિ જગત''**

આખું જગત જ પોતાના ભગવાનમય દેખાય,

'કૈસે કરું વિરોધ''

કોની જોડે લડવું? કોની જોડે ઝગડવું? કોને શત્રુ માનવો?

આખું જગત પોતાના ભગવાનમય દેખાતું હોય, બધાને જય મહારાજ કહીએ. જય મહારાજ એનામાં બેઠા હોય એટલે કહીએ છીએ, તો અદ્વૈત તે.

**''સઘળે સમદ્રષ્ટિ કરીએ રે,**

**ભેળંભેળા થઇ ભળીએ રે''**

સઘળે સર્વત્ર કોઇ પણ આપણું દુશ્મન નથી. બધાની સાથે સારા સંબંધો રાખો, પ્રેમના સંબંધ રાખો, કોઇની સાથે વેરભાવ નહીં, એનું નામ અદ્વૈત. કોઇનું પણ દિલ દુભાવવું નહીં એનું નામ અદ્વૈત કાગભુષંડીજીને શ્રાપ આપ્યો લોમસ ઋષિએ, બહુ બકવાસ કરું છું. જા કાગડો થઇ જા. પરસ્પર ભકિતનો સત્સંગ ચાલતો

હતો. લોમસ ઋષિએ શ્રાપ આપ્યો, ઉત્તર પ્રત્યુત્તર કરે છે? જીભાજોડી કરે છે? જા કાગડો થઇ જા. તરત જ કાગડાનું સ્વરૂપ થઇ ગયા. પછી કા કા કરતા હસતા-હસતા ઊડી ગયા. શ્રાપ આપ્યો, કાગડો બની ગયા, કાંઇ વાંધો નહીં. ભગવાનની ઇચ્છા એવી હતી. એ ઋષિને એવી બુદ્ધિ આપી કે મને કાગડો બનાવી દીધો, કાંઇ નહિ, આ સ્વરૂપમાં આનંદ કરો. કાગભુષંડી નામ પડી ગયું કાગ ઋષિનું. હવે જયારે શ્રાપ આપ્યો, એમને થયું કે આને તો કશી અસર થતી નથી, માણસને શ્રાપ લાગે એટલે કેટલો દુઃખી થઇ જાય, વ્યથિત થઇ જાય, રડવા માંડે, વિનંતી કરે, આજીજી કરે. આ તો બસ મસ્તીથી પછી પાછા બોલાવ્યા કાગભુષંડીને, કે અહીં આવો પાછા, પૂછયું કે કેમ દુઃખ ના થયું? કહ્યું કે હું શું કરું, મને બધામાં ભગવાન જ દેખાય છે. **મને શ્રાપ આપનાર પણ ભગવાન છે, અને શ્રાપ લેનાર હું પણ ભગવાન જ છું.**

**''નિજ પ્રભુમય દેખહિ જગત''**

કોઇની સાથે વેર ઝઘડો નહીં, કોઇની સાથે વિરોધ વચકો પણ નહીં. સહુની સાથે સમાન. સૌની જોડેનો સંબંધ જ એવો રાખે. તમે જો જો, મિત્ર કરતાં દુશ્મન મગજમાં વધારે યાદ રહેતો હોય છે. મિત્રએ ઘણી બધી મદદ કરી હોય તો પણ એને કોઇક દિવસ જ યાદ કરીએ. પેલો દુશ્મન હોય, ચાર ગાળો બોલી ગયો હોય એ વારંવાર યાદ આવશે, કે મને ગાળો બોલી ગયો, મારું અપમાન કરી દીધું. યાદ કરી કરી મગજ થાકી જાય, એટલે રાગ-દ્વેષથી દૂર રહેવું.

**''ન દ્વેષ્ટિ સંપ્રવૃતાનિ ન નિવૃત્તિનિ કાઙક્ષતિ''**

જે છે એમાં સૌ પોતપોતાની રીતે કરે છે, આપણે આપણી

પોતાની રીતે કરો. **બધાની સાથે હસતા મોઢે જય મહારાજનો સંબંધ રાખવાનો. કોઇની સાથે પણ બગાડવાનું નહીં.** પાર્વતીજીને શંકર ભગવાન કહે છે, ઉમા સાંભળજો, આ જો, આને શ્રાપ આપ્યો છે છતાંય હસતો હસતો ઊડી ગયો, પછી ઋષિએ બોલાવીને પૂછયું કે કેમ આમ? તો કહે કે આ શ્રાપ આપનાર પણ મારો ભગવાન છે, હું કોને કહું? ભગવાની ઇચ્છા હતી તો શ્રાપ આપી દીધો. અદ્વૈત, સર્વમાં પોતાના ભગવાનની જ જુએ, પોતાને જ જોવો

**''યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ''**

બધાયને મારામાં જુએ છે અને મારામાં બધાયને જુએ છે, એનું નામ છે અદ્વૈત. સહુની સાથે સમદ્રષ્ટિ

**''સઘળે સમદ્રષ્ટિ કરીએ રે''**

આ ભાવ છે. અહીં આનંદરૂપ પણ કહ્યા, એ આનંદ જ આપશે, તમને. કોઇની સાથે વિરોધ જ ના હોય તો કોને દ્વેષ કરશો? કોની વાતો કરશો? કોની નિંદા કરશો? બધામાં ભગવાન છે, એટલે બહુ જ સ્પષ્ટ થઇને આનંદપૂર્વક સહુની અંદર બેઠેલા જય મહારાજનાં દર્શન કરો. **વ્યવહાર જ એવો રાખવો કે કોઇની સાથે વિરોધ ન થાય. કોઇ કહેતાં કોઇની માટે કડવું બોલવું નહીં. કોઇની પણ નિંદા કૂથલી કરવી નહીં.** તમે નિંદા કોની કરવાના, તેનામાં બેઠેલા ભગવાનની? બસ, માત્ર પરમાત્માનું અનુસંધાન કરો, જય મહારાજની સેવા, સત્સંગ કરી, એમાંથી આનંદ લઇ લો. બસ માત્ર આનંદ લઇ લો. કલેશને ઊભો કરશો નહીં. ભગવાન આનંદસ્વરૂપ છે. કોઇપણ વ્યકિતની સાથે જયારે સંબંધ બગડે, ત્યારે દુઃખ ઊભું થાય, કલેશ ઊભો થાય અને એ છે આનંદથી પર. પણ જ્યાં માત્ર એમ જ હોય, કે હું બહુ જ સુખી

છું, પણ એ ક્યારે? જ્યારે આપણી નિંદા કરનારા ના હોય, આપણો કોઇ દુશ્મન ન હોય, આપણું કામ બગાડનાર ના હોય, આપણે કોની બીક રાખવાની? **એક વસ્તુ છે, આપણો વ્યવહાર, આપણું વર્તન, આપણી વાણી, આપણી દ્રષ્ટિ, જો વ્યવસ્થિત હોય તો આપણને કોણ કહેવાનું હતું, કે તું આવો છું.** એટલે **આપણો વ્યવહાર, વર્તન, વાણી, દ્રષ્ટિ એવી હોય, કોઇના પ્રત્યે કોઇ જાતનો વહેરો આંતરો, કે વિરોધ નહીં. જો આ દ્રષ્ટિ રાખીશું તો આપણે પોતે સુખી, અને આપણાથી બીજા સુખી.** કોઇનું ક્યારેય બગાડ્યું ન હોય, તો કહેશે કે ના ભાઇ, આ તો બહુ જ સારા છે, સજ્જન છે, એમનો વ્યવહાર કેટલો સરસ છે, આપણી જોડે કોઇ દિવસ પણ બગાડતા નથી, આનું નામ આનંદમ્. જય મહારાજ તો આનંદસ્વરૂપ છે, જય મહારાજનું સ્વરૂપ, પરબ્રહ્મનું સ્વરૂપ માત્ર આનંદમય છે.

જે નિત્ય જય મહારાજના સહવાસમાં છે, એમની જે સેવા કરે છે, સત્સંગ કરે છે, જે એમને સમર્પિત છે, એને જય મહારાજ શું આપે છે?

**''પ્રનતજનગણા અભીષ્ટદં''**

એને ઇચ્છિત આપે છે, શું ઇચ્છિત આપે છે? એનું કલ્યાણકારી ઇચ્છિત શ્રેય. એનું કલ્યાણ થવાનું હોય, એનો શ્રેય થવાનો હોય તો આપે ખરા, પણ જો એનું બગડતું હોય તો ન આપે. પણ એનું કલ્યાણકારી ઇચ્છિત, કે જેમાં એની પોતાની સદ્ગતિ હોય એવું જ આપે, કેવું આપે છે?

**''દિવ્યરૂપં''**

દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવે છે, પણ કોને? જે શરણે

આવેલો છે, જે સમર્પિત છે જય મહારાજને, એને જય મહારાજ પોતાના દિવ્યરૂપનાં દર્શન કરાવતા હોય છે.

**''અદ્વૈતાનંદ રૂપાત પ્રણત જનગણાભીષ્ટદં દિવ્ય રૂપં''**

દિવ્ય રૂપ કયું હશે, આ શરીર? આ દુન્યવી? દિવ્યરૂપ એ આત્માનું સ્વરૂપ છે. જય મહારાજ તો પરબ્રહ્મ સ્વરૂપ છે, અને પરબ્રહ્મના જ આ બધા અંશો છે, એટલે એવી દિવ્ય દ્રષ્ટિ આપે, એવી અંતર્મુખતા આપે, કે જેને કારણે એ પોતાના આત્માના દિવ્ય સ્વરૂપને સાચી રીતે સમજી શકે, શરીરને નહીં. શરીર તો કોથળો છે, એમાં તો માત્ર હાડમાંસ, મળમૂત્ર જ ભરેલું છે, બીજું કશું પણ મળવાનું નથી અંદર શોધવા જશો તો. એક ડોકટર કાર્ડિયાક છે, તે બાયપાસના ઓપરેશન કરે, એમને એક દિવસ પૂછયું કે તમે આટલાં બધાં હૃદયનાં ઓપરેશન કર્યાં છે. તમને ક્યાંય આત્મા દેખાયો? ભગવાન તો સૂક્ષ્મ સ્વરૂપે અંદર બિરાજેલા છે, અંતર્યામી છે, દરેકના હૃદયમાં બિરાજેલા છે, પણ ડોકટર તો સ્થૂળ હૃદયને જોતા હોય, અને સ્થૂળ હૃદયને કાપતા હોય, તો પછી એમાં એને સૂક્ષ્મ ભગવાન કયાં દેખાવાના હતા? હા ધબકારા દેખાય, બહાર કાઢી એને મોટર ઉપર મૂકી દે એટલે ધબકયા કરે. જયાં સુધી ઓપરેશન થાય, ત્યાં સુધી હૃદય આખું બહાર કાઢી લે, અને પંપીંગ ઉપર મૂકી રાખે, એની મેતે ચાલ્યા કરે, પેલી બાજુ આખું ઓપરેશન પુરું થાય એટલે ફરી પાછું હૃદય ગોઠવી દે. પણ એમાં એને ભગવાન દેખાતો નથી, કયાંથી દેખાય? હૃદય એ તો સ્થૂળ સ્વરૂપ છે, પરમાત્મા અંદર સૂક્ષ્મ છે, અદ્વૈત છે, બીજો છે જ નહીં. નથી દેખાતો છતાં છે, નામ રૂપ નથી છતાં પણ આપણે એને આત્મા કહીએ છીએ. દેખાતું નથી છતાં પણ છે, એને નામ નથી છતાં પણ આત્મા કહીએ છીએ, એને રૂપ

પણ નથી તો દેખાય કેવી રીતે? એને જોવા માટે પ્રયત્ન શા માટે કરવો? એને નામ નથી,  રૂપ નથી, આકાર નથી એના માટે ખોટી મહેનત કરીએ છીએ એવું નથી લાગતું? ભલે એને નામ, રૂપ, આકાર નથી પણ એનું અસ્તિત્વ નથી એવું નથી, એનું અસ્તિત્વ છે જ. કોઇ સ્થૂળ વસ્તુનું નામ ના હોય, આકાર ના હોય, તો કહેવાય કે વસ્તુ છે જ નહીં, પણ આ તો સૂક્ષ્મ ચેતના છે. સ્થૂલ છે, સ્થૂલમાં ચેતના નથી, એ જડ છે, તો જડની અંદર કયારે પણ એ દર્શન થઇ જ ન શકે, મળે જ નહીં અંદરથી હૃદય છે એ પાંચ ભૌતિક છે, હૃદય સ્થૂળ છે, જડ છે, એટલે હૃદયને નામ આપ્યું, એને આકાર આપ્યો, પણ આત્માને? આત્માને, પરમાત્માને કોઇ નામ નથી, કોઇ આકાર નથી, પણ છતાં પણ આપણે એની ઉપાસના કરીએ છીએ, માટે આપણે એને મૂર્તિમાં બેસાડી દીધો. આપણે આપણા ભગવાનને મૂર્તિ સ્વરૂપે એમાં પધરાવ્યા. એક પ્રતિક છે, અને એની અંદર મેં મારી શ્રદ્ધાને સ્થાપિત કરી, કે આ મૂર્તિમાં મારા ભગવાન છે. બસ આટલી શ્રદ્ધાનું કેન્દ્ર સ્થાપિત કર્યું. એને ભજીએ, એટલે આપણું મન, વિચાર, વ્યવહાર, દ્રષ્ટિ બધું જ એમાં પરોવાઇ જાય, અને એટલા માટે એ ઠાકોરજી કહેવાય, એ ભગવાન કહેવાય. મૂર્તિઓ હજારો વર્ષ સુધી પૂજાતી હોય, અને લાખો કરોડો માણસો આવીને પગે લાગતા હોય, તો એ શ્રદ્ધાના કેન્દ્ર સ્થાપિત થયા પછી એમાં દરેકની શ્રદ્ધા વડે, એ મૂર્તિમાં ભગવાન આવિર્ભાવિત થાય છે. આવે છે, દર્શન પણ આપશે, પ્રાર્થના કરશો તો એ સાંભળશે પણ ખરા, તમારી મનોકામના, તમારી ઇચ્છા, તમારું કાર્ય એ પૂર્ણ પણ કરશે, કારણ? ભલે મૂર્તિ તો પથ્થર જ છે, પણ અમારી શ્રદ્ધા જે છે તે એની અંદર અમે સ્થાપિત કરી છે. જે **મૂર્તિની અંદર આપણી શ્રદ્ધા**

**સ્થાપિત થઇ એ આપણા માટે આરાધ્ય છે. એની ઉપાસના, એની પૂજા બધું જ કરવાના છીએ. એનું ધ્યાન, એનું જે નામ હશે એ નામનું પણ સ્મરણ કરીશું,** પણ એમની સાનિધ્યમાં, એક સમયે એક જગ્યાએ પડી રહેલો પથ્થર હતો, તે આજે મંદિરની અંદર સરસ ભગવાનનું રૂપ ધારણ કરીને બેઠો છે. પથ્થર જ પણ હવે પૂજાવા માંડ્યો છે. ભગવાનની અંદરની આપણી શ્રદ્ધા, આપણી ભકિત, પણ એ બધું છે કયાં? આપણા પોતાનામાં છે. મૂર્તિનો ભગવાન ઓળખ્યો કોણે? આપણે, એ રીતે મૂર્તિની પૂજા આપણે કરીએ છીએ આપણા ઇષ્ટદેવ, આપણા આરાધ્ય તરીકે, બાકી કોઇ વિધર્મી આવી મૂર્તિ તોડશે, એ તો પથ્થર તરીકે જ તોડશે, એને કયાંથી શ્રદ્ધા હોવાની હતી એ મૂર્તિમાં? માણસ તો એ પણ છે, આપણે પણ માણસ છીએ, પણ આપણી શ્રદ્ધા કેન્દ્રબિંદુ છે એના લીધે આપણે ઉપાસીએ છીએ. પણ એ આનંદ, પથ્થરની મૂર્તિનો આનંદ આવ્યો કયાંથી? આપણા પોતાનામાં બેઠેલા ભગવાનમાંથી. આપણા પોતાનામાં જ ભગવાન બેઠેલો ના હોય તો કોણ આનંદ ભોગવવાનું હતું? શેનો આનંદ મેળવાનો હતો? **એક વસ્તુ ચોકકસ સમજવાની છે, કે આનંદ આ જગતના કોઇ પણ પદાર્થ, કોઇપણ વ્યકિત કે કોઇ પણ પરિસ્થિતિમાં નથી, જે આનંદ છે તે આપણા પોતાનામાં જ છે. આપણા પોતાનામાં જે આનંદ છે એ જ બધું વ્યકત થાય છે. મનને કુટેવ પડી ગઇ છે, મન સમજવા જ તૈયાર નથી, મન માનવા જ તૈયાર નથી, એને એમ છે કે આ શરીર અને એના વડે જે પણ કાંઇ થતું હોય, એ જ સુખ,** એ જ ભોગો, બીજાને ખબર જ કયાંથી પડે? એણે કદી જોયું જ નથી. એટલે મન સ્વયં પોતે જ દુઃખાદીનો ભોગ બનતું હોય છે. પણ આનંદમય બ્રહ્મ છે, આનંદમય આત્મા છે, અને એ જ શાશ્વત સુખ આપી શકે છે.

શાશ્વત એટલે અખંડ સુખ, જેમ કહીએ છીએ કે આના ઘરમાંથી તો સુખ કોઇ દિવસ ખૂટતું જ નથી. કયાંથી ખૂટે? **સમજણપૂર્વક, સંયમપૂર્વક, સદાચારથી રહેતા હોય, હળીમળીને રહેતા હોય, એના ઘરમાં ના રાગદ્વેષ હોય, ના માન-અપમાન હોય, બધા જ શાંતિથી રહેતા હોય, એમ થાય કે આ ઘરમાં પ્રભુનો વાસ છે. બધા જ આનંદિત છે, રાગદ્વેષ સિવાય બધા જ શાંતિથી રહે છે. એ આનંદસ્વરૂપ પરમાત્મા આપણા પોતાનામાં છે. સમસ્ત પરિવારમાં એવું વાતાવરણ હોય કે કયારેય કલેશ થવા દેવાનો નહીં,** પરમાત્માને પોતાનામાં સમજી, સૌનામાં સમજી, અને સૌની પ્રત્યેનો વ્યવહાર બિલકુલ હળવાશથી, કોઇનો પણ વિરોધ ન થાય, કે કોઇના પ્રત્યે ગમો-અણગમો ઉભો ન થાય, આપણે પોતે જ આપણા પોતાના સ્વરૂપમાં. આનંદ આપણે આપણા પોતાના સ્વરૂપમાંથી જ માણવાનો છે. જયારે પણ એ સુખ કે આનંદ બીજાનામાંથી મળે છે, આપણને કોઇ વસ્તુ ખાવામાંથી કે જોવામાંથી મળે છે, અમુક વસ્તુ પહેરવાથી કે વાપરવાથી આપણને આનંદ મળે છે, એ બધા તો જડ છે, સ્થૂળ છે, આપણા પોતાનામાં જે આનંદ છે તે વ્યકત થતો હોય છે, અને એટલા માટે, કે તમે પરમાત્માને આનંદમય જાણો. તમારામાં જે આત્માનું સ્વરૂપ છે, એ આનંદમય છે દુઃખમય નથી. આપણા વિચાર, આપણું વર્તન અને આપણા વ્યવહારમાંથી તો દુઃખ ઉત્પન્ન થાય છે. વ્યવહાર સારો હોય, કોઇ દિવસ બગડવા નહીં દઇએ, નાના છોકરાઓનો વ્યવહાર કેવો હોય છે? એમને કશી દુશ્મનાવટ હોય છે? નાનું બાળક, જે કોઇ એને હાથ લંબાવીને તેડે એની જોડે એ તરત જતું રહેવાનું છે, એટલે જે આનંદ છે તે આત્માનો આનંદ છે, અને પોતે પણ એ પરમાત્માની સાથે છે, એમ કહીને અદ્વૈત થઇને બીજો નથી.

**''મન તું અળગું રે કયાં અફળાય, બીજો નથી બોલતો**

**તું તો જોઇ લે ને તારા રૂપને''**

રૂપ એટલે આત્મા

**''ખોળી જોતા તું જ ખોવાય રે''**

શરીરથી તું ખોવાઇ જવાનો, માત્ર આત્મસ્વરૂપ જ રહે.

**''બીજો નથી બોલતો,**

**જો ને તારી ઓથે હરી સંતાય રે,**

**કુંડળ નાક ન ઢંકાય રે**

**બીજો નથી બોલતો રે''**

તારા શરીરની પાછળ હરી ઢંકાયેલો છે, શરીર દેખાય છે પણ આત્મા નથી દેખાતો. કુંડળ દેખાય છે, ઘરેણું દેખાય છે, પણ સોનું નથી દેખાતું. બહુ જ સરસ ડિઝાઇન છે, લેટેસ્ટ છે, કેટલામાં આવ્યું, અરે પણ અંદર સોનું છે એ તો જુઓ, સોની શું જોશે, ડિઝાઇન જોશે કે સોનું જોશે? એ તો સોનું જ જોશે, કેટલા ટચનું છે, આટલું કપાઇ જશે. એટલે જે પારખું છે એ તો માત્ર આત્માને જ જોશે, શરીરને નહીં. શરીરનો તો ગમે તેવો આકાર હશે. આકાર ગમે તેવો હોય પણ કિંમત સોનાની છે, એમ શરીરના આકાર ભલે ગમે તેટલા જુદા જુદા હોય, પણ અંદર તો ભગવાન એકમાત્ર છે, બસ એનું જ નામ છે અદ્વૈત.

**''અદ્વૈતાનંદ''**

એ અદ્વૈતનો આનંદ માણવાનો છે. હું જુદો નથી, ભગવાન મારાથી જુદા છે જ નહીં. અમે એના જ સ્વરૂપો છીએ, અને એના સ્વરૂપ એ બધા એક સમાન એક પરિવાર રૂપે...

આપ તો અદ્વૈત છો જ પણ એનાથી અમને શું? એના માટે આગળ કહ્યું છે

**''પ્રનત જનગણાડભીષ્ટદં દિવ્યરૂપં''**

આજે આપણે સત્સંગમાં આ આનંદને માણીએ, સમજીએ, એથી આગળ જોઇશું કે આપણને શું લાભ છે જય મહારાજના અદ્વૈત આનંદસ્વરૂપના. પરમાત્મા તો આનંદસ્વરૂપ છે જ, એમાંથી છૂટા પડેલા આપણે સહુ આત્મા, આનંદ સ્વરૂપ છીએ. જન્મ્યા ત્યારે કોઇ પણ પ્રકારનો રાગદ્વેષ હતો જ નહીં, માત્ર આનંદ આનંદ જ, પણ જેમ જેમ મોટા થતા ગયા, વ્યવહાર આવતો ગયો, છળકપટ આવતા ગયા, રાગ-દ્વેષ ઊભા થાય છે, અને **માણસનો વ્યવહાર જ રાગ-દ્વેષ ઊભો કરતો હોય છે.** આપણો આત્મા એ પરમાત્માનો જ અંશ છે, અને આનંદસ્વરૂપ જ છે, બીજું કશું પણ નથી. એ જયાં સુધી ન સમજાય ત્યાં સુધી આપણે સ્વયં દુ:ખી, કલેશ-સંઘર્ષમય રહેવાના. ઘર ભગવાને આપ્યું છે સ્વર્ગ બનાવવા માટે, પણ જો ઘરને નરક જ બનાવી દીધું હોય સંઘર્ષ અને કલેશથી. કયાં જઇને ઊભા રહેશો? ઘરમાં નહિ ગમે, બહાર બજારમાં જઇને બેસીશું, દુકાને બેસીશું કેમ? ઘરને સ્વર્ગ નથી બનાવ્યું, પોતાના આત્માને નથી ઓળખ્યો. જે પરમાત્માનું સ્વરૂપ છે એને નથી સમજી શકયા, એને કારણે આ બધા વ્યવધાનો, બધી જ કડવાશો એમાંથી જ ઊભી થાય છે. જય મહારાજ અદ્વૈત આનંદરૂપ છે, પરમાત્માનું સ્વરૂપ છે, અને અમે જય મહારાજને શરણે છીએ, જય મહારાજ એમના દિવ્ય સ્વરૂપનાં હંમેશને માટે અમને દર્શન કરાવે, બસ આ ભાવના જયાં સુધી દ્રઢ ન થાય ત્યાં સુધી માણસ સુખી ન થાય. જય મહારાજની આ સ્તુતિમાં જે મહાપુરુષોએ જય મહારાજના સદ્ગુણોનાં દર્શન

કર્યાં, એમાંથી અમેણે કહ્યું કે આપ તો અદ્વૈત આનંદસ્વરૂપ છો, આપ બીજું કશું જ નથી. જય મહારાજનું નવું સ્વરૂપ આપણને જાણવા મળ્યું, નવા સ્વરૂપનાં દર્શન કરાવ્યાં, કયાં?

**''અદ્વૈતાનંદરૂપાત્''**

અદ્વૈત અને આનંદનું સ્વરૂપ આપ છો, અને એ જય મહારાજ આપણને પ્રાપ્ત થયા છે, એમનું શરણ આપણને મળ્યું છે. આપણે પણ એવી રીતે અદ્વૈત અને આનંદ સ્વરૂપે જીવીએ. કોઇની સાથે રાગદ્વેષ નહિ, કલેશ નહિ, અશાંતિ નહીં, સહુને મહારાજ એવી સદ્‌બુદ્ધિ આપે.

|| જય મહારાજ ||

## પ્રકરણ–૫૪

# સ્થૂળ સૂક્ષ્મ કારણ રે તે તો હું નહિ મારું

આભાસ માત્ર છે. ઊંઘતા હોઇએ અને સ્વપ્ન આવે, તો સ્વપ્નમાં બધું જ સાચું લાગે, કદાચ રડીએ પણ ખરા ઊંઘમાં, પછી ખબર પડે, કે ઓહો આ તો સ્વપ્ન હતું. એમ, સ્વપ્નની વસ્તુ સાચી નથી, એનુ અસ્તિત્વ જ નથી, છે જ નહી, એમ આ જીવનની અંદર પણ અત્યારે આપણે સ્વપ્નમાં છીએ, આ જાગ્રત સ્વપ્ન દેખાઇ રહ્યું છે. પણ જયારે એમાંથી સમજણપૂર્વક જાગીશું, કે આ તો સ્વપ્નું છે, આ તો ખોટું છે, આ તો રહેવાનું નથી, એક દિવસ સ્વપ્નની માફક સમાપ્ત થઇ જવાનું છે. એ પ્રકારની સમજણ કેળવાય, અને આત્મા જાગૃત થાય ત્યારે સમજવાનું કે આ સંસારનું સ્વપ્ન પૂરું થયું. આમ સંસારના સ્વપ્નમાં આખી સૃષ્ટિ દેખાય છે, છતાં પણ જાગીએ ત્યારે કશું પણ હોતું નથી, એમ **આપણે પણ જયારે સાચા જ્ઞાનમાં જાગ્રત થઇએ, ત્યારે આ બધી માયાની જે રોકકળ છે એ બધી બંધ થઇ જાય,** જેમ કે એક સ્વપ્નમાં સૂતા છીએ. એમાં સ્વપ્ન આવ્યું કે સૂતા છીએ, સપનાની અંદર સપનું આવ્યું. જ્યાં સુધી પેલા સ્વપ્નમાંથી જાગીને આ સ્વપ્નમાં ના આવે, ત્યાં સુધી જાગ્રત થઇ શકવાના નથી. જેમ બીજા નંબરનું સ્વપ્ન છે, આ તો સપનું હતું એમ કરી અને પહેલા સ્વપ્નમાં

આવી જાય, અને એની પાછળના બીજાં દ્રશ્યો, આપણું આ જાગ્રત સ્વપ્ન છે, આ જીવંત સ્વપ્નું છે. જયારે આ સ્વપ્નમાંથી આપણે જાગ્રત થઇશું, ત્યારે આપણા આત્માની અનુભૂતિ, આપણું સાચું સ્વરૂપ દેખાશે, નહીંતર દુઃખીના દુઃખી, પેલા સ્વપ્નની જેમ. પેલા સ્વપ્નમાં જેમ દુઃખી છો, એમ આ સપનમાં પણ દુઃખી છો. સ્વરૂપને ઓળખીએ, જાગ્રત થઇએ, તો સ્વપ્નની સ્થિતિ દૂર થઇ જાય. સ્વપ્નની કોઇપણ બાબતની ત્યાં ઉપસ્થિતિ હોય જ નહીં, એમ આત્મ જાગૃતિ પણ પાછળના બધા જ સ્વપ્નને સમાપ્ત કરી દે છે. એટલે આત્માનુભૂતિ થયા પછીથી આ સંસાર માટેનો આખો ભાવ બદલાઇ જાય. સ્વપ્નમાં બધા જ ભેગા થયા હોઇએ, પછી છૂટા પડી જાય, એમ આ પણ છે, ભેગા થયા છીએ, છૂટા પડી જવાનું છે વારાફરતી વારાફરતી બધાએ, એટલે એ જે સમજાય એનું નામ છે જાગૃતિ. એ જીવભાવે આ બધા જ ફેરા ફરવા પડતા હોય છે, આત્મભાવે નહીં. જયારે આત્મભાવમાં તમે આવો, એટલે બધામાંથી તમે અલગ થઇ ગયા છો, પણ **જયારે એ આત્મામાંથી જુદું પડેલું મન, એ શકિત, એ જયારે ઇચ્છાઓ કરે, કર્મ કરે, વ્યવહાર કરે ત્યારે જીવ ભાવ એમાં લાગ્યા કરે,** આણે મને આવું કહ્યું, આણે આમ કરી નાખ્યું, આ રીતે દુઃખી છે, એમ આખો ભાવ અંદર આવ્યા કરે, મારે આટલું લેવાનું બાકી છે, આવી ઘણી બધી બાબતો તમારા મનમાં ને મનમાં છેક છેલ્લા સમય સુધી રહી જાય, એ જીવભાવને કારણે, એ કર્મોને ભોગવવા માટે બીજા શરીરમાં આવવું પડે છે, અને એનું નામ છે પ્રારબ્ધ. અને એટલા માટે તો વિષ્ણુદાસજી એ કહ્યું,

**''સ્થૂળ સૂક્ષ્મ કારણ રે તે તો નહીં હું મારું''**

સ્થૂળ પણ હું નથી, સૂક્ષ્મ પણ હું નથી, એટલે આપણું

પ્રારબ્ધ, એ પણ મારું નથી.

**"તે તો નહીં હું મારું"**

તે એટલે સૂક્ષ્મ અને સ્થૂળ, અને કારણ એટલે પ્રારબ્ધ. પ્રારબ્ધને ભોગવવા માટે ફરી જન્મવું પડે છે. ભગવાને ગીતામાં પણ કહ્યું છે

**"યં યં વાપિ સ્મરંભાવં ત્યજત્યંતે કલેવરમ્"**

તમે જે ભાવ સાથે અંત સમયે આ શરીરથી છૂટશો, તો એ સમયે, એ શરીરના અંતિમ ભાવ પ્રમાણે તમારે ફરી પાછું ત્યાં જવું પડતું હોય છે. જેમ ગાડીમાં બેઠા, નક્કી કર્યું કે મારે આ ગામ જવું છે, એટલે તમે નક્કી કર્યા પ્રમાણે એ જ ગામે પહોંચવાના, એમ મૃત્યુ પછી આ ગાડી છોડી અને બીજી ગાડીમાં બેઠા એટલે ફરી પાછા એ જે નક્કી કર્યું હોય ત્યાં જ પાછું આવવાનું. આપણો અનુભવ છે, એક ભાઇ દર પૂનમે કરમસદ દર્શન કરવા આવે આણંદથી, કાપડના વેપારી હતા. એમના બે દીકરા હતા એકનું નામ સુનીલ અને એકનું નામ ભરત. અત્યારે કાપડના વેપારી છે આણંદમાં, સુનીલ કલોથ સ્ટોર. નાનાને ત્યાં દીકરો હતો, મોટાને ત્યાં બે દીકરીઓ પણ દીકરો નહીં, તો ગુરુપૂર્ણિમાના દિવસે આવીને કહે, કે મહારાજ નાનાને ત્યાં દીકરો હતો, મોટાને ત્યાં બે દીકરીઓ પણ દીકરો નહીં, તો ગુરુપૂર્ણિમાના દિવસે આવીને કહે, કે મહારાજ કૃપા કર દેના, બડે બેટે કે ઘર પુત્ર જન્મ હો, આપણે કહ્યું કે જય મહારાજ સબ અચ્છા કરેંગે, પછી જમીને ઘરે ગયા. લગભગ પંદર દિવસની અંદર એમને એટેક આવ્યો, બેઉ છોકરા તરત ત્યાં પહોંચ્યા, ઊંચકીને પોતાની ગાડીમાં બેસાડ્યા, પણ બહાર નીકળતાં નીકળતાં મોટાને કહ્યું કે, બેટા મહારાજ કા

આશીર્વાદ હે, તેરે ઘર બેટા આ જાયેગા, એમ કરતાં કરતાં હોસ્પિટલમાં દાખલ કર્યા. ત્યાં પણ મોટા દીકરાને કહેતા રહ્યા, કે બેટા તેરે પર કૃપા હો જાયેગી, આમ કરતાં કરતાં હોસ્પિટલમાં ચાર-પાંચ દિવસ પછી શરીર છૂટી ગયું. હવે પેલા મોટા દીકરાને ત્યાં એક વર્ષ પછી દીકરાનો જન્મ થયો. દીકરો થોડો સમજણો, ચાલતો ફરતો થયો, એનાં દાદીમા એક બાજુ બેઠાં-બેઠાં રડે, પેલો બાળક કહે કે મેં હું ના, તુમ કયાં રોતી હો. પેલું નાનું બાળક કહે, મેં હું ના, તુમ કયા રોતી હો, મેં કહાં ચલા ગયા હું? પછી એની મમ્મીને કહે, કે મા દુઃખી હે, તુમ ઉસકો સમ્હાલતી કયું નહીં, આવું બાળક એની જનેતાને કહે. પછીથી એ થોડો વધારે સમજણો થયો, બોલતો ચાલતો થયો ત્યારે એ બધા પંજાબ ગયા, તો કહે કે ઉસકે ઘર ચલો ના, આખાં ને આખાં નામ બોલી જાય. વહાં પે રહેતા હૈ, એમ કહી એનું આખું ઠેકાણું બોલી જાય. ચાલો ઉધર ઉસકો મિલના હૈ, બહોત સમય હુવા. હજુ એ છોકરો જીવે છે, પણ પેલી વિસ્મૃતિ થઇ ગઇ.

**''યં યં વાપિ સ્મરંભાવં ત્યજત્યંતે કલેવરમ્''**

અંત સમયે જેવી તમારા મનની, તમારા જીવની ભાવના હશે, એ પ્રમાણે તમારે ત્યાં ફરીથી જન્મ લેવો પડશે. બાપ છે તે દીકરો બનીને આવ્યો. એટલે સમજવાનું એ છે, કે આ જગત આખું સ્વપ્નવત્ છે, માત્ર સપનું જ છે. જેમ સ્વપ્નની વસ્તુ સાચી હોતી નથી, એમ આ પણ સાચું નથી. જેમ જાગ્રત થયા પછી સ્વપ્ન રહેતું નથી, એમ આમાં જાગૃતિ આવશે, સાચી સમજ આવશે, ત્યારે તમને પણ આ સંસાર સ્વપ્ન જ લાગશે, અરે આ બધું તો સપનું જ છે, એનું નામ છે જ્ઞાન.

**''અદ્વૈતાનંદરૂપાત્''**

જય મહારાજની પણ એ જ વાત છે, અદ્વૈતનો આનંદ. આપણામાં જે ચેતના બેઠેલી છે, એ પરબ્રહ્મ પરમાત્મા જય મહારાજનો જ અંશ છે, આ પરમાત્માનું એક કિરણ સૂક્ષ્મતાથી આપણામાં આવીને પડ્યું છે. જેમ સૂર્યનું એક કિરણ પ્રવાહી ભરેલા વાસણમાં પડે, તો આખુંને આખું પ્રતિબિંબ સૂર્યનું દેખવાનું જ છે. સૂર્ય તો કેટલો બધો મોટો છે, પૃથ્વીથી હજારો લાખો ઘણો મોટો છે, અને આવડી સરખી નાની વાટકી કે કુલડીમાં? આટલો મોટો સૂર્ય આખો ને આખો? હા,

''યથા પ્રકાશપત્યેકઃ કૃષ્ણમ્ લોકમિમં રવિ''

આખા જગતમાં એક જ સૂર્યપ્રકાશ છે, પણ તેનાં પ્રતિબિંબ દરેકમાં છે, એવી રીતે પરમાત્મા સર્વત્ર એક જ છે, પણ દરેકમાં એમનાં પ્રતિબિંબ પડી રહ્યાં છે. પ્રતિબિંબ એકમાત્ર પરમાત્માનું જ છે બીજા કશાયનું નથી. કયાંક જળ ભરેલું પાત્ર તૂટી ગયું, કે જળસ્રોત ખલાસ થઇ ગયો, તો એ પ્રતિબિંબ આપોઆપ નીકળી જવાનું બહાર, એમ આત્મચેતના પણ. જો આટલું સમજાય, કે આત્માચેતના સર્વત્ર છે, સર્વવ્યાપી છે, સર્વમાં છે, અને સર્વત્ર એક જ છે.

**''નમઃ સર્વસ્મૈ તે''**

સર્વમાં જે રહેલા છે એમને મારાં વંદન છે.

**''તદિદમિતિસર્વાય ચ નમઃ''**

અને સર્વ તમારામાં છે, શિવમહિમ્નસ્તોત્રનો છેલ્લો નમનનો સ્તોત્ર બહુ જ સરસ છે, નજીકમાં નજીક તમે જ છો.

**''નમો નેદિષ્ઠાય''**

આ શરીરની નજીકમાં નજીક કોણ? આત્મા સ્વરૂપે આપ જ છો. આમ સર્વત્ર એ જ છે, સર્વમાં એ જ છે, અને સર્વ બધા એમનામાં જ છે, આટલો ભાવ.

અદ્વૈતના આનંદસ્વરૂપ છો આપ,

**"અદ્વૈતાનંદ રૂપાત્"**

આપનું આ સ્વરૂપ છે, જય મહારાજ આપ સ્વયં એક જ બ્રહ્મતત્વનું સ્વરૂપ છો, એ જ આનંદ આપનામાં છે.

**"આનંદમબ્રહ્મ ઈતિ વ્યજાનાત્"**

જે આપણામાં ચેતના રૂપી બ્રહ્મ છે તે આનંદસ્વરૂપ છે, દુઃખી તો આપણે બહારના વ્યવહારથી થઈએ છીએ. આત્મસ્વરૂપ તો માત્ર આનંદનું જ સ્વરૂપ છે.

**"અદ્વૈતાનંદ રૂપાત્"**

પણ એ જે સ્વરૂપ છે અદ્વૈતનું, આનંદનું સ્વરૂપ છે, એ જ આપણામાં પ્રતિબિંબિત થઇ રહ્યું છે, એના વગર બીજું કશું જ નથી. માત્ર પરમાત્માનું સ્વરૂપ આત્મચેતના રૂપે આપણામાં પ્રકાશી રહ્યું છે. ઘડામાં પાણી તો હોય, વાસણમાં પાણી તો હોય, પણ જો સૂર્યપ્રકાશ એમાં ન પડે તો એ પાણીમાં પણ અંધારું, એમ આપણું શરીર પણ આખું ને આખું હોય, પણ જો પરમાત્માના પ્રતિબિંબ, એના કિરણો અંદર ન આવે, તો આત્મા વગર બધું જ અંધારું. એ પરમ ચેતનાનો અંશ આપણી અંદર છે, એટલા માટે તો આપણે આટલા પ્રકાશિત છીએ નહીંતર? ચેતના નીકળી ગયા પછી શરીરને જો જો. કેટલું ફિકકું હોય છે, કેટલું નિસ્તેજ હોય છે. જયારે જીવતો હતો, અને જે તે જ હતું તે કોનું હતું? એ પ્રકાશ કોનો હતો? અંદર રહેલી આત્મચેતનાનો. પરમાત્માના

કિરણસ્વરૂપે, અંશસ્વરૂપે જે હતું, એ પ્રકાશ શરીરમાં હતો બીજો નહીં, પછી આત્મચેતના ન હોય, પછી ડોકટર પણ ગમે તેટલું પંપિંગ કર્યા કરે, કશું પણ હાથમાં ન આવે. એ જે આનંદસ્વરૂપ છે, તે પરબ્રહ્મ છે, એજ પરમાત્મા પરબ્રહ્મ આવશ્યકતા હોય ત્યારે આવે. આ દિવ્ય ચેતનાના સ્વરૂપે, પાંચ ભૌતિક શરીરમાં એ અવતરણ કરે છે, એમનો પ્રાદુર્ભાવ થતો હોય છે, એ વિભૂતિઓ જગતના કલ્યાણ માટે આવે છે, એ જગતના જીવોનો ઉદ્ધાર કરવા માટે આવે છે. જય મહારાજનું સ્વરૂપ, જય મહારાજનું પ્રાગટય આટલા બધા લાખો જીવોનો ઉદ્ધાર કરવા માટે થયેલું છે. એમના શરણે આવે છે. તે શાંતિ મેળવે છે, મુકિત મેળવે છે. એ અદ્વૈતનો આનંદ એ જ સાચો આનંદ છે, અને આપ એ અદ્વૈત આનંદનું સાચું મૂર્ત સ્વરૂપ છો, બીજુ નહીં. આપણી શ્રદ્ધાનું મૂર્ત સ્વરૂપ કોઇ આકારવાળી મૂર્તિ, કે કોઇ છબી, એમાં આપણી શ્રદ્ધા મૂકી દઇએ છીએ, કે ભગવાન તું જ છું, તારો જ આધાર છે, તારી જ શકિતનું કામ છે, એ શું છે? એ પથ્થરની અંદર, એ મૂર્તિમાં આપણે આપણી શ્રદ્ધાને મૂકી દીધી, સ્થાપિત કરી દીધી, એટલે ત્યાં આગળ ચેતના આવી જશે, અને એની સમક્ષ તમે એટલા ભાવથી પ્રાર્થના કરશો, કે તું જ છું પ્રભુ. એ મૂર્તિમાંથી બધી જ પ્રેરણાઓ તમને મળ્યા કરશે, કારણ કે તમારી શ્રદ્ધાના સ્વરૂપે એની અંદર પ્રાણ પ્રતિષ્ઠા થયેલી છે, તમે એને કાલાવાલા કરો, આજીજી કરો, પ્રાર્થના કરો, જરૂર એમાં સફળ થશો, એ છે આપણામાં રહેલી જે પરમચેતના છે, એની અંદર શકિત છે, અને એના માટે,

**''અદ્વૈતાનંદ રૂપાત્''**

અદ્વૈત્ આનંદ તો આપ છો જ, પણ કેવા છો એની સાથે?

**''પ્રણત જનગણાઽભિષ્ટદં દિવ્ય રૂપમ્''**

જે આપને વંદન કરે છે, જે આપની ઉપાસના કરે છે, આપને ભજે છે, આપના સત્સંગે જે વળગે છે, જે આપનાં નિત્ય દર્શન કરે છે, એમને આપ દિવ્ય સ્વરૂપ આપવાવાળા છો.

**''અદ્વૈતાનંદ રૂપાત્ પ્રણતજનગણા''**

જે વંદન કરે છે, જે શરણે આવેલા છે, તે બધાને શું આપે છે?

**''અભિષ્ટદં દિવ્યરુપમ્''**

પોતાના કલ્યાણનું પરમ ઇચ્છીત. ભલે એને પોતાને સમજણ ન હોય, એને પોતાને જ્ઞાન ન હોય, **દરેક જીવ ઇશ્વર તરફ જવા માટે જ, પરમાત્મા તરફ જવા માટે જ યાત્રાએ નીકળેલો છે, લખચોરાસીમાંથી ભમતાં ભમતાં આખરે જવાનું તો ત્યાં જ,** કે જયાં ઇશ્વર પરમચેતના છે. એ છૂટો પડેલો જીવ છે, જય મહારાજ પણ એ પરમ ચેતના સ્વરૂપે

**''અભીષ્ટદમ્ દિવ્યરુપમ્''**

કોને?

**''પ્રણતજનગણા''**

આપને જે પ્રણામ કરી રહ્યા છે, આપને જે ભજી રહ્યા છે, આપને શરણે જે આવેલા છે,

''મુજ ભકતઃ''

એવો મારો ભકત, એને મનોવાંછિત ઇચ્છિત એવું દિવ્ય સ્વરૂપ દર્શન કરાવું છું. એકવાર તો કોઇ પણ આસકિત, કે કોઇપણ પ્રકારે રહી ગયેલી વાસનાને કારણે ભમ્યા કરતો હોય, પણ આખરે તો જીવ મારો છે, એટલા માટે એનું ઇચ્છિત, પરમ

ઇચ્છિત સુખ, દિવ્ય સ્વરૂપ, એ આપવાવાળા જય મહારાજ છે. જય મહારાજને આપણે ઓળખવાના છે, જય મહારાજ કોણ છે, કેવા છે. જો કોઇપણ વ્યકિતનો સાચો પરિચય થાય, તો એની સાથેનો સંબંધ કાયમનો બની જાય, વિશ્વાસવાળો બની જાય, એના પ્રત્યે પૂરેપૂરો પ્રેમ અને સદ્ભાવવાળો સંબંધ બન્યો રહે. જે આ સત્સંગ છે, સત્સંગ વડે આપણે પણ એવી આપણી જાતને કેળવીએ, એવા તૈયાર થઇએ, જય મહારાજને આપણે પૂરેપૂરા આત્મસાત્ કરી શકીએ, એમના સ્વરૂપને આપણે પૂરેપૂરું ઓળખી શકીએ, સમજી શકીએ, એટલે પછી વિશ્વાસપૂર્વક આપણી પોતાની શરણાગતિ પૂરેપૂરી.

**''માથું તારે ખોળે મૂકયુ શામળીયા રે''**

**''મન મૂકયુ મે તમ ચરણે રે''**

મૂકી દીધું માથું, લો આપને હવે જે કરવું હોય તે કરો.

**''તન મન ધન ધરી અતિ હરખાઇ કે''**

મારું તન અને મારું મન એ મારું ધન છે, તે આપને અર્પણ કરું છું. **તન મન ધન એ ત્રાણ નહીં, પણ તન અને મન એ જ મારી સંપત્તિ છે, એ હું આપને અર્પણ કરું છું,** જો ત્રીજું આવે તો એ પછી ભૌતિક આવી જશે, એની ભૂખ નથી પરમાત્માને. પરમાત્માને તમારા મનની ભૂખ છે, મન સોંપી દો, એટલે જ તો આપણે કહીએ છીએ

**''માથું મૂકયું મેં તમ ચરણે રે''**

''સાધન સદ્ગુરુનું સાચું મન ચરણે મૂકીને રાચું''

મન ચરણે મૂકી દીધું પછી રાચવાનું, આનંદમાં રાચવાનું, હવે મારે શું ફિકર, હવે મારે કોની બીક રાખવાની હતી?

**''મન મૂક્યું મેં તમ ચરણે રે''**

આપના ચરણોમાં મૂકી દીધું, પછી મનની બીક પણ નહીં. નજીકમાં નજીક હોય તો તે આપણું મન, એની બીક વધારેમાં વધારે લાગે, તો આમ,

**''અભીષ્ટદમ્ દિવ્યરૂપમ્''**

ઇચ્છિત, ઇચ્છિત એટલે કયું ઇચ્છિત? માણસના મનમાં તો ઘણી બધી અનેક ઇચ્છાઓ હોય છે, ઢગલો, ઉકરડો પડ્યો હોય અંદર. ઇચ્છાઓના નામે અંદર કચરો જ પડેલો હોય. કદાચ અત્યારે તમને એમ કહેવામાં આવે કે ધ્યાન ધરો, મનને અંદર લઇ જાવ, અંદર જુઓ, અંદર બેસાડો મનને, મહારાજ મન અંદર ગયું તો ખરું, પણ અંદર તો કાટમાળ અને કચરો જ ભરેલો છે. બધું જુદું જુદું દેખાયા કરે, જુદું-જુદું રહ્યા કરે, પછી પાછું અંધારું જ લાગે છે, અંદર તો બીજું કશું પણ દેખાતું નથી, કચરો ભર્યો હોય તો અંધારું જ લાગે. અનેક વિકૃતિઓ, અનેક રાગદ્વેષ, માન-અપમાન, એટલા બધા અંદર સંઘર્ષો પડ્યા હોય, અરે આ કાટમાળનો ઉકરડો તો ખાલી તો કરવો પડશે ને? ધ્યાનમાં બેસી જાવ, ખાલી કરવા માંડો એને. સારું ચિંતવ્યું હશે, સારી ઇચ્છાઓ રાખી હશે, અંદર ઉકરડો નહીં હોય, અંદર કચરો નહીં હોય, અંદર શાંતિ હશે, તો ધ્યાનમાં બેસવાનો આનંદ આવશે. અંતર્મુખ થવાનું છે ધ્યાન વડે. અંદર જે પણ કાંઇ કચરો છે એને ઠાલવી નાખો. શાંતિથી બેસવું હોય, તો જે અનેક ઉપાધિઓ છે, જે રાગદ્વેષ છે, જે દુશ્મનાવટ છે, તે એક વખત બહાર કાઢી નાખો. આ કચરો છે એમ કરીને જો કચરો રોજ લાવી લાવીને ભરતા હોય, એ શોધી શોધીને-પેલી આમ કહી ગઈ, ને પેલો આટલું નુકસાન કરી ગયો, પેલાએ મારું આ ફાડી નાખ્યું, અને પેલાએ

મારી જમીન ઝૂંટવી લીધી, આમ કચરો જ આપણા અંતઃકરણમાં હોય, પછી નીકળે શું બીજું? પણ ધ્યાનમાં બેસીએ, ભલે અંદર કાટમાળ છે, ઘરમાં રહેવું હોય તો ઘર ચોખ્ખું કરવા માંડીએ છીએ કે નહીં? **અંતઃકરણ શુદ્ધ કરવા માટે પણ નામ છે, જપ છે, ધ્યાન છે, કંઇક જપ તપ, આ બધું કરવા માંડો. ઘર ચોખ્ખું થાય પછી અંદર બેસવા જઇએ, મજા આવે છે, મહારાજ પહેલાં કરતાં બહુ જ શાંતિ મળે છે, સરસ ધ્યાન લાગી જાય છે.** પણ એના માટે અભ્યાસ કરવો પડે, અંદર ઊંડા ઉતરવું પડે. જેટલો કચરો હોય અંતઃકરણમાં, એ બધોય કચરો બહાર નીકળી જાય, તો આખું ઘર ચોખ્ખું થઇ જાય. કચરા પોતું થઇ જાય ઘરમાં, બારી-બારણા સાફ થઇ જાય, ઊઠવા બેસવાની બધી વસ્તુઓ ગોઠવાઇ જાય, હા...શ... એમ અંતઃકરણ ચોખ્ખું થાય, વ્યવસ્થિત થાય ત્યારે આપણા ધ્યાનમાં આપણને અંદર બેસવાનો એટલો જ આંનદ આવે.

**''પોતે પોતામાં ભળી રહ્યા રે,**

**પોતે જોયું પોતાનું આપ''**

**''બ્રહ્માસન ભરપૂર''**

પછી અંદર તમે ભરપૂર નિરાંત, અરે અહીં તો મજા આવે છે. એટલે જય મહારાજના શરણાર્થીઓને જય મહારાજ

**''અભિષ્ટદં દિવ્ય રૂપમ્ પ્રણત જનગણા''**

જે ભકતો છે, જય મહારાજનું શરણ જેમણે સંપૂર્ણ સ્વીકારી લીધું છે, તેમને જય મહારાજ દિવ્ય સ્વરૂપ, દિવ્ય આત્મચેતનાનાં દર્શન કરાવે છે.

**''અભિષ્ટદમ''**

ઇચ્છિત ઇચ્છાઓ જે હોય તે ખરી, આખરી ઇચ્છા તો પરમાત્મા સુધી પહોંચવાની જ હોય છે. જીવ સડતો હોય, જીવ દુઃખી થતો હોય, હાહાકાર કરતો હોય, ભૂલ થઇ ગઇ, પાપ થયાં, દુઃખી થઇ ગયો, પણ આખરે એ બધું નિવારણ કરતાં કરતાં જીવભાવ મનમાં થઇ, પાછો આત્મામાં પ્રવેશી જશે. આત્મામાં પ્રવેશ્યા પછી આ તો બધું ખોટું હતું. હું ખોટો એ બધામાં દુઃખી થયો, અત્યાર સુધી રખડયો, અરે સાચું ઘર તો મારું આ છે. આત્મા એ જ મારું સાચું ઘર છે. આ આત્મા મારું સાચું ઠેકાણું છે. શરીર એ મારું ઠેકાણું નથી. જો શરીરના ઠેકાણામાં ભળ્યા, શરીરમાં રહેવાનો પ્રયત્ન કર્યો તો શરીર તમને ડુબાડશે, આંખથી, નાકથી, જીભથી, વૃત્તિઓથી, દ્રષ્ટિથી, ઇચ્છાઓથી, તમને કાદવની અંદર ઉતારી જ દેશે આખાને આખા, એટલા માટે શરીરભાવ ન રાખતાં માત્ર આત્માભાવ રાખો, કે જેથી કયાંય પણ રઝળ્યાનો, રખડવાનો વારો ન આવે. આત્મભાવને માટે અભ્યાસ કરવો પડશે. આત્મભાવ આવે ખરો, પણ એના માટે સમજણ કેળવવી પડશે. ધીરે ધીરે અભ્યાસ કરવો પડશે. અભ્યાસ કરતાં કરતાં શરીરભાવ, દેહાધ્યાસ, શરીરની આસકિતઓ, આ પરિવારની, સંબંધીઓની આસકિત છોડી પોતાના સ્વરૂપમાં જઇને બેસી જવાનું. આ બધા જે છે આજે છે અને કાલે નહીં હોય, કયાં કોઇ સાથે કાયમ માટે રહેવા આવ્યા છે? જો એકલા જ જવાનું છે, તો શાંતિથી એકલા જ આત્માનુંસંધાન કરી લેવું, પોતાનામાં જ બેસી જવું. હા, જીવન છે, એમની સાથે રહીએ છીએ, એમની સાથે વ્યવહાર છે. વાતો પણ કરીએ છીએ, પણ આત્મસ્વરૂપે તો આપણે પોતે એકલા જ છીએ. આવ્યા છે એકલા અને જવાનું પણ એકલા જ છે, એટલા માટે જ મહારાજ શરણે

આવેલાને,

**''અભિષ્ટદં દિવ્ય રૂપમ્''**

ઇચ્છિત દિવ્ય સ્વરૂપનું દર્શન જય મહારાજ કરાવે છે. દિવ્ય સ્વરૂપનું દર્શન એટલે પોતાના આત્માનું, પોતાના સ્વરૂપનું દર્શન, એટલે છેડો કયાં આવ્યો? નરસિંહ મહેતા કૃષ્ણ ભગવાનનો ભકત ખરો, ને ભગવાને બાવન બાવન વખત એમને દર્શન કરાવ્યાં, સાક્ષાત્કાર કરાવ્યો, ઘણી વખત ભગવાને ભકતની સેવા કરી, સાચું કે ખોટું? બાવન બાવન વખત જેણે ભગવાનના દર્શન કર્યાં છે, એ નરસિંહ મહેતા એમ બોલે, જેમણે કૃષ્ણ ભગવાનની ઉપાસના કરી હોય, જેમણે કૃષ્ણ ભગવાનના ભજનો રચ્યા હોય, એક વાકય એ બોલી ગયા

**''જ્યાં લગી આત્મા તત્વ ચિન્યો નહિ,**

**ત્યાં લગી સાધના સર્વ જૂઠી''**

સૌથી પહેલાં પોતાનામાં પરમાત્માને જોતા શીખો, મંદિરની મૂર્તિમાં ભગવાનનાં દર્શન થશે. **જ્યાં આપણા પોતાનામાં જ આપણને ભગવાનના દર્શન નથી થતાં, તો પછી મંદિરની મૂર્તિમાં કયાં દર્શન થવાનાં હતાં? સાક્ષાત્કાર આપણા પોતાનામાં કરવાનો છે, એના માટે છે ધ્યાન, અંતર્મુખતા, એનું અનુસંધાન શ્વાસોશ્વાસનું, તો જ છતે શરીરે તમે પરમાત્માની અનુભૂતિ સારી રીતે કરી શકશો.**

**''સરત સમાવો ''ૐ'' અક્ષર માં''**

ઓ... મ... બિલકુલ શાંતિથી, ઓ... મ... કોઇ ઉતાવળ નહીં કરવાની.

તમારી સુરતાઓને, તમારી એકાગ્રતાને 'ઓમ' અક્ષરમાં સમાવો, પછી ગમે તેમ થાય પણ,

**''એમાં રહેજો લાગી''**

લાગ્યાને લાગ્યા રહેજો. કોમ્પ્યુટર શીખવું હોય તો એમાં લાગ્યા ને લાગ્યા રહીએ છીએ કે નહીં? પછી આવડે છે કે નથી આવડતું? એવી રીતે ''ૐ'' અક્ષર વડે તમારા પોતાના સ્વરૂપમાં લાગ્યા ને લાગ્યા રહો.

''સુખસાગર કહે''

જય મહારાજ બોલ્યા છે સુખસાગરના નામે,

**''જયારે સરત ઠરી ત્યારે''**

જયારે એકાગ્રતા બરોબર સ્થિર થશે ત્યારે,

**''ચોટ નિશાને લાગી''**

આપણું નિશાન તકાઇ જશે, આત્માનું, પરમ તત્ત્વનું, આટલો જ નિર્દેશ આપણને આપ્યો છે જય મહારાજે.

**''સરત સમાવો ''ૐ'' અક્ષર માં, એમાં રહેજો લાગી''**

**સુખસાગર મહારાજ કહે છે સરતઠરી, ત્યારે ચોંટ નિશાને વાગી''**

સ્થિરતા આવે ત્યારે અવશ્ય આત્મા ઉપર સીધું નિશાન આપણું પડશે જ.

એવું તે ઇચ્છિત સ્વરૂપ જય મહારાજ આપશે જ.

।। જય મહારાજ ।।

## પ્રકરણ–૫૫

# યસ્ય સ્મરણ માત્રેણ

પરમતત્ત્વ. એનાથી આગળ જગતમાં કશું છે જ નહીં. એ જ સર્વોપરી પરમાત્મા છે, એનાથી અન્ય બીજું કશું જ નથી. એટલા માટે કહ્યું કે

**''અદ્વૈતાનંદ રૂપાત્''**

અને એ અદ્વૈતનો આનંદ લેવાવાળા આપ છો.

સાક્ષાત્ પરમતત્ત્વનું અદ્વૈત સ્વરૂપ આપ છો, અને એવા આપને વંદના કરતા, નિત્ય પ્રણામ કરતા ભકતોને.

**''પ્રણત જનગણાઽભીષ્ટદં દિવ્યરૂપં''**

એમનું ઇચ્છિત દિવ્ય સ્વરૂપ, એટલે પોતાનો આત્મા છે, એમના આત્માનું દર્શન કરાવનારા આપ છો, આત્માનો પરિચય કરાવે, જય મહારાજ આત્મસાક્ષાત્કાર કરાવી આપે છે, જો એ પ્રમાણે સમર્પિત થઇ ગયા હોઇએ તો,

**''પ્રણતજનગણા''**

પૂરેપૂરા જય મહારાજમય બની જઇએ, આપણી વાણી, આપણી દ્રષ્ટિ, આપણો વ્યવહાર, આપણું ચિંતન બધું જ જય મહારાજમાં,

જે જે જય મહારાજને નિત્ય વંદન કરનાર સ્વજનો છે.

સ્વજન, વૈષ્ણવજન, કે જેને જય મહારાજે પોતાના તરીકે સ્વીકારી લીધા છે, આ તો મારા જ છે, આ બધા મારા જ સ્વરૂપો છે, એમ કરીને એનો પરિપૂર્ણ સ્વીકાર. સમર્પણ, શરણાગતિ પૂરેપૂરી સ્વીકારનાર એવા ભકતોને, એવા જીવોને, જય મહારાજ પોતાના તરફથી આત્મસાક્ષાત્કાર કરાવી આપે છે.

**''અભિષ્ટં દિવ્યરૂપં''**

અભિષ્ટ એટલે ઇચ્છિત. કલ્યાણકારી ઇચ્છિત સર્વને આપે છે, શરણે આવેલા સહુ કોઇને આપે છે. તું મારે શરણે છે.

**''જે કોઇ તમારે શરણે આવે છે,**

**તે પ્રેમ પદારથ લાધે છે,**

**જે નિસદિન તમને આરાધે છે''**

**રાત દિવસ છે જે સંગ કરે છે એવા પ્રેમીજન ને જોઇ રે**

**''સંતરામ તો સાચા સ્વામી, જે કોઇ શરણે જાશે,**

**ભવ દુઃખ કેરા ભય મટીને, નિર્ભય પદ તો થાશે રે''**

નિર્ભય પદ કયું ?

**''અભિષ્ટં દિવ્યરૂપં''**

જયાં દિવ્યતા હોય, જયાં અભિષ્ટતા હોય, ત્યાં આગળ ભય કોનો? નિર્ભય પદ એનું નામ છે. મહાપદ એનું નામ છે. બ્રહ્મપદ, એ આત્મપદ છે.

**''એ આત્મપદ આનંદકારી''**

આત્મપદની જે સ્થિતિ છે, તે માત્ર આનંદ આપવાવાળી જ છે, અને એટલા માટે જ કહ્યું કે,

**''અદ્વૈતાનંદ''**

જેની પાસે અદ્વૈતનો આનંદ છે, એ હંમેશાં આનંદકારી જ હોય. આત્મસ્થિતિ નિર્ભય છે, આનંદકારી છે, કયાંય બીક નહીં, કોઇપણ જાતનો ભય નહીં, માત્ર આનંદ જ. આનંદકારી એ અદ્વૈત સ્વરૂપ છે, અને એ સ્વયં શરણે આવેલા સહુને પોતાનું.

**''અભિષ્ટં દિવ્યરૂપં''**

દિવ્ય રૂપ, સામાન્ય નહીં. એ દિવ્ય દર્શનની અનુભૂતિ એને સતત રહ્યા કરે, કે હું આત્મા છું, હું શરીર નથી. હું અજન્મા છું, મારો જન્મ કે મરણ છે જ નહીં.

આત્માચેતનાને મરવાનું કે જન્મવાનું હોતું જ નથી, એટલે એ શાશ્વત છે, અને એ શાશ્વતતાને અહીં આગળ દિવ્ય રૂપ કહી દીધું છે. આત્માના સ્વરૂપના દર્શન કરાવે એવા આ સિદ્ધ મહાપુરુષ છે. એટલે જે પણ કોઇ આવ્યો જય મહારાજના સાનિધ્યમાં, એને જય મહારાજ આત્મદર્શન આપી દેશે.

**''અભિષ્ટં દિવ્યરૂપં''**

આત્માચેતનાને મરવાનુ કે જન્મવાનું હોતું જ નથી, એટલે એ શાશ્વત છે, અને એ શાશ્વતતાને અહીં આગળ દિવ્ય રૂપ કહી દીધું છે. આત્માના સ્વરૂપનાં દર્શન કરાવે એવા આ સિદ્ધ મહાપુરુષ છે. એટલે જે પણ કોઇ આવ્યો જય મહારાજના સાનિધ્યમાં એને જય મહારાજ આત્મદર્શન આપી દેશે.

ઇચ્છિત એટલે આ ભૌતિક ઇચ્છિત નહીં, માત્ર જે આધ્યાત્મિક છે એ અધ્યાત્મનું દર્શન કરાવશે, ભોગોનું વૈભવનું નહીં. કોઇ મોટા મોટા મહેલો બતાવે, મોટા મોટા વૈભવો બતાવે, કે જો આ છે, પણ એ બધું તો દુનિયાની અંદર ક્ષુલ્લક છે,

ક્ષણભંગુર છે, અને એ તો બધું છોડીને કેટલા બધા જતા રહ્યા. પણ જે પોતાનું દિવ્ય રૂપ છે, જે શાશ્વત છે, અને રહેવાનું જ છે, ક્યાંય જવાનું નથી. એનું દર્શન કરાવી આપે છે, કે તમે પોતે જ છો, તમારું પોતાનું જ છે, અને એને તમારે જાણવાનું છે.

આમ સ્વરૂપનાં દર્શન કરાવનાર અવધૂત-બ્રહ્મતત્વ આપણા સહુના માટે છે. એ બ્રહ્મતત્વ આપણને સહુને આટલે સુધી લઇ જવા માટે તત્પર છે, આવો, શરણાગતિ સ્વીકારો. જેણે શરણું સ્વીકારી લીધું, જય મહારાજે અવધૂત સ્વરૂપે, બ્રહ્મસ્વરૂપે એ બધાને અપનાવી લીધા.

દિવ્ય ચેતના છે, પ્રકાશિત ચેતના છે, ચૈતન્યવંત છે, હંમેશાં જીવંત છે, અમર છે જેને કહીએ. જય મહારાજ તો અમૃતસ્વરૂપ છે, આપણે સહુ અમૃતનાં સંતાનો છીએ. વેદો અને ઉપનિષદો પણ આપણને એ જ વાત કહે છે કે,

**''વયં અમૃતસ્ય પુત્રાઃ''**

**આપણે અમૃતના સંતાનો છીએ, પરમાત્માના સંતાનો છીએ.**

**''વંદેઽમૃતં લક્ષ્મણદાસ શિષ્યઃ''**

આપ અમૃત સ્વરૂપ છો, અને હું આપનો-અમૃતનો શિષ્ય છું, એવી દિવ્યભાવનાનાં પ્રત્યક્ષ દર્શન કરાવે છે, સાક્ષાત્કાર કરાવે છે. જય મહારાજ આનંદસ્વરૂપ પોતે છે જ, પણ શરણે આવેલાને આ દિવ્ય સ્વરૂપ પ્રત્યક્ષ આનંદ આપે છે. પ્રશ્ન થાય, કે મહારાજ અમને કેમ નથી મળતા? મળશે, કશું ત્યાગવાની, કે દૂર જવાની, કે ઘર સંસાર છોડવાની કશી પણ આવશ્યકતા નથી, બસ એક માત્ર જય મહારાજનું સાનિધ્ય સ્વીકારી લો,

**''અભિષ્ટદં''**

આપી દેઈં, તમારું દિવ્ય સ્વરૂપ, તમારા આત્માનું ઇચ્છિત સ્વરૂપ તમને આપી દેશે, કેમ કે સામર્થ્ય તો આટલું બધું છે. પોતે સ્વયં બ્રહ્મતત્વ છે, બ્રહ્મસ્વરૂપ છે, અને એ જ સૌને એનાં દર્શન તમારામાં કરાવશે વ્યકિતગત. આવી અદ્વૈતની અનુભૂતિ. અદ્વૈતની અનુભૂતિ એટલે? કશું જ અંતર નથી, કોઇ ભેદ નથી, એક જ છીએ. ભલે શરીરભેદ હશે, પણ આત્મભેદ નહીં આવે. હનુમાનજીએ રામજીની સ્તુતિ કરી,

**''જીવ ભાવે તથા સોહમ્ આત્મભાવેન તદ્દનશકા''**

**હું જીવભાવે તો આપનો સેવક છું, આત્મભાવથી આપનો અંશ છું, અને બ્રાહ્મીભાવે મારામાં અને તમારામાં કોઇ ભેદ નથી. એક જ છીએ.** આમ આટલો અભેદ અદ્વૈત, જગતમાં બીજું કશું છે જ નહીં, સર્વત્ર સર્વમાં એક માત્ર પરમાત્મા જ વિલસી રહ્યો છે, બીજું કશું છે જ નહીં. ભલે ભેદ જુદા જુદા હોય, નામ ભલે જુદાં જુદાં રહ્યાં, ઉપાસના ભલે જુદી-જુદી રહી, પણ આખરે તો બ્રહ્મતત્વ માત્ર એક જ છે. (એક વસ્તુ યાદ રાખજો, કે પરમાત્માની વ્યાપકતાને કુંઠિત કરવાનો, એના સાધકને, એના સેવકને કોઇ અધિકાર નથી. અહીં બેઠા એટલે આ મંદિર મારાં અને તારાં નહીં, એ પરમાત્માની વ્યાપકતાનું આપણે ખંડન કરીએ છીએ. સર્વત્ર પરમાત્માનાં જ સ્વરૂપ જુદી જુદી રીતે બિરાજેલાં છે, બીજું કોઇ નથી. જે છે તે જુદા જુદા નામે, જુદા જુદા સ્વરૂપે છે. જુદા જુદા સંબંધ, એ એક જ વ્યકિત છે. એ જુદા જુદા નામથી ઓળખાશે, કોઇ દીકરો હશે, તો કોઇ બાપ હશે, કોઇ મામા હશે, તો કોઇ ફુવા હશે, ભત્રીજો હશે, કોઇ કાકો હશે, કેટલા બધા? પણ વ્યકિત તો એકની એક જ. એમ ભગવાન અનંત નામોની સાથે હોય, પણ ભગવાન તો એક જ છે. તમારે જે નામથી ઉપાસના કરવી હોય તે

કરો, પણ એક જ ભગવાન છે, એની અંદર તિરાડ નાખશો નહીં. મારો ભગવાન મોટો અને તારો ભગવાન નાનો, અમે મોટા, આ ભેદદ્રષ્ટિ ઉભી કરનાર ભગવાનના અપરાધી છે. માત્ર અદ્વૈત સ્વરૂપે છે પરમાત્મા,) બીજું નહીં. એ એક જ, એ ભાવ જયાં સુધી ન આવે, ત્યાં સુધી પરમાત્માનું, કે ઇષ્ટદેવનું દર્શન થઇ શકતું જ નથી, થવાનું પણ નથી. જયાં આ ભેદ હશે ત્યાં સુધી ઇશ્વરની અનુભૂતિ નથી થવાની, અને એટલા માટે જ જય મહારાજે કહ્યું કે,

''**અદ્વૈતાનંદરૂપં**''

સ્તુતિ કરનાર મહાપુરુષોએ તો કહી દીધું, કે આપ અદ્વૈત આનંદનું જ સ્વરૂપ છો. કેવી અનુભૂતિ થઇ હશે? સ્તુતિ કરનાર મહાપુરુષોને એ બ્રહ્મતત્વનાં કેવાં દર્શન થયાં હશે, કે આપ આવી વિભૂતિ છો? આપનામાં અદ્વૈતનો આનંદ બેઠલો છે? અમે તો આજ સુધી ઓળખ્યા જ ન હતા. એમને એમ પગે લાગીને જતા રહેતા હતા, પણ આપ તો અદ્વૈત આનંદનું સ્વરૂપ છો.

''**અમે અપરાધી કાંઇ ન સમજ્યાં**

**ન ઓળખયા ભગવંતને**''

અમે અપરાધી છીએ, પ્રભુ આપને ન ઓળખી શકયા, અને જીવભાવે આપનામાં ભેદદ્રષ્ટિ થઇ, અમને ક્ષમા કરો.

''**ક્ષંન્તવ્યં મમાપરાધઃ**''

મારો અપરાધ આપ ક્ષમા કરી દેજો, આ ભાવે જયારે શરણાગતી સ્વીકારીએ, કે આપ એક જ છો,

''**સર્વત્ર જીવ યતે**''

એ ભાવ સતત જાગ્રત થાય, કે ઇશ્વર અન્ય છે જ નહીં,

બસ એક જ છે, અને એ બ્રહ્મતત્ત્વ છે.

**''શાન્તં શ્રી બ્રહ્મતત્ત્વં પ્રનતજનમનોઽભીષ્ટદં નિત્યમીડે''**

આવા અદ્વૈત આનંદના સ્વરૂપ, શરણે આવેલા સહુને આત્મદર્શન અને અદ્વૈતનું દર્શન કરાવવાવાળા હે જય મહારાજ, આપ કેવા છો? આપનું સ્વરૂપ કેવું છે? આપની પાસેથી શું મળે છે? જેની સોબત કરી છે, જેનો સંગ કર્યો, એની પાસે જેવું હશે તેવું તમને મળશે. અહીં આગળ સ્તુતિ કરનાર મહાપુરુષોએ કહ્યું,

''યત્સંગાન્નષ્ટત્પાપઃ''

જેના સંગ માત્રથી, જેના દર્શન માત્રથી પાપોનો નાશ થઇ જાય.

**''યત્સંગાત્''**

પાપ કેટલાં થયાં છે અત્યાર સુધીમાં? ગણી કાઢો તો, છે કોઇ ગણતરી? અને એ બધાં જ પાપ છે, એ એમના સંગ માત્રથી, દર્શન માત્રથી, જેમના શરણ અને સાનિધ્ય માત્રથી,

''નષ્ટ પાપઃ''

પાપો નષ્ટ થઇ જાય, બચી જ ન શકે, કોઇ પણ પાપ બચી જ ન શકે જય મહારાજના સાનિધ્યમાં, એમના સાનિધ્યમાં કોઇ પણ પાપ જીવતું ન રહે. જેમ અત્યારે રાત છે, અહીં દીવો સળગાવી એ અંધારું ઊભુ રહેશે ખરું? જ્યાં દીવો સળગ્યો નથી, ત્યાં અંધારું ભાગી જ જવાનું છે.

જેના સંગ માત્રથી, દર્શનમાત્રથી, શરણ માત્રથી,

**''યસ્ય સ્મરણમાત્રેણ જન્મસંસારબંધનાત્ વિમુચ્યતે''**

બધા જ બંધનો, બધાં જ પાપો દૂર થઇ જાય. આ

વિભૂતિનાં દર્શન જે આપણને સાંપડયાં છે, આપણને આપણા જીવનમાં મળ્યા છે, આપણા જીવનનું આંગણું દીપાવ્યું છે, આપણા જીવનનું આંગણું સાથીયા પૂરેલું છે. જય મહારાજ પ્રાપ્ત થયાના દીવા આપણા ટોલડા ઉપર લટકી રહ્યા છે. આપણા આંગણામાં અંધારું નથી અજવાળું છે. જય મહારાજ પધારેલા હોય, અને જીવનને આંગણે અંધારું કેવી રીતે હોઇ શકે?

પાપ બુદ્ધિ તો ટળી જશે, અને ફરી જો પાપ ન થાય તો બધા જ પાપો નષ્ટ થઇ જશે. ભગાવન તો એટલે સુધી કહે છે કે,

**''અપિ ચેત્સુ દુરાચારઃ''**

અત્યંત દુરાચારીમાં દુરાચારી, ભયંકરમાં ભયંકર પાપો કર્યા હોય દુરાચારમાં, પણ જે જય મહારાજને આવીને ભજે છે, એમને શરણે આવે છે, એટલે

એમના શરણ માત્રથી, સ્મરણ માત્રથી એ પાપોનો નાશ થઇ જાય, કોઇપણ પાપ ઊભું નહીં રહી શકે. જેમ સૂર્ય ઉગે એટલે આખા સંસારનું અંધારું આપોઆપ દૂર થઇ જાય, એમ જય મહારાજનું શરણ, જય મહારાજનું સ્મરણ આખા જીવનના પાપોનો અંધકાર,

પાપના અંધકાર માટે તો આપ અર્ક સ્વરૂપ છો, સૂર્ય સ્વરૂપ છો.

**''જાસુ બચન રવિ કરનીકર મહા મોહ તમ પૂજં''**

મહા મોહ આસકિતનો અંધકાર, આસકિતના અંધકારનો ખ્યાલ છે, કશું પણ ન સૂજે, કશું પણ ભાન ન રહે, બધાં જ કામ રઝળી પડે છે, બધી જ જવાબદારીઓ એકતરફ થઇ જાય એનું નામ છે

“**પાપાંધકારાર્કપરમ્પરાભ્યાં**”

પાપોનું અંધારું, ઘોર અંધારું હોય, પણ આપ તો અર્ક સમાન છો, સૂર્ય સમાન છો. ગમે તેવા ગાઢ જંગલની અંદર વાદળ ગડગડતાં હોય, ગમે તેટલો અંધકાર હોય, પણ સવારે સૂર્ય ઊગે એટલે બધું જ અંધારું ગાયબ. એમ આપણા જીવનના આંગણે જય મહારાજના પ્રકાશનું એક કિરણ પડે, એની સાથે કયાં તો ટોડલે દીવા મૂકાવ્યા હોય, જય મહારાજના સત્સંગના. કયાં પાપનો અંધકાર, અને કયાં અણસમજ રહેવાની હતી? કેમ કે મનમાં અજવાળું થયું છે, કે આ ખોટું કહેવાય. આ પાપ કહેવાય, આ અપરાધ છે, આ દુરાચાર છે, આ હલકું કામ છે, એ બધી જ સમજ માત્ર જય મહારાજના સત્સંગના દીવા આપણા ઘરના ટોડલે મૂકી દીધા હોય, પછી એ ઘરના આંગણે અંધારું હોય જ નહીં, અજવાળું જ હોય, અરે, આ પેલું ઘર કોનું છે, આ દીવા બળે છે એ? અરે એ તો સત્સંગીનું છે, હા એના ઘરનું આંગણું જુઓ ને, કેવું અજવાળું છે, અંધારા વગરનું છે, એમ જીવનના આંગણે પણ જો સત્સંગના દિવા પ્રગટે તો

“**દિવ્યરૂપં યત્સંગાત્**”

દિવ્ય રૂપ આપવાવાળા છે, દિવ્ય રૂપના દર્શન કરાવવા વાળા છે. તો આવી આપણા સહુના જીવનની એક અવસ્થા બની રહે, એક સ્થિતિ બની રહે. ચાલો ને જય મહારાજનું શરણું તો આપણને આટલું બધું આપવાનું છે, જય મહારાજના શરણે આપણને આટલું બધું મળવાનું છે, જેમની સોબતમાં માત્રથી

“નષ્ટપાપઃ”

કેટલી મોટી વાત છે, પાપ દૂર કરી જુઓ જોઇએ.

બુદ્ધિમાં, મનની અંદર, વિચારોની અંદર પાપ એવા ઘુસી ગયાં હશે, કે જલદી બહાર નીકળશે જ નહીં. બહાર કાઢવા માટે ઘસડીને બહાર કાઢો તો પણ પાછા અંદર ઘૂસી જાય. બુદ્ધિમાં, મનમાં વ્યવહારમાં, દુરાચારમાં ઘૂસી જાય, કોણ કાઢી શકે? છે સામર્થ્ય કોઈમાં? જીવનમાં પેસી ગયેલા પાપોને બહાર કાઢવાની તાકાત કોઇનામાં નથી. એ તો જય મહારાજનું શરણ એક જ. બાપજી આપના શરણે છીએ અને જે આવ્યો શરણે તે સાચો.

જે પાપોને આપણા જેવો સામાન્ય પામર માણસ નથી કાઢી શકતો, નથી દૂર કરી શકતો, પોતાના જીવનમાંથી. પોતાના પાપને, પોતાના દુરાચારને, એને જય મહારાજ કાઢી આપે છે, લે હવે ફરી પાછો આવા દુરાચારમાં જઇશ નહીં, આવું પાપ કરીશ નહીં. જેસલ જાડેજા જેવો બોલતો હોય,

**''જેટલા માથાના વાળ એટલા કરમ તો મેં કર્યાં''**

પણ પત્ની એવી મળી, કહ્યું કે કાંઇ વાંધો નહીં તારા બધા જ પાપોને હું દૂર કરી આપીશ, એટલે જ કહ્યું કે,

**''અપિ ચેત્સુ દુરાચારઃ''**

ભયંકરમાં ભયંકર દુરાચારી હોય, પાપી હોય, તો પણ એના પાપ દૂર કરવાવાળા પરમાત્મા છે.

**''ભજતે મામનન્યભાક્''**

જે અનન્ય ભાવથી મારે શરણે આવે છે, જે અનન્ય ભાવથી સેવા કરે છે, સ્મરણ કરે છે,

**''ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા''**

ક્ષિપ્ર, ચપટી વગાડવા માટે કશું શોધવા જવું પડે છે? સહેજ પણ વાર લાગે છે? આ ચપટી વગાડી, તરત જ. કશું પણ

શોધવા ન જવું પડે. મનમાં વિચાર આવ્યો કે તરત જ ચપટી વગાડી દીધી.

તરત જ

**''શશ્વચ્છાંતિં નિગચ્છતિ''**

જય મહારાજ એને પરમ શાંતિ આપે છે,

**''યત્સંગાત્ નષ્ટ પાપઃ''**

કેટલી મોટી જબરજસ્ત વાત કરી. પાપોને ભોગવવા માટે કેટલાં નરકો ભોગવવાં પડે છે? જીવનમાં થયેલા પાપો માટે તો કેટલાય જન્મો લેવા પડતા હોય છે, છતાંય પાપ છૂટતાં નથી, એવાં ભયંકર વળગેલાં પાપ, જય મહારાજને શરણે આવો.

કુટેવો, ખોટી આદતો, મનમાં જે પણ કાંઇ હશે કુસંસ્કાર, એ બધા જ કાઢી નાખશે, એનામાં ધીરે ધીરે પરિવર્તન આવશે. જય મહારાજ આવા સિધ્ધ સમર્થ છે, અને અમે એમના સાનિધ્યમાં જઇએ છીએ, લોકો શું કહેશે? અલ્યા ત્યાં જઇને આવા તમે? જય મહારાજનું તો આવું દિવ્ય સ્વરૂપ છે,

**''અદ્વૈતાનંદ રૂપાત્''**

અદ્વૈતના આનંદનું રૂપ ધારણ કર્યું છે જેમણે, અને તેમાં આવા કયાંથી બધા? જય મહારાજના નામે પણ આપણે આપણા જીવનને સાંભળી લેવું પડે, ભાઇ સાંભળો, આપણે જય મહારાજના શરણાર્થીઓ છીએ, જય મહારાજના સાનિધ્યમાં બેસીએ છીયે, જય મહારાજના સત્સંગમાં બેસીએ છીએ, આટલું બધું સત્સંગથી મળતું હોય, છતાંય આપણાથી ન રહી શકાય, એટલે નદીમાં પડેલો પથરો, બહાર કાઢયો એટલે કોરો થઇ જશે, પણ આપણે પથ્થર નથી, આપણે તો જય મહારાજના સ્વજનો

છીએ.

**''પ્રણતજનગણા''**

સ્વજનો છીએ આપણે, જન એટલે સ્વજન, આપણે કોઇ પથ્થર નથી, કે બહાર નીકળ્યા અને તરત જ કોરા થઇ ગયા, સદાય ભીના ભીના જ રહેવાનું છે, જય મહારાજના સત્સંગની સોબતે, જેમ ગંગાજીમાં ઉતરીએ એટલે ભીના થવાનું જ, અને જય મહારાજના આંગણે જો કોરા રહેશો તો બીજે કયાં પલળવાનું હતું? પલળવા માટે તો આવીએ છીએ, આખી દુનિયામાં કોરા રહ્યા, ચાલો જય મહારાજને શરણે જઇશું, ભીના થઇશું.

**''યત્સંગાત્ નષ્ટ પાપઃ''**

બધો જ પરસેવો ધોવાઇ જશે, બધી જ ગરમી શાંત થઇ જશે, ચાલો સ્નાન કરીશું જય મહારાજને ત્યાં. બસ એ જે સંગ છે, અને એ સંગથી પ્રાપ્ત થયેલી આટલી મોટી અનુભૂતિ, કરવી પડે. આ વિભૂતિના સાનિધ્યમાં આવીએ, અને આવી સાત્વિક અનુભૂતિ ન કરી શકીએ તો એ આપણું દુર્ભાગ્ય. આટલા સાનિધ્યમાં રહેવા છતાંય આપણે ભીંજાઇએ નહીં, તો સમજવાનું કે કોરાને કોરા. કહે છે ને કે આવો કોરો ને કોરો કયાં સુધી રહેવાનો છું? સત્સંગનું સાનિધ્ય, જય મહારાજની ભકિત આપણને નવડાવ્યા જ કરે, નવડાવ્યા જ કરે, પછી મેલ કયાંથી રહેવાનો હતો? ગરમી કયાંથી રહેવાની હતી? શાંતિ, આનંદ એ સ્વરૂપ છે જય મહારાજનું.

સાનિધ્યમાં આવેલા, નિત્ય સ્તુતિ કરનારા, નિત્ય વંદન કરનારા, નિત્ય નિયમ કરવાવાળા, એમને જય મહારાજ પરમ શાંતિ આપે છે. એ પરમ શાંતિના આપણે અધિકારી કેવી રીતે

બની શકાય, એ આપણે વિચારવાનું છે. હું અધિકારી થયો છું ખરો?

**"અધિકારી હોય એને પદ કહેજો,**

**નહી તો ગાઢું મૌન રહેજો."**

એટલે સૌથી પહેલાં સત્સંગથી સાચી સમજ કેળવીએ, જીવનની અંદર સંયમ, સદાચાર પ્રાપ્ત થાય, જય મહારાજનું શરણ આપણને પ્રાપ્ત થાય, અને એના વડે આપણે જન ગણ બનીએ જય મહારાજના, કે જેથી આપણી પોતાની શુધ્ધિ, આપણા અંતઃકરણની શુધ્ધિ જય મહારાજ આપણને કરી આપશે.

|| જય મહારાજ ||

## પ્રકરણ–૫૬

# પાપનો ગરીબ

મુકત ભાવથી પરમાત્માનું પ્રગટ સ્વરૂપ આપણને સૌને દર્શન માટે પ્રાપ્ત થયું છે. જેનો સત્સંગ પણ પરબ્રહ્મની સ્થિતિવાળો છે, જેની સ્થિતિની અંદર સાક્ષાત્ સ્વયં આત્મતત્ત્વ બિરાજી રહ્યું છે, એ પરબ્રહ્મ સ્વયં જય મહારાજ આપણા સૌના માટે દિવ્ય ચેતના છે. એ પરમ ચેતના આપણા સહુના હૃદયમાં હંમેશને માટે બિરાજેલી છે. કયાંય બીજે શોધવા જવાની જરૂર જ નથી. **આપણા પોતાની અંદર જય મહારાજ બિરાજેલા જ છે. એવી કયારેય ભૂલ ન કરશો કે ભગવાન મને કયારે મળશે? મળેલા છે જ. એને સમજવાની, અને આપણી જાતને ઢંઢોળવાની જરૂર છે, જાગ્રત કરવાની જરૂર છે. અહીં કહ્યું છે કે,**

**''સ્વાત્મજ્ઞં દિવ્યરૂપમ્''**

આપ તો પોતાને જાણવાવાળા છો, સ્વયં પરમતત્વનું દિવ્યરૂપ આપ છો, અને એટલા માટે કહ્યું કે, જેના સંગ માત્રથી, સોબત થી,

**''જયાં જેને જેવો સંગ, ત્યાં રંગ તેવો''**

બસ, જેવી સોબત હોય એવા રંગ ચઢે. જો જય મહારાજ જેવા વિભૂતિના શરણે હોઇશું, તો આપણો અવશ્ય ઉદ્ધાર થવાનો

જ છે, અને કયાંક સંસારમાં ભટકાઈ પડ્યા તો સંસારસાગર ડુબાડશે જ. સંસાર સાગર તરવા માટે તો આપણે જય મહારાજના શરણે આવ્યા છીએ.

**''યત્સંગાત્''**

જેના સાનિધ્યમાં, જેના દર્શન માત્રથી અનેક પાપો દૂર થઇ જાય છે, જન્મોજનમનાં પાપ દૂર કરી નાખવાવાળા છો, પાપ તમારી સમક્ષ ટકી જ ન શકે, ઊભું રહી જ ન શકે.

આપણી મનબુદ્ધિમાં, આપણા વ્યવહારમાં કયાંય પણ પાપ માત્રનો કોઇ પણ પ્રકારનો અંશ માત્ર પણ ન રહેવા દે.

''યત્સંગાત્નષ્ટ પાપઃ''

કેવી જબરજસ્ત વિભૂતિ, કેવી શકિતશાળી વિભૂતિ છે જય મહારાજ, દરેકના પાપને સંપૂર્ણ રીતે નાશ કરી આપે છે, કેટલી શકિત હશે? સામાન્ય માણસ, આપણે સૌ ગણીએ, એ પોતાના નીજી પાપને પણ દૂર કરી શકતા નથી, એ પાપ માત્ર જય મહારાજના સાનિધ્યથી, દૂર થઇ જાય છે.

કોઇપણ પાપ બચવા ન પામે. ખિસ્સામાં કંઇ પણ બચ્યું હોય તો વાપરવાનું મન થાય ને? પણ જ્યાં ખિસ્સુ હોય જ નથી ત્યાં શું વાપરવાનું હતું? એમ પાપને સંપૂર્ણ ખતમ કરી નાખે. પાકીટમાંથી પછી કયાં આપણા હાથમાં આવવાનું હતું? કયાં સામે આવવાનું હતું? પાપ વાપરવું હોય તો પણ ન મળે, છે જ નહીં ને. ઘરમાં પૈસો નથી એમ કહે તો શું થાય? કે ઘરના ડબ્બામાં, કે પીપડામાં અનાજ જ નથી, એમ જીવનની અંદર પાપ જ નથી, લો અમે પાપના ગરીબ માણસ છીએ, અમારે ત્યાં પાપ મળે જ નહીં, શોધો તો પણ ન મળે. જેમ પૈસા વગરનો માણસ ગરીબ કહેવાય,

એમ પાપ વગરનો માણસ પાપનો ગરીબ કહેવાય. પુણ્યના ગરીબ પણ હોય, છાંટોય પુણ્ય નહીં હોય, પણ આ તો જય મહારાજ એટલા સમર્થ છે, કે જેના દર્શન માત્રથી

**''જેનાં દર્શન કરતાં પાપ બળે,**

**દુઃખ જન્મ-મરણ કેરાં ટળે''**

અને દુઃખ જન્મોજન્મના નાશ પામી જાય, બાળક દાસજીએ ગાયું છે.

**''વળી બાળકદાસને અનામ મળે''**

બાળકદાસજીએ કેટલા ઊંડાણથી, કેટલા વિશ્વાસથી ગાયું છે, કેટલી શ્રદ્ધાથી ગાયું છે, કેટલી સમજણથી ગાયું છે, કે બાપજીનું સ્વરૂપ કેવું છે, કેટલી શકિત છે આ પરબ્રહ્મની કે,

''જેનાં દર્શન કરતાં પાપ બળે''

દર્શન માત્રથી,

''યત્સંગાત્નષ્ટ પાપઃ''

બાળકદાસજી તો એથી પણ આગળ કહે છે, કે

**''દુઃખ જન્મ-મરણ કેરાં ટળે''**

આ તો નવી વાત આવી, જન્મવાનું દુઃખ, ને મરવાનું દુઃખ મોત કેટલું બધું બીવડાવે છે ? મોતની કેટલી બધી બીક લાગે છે ? આમ માણસ ગભરાઇ જાય, અને એમાં ને એમાં તો, બીકમાં માણસ મરી જાય. મોતની બીકમાં જ માણસ મરી જાય. એક ભાઇને બીલીમોરા આગળ અકસ્માત થયો, અકસ્માતમાં તો ટ્રક આમ સામેથી આવતી જ હતી, તો પેલા ભાઇએ આવી આવી આવી એમ કરીને અંદર જ મૃત્યુ પામ્યા. ટ્રક અથડાઇ નહીં, પણ

રોકાઇ ગઇ અને પેલી ગાડી પણ બચી ગઇ, પરંતુ પેલા વ્યકિત મૃત્યુ પામ્યા, હબકના માર્યા ત્યાં ને ત્યાં જ, અકસ્માત પણ ન થયો હતો. મોતની કેટલી બધી બીક? **મોતની બીક જ માણસને ભરખી જાય,** પણ જય મહારાજનું શરણ, જય મહારાજનું દર્શન

**''જેનાં દર્શન કરતાં પાપ બળે''**

પાપ બળીને ભસ્મ થઇ જાય, અને જન્મ-મરણની જે બીક છે, મોતની બીક તો બધાયને છે, કે એ આવ્યું, પણ આવવા દો ને, છો આવતું એની મરજી પ્રમાણે, ગભરાવવાની કશી પણ જરૂર નથી. મહાપુરુષો અને સંતો કહે છે, કે આપણે મરવા માટે આવ્યા જ નથી, મૃત્યુ આપણને છે જ નહીં, કયારે પણ આપણે મરતા જ નથી, જે છે તે જ છીએ. આપણે તો આત્મા સ્વરૂપ છીએ, તો શરીર મરે છે, મારે બીક કયાં રાખવી? મરવાનું તો એણે છે, જે જન્મ્યું છે, હું કયાં જન્મ્યો છું? હું તો આત્મસ્વરૂપ છું. પહેલા પોતાના નિજ સ્વરૂપને, આત્મસ્વરૂપને ઓળખવું પડે.

''સ્વાત્મજ્ઞં''

આત્મજ્ઞાન, પોતાની જાતને ઓળખવી પડે.

**''તું ઓળખ તારી જાત,**
**તને કહું છું એવી વાત''**

કેટલા સરસ ભાવથી કહી દીધું,

**''તું સાંભળ વહાલા તાત,**
**તું ઓળખ તારી જાત''**

અને સંતોએ પણ ગાયું કે,

**''સતગુરુ મહારાજ પ્રેમ સ્નેહની વાતો અમને કહીએ,**

**ઘણી દયા કરી આતમ સુખ આપો તો મનમાં લઈએ''**

આવી વાતો સત્સંગની તો કરો, પણ એમાં પણ આતમ સુખ આપો તો ઘણો આનંદ આવશે, બસ એ વાતો વાતોમાં જ આત્મસુખની વાત કહી દેજો ને.

''સતગુરુ મહારાજ પ્રેમ સ્નેહની વાતો અમને કહીએ''

પ્રેમ સ્નેહની વાતો કરજો, ભગવત પ્રેમ, ગુરુ સેવાનો પ્રેમ, ગુરુચરણનો પ્રેમ આપી અને એ પ્રેમની વાતો અમને કહેજો. સંસારના પ્રેમની વાતની જરૂર નથી. જ્યાં પ્રેમથી વાતો કહેવાતી હોય, અને જન્મ-મરણની વાતો અને પાપનષ્ટની વાતો પ્રેમથી થતી હોય, બીજા મૃત્યુની વાત કરતા હોય તો હાંફી જાય, મૃત્યુની વાત ના કરશો, પણ સત્સંગની અંદર મૃત્યુની વાત થતી હોય તો સમજણપૂર્વક આપણે સાંભળવા તૈયાર હોઇએ છીએ, કેમ?

**''પ્રેમ સ્નેહની વાતો અમને કહીએ''**

મૃત્યુ તો શરીરનું છે, મારું નથી, પ્રેમથી કહેવાય ગુરુને, ભય હોય એ પણ કાઢી નંખાવે, ભય શેનો હોય આપણને? હું તો જે છું તે છું જ, હું બદલાવાનો નથી, બદલાશે તો શરીર બદલાશે. જન્મોજન્મનાં આટલાં બધાં શરીર બદલાઇ ગયાં, તો દુઃખ થયું? તો આના માટે શેનું દુઃખ? આ પણ બદલાઇ જવાનું છે. કાલે ઉઠી અને બીજાં કપડાં પહેરી લઇશું આ કપડાં કાઢીને. એ ભાવ સતત બન્યો રહે, તો જરૂર આત્મસ્વરૂપનાં દર્શન શકય છે, અને સતત આ વિભૂતિઓના, આવા મહાપુરુષોના સત્સંગમાં બેસીશું તો,

**''યત્સંગાત્નષ્ટ પાપઃ''**

કેટલી સરસ વાત છે, તમારામાં કેવી અદભૂત અલૌકિક શકિત છે, કે બસ એમના સાનિધ્યમાં જાવ, એની સાથે જ પાપ

બળીને ખતમ થઇ જાય, એટલે પાપ બુદ્ધિ જ ખતમ થઇ જાય, પાપ કરવાની ઇચ્છા ટળી જાય, પાપમાં મન પરોવાય જ નહીં. આપણે બધા બેઠા છીએ. અહીં કોઇક થોડું પીવો. થોડું જ પીવો બોલ્યું. એની ગંધ પણ કોઇને ગમે ખરી? એ પ્યાલો કોઇ અડે પણ ખરો? અને જેને કુટેવ છે એને તો એ છૂટવાની જ નથી, આપણે તો,

આ તે કંઇ અડાતું હશે? આ તે કંઇ પીવાતું હશે?

જય મહારાજની માત્ર સોબતથી જ, અરે એનું નામ પણ ન સંભળાય, અરે આ વાત જ ના કરીશ. બીજી બધી વાત બાજુ એ રહી કે જે કઇ દુરાચરણ છે, જે પાપ થાય એવી વૃત્તિ છે, એ જય મહારાજ નાશ કરી નાખે. એમનાં દર્શન માત્રથી, એમના સાનિધ્યથી અહીંયાં બેઠા રહીએ, તો કોઇ પણ પાપ કરવાની ઇચ્છા થાય ખરી? ના, જય મહારાજના સાનિધ્યમાં બેઠા છીએ, પવિત્ર વાતાવરણમાં બેઠા છીએ, કેટલું સરસ છે, એની અંદર આપણું મન પણ પવિત્ર થઇ જાય.

જય મહારાજના સાનિધ્યમાં બેઠા હોઇએ, ત્યાં સુધી મનમાં પાપનો વિચાર સુધ્ધાં, ઉભો થાય નહીં.

બોલો કેટલો સરસ ભાવ છે? જય મહારાજનું સાનિધ્ય કેવું કિંમતી છે, માણસ પોતે પાપ છોડવા ઇચ્છે તો પણ નહીં છૂટે, બીડીની, મસાલાની, પીવાની કોઇ પણ એની કુટેવ હોય, વ્યકિતગત રીતે છોડવા જાય તો નહીં છૂટે. ઉલટો એ વધારે ને વધારે એમાં ઉંડો ઊતરશે. પણ જય મહારાજની સોબતે છીએ, જય મહારાજના સંગે છીએ, આપણાથી આવું થાય નહીં, જોવાય નહીં, અડાય નહીં, નામ પણ ન સંભળાય, એનું નામ છે મનની

વૃત્તિ ધીમે ધીમે એટલી પ્રબળશાળી બને, કે એ પ્રકારનું વ્યસનનું પાપ આપણાથી થાય જ નહીં, આપણાથી કરાય જ નહીં, આપણામાં હોય જ નહિ ને પાપ,

શુદ્ધ મતિથી, શાંતિથી બસ માત્ર જય મહારાજનું સ્મરણ, જય મહારાજનું સાનિધ્ય, એમનું દર્શન, એ જ આપણને સાચું સુખ આપવાવાળા છે, સાચી સમજ આપવાવાળા છે. જયાં સુધી જીવનમાં સાચી સમજ નહીં હોય, સાચી સમજ નહીં મેળવો, ત્યાં સુધી કુટેવો કયારેય છૂટશે જ નહીં, કયારેય તમારાથી નહીં બીવે, ઉલટુ તમારું પાપ તમને ભરખી જશે, નહીં છૂટવા દે તમને, એટલે પાપ આપણને વળગી પડે, તે પહેલાં જય મહારાજના સાનિધ્યમાં રોજ દર્શન કરીએ, રોજ સત્સંગ કરીએ, રોજ જય મહારાજના સાનિધ્યમાં બેસીએ, જો પ્રબળ મનોબળ હોય તો તરત જ છૂટી જાય, બસ હવે નહીં. આપણે એવા કેટલાય જોયા છે, બસ મહારાજ આ ફેંકી દીધું, બસ હવે કયારેય નહીં અડું. એક ઉકાભાઇ કરીને હતા, એમનો પહેલો વહેલો પરિચય થઇ ગયો, સોમનાથથી ૧૬ કિલોમીટર આ બાજુ એક ગામ છે, ત્યાં એક વાડી હતી, એ વાડીમાં ઘર શાળા બધું જ, ઘણી બધી જમીન હતી. કહે કે મહારાજ બીડી પીઉં, આપણે કહ્યું કે હોતું હશે, કહ્યું કે છોડી દો, તો કહે કે ઘણા બધા સાધુઓ મળ્યા, ઘણો પ્રયત્ન કર્યો પણ છૂટતી નથી. આપણે કહ્યું કે, એ તો વિચારો કે તમે કોણ છો? એક બીડી જેવું ઠુઠું તમે ના છોડી શકો, આ મૂછો કઢાવી નાખો, આટલું સાંભળતાં આમ બીડીનો ઘા કરી દીધો, મૂછ કાઢવાની વાત આવી, હવે કોઇ દિવસ નહીં અડું. ત્યાર પછી જયાં સુધી જીવ્યા ત્યાં સુધી બીડી ના પીધી.

**''યત્સંગાત્નષ્ટ પાપઃ''**

જય મહારાજ તો પરબ્રહ્મ છે, બ્રહ્મતત્ત્વ છે. આપણી જાત જોડે આપણે અડપલાં કરીએ, કુટેવોથી, પાપથી, કુસંગથી, જય મહારાજ ચલાવી લે ખરા?

એને નષ્ટ કરી દે, ઉખાડીને ફેંકી દે એને બહાર,

પાપ નાશ પામશે, પાપનું ફળ દુઃખ અને પુણ્યનું ફળ સુખ, શું જોઇએ છે બોલો? કહો સુખી થવું છે, કે દુઃખી થવું છે? જો સુખી થવું હોય તો પાપ છોડો, પાપ છોડશો તો સુખી થશો, અને પાપ એટલે શું? આ ખોટા ખોટા દુરાચાર, આ ખોટા વ્યસનો, દુર્વતિઓ, વિકૃતિઓ, એ બધાં પાપ અને એનાં ફળ બધાં શરીરે ભોગવવાનાં. પછીથી શરીર નબળું પડી જાય, શરીર ખતમ થઇ જાય, સડવું પડે, હેરાન થવું પડે, દુઃખી થવું પડે, એનાથી ના ઊભું રહેવાય, ના ચલાય, આમ લથડીયાં ખાતા હોય, આવું થાય એના કરતાં પાપ પહેલું છોડી દઇએ. **વ્યસન માત્ર પાપ છે, કે જેનું ફળ શરીરને દુઃખ તરીકે, કોઇને કોઇ રોગ તરીકે ભોગવવાનું છે.** રોજ મસાલાના પડીકા ખાઓ, આ રોગ પણ વેચાતો લાવ્યા, અને પછી કાપવાનું થયું, એની પાછળ આઠ દસ લાખ રૂપિયા થયા. આઠ દસ લાખ રૂપિયા ખર્ચ્યા પછી બચ્યા તો ખરા, પણ પહેલાંના જેવો તો નહીં ને? એ પાપ નહીં તો બીજું શું? મોઢું સાવ ખતમ થઇ ગયું, પેલા ભૂતની માફક, કોઇ જોવે તો પણ બી જાય એવા મોઢા સાથે પછી જીવવાનું. એક માણસ હતા, ભરાવદાર ચહેરો, પણ તમાકુના પાન રોજ ખાવા જોઇએ, ચાલુ ને ચાલુ. આમ રાજકુમાર જેવો માણસ દેખાય, પણ કેન્સર થયું એટલે બધું જ, પોણા ભાગનું કાઢી નાખ્યું, થોડુંક જ છાપરું રહ્યું, એને જોઇને છોકરાં બી જાય.

‘‘યત્સંગાત્નષ્ટ પાપઃ’’

વ્યસન માત્ર પાપ છે. વ્યસન જ્યાં સુધી ન છૂટે ત્યાં સુધી પાપ થયા કરવાનું. વ્યસન છૂટયું એટલે પુણ્ય આવ્યું, એથી તો સુખી થશો, પાપનું ફળ દુઃખ છે. વ્યસનનું ફળ પાપ, અને પાપનું ફળ દુઃખ. નિર્વ્યસનું ફળ પુણ્ય, અને પુણ્યનું ફળ સુખ, શાંતિથી જીવો. એટલે જ મહારાજના સ્વરૂપને આપણ આ રીતે ઓળખવાનું છે. જય મહારાજના સાનિધ્યની અંદર કોઇપણ દુરાચાર થાય નહીં, કોઇ વિચાર ખોટો થાય નહીં, કોઇ વ્યસન પેસી જાય નહીં, કદાચ ખાતા હોઇએ તો બહાર જઇને ખાવું પડે.

આમાંથી કોઇ તો હશે જ.

એટલે જ્યાં સુધી સાથમાં બેઠા હોય ત્યાં સુધી તો ન ખવાય, બહાર જઇને ચાલે, પણ એમ નહીં, હંમેશને માટે પાપ છૂટી જવું જોઇએ. અહીંયાં બેઠા છો એટલે નહીં, પણ જેવા બહાર ગયા એટલે ખિસ્સામાંથી કાઢી અને મોમાં નાખ્યું, એમ નહીં. મોતનું ઝેર લઇ આવો છો વેચાતું. **કોઇ પણ વ્યસન એ મોતનું ઝેર જ છે, આપણે એ ખરીદીને લઇ આવીએ છીએ, ખાઇએ ખાઇએ,** એ પછી થાય રોગ, અને છેલ્લા સ્ટેજનો હોય તો ના પણ બચે. મોત પણ વેચાતું લઇ આવ્યા, પડીકાં ખાઇ ખાઇને. આવા કોઇ મહાપુરુષ આપણને પાપમાંથી, વ્યસનમાંથી છોડાવે, એનું નામ છે

**''યત્સંગાત્નષ્ટ પાપઃ''**

કેટલો સરસ ભાવ છે, મારા ચરણ, માત્ર એમની પાસે પહોંચી ગયા એટલું જ

**''આવ્યો શરણ તમારે તે સાચો''**

બસ, મારી પાસે બીજું કશું પણ નથી, આપને શરણે આવ્યોને, આપના સાનિધ્યમાં આવ્યોને, હવે તો હું અધિકારી,

સાચો.

**''અધિકારી કેમ હટે પાછો''**

બાપજી તમારી નજીકમાં આવી ગયા હોઇએ, એક વાઘની નજીકમાં, એક સિંહની નજીકમાં શિકાર જઇને ઊભો રહ્યો હોય, પછી એ છટકી શકે ખરો? રમણ મહર્ષિ કહે છે કે,

**''વ્યાઘ્રે ગ્રસેલો મૃગ કેમ નાશે''**

એને પકડી જ લે, એમ વ્યસનવાળાનાં વ્યસન છોડાવવા માટે એને પકડી લે, મહાપુરુષો બોચીથી ઝાલે, કયાં જઉં છું બોલ? બોચી જ પકડે. જેમ વાઘ એના શિકારને બોચીથી પકડે, એમ આવા મહાપુરુષો પણ, જેમને મુકિત આપવી છે, જેમને આ વ્યસનથી બચાવવા છે, એને છોડાવવો છે, એને બચાવવો છે, હંમેશાં એને પકડે જ, અને પકડે એ પછી છોડે જ નહીં.

**''યત્સંગાત્નષ્ટ પાપઃસપદિમમ ગતં''**

હવે જયાં એમના સાનિધ્યમાં ગયા ને, એટલે તરત જ, ભગવાને ગીતામાં કહ્યું છે કે,

**''ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા''**

સપદિ, ચપટી વગાડતાં વાર લાગે છે? ચપટી વગાડવી હોય, તો કોઇ પણ વસ્તુઓ ભેગી કરવા જવું પડે છે? આ લાવો, પેલું લાવો, પછી ચપટી વાગશે, તરત જ બસ.

**''યત્સંગાત્નષ્ટ પાપઃસપદિમમ ગતં''**

ગીતાના નવમાં અધ્યાયમાં આ શ્લોક છે

**''અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્, ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા''**

તરત જ એનાં પાપ નાશ થતાંની સાથે જ એ પુણ્યાત્મા બની જાય છે. છોડી દીધું ને પાપ! બસ તું કૃતાર્થ થઇ ગયો.

તરત જ. હવે તરતની વાત એટલે એનેસ્થેસિયા સુંઘાડ્યો એટલે નિંદ્રામાં જતો રહે, એમ જય મહારાજનું સાનિધ્ય

**''સપદિ મમ ગતં''**

બસ જયાં જય મહારાજના દર્શનનો એનેસ્થેસિયા આંખ વડે ચઢ્યો, એની સાથે જ બેહોશી પાપ છુટી ગયું. તો મહાપુરુષોની કૃપા, દયા આવી છે. એટલે આ સત્સંગ વડે, આ સ્તુતિઓમાં બિરાજેલા જય મહારાજને આપણે ઓળખવાના છે, એમનાં દર્શન કરવાનાં છે. સ્તુતિ દ્વારા જ સ્વરૂપનું સાકાર દર્શન થઇ શકે, એમને એમ નહીં થાય. ભગવાન શિવનાં દર્શન કરવાં છે ?

**''ચિતાભષ્મ લેપઃ''**

એમને કહો, ભસ્મ લેપન કરેલું છે, સ્તુતિમાં છે, એટલે આપણને ભગવાનનો ખ્યાલ આવે, એમ

''યત્સંગાત્નષ્ટ પાપઃ''

આમ કહ્યું, એટલે જય મહારાજનું સ્વરૂપ યાદ આવે. જય મહારાજનું સાનિધ્ય કેટલું પવિત્ર છે, કેટલું પુણ્યશાળી છે, કેવું દિવ્ય છે.

બાપજી, આપ તો આટલી મહાન શકિતવાળા છો, આપની દ્રષ્ટિ પડે એની સાથે જ અમારાં પાપ બળીને ખાખ થઇ જાય. માત્ર દ્રષ્ટિથી જ પાપ મનમાં, વિચારમાં ઊભું ન રહે.

**''સપદિ હૃદિગતા''**

મારા હ્દયમાં રહેલા પાપોને કાઢી નાખો છો. તો આ રીતે સ્તુતિમાં જે દર્શન છે જય મહારાજનું. સ્તુતિના શબ્દો વડે જય મહારાજનું સાક્ષાત્ દર્શન થાય, આપ કેવા વૈભવશાળી છો, આપની કેવી મોટી પ્રતિભા છે, આપના તપનું તેજ કેટલું બધું અધધ છે.

તુરત જ. એક માણસ પોતાના જીવનમાં રહેલાં પાપ જીવનભર નથી કાઢી શકતો, એ પાપ જય મહારાજ

ચપટીમાં કાઢી નાખશે, પણ એ દ્રષ્ટિ, એ શ્રદ્ધા, એ નિષ્ઠા, એ ભકિત આપણામાં જેટલી વિશેષ હશે, એ પ્રમાણે આપણાં પાપ જય મહારાજ ધોઇ નાખશે.

|| જય મહારાજ ||

## પ્રકરણ–૫૭

# અલ્હાદારી ચ વાયુ

આપ ઇચ્છિત આપવાવાળા છો. એમના સંગ માત્રથી, સંગ એક એવું તત્વ છે જેને આપણે સત્સંગ પણ બનાવી શકીએ. ભગવદ્ કૃપા થાય તો સંગ સત્સંગ બની જાય, અને જો પાપ જીવન આડે આવે તો એ સંગ દુસંગ બની જાય. અહીંયાં તો જય મહારાજનું સાનિધ્ય છે. જય મહારાજના સાનિધ્યમાં રહીએ એટલે જીવન આખું જ સત્સંગ બની જાય. **સત્યનો સંગ એનું નામ સત્સંગ, સારી બાબતનો સંગ એનું નામ સત્સંગ. કોઇ સજ્જનની સાથે બેસવું એનું નામ સત્સંગ, ભગવદ્ ચર્ચા કરવી એનું નામ સત્સંગ.** તો અહીંયા આગળ તો સ્તુતિકર્તા એ કહ્યું કે,

**''યત્સંગાત્''**

જેના સંગ માત્રથી,

''યષ્ય સ્મરેણ માત્રેણ''

જેમના માત્ર સ્મરણથી, જેમના માત્ર સંગથી, બસ તમે મનથી પણ સંગ કરો, યાદ કરીને સંગ કરો, જ્યાં પણ બેઠા હો દુનિયાના કોઇ પણ ખૂણે, જય મહારાજના એ બ્રહ્મતત્ત્વના સ્વરૂપને યાદ કરો, એનું નામ સત્સંગ. મનની અંદર સારો વિચાર કરવો એનું નામ પણ સત્સંગ. મન વડે સદભાવપૂર્વક કોઇ સારી

વાતોનો સંગ કરવો, ધર્મગ્રંથોનો સંગ કરવો એનું નામ સત્સંગ. ઘરમાં બેસીને કરો, કાંઇક જપ કરો, બેસીને કંઇક સારું વાંચો, એનું નામ પણ સત્સંગ છે. તો અહીં કહ્યું કે,

**''યત્સંગાત્''**

જય મહારાજના આટલા બધા સ્વરૂપો છે, નામ, સ્મરણ, જપ, તપ, ઉપવાસ, વાંચન, સત્સંગ, પૂજન-દર્શન, આ બધા જ જય મહારાજના સંગ કરવાના સ્વરૂપો છે. આમાનું એક એક સ્વરૂપ આપણને ઉપયોગમાં લાગવાનું છે. જય મહારાજના આટલા બધા સ્વરૂપ, અને એ બધાં જ સત્સંગમાં જ આવી જાય. ઘરના બારણે લાઇટની સ્વીચ મૂકો, ઉદ્દેશ્ય શું? જ્યાં હાથ પડે ત્યાં તરત જ અજવાળું થાય, આથી વધારે બીજો કોઇ ઉદ્દેશ નહીં, એમ ભગવાનનો, જય મહારાજનો, તમે કોઇપણ રીતે સત્સંગ કરો, અજવાળું થશે જ. વંદનથી, દર્શનથી, પરિક્રમાથી, ચિંતનથી, સ્મૃતિથી, પ્રાર્થનાથી, સેવાથી, વાંચનથી કરો, એક સ્વીચ હાથમાં આવી ગઇ એટલે આપણા ઘરમાં અજવાળું, ઉજાસનું આવી જાય, ત્યાગનું આવી જાય, સત્સંગનું આવી જાય, સેવાનું આવી જાય, તો આપણા જીવનમાં તો જય મહારાજના સાનિધ્યથી,

અજવાળું. તો જેના સંગ માત્રથી, જેના સ્મરણ માત્રથી જન્મોજન્મના બંધનો તૂટી જાય, પાપ છૂટી જાય, પાપ બુદ્ધિ જ જતી રહે, માણસ કેટલી વાર જન્મ્યો અને મર્યો છે, કેટલીયે પાપ બુદ્ધિ ભેગી કરીને લાવ્યો તો, એ પાપ બુદ્ધિ, એ સંસ્કાર જલદીથી એનાથી છૂટી શકતા નથી. **સંસ્કાર કોને કહેવાય? જે અંતઃસ્ફુરણા થાય, એનું નામ સંસ્કાર, અને જે બહારથી ભેગુ કરીને લાવીએને એને માહિતી કહેવાય.** પણ જયારે અંતઃસ્ફુરણા થાય, અને એ અંતઃસ્ફુરણાનો સંપર્ક જયારે આત્મા સાથે થઇ ગયો તેમ, માહિતી

તમારે કોઇ વ્યકિત પાસે લેવા જવું પડશે, પણ આ તો અંતઃસ્ફુરણા થઇ ગઇ, એનું નામ જ છે સત્સંગ. આત્મચિંતન જેને કહેવાય, કે પોતાની સૂઝ પ્રમાણે, પોતાની કેપેસીટિ પ્રમાણે અંદરથી સમજણનો જવાબ આવે, ઉદ્‌ગાર આવે, કે હાશ આ વસ્તુ સાચી છે. હવે એની ક્ષમતા હોય એનાથી ઉપરનો અર્થ આપીએ, તો પણ એની ઉપરથી જ જતું રહેશે, એની ક્ષમતાથી નીચેનું સ્તર આપીશું તો પણ એની કક્ષા પ્રમાણેનો આપવો, એની સમજણ પ્રમાણેનો આપવો, તો એ સત્સંગ મળશે, અને

જેમના સંગ માત્રથી શું નથી મળતું? શું નથી પ્રાપ્ત થતું? જય મહારાજ તો પરબ્રહ્મ સ્વરૂપ છે, બ્રહ્મ તત્ત્વ છે, અને આ સમસ્ત સૃષ્ટિ એ બ્રહ્મતત્ત્વમાંથી જ સર્જન થઇ છે, તો પછી એમાં શું નથી? પણ જો મેળવવું છે તો,

સાત્વિક ભાવથી, સદાચારથી, સારા વિચારોથી ચાલો જય મહારાજના શરણે જઇએ, જય મહારાજ એટલું બધું ભાથું આપશે, એટલું બધું ભાથું બાંધી આપશે કે આ તો આનંદ આવે છે, બહુ મજા પડે છે. એ જે સંગ છે જે સોબત છે, **સોબત સંસ્કારનું પણ સર્જન કરે છે. સારા ખોટા બધા જ સંસ્કારનું સર્જન સોબત કરે છે. માણસ સારો પણ થઇ શકે, નકામો પણ બની શકે, દુરાચારી પણ થઇ શકે, વ્યસની પણ થઇ શકે સંગથી.** સંસ્કારનું સર્જન પણ સત્સંગ વડે થાય છે. સારા માણસનો સંગ કર્યો હશે, કોઇ સંતનો સંગ કર્યો હશે, તો સત્સંગ સંસ્કાર પ્રાપ્ત થશે. આપણે તો આપણા જીવનમાં ઘણી બધી ઊણપો છે, ઘણું બધું મેળવવું છે, મેળવવાની ઇચ્છા છે, પણ કયાંથી મળશે? કોણ આપશે? કોની પાસે જવું? કે મને સારી વસ્તુ મળે, મને સારા વિચારો જોઇએ છે, મારે સારા વ્યવહાર જોઇએ છે, મારે સારી દ્રષ્ટિ જોઇએ છે, કયાં મળશે, એ

શોધવું પડે અને શોધતાં-શોધતાં કોઇક મળી જાય, જય મહારાજ જેવી પરબ્રહ્મ જેવી મોટી હસ્તી મળી જાય, કે જેના વડે આપણે આપણા કાર્ય સુધી પહોંચી શકીએ. તો યત્સંગનો ભાવ એટલો બધો સરસ છે, સ્તુતિકર્તાએ પણ, એ મહાપુરુષોએ જે અનુભવ્યું હશે, અરે આ સંગ તો કરવા જેવો છે, કેમ કે અહીંયા રહીશું તો એની ધૂળમાં સોનું છે, જેમ વીણતા જઇશું એમ મળતું જશે, દિવસમાં એક ગ્રામ ભેગું કરીશું તો પણ ત્રણ હજાર રૂપિયા મળશે, બહુ જ કિંમતી છે.

અહીંયાં તો એટલો બધો આનંદકારી,

**''અલ્હાદ્કારી ચ વાયુ''**

ચારેય તરફ પ્રસન્નતા પ્રસન્નતા, આનંદ, સંયમ, સદાચાર, શાંતિ, સાત્વિકતા ચારેય બાજુ ખૂબ જ છે, આવું દિવ્યધામ છે જય મહારાજનું. અને આટલો બધો ભંડાર ભરેલો છે અહીંયાં આગળ. આપણા જીવનમાં આમાંનું કશું પણ નથી. નથી સંયમ, નથી સદાચાર, નથી શાંતિ, નથી સુખ, નથી આચારવિચાર, અહીંયાં તો બધું જ છે, આપ તો કેવા મહાન છો? કેટલા બધા સંપન્ન છો? અમે ભિખારી છીએ, અમે ગરીબ છીએ, અમારી પાસે નથી સંયમ, નથી સાત્વિકતા, નથી સદાચાર, અમે પામર છીએ, અરે અહીં તો રહી જવાય એવું છે, બાપજી રાખે તો રહી જઇએ. જય મહારાજ આજે દર્શન કર્યાં ત્યારે ખબર પડી આપના પ્રતાપની, આપની પ્રતિભાની, કે આપ આટલા બધા સંપન્ન છો. એ બધું આપની પાસે છે, આપના સાનિધ્યમાં છે એ બધું અમને મળે,

જેના સંગ માત્રથી, જીવનમાં અનેક જન્મ સુધી નથી મળ્યું, અનેક જન્મોથી આપણે ભિખારી અને ગરીબ છીએ, અને

અહીંયાં તો ભંડાર ભર્યા છે. એમને એમ પડ્યું હોય અને એની અંદર જ ફરવાનું હોય, કેવી મજા આવે. કોઇ મોટો નેતા હોય, એને ત્યાં અબજો રૂપિયાની નોટો જ ફરતી હોય, એ જ નજરે આવે એટલું બધું જોઇ, અને ગરીબ માણસ આભો જ બની જાય, એમ જય મહારાજના સંગમાં

**''દુઃખધ્નો યત્ર વાતિ પ્રનતજનમનો અલ્હાદકારી ચ વાયુ''**

અહીંયાં તો બધા જ દુઃખોનું નિવારણ કરી નાખે એવું આલ્હાદકારી વાતાવરણ છે,

એ અમને મળ્યું

આશ્ચર્યચકિત, કે આ શું, આટલું બધું?

**''જનમ રંક જેહિ પારસ પાવા''**

જન્મનો ભિખારી હોય, અને એને પારસ મળી જાય, ઓ હો હો, કેમ? કે

''પારસ પરસે ન હોય હેમ''

જેને અડે એ સોનું થઇ જાય, જેને અડે એ સોનું થઇ જાય. હવે જનમનો ભિખારી હોય અને પારસ એના હાથમાં આવી જાય તો?

''યં પ્રાપ્યાહં વિમુઢો''

એક માણસ રેલવે સ્ટેશન ઉપર ગયો, તો આખી રેકની રેક રૂ ભરેલી હતી, અને એનો ધંધો હતો રૂ પિંજવાનો, એ તો જોઇને આભો બની ગયો, વિચારમાં પડી ગયો, કે આટલું બધું રૂ કોણ પીંજશે, અને કોણ કાંતશે, વિચારમાં ને વિચારમાં એ ગાંડો થઇ ગયો.

આપનો આટલો બધો વૈભવ જોયો, ત્યાગ, સમર્પણ, સંયમ, સદાચાર, સાત્વિકતા, શાંતિનો. હું તો ગાંડો પાગલ થઇ ગયો, હું શું જોઉં છું, આ આશ્ચર્ય!

જયારે જય મહારાજનો સત્સંગ કરવાની આપણી સૂઝ, આપણો ઉત્સાહ, આપણી ભકિત, આપણી શ્રદ્ધા હોવી જોઇએ. આપણી પાસે જય મહારાજ માટે ભકિત છે. શ્રદ્ધા છે. પૂરેપૂરી સમર્પણની ભકિત હોવી જોઇએ.

**''મેં માથું મૂક્યું તમ ચરણે રે''**

બસ માથું જ મૂકી દીધું,

**''માથું તારે ખોળે મૂક્યું રે''**

આપી દીધું માથું. પછી રહ્યું શું? આ દુનિયાને સમજવાની, ઓળખવાની, એ બધું તો માથામાં છે. આંખ, નાક, કાન, જીભ, મોઢું, મગજ બધું જ, દરેક વ્યકિત સમાજમાં એના મોઢાથી જ ઓળખાય છે. જો માથા વગરનું ધડ હશે તો કોઇપણ નહીં ઓળખી શકે, ખબર નહિ ભાઇ કોનું છે, બસ તો પતી ગયું, માથું મૂકી દીધું જય મહારાજના ખોળે,

**''મહારાજના ખોળે માથું મૂક્યું, સોહંગની સોડ તાણી રે''**

માથું જય મહારાજના ખોળે મૂકી દીધું, પછી શરીર ભલેને જયાં પડ્યું હોય. માથું આપવું એટલે પોતાનું સર્વસ્વ આપી દેવું, બધું જ સોંપી દેવું, એનો મતલબ માથું આપી દેવું. અને માથું આપી દીધા પછી ના સંભળાય, ના બોલાય, ના ખવાય, ના જોવાય, ના વિચારાય, માથું આપી દીધું એટલે સર્વસ્વ આપી દીધું.

હું તો ગાંડો થઇ ગયો, કે જય મહારાજ આપની પાસે

આટલું બધું છે? આમ ચીસ પાડી દે, કે આટલું બધું? સંયમ, સદાચાર, શાંતિ, આ બધું તો અમારા જીવનમાં શોધ્યાં ન જડે. ભીખ માંગીએ છીએ. અમારા જીવનમાં સાત્ત્વિકતાનો સદાચારનો છાંટોય નથી. પહેલાં જમાનામાં તમારે ત્યાં હોય તો અમને થોડું આપજો ને. મહેમાન આવ્યા છે અથાણું થઇ રહ્યું છે, થોડું આપોને, તો આપે એકબીજાને. એટલે ના હોય તો બીજા જોડે લેવા જાય. એટલે આપણે જય મહારાજ પાસે જઇએ, કે જય મહારાજ અમે સાવ ખાલી છીએ, અમારા જીવનમાં કશું નથી. ઘરમાં જેમ ખાવાનો દાણો પણ ન હોય, અને માણસ કરગરે, એમ જય મહારાજને કરગરીયે, કે અમારી પાસે કશું નથી બાપા, નથી શાંતિ, નથી સુખ. તમારી પાસે છે ને એટલે લેવા આવ્યા છીએ. એકવાર અમે બધા સાથે ગયા હતા, તે ગંગોત્રીમાં પહોંચ્યા મોડી રાત્રે દસ વાગે. ચાલવાનું હતું અને ભૂખ ખૂબ લાગી હતી. એક હોટલવાળાને ઉઠાડ્યો, કે ભાઇ પૂરી, શાક કે રોટલી એવું કશું બનાવ. બધા મળીને કુલ ૨૭ જેટલા માણસો હતા, એમાં દસ-બાર તો સંત પણ હતા, તો એવી ભૂખ લાગી હતી, અને રાતના દસ વાગ્યા હતા, અને પેલો બનાવે તે પહેલાં તો પડાપડી થાય. ખાવાના પૈસા આપી અને ગાળ ખાધી, **કુંભ મેલે કે કંગલે ઇસસે અચ્છે હોતે હૈ,** એટલી ખેંચા તાણ થાય ખાવાની. હવે ભૂખ લાગી હતી એટલે કરે શું? વસ્તુ તો જોઇએ ને ખાવા માટે. ભૂખ જબરજસ્ત લાગી હતી, અને પાછું હિમાલયની ઠંડી, અને તે વખતે પાછી જુવાની હતી. આટલી ઉંમર હોત તો, નથી ખાવું ભાઇ, તમે ખાઇ લેજો. જેને સત્સંગની ભૂખ છે, એ તો જય મહારાજ પાસે દોડે, કે બાપજી સત્સંગ જોઇએ છે, સંયમ જોઇએ છે, સદાચાર જોઇએ છે, શાંતિ જોઇએ છે, સાત્વિકતા જોઇએ છે,

આપજો ને, થોડી થોડી આપજો, થોડી તો અમારે બહુ થઇ ગઇ. આટલી બધી સંપન્નતા જોવે અરે દસ હજાર ગુણ ચોખાની, આભો જ થઇ જાય, કોઠાર ઉઘાડીને જુએ, અરે પંદર સત્તર મણ ડાંગર છે આપને ત્યાં મહારાજ અલ્યા આ તો જય મહારાજનો ભંડાર છે, એટલે,

આ બધું જોઇને, આ બધું મેળવીને હું તો પાગલ થઇ ગયો.

**''જન રંક જનુ પાવ પિયુશા''**

ભિખારી હોય, અને એને મળી જાય અઢળક. એટલો બધો આનંદ થાય, કે વાત ન પૂછો. જય મહારાજનું આ સ્વરૂપ આપણે ઓળખવાનું છે, અને એ રીતે જય મહારાજનાં દર્શન કરવાના છે. આપ કેવા છો?

જેના સંગ માત્રથી. આટલું મોટું દર્શન થવાનું, આટલો મોટો આનંદ થવાનો. કંઇક નવું જોઇએ તો કેટલું બધું અચરજ થાય? આપણી પાસે પાંચ-પંદર ગ્રામ સોનું હોય, તો આપણે જોયા કરીએ, પણ કયાંક કિલો સોનું જોઇએ તો? ઓહો આટલું બધું. બે પાંચ ગ્રામ હોય, તો આપણે કયાંક નાખી મૂકયું હોય હાથમાં, કે ગળામાં કે કયાંક, પણ આ તો પાંચ પચાસ, બસો પાંચસો કિલો જોઇએ, ઓહોહોહો, પેપરમાં ફોટો પણ આવે છે સોનાનો, તો કેવા લાગે છે? તો આટલું બધું જ જોવા મળે, ત્યાં આનંદનો એટલો બધો અતિરેક થઇ જાય, કે વાત ન પૂછો. બહુ જ સામાન્ય વાત લઇએ, કોઇ સંપન્ન માણસને ત્યાં અવસર હોય, અને આપણે ત્યાં કંકોત્રી હોય, અને ઘણું બધું જમવાનું ચારે બાજુ હોય, બોલો શું થાય? અને દરેક આઇટમ ભાવતી હોય, ખાઇ લેવા દો ને, ઘરે જઇને જે થવાનું હશે તે થશે, થઇ જાય કે નહીં

એવું? તો જય મહારાજને આંગણે આવ્યા હોઇએ, જય મહારાજના શરણે બેઠા હોઇએ, અને આજુબાજુ નજર કરીએ, ઓ હો હો બાપજી પાસે તો આટલું બધું છે? આટલું તેજ છે, આટલી તેજસ્વિતા છે, આટલું તપ છે, ઓહો કેટલી દિવ્યતા છે, એમનાં દર્શન કરવા માટે,

રોજ આવીને દર્શન કરીએ છીએ, પણ કંઇક આવા ભાવથી દર્શન કરજો, તો જય મહારાજના અલૌકિક સ્વરૂપનું દર્શન થશે. એમ ને એમ સવારમાં વહેલા આવી, અને દર્શન કરીને જતા રહ્યા, એમ નહીં, ભાવથી દર્શન કરો, કે જય મહારાજમાં આખી સૃષ્ટિના દર્શન થઇ જાય, સમગ્ર સૃષ્ટિ એમાં આવી જાય, અને આપણને સમગ્ર સૃષ્ટિના દર્શન થાય. આવા જય મહારાજ છે.

**''યત્સંગાતનષ્ટ પાપઃ''**

બસ આ જ મોટો ભંડાર જય મહારાજ છે. સમગ્ર સૃષ્ટિનું ઉત્પત્તિ કારણ જે છે, ત્યાં આગળ બધું જ છે, એનાથી બહાર કશું પણ નથી. એ તત્ત્વ મેળવી લઇશું એટલે બીજા કશાય તત્ત્વને મેળવવાની જરૂર નથી, અને એ કયાં છે?

**''ચૈતન્યં શિષ્યમધ્યે''**

એ જય મહારાજ મારામાં બિરાજેલા છે. જય મહારાજમાં આખું બ્રહ્માંડ, વિશ્વ આખું છે. (રાવણની સાથે યુદ્ધ થયું લંકામાં, ત્યારે કેટલાંય બાણ મારે ભગવાન, માથા કાપી નાખે, હાથ-પગ કાપી નાખે, પણ પાછાં એવા ને એવાં થઇ જાય. આ વાતની સીતાજીને સમાચાર મળ્યા, કે આ કેવી રીતે મરશે? આટલું બધું થાય છે છતાં પણ એ મરતો નથી. તુલસીદાસજી ત્યાં આગળ બહુ સરસ ભાવ મૂકે છે, કે રાવણને ભગવાન એમ ને એમ કયાંથી

મારે ? રાવણના હૃદયમાં સીતાજી બેઠેલાં છે,

**''સીતા મમ ઉર બાસ હૈ''**

સીતાજીના હૃદયમાં મારો વાસ છે, અને મારા હૃદયમાં આખું વિશ્વ બેઠેલું છે, જો રાવણને એમને એમ મારું તો સમગ્ર સૃષ્ટિ નાશ પામશે. એટલે પહેલાં હાથ પગ માથાં કાપી રાવણને વિસ્મૃત કરાવી દીધો, ભૂલાવી દીધો, અને પછી માર્યો,) નહીંતર બધું જ નાશ પામી જાય. તો આપણા જીવનની અંદર પણ જય મહારાજનું સ્મરણ એવું થાય, એટલું થાય, અને જય મહારાજને એટલા વસાવી દઇએ, કે આખું સમસ્ત સૃષ્ટિ, બ્રહ્માંડ જય મહારાજના સ્વરૂપે આપણામાં આવી જાય. પછી આપણને કોઇ હાથ નહીં અડાડે. ભગવાને રાવણને માર્યો હતો, તો કેટલો પરસેવો પડ્યો, કેમ કે રાવણના હૃદયમાં સીતાજી હતા, સીતાજીના હૃદયમાં પોતે હતા, જો રાવણને મારે, તો આખી સૃષ્ટિનો નાશ થઈ જાય, એટલે પહેલાં રાવણને હેરાન કર્યો, દુઃખી કર્યો, રાવણ ગભરાઈને વિસ્મૃત થઇ ગયો, પછી ભગવાને બાણ માર્યું, રાવણને માર્યો. જય મહારાજને આપણામાં વસાવીએ, અને જય મહારાજમાં સકળ સૃષ્ટિ બેઠેલી હોય, બધું જ મળી ગયું આપણને. કશાયની જરૂર ન પડે. વૈભવ બતાવે, કે આ લઇ લે, આ લઇ લે, આખી સૃષ્ટિનો માલિક મને મળી ગયો, પછી બીજી વસ્તુની મારે શું જરૂર છે? એમને સાચવું કે આ બધી વસ્તુઓ સાચવું? કઇ તિજોરીમાં મૂકવું, કોણ લઇ જશે એટલે જ છો પડયું. હોય ત્યાં પડયું રહેવા દો, એનો માલિક તો આપણી અંદર બેઠો છે, એ કયાંય જવા દેવાનો નથી. પણ જો એને પકડી લીધો, તિજોરી બરાબર ખખડાવે, રાત્રે સૂતા પહેલાં બારણાં બારી બરાબર જોઇ લે, અને સૂઇ જાય તો પણ ઊંઘ ન આવે, પણ જય મહારાજના

સ્વરૂપને પોતાનામાં ધારણ કરી,

બસ જય મહારાજની સાથે જ રહીએ, સદાય પ્રાર્થના કરીએ કે બાપજી અમારી જોડે રહેજો અને અમને જોડે રાખજો, અમને સાથે રાખજો અને અમારી સાથે રહેજો.

|| જય મહારાજ ||

## પ્રકરણ–૫૮

# જ્ઞાન સ્વરૂપં નિજબોધ યુક્તં

**'યતસંગાન્નષ્ટ પાપઃ અભીષ્ટદં'**

ઈચ્છિત, મારા હૃદયમાં બિરાજેલા જય મહારાજ, જે પરમ બ્રહ્મતત્ત્વ છે, જય મહારાજ આપણા હૃદયમાં તો બિરાજેલા છે જ, આગળ એક વાત કરે છે

**મે સદાજ્ઞાનમૂલાઃ**

જય મહારાજ તો સદાયને માટે જ્ઞાનનું સ્વરૂપ છે.

**કેવલં જ્ઞાનમૂર્તિઃ**

ગુરૂ મહારાજ સ્વયં જ્ઞાનનું સાક્ષાત સ્વરૂપ છે, જ્ઞાનની જ મૂર્તિ છે. જેમ ગંગા એ માત્ર નદી નથી, ગાય એ માત્ર પશુ નથી, એમ ગુરૂ મહારાજ પણ માત્ર સામાન્ય મનુષ્ય નથી.

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ ગુરુઃસાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ।।**

ખૂબ દ્રઢતાપૂર્વક શ્રદ્ધાથી ગુરુ મહારાજમાં વિશ્વાસ અને ભક્તિ રહે, મારા ગુરુ મહારાજ એ કોઈ સામાન્ય માણસ નથી, એમાં બ્રહ્મતત્ત્વ બેઠેલું છે, એમાં શિવ તત્ત્વ છે, વિષ્ણુ તત્ત્વ છે, અને સ્વયં બ્રહ્માકાર વૃત્તિ ધારણ કરેલા છે.

માત્ર જ્ઞાનનું જ સ્વરૂપ છે જય મહારાજ. જય મહારાજના સાનિધ્યમાં બેસીએ તો જ્ઞાનના સ્પંદનો દરેક જીવને સ્પર્શે, ગીરના જંગલોમાં વિચરતા હોય, ત્યાં બિરાજીએ તો આજુબાજુના પશુ-પક્ષીઓ પણ પોતાના વેરભાવ છોડી એમના સાનિધ્યમાં,

વેર બુદ્ધિ છોડી દે, પાપ વૃત્તિ છૂટી જાય. બધા પશુ-પક્ષીઓ જય મહારાજના સાનિધ્યમાં સાથે બેસી જાય, જેમ ભગવાન સદાશિવના પરિવારમાં નંદી અને સિંહ, મોર અને સાપ, સાપ અને ઉંદર, આ બધાં જ ઘરમાં સાથે બેઠેલાં છે, કેમ કે એ વિભૂતિઓના સાનિધ્યમાં વેર ઝેર જેવું કાંઈ રહે જ નહીં, બધા જ જીવ સમાન છે. એટલે **જય મહારાજનું સ્વરૂપ જ્ઞાનનું સ્વરૂપ છે, અને જ્યાં સમજણ અને જ્ઞાનનું સ્વરૂપ હોય, ત્યાં પાપ ન હોય, અજ્ઞાન ન હોય, અજ્ઞાનનો અંધકાર ન હોય**

**અજ્ઞાનતિમિરાન્ધલ્ય જ્ઞાનાઞ્જનશલાકયા**

**જ્ઞાનનું આંજણ જ્યાં આંખમાં આંજ્યું, ત્યાં એની દ્રષ્ટિ પણ જ્ઞાનમય બની જાય. સત્સંગનું આંજણ જ્યાં મગજમાં આંજયું, ત્યાં બધી જ વૃત્તિઓ શાંત, સદાચારી અને સંયમી બની જાય. એટલે,**

**યત્સંગાન્નષ્ટ પાપઃ**

જેના સાનિધ્ય માત્રથી, જેના શરણ માત્રથી એક પણ ક્લેશ જીવનમાં ક્યાંય બાકી ન રહે, જે હોય તે પણ ખતમ થઈ જાય, અને પાપ થવાની વૃત્તિ મનમાં રહે જ નહીં, કેમ કે જય મહારાજે હવે આપણને સ્વીકારી લીધા છે. આપણે જય મહારાજના છીએ, કોઈ પણ પાપવૃત્તિ કે પાપનો વિચાર આપણાથી થાય જ નહીં, આવી દ્રઢતા કેળવાઈ જાય, અને એક સાહજિકતાથી મનમાંથી દ્રષ્ટિમાંથી, આંખમાંથી બધી જ

પાપવૃત્તિઓ ખસી જાય. ગમે તેવું સામે દ્રશ્ય દેખાય, તો પણ સહેજ પણ વિકૃતિ ન આવે. જય મહારાજનું સાનિધ્ય, ગમે એવા ઊભા હો, ગમે તેવા આવ્યા હોય, એના મનની અંદર જય મહારાજની આભા પડેલી હોય.

**મૈહત્સ્થિતં**

આપણા હૃદયમાં બેઠેલા છે ને, ગમે તેવું વિકૃતિવાળું આવીને ઊભું રહ્યું હોય, તો પણ દ્રષ્ટિમાં સહેજ પણ હલનચલન ન થાય, વિચાર સહેજ પણ ક્ષુભિત ન થાય.

**યત્સંગાન્નષ્ટ પાપઃ**

પાપ બુદ્ધિ સંપૂર્ણ નાશ પામી જાય, એના ભૂતકાળના જે પાપો હોય તે નષ્ટ થઈ જાય, એની જે ભૂતકાળની સ્મૃતિ હોય પાપની, એ પણ નાશ પામે કારણકે સર્વમાં બ્રહ્મસ્વરૂપનાં દર્શન થાય.

જ્ઞાનનો સ્રોત, જ્ઞાનનું મૂળ જ્યાં છે, જ્ઞાનનું વૃક્ષ અંદર પડેલું છે, તો જીવન શુદ્ધ છે, સાત્વિક છે, સંયમી છે, સદાચારી છે, પણ જો મૂળમાં જ્ઞાન ન હોય તો આખું જ જીવનનું વૃક્ષ કાંટાવાળું, કડવું, છાયા વગરનું. આપણા જીવન વૃક્ષને જય મહારાજના સાનિધ્યમાં આપણે શીતળતાવાળું બનાવીએ. જય મહારાજ તો જ્ઞાનનું મૂળ છે.

મારા હૃદયમાં બેઠેલા છે જય મહારાજ, જ્ઞાનની જ સરવાણી, વિચાર અંદરથી આવશે, મારા હૃદયમાંથી, મારા અંતઃકરણમાંથી. મન અને અંતઃકરણ એક જ છે, ત્યાંથી સદ્બુદ્ધિ આવે, સદ્વિચાર આવે, દ્રષ્ટિમાં કોઈ પણ પરિવર્તન ન થાય,

જેમની દ્રષ્ટિમાં સમાનતા હોય, સ્થિરતા હોય, **એ સદ્ગુરુ**

**છે, ગુરુગીતાનો શ્લોક છે. જેની વાણીમાં સૌમ્યતા હોય, સાત્વિકતા હોય, જ્ઞાન હોય, એ સદગુરુ.** જય મહારાજ તો અંદર બિરાજેલા છે,

**મે સદા જ્ઞાન મૂલાઃ**

મારામાં તો હંમેશા જ્ઞાનનું સ્વરૂપ જ છે. મૂળમાંથી સિંચાય ત્યારે વૃક્ષ લીલું રહે. મૂળની અંદર જેવું ખાતર-પાણી આપીએ. એ રીતે વૃક્ષનો વિકાસ થાય, ફળ-ફૂલ મળે. મારા હૃદયની અંદર તો સદા જ્ઞાન મૂળ છે. ગુરુ મહારાજ જય મહારાજ મને સાચી સમજણ આપવાવાળા છે, મારાથી ખોટી સમજણના માર્ગે ક્યારેય પણ દોડાય નહીં.

**મે હૃત્સ્થિતં જ્ઞાનમૂલાઃ**

મારા હૃદયમાં બેસી મને પ્રેરણા આપી રહ્યા છે. જય મહારાજ પ્રેરણામૂર્તિ છે, એમનાં દર્શન કરીએ એમની સમાધિનાં દર્શન કરીએ, એની અંદર એમના જીવનના સાત્વિક સ્પદંનો, સાત્વિક ભાવો, આપણને પ્રેરણા આપશે. આપ પ્રેરણામૂર્તિ છો, આપનામાંથી અમને પ્રેરણા મળે સાધુતાની, આપની સાધુતા પ્રેરણા સ્વરૂપે અમારામાં ખીલે, અને અમે આપના સુધી પહોંચી શકીએ.

રોજ દર્ઈન કરીએ અખંડ જ્યોતશ્રીનાં, પાદુકાશ્રીનાં, ગાદીજીશ્રીનાં, તો આ વસ્તુ કે બાપજી આપનામાં એ જે કાંઈ છે, એ અમને પ્રાપ્ત થાય, આપના જીવનની પ્રેરણાઓ અમને મળે, આપ જ્ઞાનમૂર્તિ છો અને પ્રેરણામૂર્તિ પણ છો. જ્ઞાન મૂર્તિ આપણને એવી રીતે પોષે, એવી રીતે સીંચે, કે આપણે સાત્વિકતા ને સદાચારનું જીવન પ્રાપ્ત કરી શકીએ.

**યત્સંગાત્**

જેના સાહચર્યથી, જેના સંગથી, જેના શરણથી આટલું બધું મળે છે, તો જય મહારાજનું આ સ્વરૂપ છે આપણા સહુના માટે, છતાંય આપણે સહુ અનભિજ્ઞ છીએ એનાથી, અણસમજ છે, જેમ બાપ બહુ મોટો અને સમર્થ હોય, પણ એના નાના નાના છોકરાઓને ખ્યાલ પણ ના આવે, કે મારો બાપ આવડો મોટો છે. રમ્યા કરે એની સાથે. જ્યારે સમજણ આવે ત્યારે ખબર પડે કે મારા બાપ આટલા મોટા છે. આટલી મોટી પાત્રતા છે, આપણે બાળક બુદ્ધિથી રમ્યા કરીએ, દર્શન કરીએ, પણ જય મહારાજના વાસ્તવિક સ્વરૂપનાં દર્શન ન થયાં હોય, જ્યાં સુધી જય મહારાજને ન ઓળખીએ ત્યાં સુધી. જ્યાં સુધી જય મહારાજનું સામર્થ્ય ન જાણીએ ત્યાં સુધી આપણે બધા જાણીએ કે એ સામાન્ય છે. જય મહારાજના શરણમાં અંદર આપણને ધીરે-ધીરે સમજાતું જાય. જય મહારાજના સત્સંગથી સમજાય, આ સ્તુતિના શબ્દો વડે સમજીએ કેવા છે અમારા અવધૂત જય મહારાજ. જે બ્રહ્મ તત્ત્વ છે, એ આટલું બધું ભવ્ય અને શક્તિશાળી છે? અમને તો આજ સુધી ખબર પણ ન હતી. અમે તો રોજ મંદિરમાં જઈએ છીએ પણ સ્વરૂપને ઓળખાય ક્યાંથી? એ સ્વરૂપ અતિ દિવ્ય છે, અતિ સાત્વિક છે. જય મહારાજના એ સ્વરૂપનાં દર્શન કરવા માટે આ સ્તુતિના એક એક શબ્દની સાથે બહુ જ ધીરજપૂર્વક એની જોડે રમવું પડે. એક એક શબ્દને, એક એક જય મહારાજના સંબોધનને આપણે સમજવું પડે. જેમ પત્ર લખતા હોઈએ તો સંબોધન લખતા સહેજ ખચકાઈએ, કે શું લખવું, પૂજ્ય લખવું, પરમ પૂજ્ય લખવું, પરમ આદરણીય લખવું, શું લખાય, બરોબર છે ને? પત્ર લખતાં અટકાવાય છે ને? તો આપણે પણ આપણા જય મહારાજને સમજવા માટે અવઢવમાં રહેવું પડે, કે જય મહારાજને કયું સંબોધન કરવું? પ્રેરણામૂર્તિ કહું કે હે પૂજ્ય પ્રેરણામૂર્તિ કે જ્ઞાનમૂર્તિ કહું, કે

બ્રહ્મતત્ત્વ કહું, શું કહું જય મહારાજને? પરમ આદરણીય, પરમ પૂજ્ય, કેટલું બધું વિચારી વિચારીને આપણે લખી દઈએ, પણ એ અંદરથી જય મહારાજની અનુભૂતિ થયા પછીથી એમ થાય, કે મારે હવે જય મહારાજને કયું સંબોધન કરવું પત્રમાં? આપણે જ્યારે કંકોત્રી લખવાની હોય ત્યારે એવું જ થાય છે. ઉત્સવની કંકોત્રી લખીએ જ્યારે કરમસદથી તો વિચાર કરવો પડે, કે આગળ સંબોધન શું કરવું? બહુ જ વિચાર કરીએ, પછી કંકોત્રી પાછી મૂકી દઈએ કે શું સંબોધન લખવું. આપણા પોતાની અંદરની દ્રષ્ટિ ખૂલે એમાંથી, કે જય મહારાજને એકલા પરમ પૂજ્ય કે પરમ આદરણીય લખી શકાય? એ તો સામાન્યમાં બધા લોકો લખે છે, પણ મારે શું લખવું? શબ્દ ન મળે આપણને, ઘણીવાર ઉત્સવની કંકોત્રી લખવાની હોય કરમસદથી નડિયાદ, ત્યારે એમ થાય કે શું લખવું. અને એ લઈને આવીએ ને મહારાજશ્રીના હાથમાં મૂકીએ એટલે મહારાજશ્રી કહે કે, જાવ પહેલાં ગાદીએ મૂકી આવો, પહેલું આમંત્રણ જય મહારાજને આપી દો, કારણકે લખેલું એ પ્રમાણેનું હોય. આપણે પોતે આપણા જય મહારાજને ઓળખવા પડે, કે કેવા છે, એમને કેવી રીતે આપણે સંબોધન કરીશું, તો સંબોધન એ જ અગત્યનું છે, એ હૃદયના ભાવનું છે.

**મે સદા જ્ઞાનઃમુલા હૃદિગતા**

મારા હૃદયમાં બેઠેલા એ જય મહારાજને સદાય માટે જ્ઞાનનું મૂળ સ્વરૂપ છે. જ્ઞાનનું મૂળ સ્વરૂપ શું? બ્રહ્મતત્ત્વ, બ્રહ્મચેતના, પરબ્રહ્મ યોગીરાજ અવધૂત પરમ પૂજ્ય પણ નહીં, પરમ આદરણીય પણ નહીં, પણ પરમ બ્રહ્મ યોગીરાજ અવધૂત. કંકોત્રી લખવાની થાય ત્યારે આ યાદ રાખજો. પૂજ્ય અને આદરણીય પણ નહીં. જય મહારાજના સ્વરૂપનો આપણા

હૃદયના ભાવો વડે પરિચય થવો જોઈએ, કે મારા જય મહારાજનું સ્વરૂપ આ છે, અને બ્રહ્મચૈતન્ય તો ક્યાં છે?

**અખંડ મંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્**

સમસ્ત બ્રહ્માંડમાં જ્યાં સુધી આકાશની ગતિ છે ત્યાં સુધી? ના.

પરબ્રહ્મ, આ સંબોધન આપણા હૃદયના ભાવોનું છે. જેટલા આપણામાં ઊંચામાં ઊંચા ભાવો ઉઠે ત્યાં સુધી જય મહારાજ આપણને લઈ જશે.

**અખંડ મંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્**

**તત્ પદં દર્શિતંયેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ**

એ જય મહારાજને આપણે ક્યાં લઈ ગયા છે? છેક આકાશની ધાર સુધી, હવે આકાશ કેટલું દૂર છે? મારા જય મહારાજ ક્યાં સુધીના છે?

મે સદા જ્ઞાનમૂલાઃ હૃદિગતા

**મારા હૃદયમાં બેઠેલા છે, પણ એ વ્યાપક બ્રહ્મ છે એટલે બધાયને લઈ મારા હૃદયમાં બેઠેલા છે. વિભીષણે પૂછ્યું કે પ્રભુ, આપ રાવણને કેમ નથી મારતા? સીતાજીએ ત્રિજટાને પૂછ્યું, આશોકવાટિકામાાં બેઠા બેઠા, કે ત્રિજટા, રાવણ કેમ નથી મરતો, એને કેમ નથી મારતા રામ ભગવાન, એટલે ત્રિજટાએ કહ્યું કે મા તમે રાવણના હૃદયમાં બેઠેલા છો, તમારા હૃદયમાં રામ બેઠેલા છે, અને રામના હૃદયમાં આખું બ્રહ્માંડ છે.**

**અખંડ મંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્**

એટલે જો રાવણને રામ ભગવાન મારે તો આખું બ્રહ્માંડ

વિક્ષિપ્ત થઈ જાય, એટલે રાવણને પહેલાં માર મારી, વ્યાકુળ બનાવી, તમને ભૂલાવી દેશે, અને તમે એના હૃદયમાંથી બહાર આવી જશો, પછી રાવણને મારશે, ત્રિજટા જેવી રાક્ષસી સીતાજીને સમજાવે છે.

**તેહિ કે ઉર બસ જાનકી જાનકી ઉર મોહ બાસ હૈ**

રામ ભગવાન જો રાવણને મારે તો બધાએ મરી જવું પડે. આ ભાવ આપણો જય મહારાજના પ્રત્યે હોય, કે મારા જય મહારાજ મારા હૃદયમાં છે, અને મારા જય મહારાજના હૃદયની અંદર સમસ્ત સૃષ્ટિ બેઠેલી છે. જય મહારાજ જ્ઞાનનું સ્વરૂપ છે, અને એ મારા હૃદયમાં બેસી, હંમેશા અને જ્ઞાનની જ પ્રેરણા આપી રહ્યા છે.

**હૃદિગતા મે સદા જ્ઞાનમૂલાઃ**

મારા હૃદયમાં બેઠેલા જય મહારાજ મને જ્ઞાનનું જ રટણ કરાવે છે, મને જ્ઞાનનો જ બોધ આપી રહ્યા છે, આ ભાવ સતત હૃદયમાં બેસે, ત્યારે આ જે સ્તુતિનું સંબોધન છે જય મહારાજ માટેનું, એને આપણે કૃતાર્થ કરીએ, એના વડે આપણે કૃતાર્થ થઈએ અને સાચે જ જય મહારાજના વિરાટ વ્યાપક સ્વરૂપનાં દર્શન થશે. આપણી એટલી ધીરજ એટલી ગહરાઈ, ઊંડાણ આપણી પાસે હોવાં જોઈએ,

**બીગડી જનમ અનેક કી સુધરે અબ હિ આજ**

જન્મોજનમનું બગડેલું હોય ગમે એટલું, તમે સંકલ્પ કરો, દ્રઢ થાવ, તો હમણાં ને હમણાં અત્યારે જ આખું ચિત્, આખું અંતઃકરણ સુધરી જશે.

ક્ષિપ્રં એટલે તે ને તે જ વખતે. ભગવાને ગીતાની અંદર

પણ એ જ વાત કહી છે,

**ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાંતિ નિગચ્છતિ**

એને શાશ્વત શાંતિ પ્રાપ્ત થઈ જાય. પણ એક વખત એમ જ થઈ જાય કે બસ આપ મારામાં બેઠેલા છો અને તરત જ, પછી વાર નહીં.

**દોડીને દરવાજો ખોલે એવો એનો નાતો રે,**

**એક વખત જો મુખેથી બોલે પ્રભુ હું તમારો રે**

હૃદયપૂર્વક બોલી નાખો, કે હું આપનો જ છું, બસ

દોડીને દરવાજો ખોલે

તરત જ એ જાતે આવી દરવાજો ખોલશે, આમ તો નોકરને કહેશે કે જા ચોકીદારને કહે કે દરવાજો ખોલે, તો કેટલી બધી વાર થાય? એ નોકરને કહે, નોકર ચોકીદારને કહેવા જાય પછી ચોકીદાર દરવાજો ખોલવા જાય, પણ ભગવાન સ્વયં,

**સપદિ હૃદિગતા**

હૃદયમાં બેઠેલા હોય, એને બહાર આવતાં કેટલી વાર લાગે, બોલો જોઈએ? કોઈ અપશબ્દો મોઢામાં જ હોય, અને કોઈ વ્યક્તિ આવી અને કંઈક કરી ગયો ખોટું, તો એ અપશબ્દને બહાર આવતાં કેટલી વાર લાગશે? તરત જ, તો આ તો આપણે બ્રહ્મતત્ત્વની સાથે રમીએ છીએ. બ્રહ્મતત્ત્વનું આરાધન કરી રહ્યા છીએ, અને એ બ્રહ્મત્વ સ્વયં આપણા હૃદયમાં બેઠેલું છે, એ સાનિધ્યની અંદર કોઈ પણ પાપની હેસિયત છે કે દ્રષ્ટિમાં કે નજરમાં કે વિચારમાં બેસી શકે?

પાપબુદ્ધિ જ નાશ પામી જાય, પાપદૃષ્ટિ જ નષ્ટ થઈ જાય. ઓફિસમાં બોસ જાતે જ બેઠા હોય, પછી કોઈપણ કર્મચારીની

હેસિયત છે કે આઘાપાછા થાય? એમ જય મહારાજ સ્વયં આપણા હૃદયમાં બેઠેલા હોય.

પાપ બારીમાંથી નજર પણ ન કરી શકે, જય મહારાજ બેઠેલા છે એના હૃદયમાં. જય મહારાજ આપણા હૃદયમાં બેઠેલા હોય તો પાપ ઊભું પણ ન રહી શકે, એને નાસી જવું પડે, ભાગ નહીં તો બોસ આવી ગયા છે.

**યત્સંગાન્નષ્ટપાપઃ**

પાપ મરી જાય, નાશ પામી જાય.

તુરત જ, જેમ લાઈટ કરીએ અને સેકન્ડના ભાગમાં અંધારું નાશ પામે, એમ જય મહારાજનું સ્મરણ આપણા હૃદયમાં, આપણા અંતઃકરણમાં આવે, એની સાથે બધાં જ પાપને, બધી જ દુર્વૃત્તિઓને બહાર ભાગી જવું પડે, ભાગો અહીંથી નહીં તો આવી બન્યું.

**સપદિ હૃદિગતા મે સદાજ્ઞાનમૂલાઃ**

મારા હૃદયમાં બેઠેલા જય મહારાજે, જુઓ કેટલી નજીકમાં આપણને લાવી દીધા? આપણાથી જય મહારાજ સહેજ પણ દૂર નથી, આપણે એમનાંથી જરા પણ આઘા નથી. રોજ પ્રાર્થના કરો કે, **જય મહારાજ સાથે રહેજો અને સાથે રાખજો.** આપણું કલ્યાણ થઈ જશે, આપણી મતિ સુધરી જશે, કારણકે સાથે રહેશે એટલે,

જેમના સંગમાં જેમના શરણમાં, આપણે પાપથી નિર્ભય થઈ જવાનું, કે પાપ મને કશું પણ કરી શકવાનું નથી, અને હવે મારે કોઈ પણ પાપ કરવાં નથી, અને પાપ મારી નજીક આવી શકવાનું નથી.

આવી વૃત્તિ સદૈવ બની રહે, અને વૃત્તિઓ જ્યાં આવી

રીતે શાંત થાય.

**ધૈર્યાદિસદ્‌ગુણયુકતં શુભશાંતવૃત્તિમ્ ।**

સ્તુતિની અંદર જુઓ કે જે એમને શરણે આવ્યો, એની પાપ વૃત્તિઓ નષ્ટ થઈ જાય,

**ઉદ્યત્પ્રતાસહીતં શરણં જનાનામ્ ।**

જય મહારાજના શરણે જનારાની પાપ વૃત્તિઓ એ પ્રમાણે શાંત થઈ જાય. જય મહારાજનું આવું દિવ્ય સ્વરૂપ હોય, જય મહારાજનું આવું ચેતનાત્મક શક્તિશાળી સ્વરૂપ હોય, અને એમના સાનિધ્યમાં, એમના શરણમાં આપણે બેઠા હોઈએ પછી કોઈ પણ પાપની બીક આપણને લાગે ખરી? બસ જય મહારાજના સ્વરૂપને ઓળખીએ આ સ્તુતિના શબ્દો વડે. આ જે સ્તુતિના સંબોધનો છે, એ બધાં જ જય મહારાજનાં સ્વરૂપ છે. જેમ વિષ્ણુસહસ્ત્રમાં એક એક નામને આપણે સંબોધીએ છીએ. એ ભગવાનનું સ્વરૂપ છે, એમ અહીંયાં પણ જે જે સંબોધન છે જય મહારાજનાં, એ જય મહારાજનું સ્વરૂપ છે, અને એ રીતે દર્શન કરતાં, સ્તુતિ કરતાં, નિત્ય પાઠ કરતાં આપણા હૃદયની અંદર પણ જય મહારાજ આવીને બિરાજે.

**હૃદિગતામે સદાજ્ઞાનમૂલાઃ ।**

।। જય મહારાજ ।।

## પ્રકરણ–૫૯

# મે સદાજ્ઞાનમૂલા

**યત્સંગાત્પાપતાપાઃ ।**

પરબ્રહ્મ પરમાત્મા જય મહારાજનું સ્વરૂપ સ્વયં પૂણ્યમય છે.જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર ન રહી શકે, અને જ્યાં પુણ્ય હોય ત્યાં પાપ ન રહી શકે. જેની બુદ્ધિ પુણ્યમય છે, જેની ચેતા પુણ્યમય છે, તે ક્યારે પણ પાપના અંધકાર તરફ જવા દેતી નથી. જય મહારાજની ચરણપાદુકાશ્રી પણ આપણને પુણ્યમય ક્ષેત્રમાં લઈ જાય છે.

**પાપન્ધકારાર્કપરંપરાભ્યાં**

જે પાપનો અંધકાર છે ને, એને માટે તો ગુરુ મહારાજની કૃપા સૂર્ય સમાન છે. પાપના અંધકાર કેવી રીતે ટકી શકે જ્યાં જય મહારાજની કૃપા સૂર્ય સમાન ઝગમગતી હોય.

**પાપન્ધકારાર્કપરંપરાભ્યાં તાપત્રયાહીંદ્ર ખગેશ્વરાભ્યામ્**

એને દૂર કરવાવાળા છે. જ્યાં પાપનું નામોનિશાન ન હોય ત્યાં અંધકાર રહી જ કેવી રીતે શકે, એટલે

**યત્સંગાન્નષ્ટપાપઃ ।**

જ્યાં પાપ ક્ષણવાર પણ ટકી શકતાં નથી. પુણ્યમય બુદ્ધિ હોય ત્યાં પાપ ટકી કેવી રીતે શકે? એણે નાસી જવું પડે, ઉભું રહી

જ ન શકાય. જ્યાં ખૂબ જ બરફ હોય ત્યાં ગરમી ઉભી રહી જ કેવી રીતે શકે? તેણે નાસી જવું પડે. જય મહારાજનો એક એક શબ્દ પાપમાંથી મુક્ત કરાવનારો છે જેમ. સજા ભોગવી અને જેલમાંથી નીકળે તો શું કહેવાય? જેલમાંથી મુક્ત થઈ ગયા, એમ પાપોમાંથી મુક્ત થઈ જવાય. એ શરણ આપણને સહુને પ્રાપ્ત થયું છે, પાપમાંથી નીકળવું ઘણું જ અઘરું છે, છતાં જય મહારાજે આપણને સરળ માર્ગ આપી દીધો, કે શરણે આવો. જય મહારાજના શરણે પહોંચી જઈએ એટલે.

**નષ્ટપાપઃ ।**

પાપના મોટા મોટા પહાડોને પણ ચૂરચૂર કરી નાખવાની શક્તિ છે. જય મહારાજના માત્ર એ શરણથી જ આપણે તરવાના છીએ.

**મે હૃદિગતા ।**

મારા હૃદયમાં બિરાજેલા છે નિષ્પાપ જય મહારાજ. જો મારા હૃદયમાં બિરાજેલા હોય નિષ્પાપ જય મહારાજ, તો મારા હૃદયમાં પાપનો વિચાર ઉદ્ભવી જ કેવી રીતે શકે? પાપ કેવી રીતે થાય?

**મે સદાજ્ઞાનમૂલાઃ ।**

બસ, સાચી સમજણ કે સાચું જ્ઞાન આપણી પાસે છે, જય મહારાજ સતત જાગ્રત રાખે, આપણાથી પાપ કરી શકાય નહીં, આપણાથી પાપ થવું જોઈએ જ નહીં, આપણાથી પાપ થાય જ નહીં.

**યત્સંગાત્**

માત્ર જેમનું શરણ પાપનું નાશ કરાવે છે, તો એ શરણ

આપણાને ક્યાં લઈ જશે અને કઈ ભૂમિકામાં મૂકી દેશે? જય મહારાજનું શરણ આપણને કેવી તાકાત આપે? એક ઉંદરને સિંહની દોસ્તી થઈ જાય, પછી એ ઉંદરનું કોઈ નામ લે? ઉંદર તરત જ કહી દે કે, ખબર છે મારો ભાઈબંધ કોણ છે, એને કહી દઈશ. એટલે સામેવાળાને ભાગી જ જવું પડે, એ ઉંદર આગળ કોઈનું પણ ન ચાલે, એમ આપણે જય મહારાજની સાથે હોઈએ અને પાપ સામે મળે, તો પાપને પણ ભાગી જવું પડે, ઓહો! આવડી મોટી વિભૂતિ, બ્રહ્મત્વ, એમના આશ્રિત છો તમે? મારે તો જતા રહેવું જ પડશે, પાપ આપણી પાસેથી દૂર ભાગી જાય.

**મે સદાજ્ઞાનમૂલાઃ**

બહુ જ સમજવા જેવી વસ્તુ છે. જય મહારાજે આપણને સાત્વિકતા આપી, સંયમ આપ્યો, સદાચાર આપ્યો, જ્ઞાન આપ્યું, સત્સંગ આપ્યો, હવે મારાથી કોઈ પણ પ્રકારનું પાપ સંભવી શકે જ નહીં, પાપ ક્યારેય પણ થાય જ નહીં, ભૂલે ચૂકે પણ ન થાય. રાત્રે જમતા હોઈએ અને જમતાં જમતાં દીવો હોલવાઈ જાય કે લાઈટ જતી રહે, તો એક પણ માણસ બતાવશો કે ભૂલથી અડધો ઈંચ કોળીયો ઉપર જતો રહ્યો? થાય છે? જય મહારાજનું શરણ છે, જય મહારાજે જે જ્ઞાન આપ્યું છે, જય મહારાજે અભ્યાસ કરાવ્યો છે, કે ક્યારેય પણ અડધો ઈંચ કોળિયો આઘોપાછો થાય નહીં, નાકમાં ચડે નહીં.

**મે સદાજ્ઞાનમૂલાઃ ।**

એટલું તો ચોક્કસ ખબર છે, કે ગમે તેટલું અંધારું હોય પણ કોળિયો મોંમાં જ જવાનો, એમ જય મહારાજના સત્સંગનો પ્રકાશ, સમજણનું અજવાળું, આપણને ક્યારેય પણ એવી ભૂલ નહીં થવાદે. ઊંઘમાં તો શું, સ્વપ્નમાં પણ ભૂલ ન થવા દે. સ્વપ્ન

આવ્યું હોય તો પણ કોળિયો તો મોઢામાં જ જાય. સ્વપ્નમાં પણ ભૂલેચૂકે નાકમાં ન મૂકી દેવાય. એમ જય મહારાજનું શરણું આપણા માટે એક નિર્ભયતા છે, ક્યાંય પણ બીવાની જરૂર નથી. ગમે તેવી પરિસ્થિતિ હોય પાપ એને સ્પર્શી ન શકે, અજ્ઞાનનું અંધારું એની નજીક આવી જ ન શકે.

**મે સદાજ્ઞાનમૂલાઃ ।**

અજ્ઞાનનું અંધારું મને અડધી રાતે પણ ન સ્પર્શી શકે, સમજણનું અજવાળું મને પાપ ન કરવા દે, કેમકે જય મહારાજનો જ્ઞાનનો પ્રકાશ છે.

**સમજણ આપી સમજાવ્યા રે,**

**સમજણને અજવાળે ગળ્યા**

બસ હવે તો સમજણના અજવાળાની અંદર એકરૂપ થઈ ગયા છીએ. **અણસમજ અને અજ્ઞાન, એનું નામ અંધારું છે.** અણસમજના અંધારે માણસ ભટક્યા કરવાનો, રઝળ્યા કરવાનો, ઠોકરો ખાધા કરવાનો, પણ જય મહારાજનો સંગ તો **જ્ઞાનમુલા** છે, જેમનો સંગ, જેમની સોબત, આપણા માટે માત્ર પ્રકાશ જ પ્રકાશ. અંધારું હોય તો બીવું પડે ને? અંધારું હોય તો ઠોકર ખાય કે ખાડામાં પડે, પણ જ્ઞાનનું મૂળ, જ્ઞાનનો સોત્ર જ્યાંથી શરૂ થાય છે એ જ સંગ, સોબત, શરણ મને મળ્યું છે, પછી અંધારું ક્યાંથી આવવાનું હતું? જ્ઞાનનું મૂળ જ્યાંથી છે, જ્ઞાન જ્યાંથી ઉદ્‌ભવે છે, એ શરણ મને પ્રાપ્ત થઈ ગયું, પછી બીવાનું કોનાથી? અંધારું નજીક આવી જ કેવી રીતે શકે? જ્ઞાનના મૂળ શ્રોત્રના પ્રવાહમાં જ જઈને બેસી ગયા હોઈએ, નદીના કિનારે જ બેસી ગયા હોઈએ. પાણી હજારો વર્ષોથી વહેતું હોય, પછી ક્યાં તરસ્યા રહેવાના હતા? જય મહારાજનું સ્વરૂપ આવું અખંડ અદ્વૈત છે, અને સ્વયં

પરમ્ બ્રહ્મ તત્ત્વ છે, ત્યાં શી ખોટ છે કે કંઈ કમી છે? જેટલું જોઈએ એટલું મળે છે. જેમના શરણથી મારા હૃદયમાં અજવાળું થયું.

**અજ્ઞાન અંધારું ગયું ગુરુગમે અજવાળું થું, સાચું સુખસાગરે કહ્યું**

અજ્ઞાનનો અંધકાર જાય, એટલે સ્વાભાવિક છે કે પ્રકાશ થાય, જય મહારાજે પોતાના શ્રીમુખે આ વાત કહી છે.

**સાચું સુખ સાગરે કહ્યું**

આ જ આપણા માટે તો એક જબરજસ્ત શક્તિ કહેવાય, મનોબળ આત્મબળ જેને કહેવાય, કે હવે પાપની સંભાવના જીવનમાં રહે જ નહીં, પણ એટલા જાગ્રત રહેવું પડે. જીવનમાં પાપની સંભાવના ક્યારેય પણ ન રહે.

**મે સદાજ્ઞાનમૂલાઃ યત્સંગાત્પાપઃ ।**

મને હંમેશને માટે શરણ મળી ગયું. જ્ઞાનનું, પ્રકાશનું, સદ્કાર્યોનું, અમારે ત્યાં ચોવીસે કલાક લાઈટ રહે છે, હંમેશા જ્ઞાનનો પ્રકાશ પ્રકાશિત જ રહે છે. બીજે બધે ભલે અંધારું થવાનું હોય તો થાય, અમારા જય મહારાજનું થર્મલ પાવર સ્ટેશન એટલું બધું જબરજસ્ત છે કે કોઈના પણ હૃદયમાં ક્યારે પણ સહેજ પણ અંધકાર થવા દે નહીં. જય મહારાજ તો સ્વયં પ્રકાશ છે અને સ્વયં પ્રકાશ સમસ્તને પ્રકાશિત કરી રહ્યા છે. એમાં જો આપણે સ્વીચ બંધ કરીને બેઠા હોઈએ તો વાંક આપણો. આદત એવી પાડવી કે સ્વીચ બંધ કરવી જ નહીં, સદાય અજવાળું જ રહે, સમજણનું અજવાળું, જય મહારાજ આપણા સહુના માટે તો ભગવાન છે.

**ગરીબ લોકો કહે છે ભગવંત છે જો।**

આપણે તો એમના શરણાર્થી છીએ, અમારા તો સાક્ષાત્

પરબ્રહ્મ પરમાત્મા ભગવાન છે જય મહારાજ.

**દર્શન કરવાવાળાને રૂડી મત દેજો ।**

બહુ જ સરસ ગાયું છે આપણને આટલો મોટો જબરજસ્ત શક્તિશાળી આશ્રય મળ્યા પછીથી ક્યારેય પણ, ક્યાંય પણ બીક રાખવાની સહેજ પણ જરૂર નથી। સભાન રહેવું પડે, જાગ્રત રહેવું પડે કે મારાથી દુરાચાર ન થાય, મારાથી પાપ ન થાય, હું જય મહારાજનો છું, હું જય મહારાજનો આશ્રિત છું, જ્યાં પાપ નષ્ટ થઈ ગયું અને મારા હૃદયમાં બેઠેલા જ્ઞાનસ્વરૂપનું મૂળ મને પ્રાપ્ત થઈ ગયું,

જય મહારાજ માત્ર જ્ઞાનનું જ સ્વરૂપ છે. જ્ઞાનનો જ વિગ્રહ છે જય મહારાજ,

**મે સદાજ્ઞાનમૂલાઃ ।**

એટલા માટે તો એક મોટી જબરજસ્ત ઊર્જા મને પ્રાપ્ત થઈ છે. જય મહારાજ સ્વયં પ્રકાશ છે, જય મહારાજ સ્વયં પ્રકાશ પરબ્રહ્મ છે, અને એ સહુને ઊર્જા આપે છે, સહુને પ્રકાશ આપે છે, સહુને શક્તિ આપે છે, જેમ વીજળીનો કરંટ અનેક કારખાનાઓને, પંખાઓને, લાઈટોને, કૂલરોને, કેટલા બધા પ્રસાધનો છે, એ બધાને ઊર્જા આપે છે, અને એનાથી બધા જ ચાલે છે, એમ જય મહારાજ સ્વયં પ્રકાશ છે, એ પોતે જ ઉર્જા સ્વરૂપ છે, એ બધાને જાગતા રાખે છે, બધાને જ્ઞાનમય રાખે છે, કોઈને પણ પાપ કરવા દે જ નહીં, પાપ ન થવા દે, એટલે

**પરબ્રહ્મમાં ભેળા ભર્યા, પહોંચ્યા તે પાછા ન વળ્યા, સમજણને અજવાળે ગળ્યા**

ઓગળી ગયા, અંદર લીન થઈ ગયા. દૂધ ભરેલું હોય

એમાં સાકરનો ગાંગડો દોરી બાંધી લટકાવી દો. પછી સાંજે દોરો કાઢજો બહાર, સાકર બાંધેલી નીકળશે અંદરથી? બસ, એ દૂધની અંદર સાકરનો ગાંગડો ઓગળી ગયો. એમ **જય મહારાજની સમજણના પ્રકાશમાં આપણે પણ ઓગળી ગયા.**

જેમ પાકું પપૈયું હોય એને કહેવાય કે આતો ગળી ગયેલું છે, ઓગળી જવું.

**સમજણને અજવાળે ગળ્યા, પહોંચ્યા તે પાછા નવ વળ્યા**

હવે આ સંસારમાં ક્યાં પાછું ભટકવા જવું? જય મહારાજના દ્વારે, જય મહારાજના શરણમાં પ્રવેશી ચૂક્યા છીએ, હવે પાછું બહાર ક્યાં નીકળવાનું? ગીતામાં ભગવાને કહ્યું છે.

**ત્રિવિધં નરકસ્યેદં દ્વારમ્ ।**

આ ત્રણ નરકનાં દ્વાર છે.

**કામઃક્રોધસ્તથા લોભ ।**

એમાં પેઠેલા પછી પાછા નથી નીકળતા. ક્રોધ, લોભ, વાસનાઓમાં જે પણ કોઈ પેઠો એ પાછો ન નીકળી શકે, એમાંથી નીકળવું ઘણું જ મુશ્કેલ છે, પણ જય મહારાજના શરણના દરવાજામાં જો પ્રવેશ મળી ગયો, એટલે અજવાળું. પાપનું અંધારું આપણા જીવનને સહેજ પણ સ્પર્શ કરી શકે નહીં. જો શરણની અંદર દ્રઢતા હોય, શરણમાં નિષ્ઠા હોય, ચરણની અંદર સાચી ભક્તિ હશે, તો જીવનમાં અણસમજનું અંધારું ક્યારેય પણ નહીં થવા દે. એટલે જીવનમાં કશું પણ ખોટું ન થાય. કશું પણ ખોટું કરવાની ઈચ્છા હોય તો પણ ન થાય, કેમ કે સત્સંગના અજવાળામાં છીએ, **બધાં જ પાપ અંધારામાં થતા હોય છે, પાપનો રંગ પણ કાળો અને અંધારાનો રંગ પણ કાળો,** જય મહારાજનું શરણ

આપણને એનાથી બિલકુલ અલગ રાખે છે, એનાથી દૂર રાખે છે. આપણે પ્રસન્ન છીએ, સુખી છીએ, કે જય મહારાજની શરણાગતિ આપણને સહુને માટે એક મોટું ઘર, મોટામાં મોટો આશ્રય છે ભલે ગમે ત્યાં રહેતા હોઈએ, પણ આશ્રય તો જય મહારાજનો છે. **બાપજી આપ જ મારો આશ્રય છો, કૃપા કરજો અને સદાય કૃપા દ્રષ્ટિ રાખજો, સદાય અમને આપની પાસે રાખજો અને આપ અમારી પાસે રહેજો, એ જ પ્રાર્થના તારી દેશે, અને આ પ્રાર્થના વડે આપણે જય મહારાજથી ક્યારેય પણ વિખૂટા પડીએ નહીં, સાથે રાખજો અને સાથે રહેજો, જય મહારાજથી વિખુટા પડી, દૂર જઈએ તો પાપ થાય ને? પણ જય મહારાજનો સંગ છે, જય મહારાજનું શરણ છે.**

**યત્સંગાત્**

હવે ક્યાં જવાનું રહ્યું? કોને ભજવાના રહ્યાં? ક્યાંય જવાની જરૂર નથી, માત્ર એક જ શરણું, અને એ આપણને તારશે. તરવાનું તો આપોઆપ જ છે, એને કોઈ નહીં ડૂબાડે. કદાચ કોઈ પથરો બાંધે ને, તો પણ એ નહીં ડૂબી શકે. પાપનો પથરો બંધાય જ નહીં. પાપ પથ્થર જેવો છે, એ ડૂબાડે જ છે. આપણે તો એ પાપના પથ્થરથી દૂર છીએ, ક્યારેય પણ પાપના પથ્થર ગળે બાંધવા નહીં.

**યત્સંગાત્પાપઃ ।**

બધાં જ પાપના બંધનો, પાપનાં બધાં જ વજનો ફેંકી દેવાનાં, પછી ડૂબવાનો પ્રશ્ન ક્યાં રહ્યો? પાપના પથ્થરો ડૂબી જાય, પણ જય મહારાજનો આશ્રિત ક્યારેય પણ ડૂબી ન શકે.

**તેષામહં સમુધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।**

ભગવાન કહે છે ગીતામાં, જય મહારાજ કહે છે, કે હું એનો તરત જ ઉદ્ધાર કરી લઉં છું.

**મૃત્યુસંસારસાગરાત્ ।**

એને ડૂબવા નહીં દઉં,

**ભવામિ નચિરાત્પાર્થ**

સહેજ પણ વાર લગાડ્યા વગર, **તનીક ભી દેરી લગાયે બિના મેં ઉસકો ઉઠા લેતા હું, ક્યું કી વો મેરા હૈ,** જે પણ કોઈ ભગવાનને શરણે ગયો છે, ભગવાને એનો ઉદ્ધાર કર્યો છે, એને ક્યારેય પણ ડૂબવા દીધો નથી. ડૂબવું એ તો પથ્થરનું કામ છે, જય મહારાજનુ શરણું મળ્યું એટલે પછી આપણે પથ્થર જેવા જડ ન રહીએ. જય મહારાજે તો

**નષ્ટપાપઃ ।**

આપણાં બધાં જ પાપ નાશ કરી આપણને એકદમ હલકા બનાવી દીધા છે. બિલકુલ હલકા ફૂલ બનાવી દીધા છે. જ્યાં સુધી પાપ હોય ત્યાં સુધી જીવનમાં ભારેપણું લાગે, પણ પાપ દૂર થાય એટલે જીવન બિલકુલ હળવું લાગે, હાશ કેવી શાંતિ છે, કેવો આનંદ છે. પાપ જ દુઃખનું કારણ છે. જેટલાં પાપ કરીશું એટલા એટલાં દુઃખી થઈશું અને જેટલા સમજણપૂર્વક જીવતાં શીખીશું એટલા પાપથી બચીશું. એકદમ હલકા બની જઈશું, પછીથી કોઈ પણ નહીં ડૂબાડી શકે.

**નડે નહિ કોઈ મને સંસાર, રહું નિજ નામ તણે આધાર**

**બસ સદાય સાથે રાખજો, અને સદાય સાથે રહેજો.**

કેટલી સરસ વાત છે. જેમના શરણથી, જેમના સાથથી

જીવનનું કેટલું મોટું કાર્ય થઈ જાય છે, જન્મોજન્મના ફેરા જે નથી છૂટી શકતા, જય મહારાજના શરણથી છૂટી જાય, લખચોરાસીનો ફેરો જય મહારાજના શરણથી છૂટી જાય, બસ આટલું જ, **છોડાવનાર છે બાપ, છોડાવે છે આપણાં પાપ. અને સાચી સમજણ વિના પાપ છૂટતું નથી.** એકવાર સાચી સમજણ આવે, કે આ પાપ છે, આ દુરાચાર છે, આ ખોટું છે, પછી એ સામે આવીને ઊભું હશે તો પણ એ કરવાની આપણી તૈયારી નહીં હોય, સામે પ્રત્યક્ષ ઊભું હોય પાપ છતાં પણ એ પાપને સ્પર્શ કરવાની સહેજ પણ ઈચ્છા ન થાય, ત્યારે સમજી લેવાનું કે જય મહારાજની ગુરુ મહારાજની કૃપા થઈ રહી છે.

**મે સદાજ્ઞાન મૂલાઃ યત્સંગાત્‌પાપઃ ।**

મેં સદાને માટે જ્ઞાનનું મૂળ એવા જય મહારાજને પ્રાપ્ત કરી લીધા છે, એનાથી મારાં સર્વ પાપ નાશ પામ્યાં. જય મહારાજના સ્વરૂપને સમજીશું, તો જય મહારાજના એ સ્વરૂપનાં દર્શન આપણને થશે. જય મહારાજનું સ્વરૂપ આપણા અંતઃકરણમાં ઉતરશે, એની અનુભૂતિ થશે, એનો સાક્ષાત્કાર થશે. જે જે સદ્‌ગુણો, જે જે સદાચાર આપણામાં આવે, તે બધા જય મહારાજનો આવિર્ભાવ છે, અને **જેટલાં પાપ થશે એટલા જય મહારાજથી દૂર ફેંકાઈ જઈશું, સમજણપૂર્વક જાણીબૂજીને પાપ ન થવા દેવું. માણસના જીવનમાં પુણ્ય છે તે અજાણ થઈ જતું હોય છે, પણ પાપ તો સમજી બુઝીને, સાવધાન થઈને, તૈયારી પૂર્વક થતું હોય છે. પાપ થતું હોય ત્યારે જય મહારાજનો સંગ આપણાથી ઘણો છેટો હોય છે, એટલે આપણને સાચી સમજણનું સ્વરૂપ, જય મહારાજનું શરણ મળેલું છે એનાથી આપણે પાર ઊતરીશું.**

## પ્રકરણ-૯૦

# સદ્‌ગુણોના ભંડારી

**યત્‌સંગાત્‌પાપતાપાઃ સપદિ હૃદિગતા મે સદાજ્ઞાનમૂલાઃ ।**

મારાં પાપને નષ્ટ કરનારા જ્ઞાનનું મૂળ આપ છો. જે જીવનની અંદર અનર્થકારી છે, એવા પાપને આપ દૂર કરવાવાળા છો. આ જીવને દુર્ગતિ અપાવનારા પાપમાંથી મુક્તિ અપાવનારા પરબ્રહ્મ પરમતત્ત્વ એવા જય મહારાજ આપણા સૌને માટે દિવ્યતાની અનુભૂતિ આપવાવાળા છે. જે દિવ્યતા અવધૂતની, પરમ બ્રહ્મતત્ત્વ સ્વરૂપ સંતરામ મહારાજની છે, એ દિવ્યતાનું દર્શન આપણને કરાવવા માટે આ સ્તુતિ છે. આ સ્તુતિનો સત્સંગ છે એમાંથી જ આપણે જય મહારાજના સાક્ષાત્કારની અનુભૂતિ કરવાની છે. **જય મહારાજ સ્વયં અનેક ગુણોના ભંડાર છે, અને જેટલા જેટલા એમના ગુણ છે એટલાં એટલાં નામ છે. જે સદગુણો વડે નામ પડયું, એ નામ વડે એ સદ્‌ગુણની ઉપાસના થાય તો પણ સદ્‌ગતિ થઈ જાય.** જય મહારાજનું સદ્‌ગુણનું સ્વરૂપ, જય મહારાજના સદ્‌ગુણના નામ, એ આપણા સહુના માટે મુક્તિ અપાવનાર છે. જય મહારાજના શરણમાં નિષ્ઠા એ જ આપણને જીવનમાં સાચો માર્ગ બતાવશે, અને એ જ આપણું સાચું શરણું છે.

**યત્‌ સંગાત્‌ નષ્ટઃ પાપઃ ।**

એ સાચું શરણું જ આપણને પાપમાંથી મુક્ત કરાવશે, પાપમાંથી મુક્તિ અપાવશે. સદ્‌ગુરુ પાપ છોડાવે છે. આવી મુક્તિ અપાવનાર એવા જય મહારાજ મારા હૃદયમાં બેઠેલા છે.

તે જ્ઞાન સ્વરૂપે બેઠેલા છે. સાચી સમજણ સ્વરૂપે બેઠેલા છે.

**યત્સંગાત્પાપતાપાઃ સપદિ હૃદિગતા મે સદાજ્ઞાનમૂલાઃ ।**

**સમજણવાળું જીવન જીવવા માટે જ્ઞાન આપવાવાળા જય મહારાજ મારા હૃદયમાં બેઠેલા છે ।**

સમજણપૂર્વકનું જીવન જીવવા માટે માર્ગદર્શન આપવાવાળા જય મહારાજ મારા હૃદયમાં બેઠેલા છે.

**મે હૃદિગતા ।**

જો જય મહારાજની સ્તુતિમાંથી આપણને આટલું બધું જડતું હોય, આટલું બધું મળતું હોય તો શા માટે આપણે એને ના લઈએ? આવી સમર્થ, દિવ્ય વિભૂતિ આપણા જીવનના આંગણે પધારી હોય, કૃતકૃત્ય તો આપણે છીએ, પુણ્યશાળી આપણે છીએ. આવા નિષ્ઠાવાળા, નિષ્કામ જય મહારાજ આપણને પ્રાપ્ત થયા છે.

**જેણે સહેજ પરમાર્થ પાઘ પહેર્યો**

પરમ અર્થ માટે જેમણે પોતાના મસ્તક ઉપર જટાનો મુગટ પહેર્યો છે, સહુને માટે, સર્વને માટે આવા અત્યંત અદ્વિતીય જય મહારાજ આપણને સાંપડયા હોય, તો આપણે પણ એમનો જેટલો સંગ, શરણ, સત્સંગ લેવાય એટલો લઈ જ લેવો, આપણે તે લઈ રહ્યા છીએ. પાપમાંથી મુક્તિ અપાવનાર, પુણ્યની ગતિએ લઈ જનાર, પુણ્યના પંથે ચઢાવનાર જય મહારાજ આપણા સહુના

આદરણીય છે. એને કારણે સદાયને માટે હૃદયમાં બેઠેલા છે. ક્યારેય પણ એમ ન સમજશો કે જય મહારાજ મારાથી આઘા છે, દૂર છે, મને એ ક્યાં મળશે? સ્વાભાવિક છે કે આપણે પ્રાર્થના કરીએ કે મહારાજ વહારે ધાજો, કૃપા કરજો, જય મહારાજને આવવા જવાનું છે જ નહીં,

સદાયને માટે મારા હૃદયમાં જ આપ બિરાજમાન છો, મારે બીજે ક્યાં બહાર શોધવા જવું? આપ મારી સાથે જ છો અને અમે આપની સાથે જ બેઠેલા છીએ.

આટલી દૃઢતા આપણામાં હોવી જોઈએ. ભક્તિથી, નિષ્ઠાથી, વિશ્વાસથી, જય મહારાજ મારા હૃદયમાં જ બેઠેલા છે. ક્યાંય દૂર નથી, ક્યાંય આઘા નથી, ક્યાં મળશે તે વિચારવાની વાત જ નથી. જય મહારાજ છે જ મારા હૃદયમાં, યાદ કરો, તરતજ પ્રેરણાથી, હૃદયની પ્રેરણા આવે, જય મહારાજ હૃદયમાં જ બેઠા હોય, તે પ્રેરણા હૃદયમાંથી જ આવવાની છે.

ક્યારે પણ જય મહારાજથી આપણે જુદા થઈ શકવાના નથી. જીવનમાં છેલ્લા શ્વાસ સુધી શું યાદ રાખવાનું છે? કે જય મહારાજથી અમે સહેજ પણ જુદા નથી, બધું જ આવી ગયું, એક નિષ્ઠા, એક વિશ્વાસ, એક શ્રધ્ધા, અમારી સાથે જ છે, અમારી પાસે જ છે. જ્યારે પણ મનમાં વાસનાઓ અને વૃત્તિઓ તોફાન કરતી હોય, ત્યારે પણ જય મહારાજ તો આપણામાં બેઠેલા છે જ, જાગ્રત થઈ જાવ, જે ગાફેલતા છે તેને કચરાની માફક ભેગી કરી ફેંકી દો, તરત જ જય મહારાજ હાજર થઈ જશે, એ પાપમાંથી બચાવી લેશે, કેમકે આપણે સદાયને માટે એમનું શરણ લીધું છે. જ્યારે પણ પાપની વૃત્તિ થાય ત્યારે જય મહારાજને પોકારજો, આપ વહેલા આવજો મહારાજ, અમને બચાવી લેજો.

**હું કરણીનો તો છું કાચો**

**કોટિ છે પણ એકે ઘરશોના હૈએ**

કરોડો મારા અપરાધ હશે, પાપ હશે, ભૂલો હશે, પણ આપ તો આવજો જ, જ્યાં હોય ત્યાંથી આવજો, મારા હૃદયમાં પ્રગટ થાવ, આટલી જો શ્રદ્ધા, નિષ્ઠા, સંપૂર્ણ વિશ્વાસ અને સંપૂર્ણ શરણાગતિ હશે, તો જય મહારાજ અંદરથી જ બોલશે, દીકરા આમ નહીં આ પ્રમાણે કરજે.

**હૃદિગતા મે જ્ઞાનમૂલઃ**

સાચી સમજણ આપવાવાળા મારા હૃદયમાંથી જ મને પ્રેરણા આપી રહ્યા છો, શું બાકી રહ્યું પછી? ક્યાં આપણે વિચારી રહ્યા? ક્યાં કોઈની પાસે માગવાનું રહ્યું? સમર્થ જય મહારાજ આપણી પાસે જ બેઠેલા છે, આપણે એમનું જ પાકીટ ખોલવાનું, લાવો બાપા મને આપો રૂપિયા સદ્‌વિચારના, સંયમના, સદાચારના, આપના ખિસ્સામાં તો બહુ જ પડ્યા છે, અઢળક પડ્યા છે, આપો બાપજી અમારે જોઈએ છે, માંગી લો બાપજી પાસે.

આ સાચી સમજણ આપણામાં હશે, સમજણને સદાય જો સાથે રાખીશું, તો તે આપણને સદાય જાગ્રત રાખશે. અડધી રાતે સ્વપ્નમાં પણ પાપ નહીં થવા દે, સ્વપ્નમાં તો ગમે તે થઈ જાય, એ આપણા હાથમાં નથી, પણ સ્વપ્નમાં પણ પાપ નહીં થવા દે.

**યત્સંગાત્નષ્ટ પાપઃ**

કારણ કે ઊંઘમાં પણ બેઠેલા તો છે જ.

**હૃદિગતા મે**

મારા હૃદયમાં બેઠેલા છો ને, ક્યાં છો દૂર?

**રૂદિયામાં આવ્યા છો દૂર ક્યાં જાશો,**

**દૂર જઈને ગુરુજી આઘા ક્યાં જાશો**

સુરદાસજી પણ એમ બોલે, કે **હાથ છૂડાવત જાત હો, લેકિન હૃદયસે નિકર કર જાઓ તબ જાનું,**

સુરદાસજીએ બાંધી લીધા, કે પોતાના હૃદયમાં જ બેઠેલા છે.

હંમેશા હૃદય, અંતઃકરણ નિર્મળ હશે, પાપ વિહીન હશે, ગમે ત્યાં હોઈશું, ગમે તે સ્થિતિમાં હોઈશું, જય મહારાજ આપણને બચાવી લેશે. કોઈપણ પરિસ્થિતિમાં પણ અંતઃકરણની શુદ્ધિ એ પહેલી હોવી જોઈએ.

જે શરણું આપણને મળ્યું છે, જે જય મહારાજ આપણને પ્રાપ્ત થયા છે, એ સ્વયં આવા જ્ઞાનભાવથી, આપણા હૃદયમાં બેસીને આપણને જ પ્રેરણા આપે, અંદરથી આપણને પ્રેરણા જ આપ્યા કરે, જેટલું જોઈએ એટલું લઈ જાવ, સાત્વિકતા કેટલી જોઈએ છે ? સદાચાર કેટલો જોઈએ છે ? સંયમ કેટલો જોઈએ છે ? જોઈએ એટલો લઈ જાવ, જય મહારાજ પાસે તો અઢળક ભંડાર ભરેલા પડ્યા છે, બધું જ આપશે, જય મહારાજ સંયમ આપશે, શાંતિ આપશે, સદાચાર આપશે, પણ સંપત્તિ નહીં આપે.

નરસિંહ મહેતાની સંપત્તિ બધી લઈ લીધી એક એક કરીને, અને શું કહ્યું આખરે ?

**ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રીગોપાળ ।**

ભગવદ્ માર્ગે એકલા હોઈએ તો જ મજા આવે. ચાણક્ય પણ કહી દે, કે **ભગવાન ભજનમાં તો એકાંત અને એકલતા જ સારાં, અભ્યાસ કરવો હોય તો બે સારા, ઘર કામ કરવું હોય તો ત્રણ સારા,**

**ખેતી કરવી હોય તો ચાર સારા, સાથે મળીને ખેતી કરો અને જો યુદ્ધ લડવું હોય તો અનેકની જરૂર પડે,** પણ સાધન ભજનમાં તો એકલા જ. જય મહારાજનું સ્વરૂપ આપણા હૃદયમાં બેઠેલું છે, અને આપણે એકલા જ યાદ કરીશું. જય મહારાજને યાદ કરીશું તો એ આપણી સાથે જ છે. એ ધ્યાનમાંથી, સ્મરણમાંથી જ આપણને પ્રાપ્ત થશે. આવી સમજણની ભૂમિકા છે પદોમાં.

**સમજ્યાથી સમજણ છે અલગી**
**સમજણને પાર સમજણ વળગી,**
**સમજણમાંથી સમજણ સળગી**

ભારે શબ્દ જય મહારાજ નથી વાપરતા. બધા જ સંતોએ પણ લખ્યું છે, કે બાપજી સમજણ આપજો, આપની આપેલી સમજણના અજવાળે અમે અમારાં અંધારાં દૂર કરી નાખીશું. અમારે બહુ મોટા વિદ્વાન જ્ઞાની નથી થવું, બસ સાચી સમજણ આપજો કે આપની સેવા કરીએ, અને સદાય હૃદયમાં બેઠેલા હશો, તો આપની પ્રેરણા મળ્યા કરશે. આપ તો સાચી સમજણ, પ્રેરણાનું મૂર્ત સ્વરૂપ છો, અને એ આપની સાધુતા અમારામાં પ્રેરણારૂપે આવે, આપની પ્રેરણા વડે અમારી સાધુતા દીપે, અમે અમારા જીવનનો ભાગ સારી રીતે પૂરો કરી શકીએ, અને સમજણ એ જ જ્ઞાન.

સાચી સમજણ જ આપણા જીવનને સાચું સુખ અને શાંતિ આપશે. વૈભવ, સંપત્તિ, સત્તા, એ સાચું સુખ કે સાચી શાંતિ ક્યારેય પણ નહીં આપે, ઉપરથી ઉપાધિઓ લાવી આપશે, અશાંતિ ઊભી કરી મૂકશે. જેટલો પૈસો હશે, જેટલી સંપત્તિ જેટલી સત્તા હશે, પણ જય મહારાજ આપશે તો સાચું સુખ આપશે, સાચી શાંતિ આપશે, સાચી સમજણ આપશે, એ જે

આપણા જીવનની અંદર, એના મૂળમાં એ જ્ઞાનરૂપ છે ને, જો પાયો જ મજબૂત હોય તો જીવનની ઈમારત મજબૂત બનશે, સશક્ત બનેલી હશે.

સાચી સમજણ નહીં હોય ને, તો જીવનની ઈમારત ડોલ્યા જ કરશે, ડોલ્યા જ કરશે, દુઃખી દુઃખી કરી મૂકશે, અશાંત કરી મૂકશે, એટલે હંમેશાં જીવનનો પાયો મજબૂત કરવા માટે સત્સંગ અને જય મહારાજનું ધ્યાન,

**મે સદાજ્ઞાનમૂલા નષ્ટપાપઃ**

પાપને દુર કરવાવાળા છો આપ,

**યત્સંગાત્નષ્ટ પાપઃ**

જો પાપ દૂર થયું જીવનમાંથી, તો માણસ તરી જશે, પણ જો પાપનાં પોટલાં સાથે હશે તો એ ડૂબાડશે. અંદર ઉતરતાંની સાથે જ એ ડૂબાડી દેશે. હળવાશભર્યું જીવન, નિશ્ચિત જીવન, શાંત અને સુખી જીવન જય મહારાજના શરણની અંદર, એમણે જે કંઈ પણ સમજણ આપી હોય, એ સમજણને હૃદયમાં સ્થાપીને જીવન જીવો, તો એ જીવનમાં આનંદ આવશે, ભલે એકલા બેઠા હશો તો પણ આનંદ આવશે, કારણ? કે હું એકલો નથી જય મહારાજ મારી સાથે છે. ઘોર જંગલની અંદર પણ બીક નહીં લાગે, કેમકે જય મહારાજ મારી જોડે છે. એકદમ અંધારી રાતે સ્મશાનમાં બેઠા હશોને તો પણ કોઈ ચિંતા ફિકર નહીં હોય, કારણકે જય મહારાજ મારી સાથે છે.

જેમનું શરણું મને મળ્યું, જે જીવનના દરેક શ્વાસ, મારા હૃદયમાં છે, મારી રક્ષા કરવાવાળા છે, મને શું થવાનું છે? આવી નિષ્ઠા શ્રદ્ધા જરૂર માણસને, આપણને ખૂબ જ હિંમત આપશે, પણ એ શ્રદ્ધા આપણામાં દ્રઢ કરવી એ આપણું કામ છે. આપણી

શ્રદ્ધા આપણામાં દ્રઢ કરવી એ આપણું કામ છે, બીજું બધું સંભાળી લેવાનું કામ જય મહારાજનું છે, આપણે કશું પણ કરવાનું નથી. એક શાંતાનંદજી કરીને સંત હતા, અહીંયા નિવાસ કર્યો હતો, તો એમના જીવનની બનેલી એક ઘટના છે, અહિંયા જ બનેલી છે. કોઈએ કહ્યું કે મહારાજ બધાંને આપ્યું તો અમારી સામે પણ જુઓ તો પૂછયું કે તમને શું થયું.... ઊઠીને ચાલી નીકળી ગયા. જંગલમાં જઈ અને એક વૃક્ષ નીચે બેસી ગયા, એ પીવડાવશે તો જ પાણી પીશ, એ ખવડાવશે તો જ ખાઈશ, સ્વામી શાંતાનંદજી જંગલમાં એવી રીતે સૂઈ રહ્યા હતા, તો જંગલ ખાતાનો અધિકારી ઘોડા ઉપર ત્યાં નીકળ્યો, અધિકારી ક્યારેક ક્યારેક જ આંટો મારવા નીકળતો હતો, તેણે જોયું કે આ કોઈક છે, ઘોડેથી નીચે ઉતર્યો, ક્યાંક મરી તો નથી ગયો ને? એણે પોતાના પાસેની બોટલમાંથી પાણી કાઢી ધીરે ધીરે પીવડાવ્યું, થોડું થોડું પાણી પેટમાં ગયું, સ્વામીજી તો નિશ્ચિત અવસ્થામાં પાણી પી ગયા. પેલા અધિકારીને લાગ્યું કે ના એકલી તરસથી નહીં પણ ભૂખથી આ સંત બેભાન થઈ ગયા છે, તો પોતાની પાસે જે પોતાનું ખાવાનું લાવ્યો હતો તે છોડયું, અને જબરજસ્તીથી સ્વામીના મુખમાં મૂકયું, આંખ ખોલી સ્વામીજી એ પછી તો પેલા અધિકારીએ ખવડાવ્યું સારી રીતે. આપ ભૂખતરસ સે બેહોશ હો ગયે થે, બેઠા બેઠા નહીં ભગવાને સૂતાં સૂતાં ખવડાવ્યું, કે લે, પાણી પણ સૂતાં સૂતાં જ પીવડાવ્યું. એમને વિશ્વાસ થઈ ગયો કે ભગવાને મારી માટે આ જંગલમાં આ અધિકારીને મોકલ્યા છે, આવો દ્દઢનિશ્ચય થવો,

**દ્રઢ નિશ્ચય જેના મનમાં રે**

જય મહારાજમાં આપણી નિષ્ઠા, શ્રદ્ધા, અનન્યતા, મારે

બીજા કોઈનો આધાર લેવો નથી, મારે બીજા કોઈ પાસે માગવું પણ નથી, એની ઈચ્છા હશે તો એ આપી જશે, એવો દ્રઢ ભરોસો માણસને ભૂખે નહીં રાખે. ભગવાન જાતે આવશે. લક્ષ્મીજીએ એકવાર કહ્યું કે ભગવાન આ બધા જ જીવોને તમે ખવડાવો છો પછી તમે જમો છો એ સાચી વાત છે? પરીક્ષા કરવા એક દાબડીમાં એક કીડીને પૂરી રાખી હતી, ત્રણ દિવસે કાઢી, કીડીને કોણ ખવડાવતું હશે લક્ષ્મીજીએ પૂછયું, તો ભગવાને કહ્યું કે તું એ દાબડીમાં જો, જોયું તો એક ચોખાનો દાણો અંદર હતો. ઈશ્વર કોઈને પણ ભૂખ્યો રાખતો નથી.

**ભૂખ્યા ઉઠાડે પણ ના સુવાડશે,**

**મારો વ્હાલો વિશ્વંભરનાથ ભૂખ્યા નહિ રાખશે**

પુનિત મહારાજે એક સરળ ભાષાની અંદર કેટલી ઊંચી વાત મૂકી દીધી? ભગવાન કોઈને પણ ભૂખ્યો રાખવાનો નથી, શ્રદ્ધા હોવી જોઈએ. આપણો વિશ્વાસ હોય અડગ વિશ્વાસ, ભગવાન આપણને કોઈપણ દિવસ ભૂખ્યા તરસ્યા નહીં રાખે. એમ આપણી દ્રઢતા પણ જય મહારાજ પ્રત્યેની સ્તુતિના શબ્દોમાંથી મળે, એ રીતે કેળવીએ આપણે આપણા જીવનને,

બસ માત્ર જ્ઞાનનું સ્વરૂપ તે જ જય મહારાજ, મારા હૃદયમાં બિરાજેલા છે.

|| જય મહારાજ ||

## પ્રકરણ–૬૧

# સદ્ગુરુ પાદ પરમ પ્રકાશા

**હૃદિગતા મે સદાજ્ઞાનમૂલાઃ**

મારા હૃદયમાં બિરાજેલા જ્ઞાનસ્વરૂપ, જય મહારાજ સ્વયં પરમ બ્રહ્મ પરમ તત્ત્વ છે, એ સ્વયં બ્રહ્મસ્વરૂપ જ છે, સાચું જ્ઞાનનું સ્વરૂપ છે. **જ્યાં જ્ઞાન એટલે કે સમજણ છે, ત્યાં જ સુખ છે. જ્યાં સાચી સમજણ છે, ત્યાં જ શાંતિ છે. માણસ સમજણ સિવાય ક્યારેય પણ સુખી થઈ શકતો નથી,** શું કરે છે પણ કાંઈ છે તે સમજણપૂર્વકના સંતોષમાં રહેલું છે. આ સંસાર કોઈને પણ સુખી થવા દેતો જ નથી, જ્યારે જય મહારાજનું સ્વરૂપ છે એ તો,

**સદાજ્ઞાનમૂલાઃ હૃદિગતા મે મારા હૃદયમાં બિરાજેલા, જ્ઞાનમૂલાઃ**

જ્ઞાનનું મૂળ જય મહારાજ છે, જ્ઞાનનો ઉદય કરનાર પણ જય મહારાજ જ છે.

**જાસુ બચન રવી કર નિકર બંદઉ ગુરુ પદ પરમ પ્રકાશા**

જેમના શ્રીમુખમાંથી જે વચન નીકળે છે તે વચન, શિષ્યના, શરણાગતના, હૃદયમાં પ્રકાશ કરે છે. એ વચનમાં કેવી ઊર્જા હશે, કે જેનાથી પાપમય, અંધકારમય અંતઃકરણમાં પ્રકાશ

થાય, જ્ઞાનનો પ્રકાશ થાય, માણસ પોતે એ અંતઃકરણના પાપ, વિકૃતિઓમાંથી બહાર નીકળી શકતો નથી,

અંતઃકરણનો અંધકાર, સદ્‌ગુરૂના સત્સંગના માત્ર બે વાક્યથી દૂર થઈ જાય. કુટેવ, આદત પડી ગયેલી હોય દુરાચારની, પાપની, અને સદ્‌ગુરુના એક જ વાક્યથી આમ ચમકારો થાય, જેમ વીજળીનો ચમકારો થાય છે અને બધું જ દેખાઈ જાય છે એમ, જેમના વચન માત્રથી,

**મહા મોહ તમ પુંજ**

મોહનો અંધકાર મોટામાં મોટો છે. માણસને જ્યારે આશક્તિ અને મોહ થાય, ત્યાર પછી એને કશું પણ ન દેખાય, માત્ર સ્વાર્થ, એ દ્રષ્ટિ આખી બદલાઈ જાય, એ આખી દ્રષ્ટિ ફેરવનાર છે જય મહારાજ.

**જ્ઞાનાંઞ્જન શલાકયા**

જ્ઞાનરૂપી આંજણ આંખમાં આંજ્યું નથી, અને આંખની જે કુદ્રષ્ટિ છે, તે આપોઆપ સ્વચ્છ થઈ જાય. જય મહારાજ ઓપરેશન કરે છે, સદ્‌ગુરૂ મહારાજ ઓપરેશન કરે છે. સદ્‌ગુરૂ એ કોણ છે જાણો છો? વૈદ્ય છે વૈદ્ય, એ શરણે આવેલાના ભવરોગ દૂર કરી નાખે.

**ભવરોગવૈદ્યં શ્રીમદ્‌ગુરું**

તો આંખમાંથી વિકૃતિઓ કાઢી નાખવા માટે કેટલી વાર લાગવાની હતી? એક જ્ઞાનનું આંજણ આજ્યું, એની સાથે આંખની દ્રષ્ટિ બદલાઈ જાય.

હૃદયનો અંધકાર પણ આપોઆપ દૂર થઈ જાય. હૃદયમાં રહેલી જે વિકૃતિઓ છે, વાસનાઓ છે, પાપ છે, એ સહેજવારમાં

નીકળી જાય બહાર.

**યત્સંગાત્**

જેમના શરણ માત્રથી, શરણમાં આટલી મોટી શક્તિ હોય. સદગુરુ સ્વયં પોતે ભવરોગ વૈદ્ય છે, અને એ રીતે સહુના રોગોને મટાડનાર છે, ચાહે આંખનો રોગ હોય, ચાહે હૃદયનો રોગ હોય. હૃદય રોગ બહુ ખોટો છે. આપણા વ્યવહારિક જીવનમાં કેટલાંય એટેક આવતા હોય છે અણસમજના, કેટલાંય પ્રેશર વધતાં ઘટતાં હોય, સાંસારિક જીવનનાં, માણસ ત્રાસી જાય, જીવનમાં બેચેની લાગે, જીવન બેસ્વાદ લાગે, તો એ જીવનમાંથી આ બધું જ દૂર કરવાવાળા એકમાત્ર સદ્‌ગુરૂ જ છે. જો શ્રદ્ધાપૂર્વક સદ્‌ગુરૂને હૃદયમાં બેસાડ્યા હોય તો.

મારા હૃદયમાં બેઠેલા છે, અને જ્ઞાનનું મૂળ છે. જેમ નદીનું મૂળ હોય, અને ત્યાંથી નદી ખળખળ વહેતી હોય, એમ સાચી સમજણ, જ્ઞાનનો પ્રવાહ પણ, જો જય મહારાજને હૃદયમાં બેસાડયા હોય તો ત્યાંથી શરૂઆત થઈ જાય. એ સૂઝમાં આવે, સમજણમાં આવે, મનમાં આવે, ઈન્દ્રિયોમાં આવે, વ્યવહારમાં આવે, અને સંસારમાં પણ આવે, વહેતો પ્રવાહ છે.

મારા હૃદયમાં બેઠેલા જય મહારાજ જ્ઞાનનું શ્રોત્ર આરંભ કરવાવાળા છે, અને એકવાર જો સાચી સમજણ આપણા જીવનમાં આરંભ થઈ ગઈ, તો એ માર્ગે નિશ્ચિત જવાશે, ત્યાં આગળ તમને કોઈપણ પાપ કે વિકૃતિઓ હેરાન નહીં કરે બસ, જય મહારાજના શરણમાં રહેનાર છે, અને શરણમાં રહ્યા પછી જય મહારાજ તમને એવી જ કેટલીક પ્રસાદી આપે કે આપણા હૃદયમાં બેસી જાય, એમના પ્રત્યે એવો આદર-સન્માન ભાવ, કે એમ થાય કે આપ અમારા હૃદયમાં જ બિરાજેલા રહો, અને હૃદયમાં બિરાજી રહ્યા

એટલે સતત જાગૃતિ. કોઈપણ વ્યસન, કોઈપણ દુરાચાર, કોઈપણ ખોટું કાર્ય, કોઈપણ પાપ થઈ જ ન શકે, કેમ કે સતત જાગૃતનું સ્વરૂપ અંદર બેઠેલું છે. જય મહારાજ અંદર બેઠેલા છે, તે મારી જ આંખથી જુએ છે. પરમાત્મા તો અખંડ મંડલા કાર છે, વ્યાપ્તમ્ યેન ચરાચર તત્પદમ્ જાણવાવાળા છે, તો જો સદ્ગુરૂ સ્વયં આવા વ્યાપ્ત તત્વને સમજી શકતા હોય, જાણી શકતા હોય, તો હૃદયમાં એ બેઠેલા છે, આપણી આંખો, આપણી ક્રિયાઓ વડે સંસારને સમજી શકે છે, જાણી શકે છે, અને એટલું મોટું વ્યાપ પણ જેણે પ્રાપ્ત કરી લીધું છે, જાણી લીધું છે,

**તત્ પદં દર્શિતમ્**

એવા સદ્ગુરુ જ્યારે મારા હૃદયની અંદર આવીને બેસી જ ગયા હોય, માત્ર જ્ઞાનનો પ્રવાહ ત્યાંથી વહ્યા જ કરતો હોય, વહ્યા જ કરતો હોય, અને એ જ્ઞાનની અંદર આપણને નવડાવતા હોય,

**મન લઈ જ્ઞાન જળે ધોજો રે**

જ્ઞાનના જળથી ગુરુ મહારાજ નવડાવતા હોય છે. જ્ઞાનની ગંગા જય મહારાજના શ્રીમુખમાંથી નીકળતી હોય છે, અને એ જ્ઞાનની ગંગા, સત્સંગની ગંગાનું આચમન કરીશું એનાથી નહાઈશું, એનું પાન કરીશું, શીતળ શાંતિ સ્વચ્છતા પવિત્રતા મળવાની જ છે.

મારા માટે તો આ જ્ઞાનનો સ્તોત્ર મારા હૃદયથી આરંભાયો છે, અને એ પ્રવાહની અંદર મારું જીવન કેવું થયું? પાપ રહિત થયું.

જેમના શરણ માત્રથી પાપાનો નાશ થઈ જાય છે, એમના શરણમાં ઊભા રહીએ તો આપણામાં રહેલાં પાપ પણ ભાગી

જાય, પાપ પણ વિચારે કે એ અત્યારે જ ઊભો છે ત્યાં મારાથી ઊભું રહેવાય પણ નહીં, પાપને પણ ભાગી જવું પડે. જેમ સૂર્યનો પ્રકાશ થાય એટલે અંધકારને નાછૂટકે પણ ત્યાંથી ભાગી જ જવું પડે, ઊભું જ ન રહી શકાય એનાથી, એમ મારા હૃદયમાં જય મહારાજ બિરાજ્યા છે, અને જ્ઞાનનો સ્ત્રોત ત્યાંથી જ આરંભાયો છે, મારા અંતઃકરણમાં અંધારું હોય જ કેવી રીતે શકે? અંતઃકરણની અંદર અંધારુ સંભવી શકે જ નહીં. બસ આટલી જ દ્રઢતા, અને એ દ્રઢતા આપણને પોતાને બળ આપશે.

આપણી પાપવૃત્તિ, આપણી અપરાધની વૃત્તિ, એ આપોઆપ નાશ પામી જશે.

ગુરુ મહારાજની કેવી શક્તિ છે? માત્ર સાનિધ્ય જ, ગુરુ મહારાજનું સાનિધ્ય જ બધું જ સાફ કરી નાખે. ઘનઘોર અંધારું હોય, અને માત્ર એક જ દીવો હોય, ભયંકર અંધારું હોય પણ દીવો લાવી પ્રગટાવો, એની સાથે જ બધું જ અંધારું નાશ પામે, તો જ્ઞાનનો દીવો પ્રગટે એટલે અજ્ઞાનનું અંધારુ દૂર થઈ જાય. જ્ઞાનનું મૂળ હૃદયમાં જ હોય, ત્યાં અંધકાર કેવી રીતે સંભવી શકે છે?

મારા હૃદયમાં સ્થિત છે, બિરાજેલા છે, આપણી બધી જ વૃત્તિઓ પણ હૃદયમાંથી જ જાગ્રત થાય છે, બધી જ વૃત્તિઓ. રમણ મહર્ષિ કહે છે, કે બધી જ ઇચ્છાઓ સૌથી પહેલા હૃદયમાં ઉત્પન્ન થાય છે, એટલે બધી જ વૃત્તિઓની સ્ફુરણાઓ, ખાવાની, જોવાની, ભોગવવાની, બધી જ રમણ મહર્ષિ અનુભવપૂર્વક કહે છે, અને ત્યાર પછી એ મનમાં જાય છે. એટલે મનની વૃત્તિઓ જો શાંત થઈ જાય, તો મન સ્વયં આત્મામાં ભળી જાય છે, પછીથી તો પાપને ઉભુ રહેવાની જગ્યા જ ન મળે ને?

પાપને ઉદ્રભવ થવાનું સ્થાન હોય, તો એ મન છે, અંતઃકરણ છે, મન ક્રિયાન્વિત થયું ત્યાં આગળ વ્યવહાર પણ આવવાનો, વ્યવહારની સાથે રાગ-દ્વેષ પણ આવવાના, રાગ અને દ્વેષની સાથે વિકૃતિઓ પણ આવવાની અને પછી પાપની પરંપરા સર્જવાની તો આ જે જીવનમાં ઉદ્‌ભવતી વિકૃતિઓ અને વૃત્તિઓ ત્યારે જ શાંત થાય, જ્યારે મન સ્થિર થાય. મન સ્થિર ક્યારે થાય? જ્યારે આપણા અંતઃકરણમાં આપણા ઈષ્ટદેવનું આપણા સદ્‌ગુરુદેવ જય મહારાજનું હૃદયની અંદર હાજર રહેવું, એમનાં દર્શન થાય, અને એના વડે આ સર્વ પાપ નાશ થાય છે. આ સ્તોત્રની અંદર એક પંક્તિ છે, મહાપુરુષોએ જે સ્તુતિ કરી છે એમાં જય મહારાજના આવા વ્યાપક અને અનંત શક્તિશાળી સ્વરૂપનાં દર્શન આપણને કરાવ્યાં છે. આનું નામ દર્શન છે. ક્યાંય પણ પરમાત્માનું દર્શન કરવું હોય, તો એમની જે શક્તિઓ છે, પરમાત્માની અંદર રહેલા એમના જે સદ્‌ગુણો છે, એ સદ્‌ગુણોનું જેટલું સ્મરણ કરીશું, જેટલું પઠન કરીશું ને નિત્ય નિયમ દ્વારા, એટલું જ ધીરે-ધીરે સમજાતાં સમજાતાં ઓળખાશે, એટલે તો ભગવાનના હજાર નામેની અંદર કહ્યું છે કે,

**આવર્તનોનિવૃતાત્મા**

આવર્તન કરતા રહો. એ આવર્તન થતાં-થતાં એક દિવસ એવો આવશે કે અંદર રહેલું રહસ્ય તત્ત્વ આપોઆપ સમજાઈ જશે, સતત નિત્ય પાઠ કરતાં એક દિવસ કોઈક ક્ષણ એવી આવે, કોઈ જ્ઞાની મળે, એ તમને સમજાવી દે, કે આ! ઓહો, આનો તો હું વર્ષોથી નિત્યનિયમ કરતો હતો. પણ જ્યારે એનો ભાવ સમજાય, શબ્દાનુસંધાનમાંથી અર્થાનુસંધાન થાય, અને અર્થાનુસંધાનમાંથી ભાવાનુસંધાન થશે, અને ભાવાનુસંધાનમાંથી

સ્વરૂપાનુંસંધાન થશે, શબ્દાનુસંધાન, અર્થાનુસંધાન, ભાવાનુસંધાન અને સ્વરૂપાનુંસંધાન, એક પછી એક એ સાહજિક બનશે, અને એ રીતે સમજણપૂર્વક નિત્ય નિયમ પાઠ કરીએ એટલે શબ્દ અનુસંધાન થાય, એથી આગળ જાવ, એનો અર્થ શું થાય છે સમજો, કોઈની પાસે બેસીને શીખો ભાવ શું છે. બસ ભાવાનુંસંધાન સુધી તમે પહોંચ્યા પછી હૃદયની અંદરથી એવા ભાવો આખું જ સ્વરૂપાનુસંધાન આમ નજર સમક્ષ પ્રત્યક્ષ દર્શન આપશે.

**મે હૃદિસ્થિતા**

એ રીતે હૃદયમાં બિરાજેલા જય મહારાજને આપણે જ્ઞાનથી ઓળખવાના છે.

**કેવલં જ્ઞાનમૂર્તિ**

માત્ર એ જ્ઞાનનું જ સ્વરૂપ છે. એમના રોમ રોમની અંદર, એમના શ્વાસની અંદર, એમની દ્રષ્ટિમાં, એમની વાણીમાં, માત્ર બ્રહ્મ તત્ત્વ જ હશે, કેવળ જ્ઞાન જ હશે, અને જ્ઞાન સ્વરૂપે જ આપણા સહુના હૃદયમાં બેઠેલા છે. દરેકે દરેક વ્યક્તિની અંદર અણસમજ હોય છે, જડતા હોય છે, પણ જે સાચી સમજણ છે, જ્ઞાન સ્વરૂપનું, એ જય મહારાજનું, ગુરુ મહારાજનું સ્વરૂપ છે, એ સ્વયં છે. જ્ઞાનમૂર્તિ સ્વરૂપે આપણા હૃદયની અંદર હંમેશા બિરાજેલા છે, આ દ્રઢતા સતત અભ્યાસ વડે કરે, તો જે જ્ઞાનનું સ્વરૂપ આપણા હૃદયની અંદર પ્રગટ થાય એમનું દર્શન અંદર થશે. સુતિક્ષ મુનિને ભગવાનનાં દર્શન થયાં હૃદયની અંદર, પછી ભગવાને હૃદયનું સ્વરૂપ છુપાવ્યું, આંખ ખોલી ત્યારે બહારના દર્શન થયાં હૃદયની અંદર, પછી ભગવાને હૃદયનું સ્વરૂપ છુપાવ્યું, આંખ ખોલી ત્યારે બહારના દર્શન થયાં હૃદયની અંદર, પછી

ભગવાને હ્રદયનું સ્વરૂપ છુપાવ્યું, આંખ ખોલી ત્યારે બહારનાં દર્શન થયાં. ભગવાન તો હ્રદયમાં જ બેઠેલા છે, અને હ્રદયની અંદર જ બહાર એટલો બધો આનંદ આપે, એટલો બધો આનંદ આપે, એ ભાવસમાધિ, ધ્યાનસમાધિ. એમાંથી બહાર આવવાની ઈચ્છા જ ન થાય, કારણકે હ્રદયમાં બેઠેલા છે, આંખ ઉઘાડવાની ઈચ્છા ન થાય. અંતઃકરણમાં જ દર્શન થતાં હોય, હ્રદયમાં જ દર્શન થતું હોય, પછી આંખ ખોલી અને દુનિયાને જોવાની ક્યાં જરૂર છે? આંખ ખોલી દુનિયાને જોઈશું, તો દુનિયા આપશે શું પાપ સિવાય? વિકૃતિઓ અને વાસનાઓ સિવાય આ સંસાર બીજું શું આપી શકશે? આંખ બંધ હશે તો સુતિક્ષ મુનીની માફક હ્રદયમાં જ દર્શન થશે, એ હ્રદયમાં જ બેઠેલા છે

**મે હૃદિસ્થિતા**

અને એની અંદર પણ જ્ઞાનનો ભાવ, સમજણનો ભાવ, કોઈપણ આસક્તિ નહીં, રાગ-દ્વેષ નહીં, માત્ર એક જ, કે જય મહારાજનું સ્વરૂપ જીવનની સાચી સમજણરૂપે મારા હ્રદયમાં બિરાજે છે. એનાથી હું શાંત છું, તેને લીધે હું સુખી છું, શાંતિ કે સુખ બીજે ક્યાંય શોધવા જવાની જરૂર નથી. પછી એ દ્રઢ થશે એટલે જય મહારાજ મારા સ્વરૂપની અંદર જ છે.

**ચૈતન્યં શિષ્યમધ્યે**

શિષ્યના હ્રદય કમળની અંદર, એની આત્મા ચેતના સ્વરૂપે પણ જય મહારાજ બિરાજેલા છે.

**શાંતં શ્રી બ્રહ્મતત્ત્વમ્**

**શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનો ભીષ્ટ્દં નિત્યમીડે**

નિત્ય જે સ્મરણ કરે છે જય મહારાજનું, નિત્ય જેના સ્મરણમાં છે, નિત્ય જે એમનાં દર્શન કરે છે, એમનો સત્સંગ કરે

છે, એમને અવશ્ય મનવાંછિત નહીં, એને કૃતાર્થ કરે, એના જન્મને સફળ કરે એવું આપવા માટે જય મહારાજ તૈયાર બેઠેલા છે, એ આપવા તૈયાર જ છે કે લઈ જાવ.

**અભીષ્ટ્દં નિત્યમીડે**

જ્ઞાન લેવા માટે તો અહીંયા આવે છે લોકો. જય મહારાજ સંપત્તિ આપવા નથી બેઠા, સાચી સમજણ આપવા માટે બેઠા છે. સંપત્તિ તો જ્યાં ત્યાંથી, ગમે ત્યાંથી કમાઈ લઈશું, પણ જ્ઞાન તો સદ્‌ગુરુ પાસેથી જ મળશે. જ્ઞાનનું સ્વરૂપ જય મહારાજ, આપણા હૃદયમાં આવીને બેસી ગયું હોય, અને એ જે આનંદ જીવનમાં, એના જેવો બીજો કોઈ આનંદ નહીં, એના જેવું બીજું કોઈ સુખ નહીં.

**આનંદં બ્રહ્મ ઈતિ વ્યજાનાત્**

ઋષિઓએ, ઉપનિષદોએ આમ કહી દીધું છે, આનંદ એ જ બ્રહ્મનું સ્વરૂપ છે. બસ આટલી જ સમજણ આવી ગઈ, તો પછી જીવનની અંદર ક્યારેય પણ કલેશ આવવા જ ન દે. જ્યારે જ્યારે જીવનમાં દુઃખ ક્લેશ, વિકૃતિઓ આવે ત્યારે સમજી લેવાનું કે આપણે ભગવાનથી દૂર થઈ જઈએ છીએ,

**રહિતા ગમં**

ભગવાન વગરનો રસ્તો આપણો પકડ્યો છે. ભગવાન વગરનો રસ્તો પકડ્યો, એટલે ત્યાં આગળ આપણે પોતે જ દુઃખી થઈ જવાના. માનસમાં રાજ્યાભિષેક વખતે સ્તુતિ કરી છે ઋષિએ, વેદોએ અને ભગવાન શંકર એ, બહુ જ સરસ વાત કરી છે, કે અમે આપનાથી સહેજ પણ દૂર હટીશું એટલે પેલી વિકૃતિઓ અને વાસનાઓ વાઘની માફક અમને ફાડી ખાવા માટે તૈયાર બેઠી છે.

**મન જાત કિરાત નિપાત કિયે મૃગ લોક કુભોગ સરે નહિ કિયે**

સહેજ પણ આઘા ખસ્યા, ભગવાનને ગાયો સોંપી દો, ભગવાન ગાયો ચરાવે છે, ઘણી બધી ગાયો લઈ જાય છે ચરાવવા માટે. ભીષ્મપિતાએ કહ્યું કે ભગવાન આપ આટલી બધી ગાયો ચરાવવા જાઓ છો, તો મારી પાંચ ગાયોને પણ લઈ જાવને, પાંચ ઈન્દ્રિયોને. તો એ ઈન્દ્રિયોરૂપી ગાયો જો ભગવાનને છોડી અને દૂર જતી રહે તો વિકૃતિ રૂપી વાઘ એમને ફાડી ખાશે, મારી નાખશે, ખાઈ જશે, એટલે જ

**મે હૃદિસ્થિતા જ્ઞાનમૂલાઃ યત્સંગાત્નષ્ટ પાપ**

મારા હૃદયમાં બેઠેલા જ્ઞાનસ્વરૂપ મારા જય મહારાજ, મારા પાપોને નષ્ટ કરવાવાળા છે. એ પાપને નષ્ટ કરવાવાળું સ્વરૂપ આપણા હૃદયમાં બેઠેલું હોય, આપણે પરમ ભાગ્યશાળી છીએ, કે આવી વિભૂતિના શરણે આપણે બેઠા છીએ, જય મહારાજ આપણી રક્ષા કરી રહ્યા છે.

।। જય મહારાજ ।।

# લક્ષ્મણદાસ એ અમારું જ સ્વરૂપ છે.

**શ્રોત્રિયં સંતરામં બહુલભવયદ્નં જનાનાં ભજેઽહમ્**

પરબ્રહ્મ પરમતત્ત્વ પરમાત્મા સ્વયં યોગીરાજ અવધૂત દરેક જીવને પોતાનો અંશ આપે છે, અને બધાના હૃદયમાં પરમ ચેતના સ્વરૂપે

**ચૈતન્યં શિષ્યમધ્યે**

જય મહારાજ સ્વયં બિરાજેલા છે, અને એટલા માટે તો સ્તુતિ કરતાં મહાપુરુષોએ કહ્યું કે,

**અદ્વૈતાનંદ રૂપઃ**

આપ અદ્વૈતના આનંદનું સ્વરૂપ છો. દ્વૈત એટલે બે, અને અદ્વૈત એટલે એક જ, બીજું નહીં.

**ન દ્વૈત ઈતિ અદ્વૈતઃ**

બીજું છે જ નહીં. બીજું ઉદ્‌ભવી શકે જ નહીં. એવા ભાવથી સ્તુતિની અંદર કહ્યું કે, સમસ્ત સૃષ્ટિની અંદર, ચરાચરમાં,

**અદ્વૈત આનંદરૂપાત્**

આપ સર્વત્ર, જડચેતનમાં અદ્વૈત રૂપે બિરાજેલા છો, પરમ

તત્વ છો, પરબ્રહ્મ છો, આપનું સ્વરૂપ માત્ર અદ્વૈત છે. દરેકના હૃદયની અંદર બિરાજમાન છો. દરેકના હૃદયમાં પ્રકાશી રહ્યા છો, દરેકની ચેતના સ્વરૂપ સ્વયં છો. અમે આપનાથી નહીં, પણ આપ અમારાથી જુદા નથી, અને અદ્વૈત આપણે કેવી રીતે સાધવાનું? આપણા મનની બધી જ વૃત્તિઓ સુરતાઓ જય મહારાજમાં, અને જય મહારાજનું સ્વરૂપ આપણામાં.

**અદ્વૈતાનન્દ રૂપાત્**

આ રીતે અદ્વૈત કેળવવાનું, કે અમે જય મહારાજથી જુદા નથી, જય મહારાજ અમારામાં જ બિરાજે છે, અમારું સ્વરૂપ એ જ મહારાજનો જ અંશ છે, આ છે અદ્વૈત સ્થિતિ, અવસ્થા, હંમેશાં આપણા મનની કોઈપણ વૃત્તિ જાગ્રત થાય એ બધી જ,

**વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,**

**દયાના પુણ્યોના તુજ પ્રભુ મહાસાગર માંહી**

મારી એક એક વૃત્તિ, મારા મનના જે પણ કાંઈ પ્રવાહો નીકળતા હોય અંદરથી એ બધા જ આપનામાં જ જઈને મળે. બીજે ક્યાંય વિભ્રમિત થાય નહીં, ક્યાંય બીજે ભૂલા ન પડે, અટવાઈ ન જાય. આ સંસાર તો ભૂલભૂલામણી છે. જો ભૂલભૂલામણીમાં ઉતરી ગયા ને, તો અટવાઈ જશે, સંસારમાંથી બહાર નીકળાય નહીં, અને સાચી દિશા જડે નહીં. એટલેજ જય મહારાજના સ્વરૂપને સતત હૃદયમાં રાખ્યું હોય, તો જય મહારાજ ક્યારેય પણ ભૂલા નહીં પડવા દે, પોતાના જ સ્વરૂપમાં, આપણી બધી જ વૃત્તિઓ જય મહારાજમાં એવી સ્થિર કરીએ, મન દ્રષ્ટિથી જય મહારાજને જોવાના અને દર્શન કરવાનાં, દુનિયાને જોવી પડે, અને એ આંખમાંથી જો પ્રસાદરૂપે લઈએ તો એ સાત્વિક બની જાય. કરવા છે તો જય મહારાજના શૃંગારનાં, ખાવું છે તો જય

મહારાજનો પ્રસાદ, કંઈક બોલવું છે તો જય મહારાજના સત્સંગના ગુણાનુવાદ ગાવ, કંઈક સાંભળવું છે તો જય મહારાજનો સત્સંગ સાંભળો. કંઈક ઈચ્છા થાય તો ચાલો જય મહારાજના ચરણસ્પર્શ કરી આવીએ બીજા સ્પર્શની આવશ્યકતા જ ન હોય, આમ દરેક દરેક દ્રષ્ટિ, દરેક દરેક વૃત્તિ આપણી જય મહારાજના તરફ જ વહેતી હોય સતત, અને જય મહારાજનું સ્વરૂપ આંખ બંધ કરીએ એની સાથે જ આપણામાં જ બિરાજેલું હોય,

**ચૈતન્યં શિષ્યમધ્યે**

**અદ્વૈતાનન્દ રૂપાત્**

અદ્વૈતનો આનંદ, આપણા સ્વરૂપનો જ આનંદ કેવો હોય? ઘરમાં જે પાંચ-સાત માણસો સાથે રહેતા હોઈએ, બધાંના દિલ મળી ગયાં હોય, ઓતપ્રોત થઈ ગયાં હોય, આનંદથી સુખેથી એકબીજાની સાથે હસીખુશીથી રહેતા હોઈએ, આખું વાતાવરણ કેવું સમરસ થઈ જાય? પણ ઘરમાં પાંચ સાત માણસો હોય, અને બધા જ જુદી જુદી દિશામાં જતાં હોય, જુદું જુદું વિચારતાં હોય, તો એ ઘરમાં ઊભુ રહેવાની ઈચ્છા કેટલી થાય? દરેકના મત જુદા હોય, દરેકના વિચાર જુદા હોય, દરેકનું બોલવાનું જુદું હોય, એ ઘર ઘર ન રહે સ્મશાન થઈ જાય. નરક થઈ જાય. તો બધા જ સાથે મળીને રહે, તો આખું ઘર એકાકાર બની જાય અને એમાં રહેવાનો આનંદ આવે. આપણી બધી જ વૃત્તિઓ જ્યાં ત્યાં રખડતી ભટકતી હોય, એને બદલે બધીજ એક કરીને જય મહારાજનામાં જ પ્રવાહિત કરી અને સ્થિર કરી દઈએ, એટલે બસ આનંદ જ આનંદ. સતત સ્મરણ રાખીએ, સતત ચિંતન કરીએ કે જય મહારાજનું સ્વરૂપ મારામાં જ બિરાજે છે, મારામાં જ છે, જય

મહારાજ મને આનંદ આપી રહ્યા છે, હું જય મહારાજનો જ છું, જય મહારાજ મારાથી જુદા છે જ નહીં.

**મેરે ઉર વશીએ શરણ અશરણ**

આપના સ્વરૂપથી આપ અમારા હૃદયમાં વસો, અને અમારી વૃત્તિઓથી અમે આપનામાં વશીએ, મારી બધી જ વૃત્તિઓ ક્યારેય પણ ખોટે માર્ગે જાય નહીં, ખોટું જુવે નહીં, બસ એનું નામ છે અદ્વૈત. પરસ્પરનો જે સ્વભાવ મળી ગયો, એકબીજા સાથે જે સુમેળ બેસી ગયો, એનું નામ જ અદ્વૈત, કે જુદાપણું લાગે જ નહિ, એ વૃત્તિઓમાં પણ એકત્વ બની જાય, અને બધું જ જય મહારાજમાં, ક્યાં જવું છે બહાર બીજે ક્યાં? દ્રષ્ટિથી જય મહારાજ, વાણીથી જય મહારાજ, શ્રવણથી જય મહારાજ, પ્રવાસથી તો યાત્રાના નામે જય મહારાજ, આમ બધી જ રીતે અદ્વૈત, બીજી દ્રષ્ટિ જ નહીં, બીજું સૂઝે જ નહીં, બધી જ વૃત્તિ અને પ્રવૃત્તિથી માત્ર જય મહારાજ, મોઢામાંથી શબ્દો નીકળે તો પણ જય મહારાજ. બસ સતત જાગૃત સ્થિતિ, કે જય મહારાજના સ્વરૂપમાંથી આપણી વૃત્તિઓ, આપણું મન હટે જ નહિ. જેમ ચાતક અને ચંદ્ર, ભલે ડોક ગમે તેટલી દુખે, ડોકને ખરી પડવું હોય તો ખરી પડે, ડોક ગમે તેટલી દુખતી હોય તો દુઃખવા દે, પણ ચંદ્રથી સહેજ પણ અલગાવ ન થાય, ચકોર દ્રષ્ટિ ચાતક દ્રષ્ટિ જેમ હોય. ચાતક સહેજ પણ ચંદ્રથી વિયોગ સહન ન કરે, એમ આપણી વૃત્તિઓ પણ જય મહારાજના સ્વરૂપમાં ભળી જાય, કે જય મહારાજ તમે કહેશો એવું કરવું છે, એનું નામ છે અદ્વૈત, જય મહારાજ કહે કે,

**તારા મનનું કાંઈ ન ચાલે, ગુરુને વચનને ઠરજો**

અદ્વૈત વૃત્તિ એનું નામ છે. સતત મન લાગેલું રહે, મનને

બીજે ક્યાંય જવાની ઈચ્છા જ ન થાય, હવે મારે ક્યાંય જવું નથી, મારા જય મહારાજ સિવાય મને ક્યાંય ગોઠવાનું નથી, બસ આજ વસ્તુ સતત ચિંતનમાં રહે, ને દ્રઢ થાય, અને હવે જઈને ક્યાં જવાનું છે? સંસાર તો જોઈ લીધો, જોઈ લીધું કે એમાં કાંઈ પણ સારું નથી, એટલે હવે અહીંથી ક્યાંય પણ આઘુ જવું નથી. તો આ બધી જ વૃત્તિઓ જે જગતની અંદર જ્યાં ને ત્યાં પ્રવાહિત થયા કરે છે, ગમે ત્યાં દોડ્યા કરે છે, એ બધી જ વૃત્તિઓને સંકેલીને

**સબકે મમતા તાગ બટોરી**

બસ ભગવાનના શરણમાં બાંધી દો. એક છેડો મનને બાંધો, અને બીજો છેડો જય મહારાજના ચરણમાં અર્પણ કરી દો, મન ક્યાંય નહીં જાય, અને મનને પોતાનામાં જ સ્થિર કરી દેવાનું, પોતાનું મન પોતાનામાં જ સ્થિતિ પામી જાય. જેમ આપણે આપણા ઘરમાં આવીને રહીએ તો આપણને પોતાને સંતોષ થાય. પણ જો બીજાના ઘરમાં ગમે તેટલી સારી સુવિધાઓ હોય, આપણને સારામાં સારી રીતે રાખતા હોય, પણ એમાં એટલું તો મન નહીં ચોંટે, કારણકે એ પરાયું છે. બસ એ પરાયી વૃત્તિઓને લક્ષમાં લઈને આપણે પણ આપણી જાતને આપણા પોતાના ઘરમાં, જય મહારાજમાં, અદ્વૈત. બહુ જ સરસ વાત છે, અદ્વૈત એટલે હું પરમાત્માનો અંશ છું, અને પરમાત્મા મારામાં જ છે, હું આત્મા છું, હું શરીર નથી, જેમ કોઈ નાટક કંપનીમાં કામ કરનારો માણસ હોય, જુદા-જુદા પાત્રો ભજવવાના હોય, અને જુદા-જુદા પાત્રો આદર્શ રીતે ભજવી બતાવે, લોકોને આનંદ ખૂબ થાય. ગમે તેટલા જુદા-જુદા પાત્રો ભજવતો હોય, પણ એ પોતે શું માને? કે હું તો આ નોકરી કરવાવાળો, અમુક ગામનો માણસ છું, ભલેને પાત્ર ગમે તેટલાં ભજવતાં હોય, ગમે તે પાત્ર ભજવતો હોય પણ પોતાને શું માનતો હોય? કે હું તો સુભાષ છું, નડિયાદનો છું, હું

રાજા ક્યાં છુ? બસ એ જે દ્રઢતા આપણી હોય પોતાના માટે, એમ આત્માની પણ એ જ રીતે ઓળખાણ રહેવી જોઈએ, જેમકે હું અમુક જ માણસ છું, અમુક નામવાળો, હું આ પાત્ર ભજવનાર પાત્ર નથી, એમ અદ્વૈત, આ શરીર એ હું નથી, હું તો આત્મા છું, શરીર હું છું જ નહીં, આ બધાં વસ્ત્રો તો બદલાતાં રહેવાના છે, એક નહીંને બીજા, હું આત્મા છું એ દઢતા આવવી જોઈએ. જેમ કોઈપણ પોતાના પરિચય બાબતે દ્રઢ હશે, કે હું આ ગામનો, આ જ્ઞાતિનો, આ નામનો, આટલો અભ્યાસ કરેલો છું, આ એનો પરિચય, એને ઊંઘમાંથી ઉઠાડીને પૂછો તો પણ એનો પરિચય એજ આપશે, એમ આપણા પોતાના પ્રત્યે જાગ્રત બનીએ, કે હું એટલે આ શરીર નહીં, એ તો પાત્ર છે. એ તો વેશ ભજવેલો છે.

**ભવાયા ભલરો વેષ તું તો લાવ્યો**

ભવાઈઓ કોને કહ્યો? આત્માને, અને વેશ કયો કહ્યો? આ શરીરને, તો એટલી દ્રઢતા ચોક્કસપણે હોવી જોઈએ કે હું શરીર નથી, હું તો આત્મા ચૈતન્ય છું. એટલી દ્રઢતા ઊંગમાંથી પૂછવામાં આવે તો પણ એનું નામ છે.

**અદ્વૈતાનન્દ રૂપાત્**

એ જ અદ્વૈતનું સ્વરૂપ છે, અને એ જ અદ્વૈત સ્વરૂપનો આનંદ છે. હું બીજો છું જ નહીં, હું બીજો હોઈ શકું જ નહીં, આ બધા જ પાણીના ભરેલા પાત્રની અંદર સૂર્યનું એની અંદર પ્રતિબિંબ પડે છે, એ એક જ સૂર્યનું છે બીજાનું છે જ નહીં, બીજો સૂર્ય લાવવાનો ક્યાંથી? દરેક પાત્રમાં,

**યથા પ્રકાશપ્રત્યેકઃ કૃત્સ્નં લોકમિમં રવિઃ ।**

બધા જ જળપાત્રની અંદર એક જ સૂર્યનાં પ્રતિબિંબ છે. એ તો ચોક્કસ વાત છે ને? એવી જ રીતે પરમાત્મા એક જ સ્વરૂપ છે,

આ જે કાંઈ જુદા-જુદા આયુષ્યનું પ્રવાહી ભરેલું છે બધામાં, ત્યાં સુધી બધાનામાં એક જ પરમાત્માનું પ્રતિબિંબ પડે છે, જેમાંથી આયુષ્યનું જળ ખૂટી ગયું, એમાંથી પ્રતિબિંબ અલિપ્ત થઈ જવાનું, અદૃશ્ય થઈ જવાનું, કેમકે ત્યાં આયુષ્યનું જળ ખૂટી ગયું, કેટલું સરળ સમજાવ્યું છે? પરમાત્મા હંમેશાં સર્વત્ર પ્રકાશી રહ્યો છે. દરેકની અંદર એક જ પરમાત્માનું પ્રતિબિંબ છે.

આત્મચૈતન્ય સ્વરૂપે, પણ જેનું પાત્ર ફૂટી ગયું, જેના વાસણની અંદરથી પાણી સુકાઈ ગયું, એની અંદર પ્રતિબિંબ દેખાશે ખરું? એટલે ચૈતન્યબ્રહ્મને આવવાનું પણ નથી હોતું અને જવાનું પણ નથી હોતું, એ તો જ્યાં છે ત્યાં જ છે, ચૈતન્ય બ્રહ્મ સર્વત્ર છે.

**અખંડ મંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્**

સર્વત્ર છે, દરેકની અંદર છે, અને મર્યા પછી ક્યાંય જતું નથી, ત્યાં જ છે, તો પછી મૃત્યુ કોને કહેવાય? પાત્રમાં પાણી ખૂટી ગયું, પ્રતિબિંબ બંધ થઈ ગયું, આ છે અદ્વૈત સ્વરૂપનું દર્શન, અને એ જય મહારાજનું સ્વરૂપ છે. આપણે જય મહારાજના આ દર્શન કરવાના છે કે, આપ તો અદ્વૈત આનંદના સ્વરૂપ છો, આપનામાં અદ્વૈતના એકત્વનો પ્રકાશ થઈ રહ્યો છે, એ આજે ખબર પડે છે. આપણે દર્શન તો રોજ કરીએ છીએ, પણ એમના સ્વરૂપનું આપણને ભાન નથી, એ ભાન સત્સંગમાંથી થશે. જય મહારાજના સ્વરૂપનું ભાન આ સ્તુતિમાંથી આપણને ખબર પડશે. જય મહારાજનાં કેટલાં સરસ સંબોધન છે, જય મહારાજનો સરસ પરિચય આપ્યો છે આ સ્તુતિ ગાવાવાળા મહાપુરુષોએ, બાકી આપણને ક્યાં ખબર છે? સ્તુતિ વગર જય મહારાજનો પરિચય

મળશે ખરો? પરમાત્માનો પરિચય પણ આપણને સ્તુતિમાંથી મળે છે.

**દીનબંધુ દિનેશ દાનવ દુષ્ટ નિકંદનમ્**

કહ્યું કે આપ દીનબંધુ છો, દિનેશ છો, દુષ્ટોનું નિકંદન કરવાવાળા છો, પરિચય મળે છે ત્યારે ભગવાનનો સાક્ષાત્કાર થાય, એમ અદ્વૈત આનંદના રૂપનું દર્શન જય મહારાજ આપણને કરાવી રહ્યા છે. ક્ષમતા આપણી છે, કેટલી છે એ જોવાની રહી. હું જય મહારાજને ઓળખી શકું છું ખરો? જય મહારાજનું આ જે સ્વરૂપ છે, અદ્વૈત આનંદનું સ્વરૂપ, એનાં દર્શન મને થાય છે ખરાં? જ્યારે અદ્વૈતના આનંદ સ્વરૂપ એ છે, એનું દર્શન આપણને આપણામાં થાય ત્યારે સમજવાનું કે જય મહારાજનો સાક્ષાત્કાર આપણને થયો છે, જય મહારાજનો પ્રાદુર્ભાવ થયો છે. એટલે સ્તુતિને માત્ર પોપટની માફક બોલી જવી એટલું જ પૂરતું નથી, એની અંદર ઊંડા ઉતરો, અંદર જઈને જુઓ કે એનું હાર્દ શું છે, ત્યારે સમજાય કે ઓહો.. હાર્દ સમજીશું તો જય મહારાજના સ્વરૂપના પ્રત્યક્ષ પ્રગટ દર્શન થશે, એટલે સાક્ષાત્કાર કરવા માટે પણ આ સ્તુતિની અનુભૂતિ કરવાની છે. સ્તુતિ-પ્રાર્થના વડે જય મહારાજના સ્વરૂપને આપણે સમજવાનું, પણ સ્તોત્રનો પાઠ કરીએ પોપટની માફક દરરોજ, પણ એનો અર્થ ખબર ન હોય, એનો આનંદ જણાતો જ ન હોય, એનો રસાસ્વાદ ક્યાંય પણ મળતો ન હોય, તો એ પોપટ જેવું બોલવાનું છોડીને એના હાર્દમાં અંદર ઉતરી અને સ્વરૂપને સમજીએ તો સમજાય, જય મહારાજનું સ્વરૂપ

**અદ્વૈતાનન્દ રૂપાત્**

અદ્વૈતના આનંદનું સ્વરૂપ આપ છો. આમ પ્રાર્થના કરવાવાળાએ કહ્યું, છતા પણ આપણે સમજતા નથી. સત્સંગ સાક્ષાત્કાર સુધી પહોંચવાનું એક સાધન છે. સાક્ષાત્કાર સુધી પહોંચવા માટે આ પ્રાર્થના, આ સત્સંગ એને સમજવો પડશે, બાકી તો ભગવાનની મૂર્તિમાં બહુ બહુ તો એમના શ્રૃંગારના દર્શન કરીશું, એથી વિશેષ કશું પણ હાથમાં નહિ આવે, કશું પણ નહિ મળે. ભલે ગાદીજી છે, પાદુકાજી છે, શૃંગાર છે, પણ એમાં ચૈતન્ય સ્વરૂપે જય મહારાજ પ્રગટ બિરાજેલા છે, તો ગાદીજીના દર્શન કરતાં ભાવ કરો કે એમાં જય મહારાજ સ્વયં બિરાજેલા છે અને જે સ્વરૂપ જય મહારાજનું છે તે અદ્વૈત આનંદનું સ્વરૂપ છે.

**યત્સંગાત્નષ્ટ પાપ**

જેમના સંગથી અમારી પાપ બુદ્ધિ જતી રહે છે. એ તો પ્રત્યક્ષ દર્શન થાય છે, સમજાય છે. જ્યાં સુધી દર્શન કરવા સામે ઊભા હોઈએ, નિત્ય પાઠ કરવા માટે સામે બેઠા હોઈએ, એમા બધી જ પાપ બુદ્ધિ નષ્ટ થઈ જાય, એટલે જ જય મહારાજનું સાંનિધ્ય

અમે આપની સમીપમાં બેઠા છીએ, આપનું સાનિધ્ય અમને મળ્યું છે તો એ સાનિધ્યમાં અમને પણ અદ્વૈત દેખાય. જય મહારાજે લક્ષ્મણદાસજી મહારાજને, અંતિમ આદેશ સૌને માટે આપ્યો, અદ્વૈત આનંદ, **આ લક્ષ્મણદાસ એ મારું જ સ્વરૂપ છે, આજથી એમાં તમે મારા જ દર્શન કરજો, જય મહારાજનો આદેશ છે. જુઓ ગુરુ-શિષ્યનું અદ્વૈત,**

**અદ્વૈતાનન્દ રૂપાત્**

જય મહારાજે પોતાનું બધું જ સ્વરૂપ, બધી જ શક્તિઓનું

આમાં લક્ષ્મણદાસજીએ પ્રદાન કરી દીધું, ગુરુ-શિષ્યનો અદ્વૈત થઈ ગયો, જેને કહેવાય કે ઓતશ્ય પ્રોતશ્ય એકબીજામાં ભળી જવું, **અને આપણા ઉપનિષદો અને શાસ્ત્ર ગ્રંથોમાં ઋષિઓનો આદેશ છે, કે જ્યારે ગુરુ ન હોય ત્યારે શિષ્યમાં ગુરુના દર્શન કરવાં, ગુરુની અનુપસ્થિતિમાં શિષ્ય એજ સદગુરુનું સ્વરૂપ છે.**

**અદ્વૈતાનન્દ રૂપાત્**

એટલે સમાધિના સમયે જય મહારાજે લક્ષ્મણદાસજી મહારાજને પોતાના સ્વરૂપમાં સમાવી અને અદ્વૈત કરી દીધા. આજ સુધી આપણે લક્ષ્મણદાસજી મહારાજમાં જ સંતરામ મહારાજનાં દર્શન કરીએ છીએ. ફોટો કોનો છે? તો કહે કે, સંતરામ મહારાજનો છે. સંતરામ મહારાજની અમે સેવા કરીએ છીએ. ફોટો કોનો છે? લક્ષ્મણદાસમાં અમારા દર્શન કરજો, આ છે અદ્વૈત આનંદનું સ્વરૂપ. જય મહારાજનાં દર્શન આ રીતે અદ્વૈતમાંથી થાય છે અને એજ સાચું અદ્વૈત છે. આપણે પણ જય મહારાજમાં ભક્તિથી, સેવાથી, સ્મરણથી, સત્સંગથી, દર્શનથી, નિત્યનિયમથી ઓતપ્રોત થઈને અદ્વૈત બનવાનું છે.

।। જય મહારાજ ।।

# આત્માને ઓળખો

સ્વાત્મ નિષ્ઠા, જે પોતાના સ્વસ્વરૂપની અંદર હંમેશને માટે સ્થિર છે, એવા બ્રહ્મત્વ બ્રહ્મસ્વરૂપ સ્વયં જય મહારાજ, જે આપણા સહુના અદિષ્ઠાતા ઈષ્ટદેવ, જેમની પાસે સ્વાત્મજ્ઞતા છે

**સ્વાત્મજ્ઞં હૃસ્થિતમ્ મે**

સ્વાત્મજ્ઞ છે, અને એ મારા હૃદયમાં બેઠેલા છે, જે પોતાના સ્વરૂપને જાણે છે એ જ મારા હૃદયમાં બેઠેલા હોય, બેઠેલા છે જ, આત્મસ્વરૂપના પ્રત્યક્ષ દર્શન કરાવવાળા જય મહારાજ છે.

મારા હૃદયમાં બેઠેલા છે. ઉપનિષદ પણ કહે છે કે,

**આત્માવા અરે દ્રુષ્ટવ્યમ્ શ્રોત્રવ્યમ્ નિધિધ્યાષિતવ્યમ્**

ઉપનિષદ પણ કહે છે, કે આત્મા જાણવા યોગ્ય છે, આત્માને જાણવાનો છે.

**આત્માનં વિધ્ધી** આત્માને ઓળખો.

**તત્વમસિ** આત્મા તે જ તું પોતે છું, અને એટલે જ સ્વાત્મજ્ઞ કહીને હૃદયમાં બેઠેલાં જય મહારાજ આપણને પણ

આત્માનુસંધાન કરવાનૂં કહે છે. આત્માનુંસંધાન કરવું એ માનવ દેહનો મુખ્ય ઉદ્દેશ છે, મુખ્ય ધ્યેય છે, ભગવાને મનુષ્ય શરીર આપ્યું છે, આત્મસાક્ષાત્કાર કરવા માટે આપ્યું છે, અને એ જ આત્મા આપણો પોતાનો છે, આપણે પોતે સ્વયં છીએ.

**આત્મૈદ્યાત્મનોવ યાત્મનોબંધુ બંધુરાત્માં,**

**મનસ્તસ્ય યે ન આત્મેવ આત્મના ચિતઃ**

જે પોતે જ પોતાના આત્માને શોધી લે છે, એ જ એનો મિત્ર અને એ જ એનો સાચો બંધુ છે. સ્વાત્મજ્ઞ કહ્યું, એ અવસ્થા કઈ છે?

**પોતે પોતામાં ભળી રહ્યા, પોતે જોયું પોતાનું આપ**

પોતાનું આપ જોયું, એનું નામ જ છે સ્વાત્મજ્ઞ, આપણા પોતાનામાં જ જય મહારાજ બિરાજેલા છે.

**ચૈતન્યં શિષ્યમધ્યે**

આપણામાં ચેતના છે તે જય મહારાજ સ્વયં પોતે છે, અને એ જ મહારાજનો હું અંશ છું ચેતના સ્વરૂપે. આટલી દ્રઢતા કરવાની છે.

હું જય મહારાજનો જ અંશ છું, જય મહારાજમાં જ ભળેલો છું. જેમ આખા શરીર ઉપર અનેક રુવાડા વાળ હોય, એ દરેક રુવાડું કે દરેક વાળ એ શરીરનો જ વાળ કહેવાય, એમ આપણે બધા જ જય મહારાજના રોમ રોમમાં છીએ, અને એ જય મહારાજના અંશ સ્વરૂપે આપણે છીએ, આપણા શરીરનો દરેક વાળ આપણો અંશ છે, એમ આપણે બધા પણ જય મહારાજના અંશ જ છીએ, એમના વિગ્રહમાં જ છીએ. ભગવાને યશોદાજીને, અર્જુનને પોતાના વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા, જુઓ આ બધું

જ મારામાં છે. ઉપનિષદ પણ એ જ કહે છે, કે બધું જ પરમાત્માના વિરાટ સ્વરૂપની અંદર જ આવેલું છે, ઝાડ છે, પાન છે, નદીઓ છે, પહાડો છે, એ બધું જ ભગવાનના જ અંશ છે, નદીઓ એ નાડીઓ છે, પથ્થર એ અસ્થિ છે, વનસ્પતિ એ રોમ છે પરમાત્માનો. આપણ એમના જ અંશ છીએ, અને એમાંથી જ પ્રગટ થયેલા છીએ, અને એટલા માટે જ આત્મા જાણવા યોગ્ય છે, કારણકે એ આપણા ઈષ્ટદેવ પરમ તત્વ પરમાત્માના જ આપણે અંશો છીએ, આત્માથી કાંઈક જાણીને આગળ વધે, તો એ મહાત્મા થઈ જાય, મહાત્મા થયા, અને એમાં પણ જો આગળ વધે તો પરમાત્મા થઈ જાય, બધાથી જુદો પડી જાય. તો પરમ તત્વ છે, તે આત્મતત્વ છે, અને સ્વાત્મજ્ઞં આત્માને સમજવો, આત્માને જાણવો એ દરેકનું લક્ષ્ય છે, જેને કહેવાય aim, goal કહેવાય, ભગવાનને શરીર આપ્યું છે મનુષ્યનું, કે જાવ, આત્માને લઈને આવજો, આત્માને જાણીને આવજો.

**જ્યાં લગી આત્મા તત્વ ચિન્યો નહિ,**

**ત્યાં લગી સાધના સર્વ જૂઠી**

જેના માટે ભગવાને માનવ અવતાર આપીને મોકલ્યા છે, એને છોડી અને આપણે બીજી દિશામાં જઈ રહ્યા છીએ, ત્યારે ભગવાન કહે છે કે પોતાના સ્વરૂપને શોધો જય મહારાજ તો સ્વાત્મજ્ઞ છે જ, અને એ પણ

**સ્વાત્મજ્ઞં હૃસ્થિતં મે**

મારા હૃદયમાં બેઠેલા છે. જરા વિચાર તો કરો, જેના શરણમાં આપણે છીએ, જેનો આશ્રય આપણને મળ્યો છે, એ સ્વાત્મજ્ઞં છે અને આપણા હૃદયમાં બેઠેલા છે, બીજે ક્યાંય નથી,

આપણાથી જય મહારાજ જરાય દૂર નથી, અને જય મહારાજથી આપણે દૂર નથી, હંમેશાં જીવના શ્વાસોશ્વાસ છે ત્યાં સુધી, જય મહારાજ આપણા હૃદયમાં બેઠેલા જ છે ચેતના સ્વરૂપે, કેટલી સરસ વાત કરી?

અને

**પ્રજ્ઞાનં બ્રહ્મરૂપં શ્રુતિશતપઠિતં સચ્ચિદનંદરૂપં**

**ક્લેશાતીતં કજેશાદિભિરપિ પ્રાર્થ્યમાનં સુરેશૈઃ**

**ચૈતન્યં શિષ્યમધ્યે**

એ પોતે જ સ્વયં છે. આ કઈ જય મહારાજ નથી બોલતા પણ,

**નિગમગતિગિરા કથ્યતે યદ બ્રુવંતં**

વેદો ઉપનિષદો આગમ નિગમ અને સરસ્વતી સ્વયં એમ કહે છે કે,

એ તત્વ જય મહારાજનું આપણા બધાની વચ્ચે જ છે. અને એટલા માટે એ સ્વાત્મજ્ઞના સ્વરૂપને આત્મા તરીકે આપણે ઓળખવાના છે, અને એક વસ્તુ સમજો, આ સંસાર એટલે દ્વૈત, અને દ્વૈત એટલે રાગ દ્વેષ, અને રાગદ્વેષ એટલે દુર્ગતિ. રાગથી આસક્તિ આવે અને એનાથી દુર્ગતિ થાય છે, અને દ્વેષથી પણ દુર્ગતિ થાય છે, બન્નેથી દુર્ગતિ થાય છે. એ બંનેથી દૂર રહેવા માટે સ્વાત્મજ્ઞં બનવું પડે, રાગ-દ્વેષ આદિ જે છે, તેને દૂર કરવા માટે સ્વાત્મજ્ઞં થવું પડે અને જે ચેતના-ઈષ્ટદેવ મારામાં છે, એ સર્વની અંદર છે, કોનો દ્વેષ કરું, કોની જોડે ઝગડો કરું, બધા જ જય મહારાજના સ્વરૂપ છે, જે મારામાં છે, એ સહુમાં દેખાય છે મને, આ દ્રષ્ટિ આપે, એટલે રાગ દ્વેષ આપોઆપ ટળી જાય. એ દ્રષ્ટિ

કેળવવાની છે, કે સર્વમાં મારા ઇષ્ટદેવ મારા જય મહારાજ જ વસેલા છે, બીજું કોઈ નથી, તો હું કોને અપશબ્દો બોલું? કોનું અપમાન કરું? કોને તમાચો મારું? જે તમાચો મારું છું તે મારામાં રહેલા જય મહારાજને વાગી રહ્યો છે, જે અપમાન કરું છું તે મારામાં રહેલા જય મહારાજનું અપમાન કરું છું.

આ રીતે આત્માના સ્વરૂપને ઓળખવો, એ લક્ષ્ય માનવમાત્રનું છે, કોઈ પશુપક્ષીનું નહીં, માણસને જે સમજણ અને સૂઝ આપી છે, એના વડે પોતાના લક્ષ્ય સુધી, પોતાના આત્મા સુધી પહોંચવાનું છે, અને જય મહારાજ તો સ્વયમ્ એ સ્વરૂપ છે, અને એ આપણને મળ્યા છે.

**ચૈતન્યં શિષ્યમધ્યે નિગમ ગતિગિરા કથ્યતે** યદ્ બ્રવંતં

સ્વાત્મજ્ઞં થવાનું છે. જય મહારાજ સ્વાત્મજ્ઞનું સ્વરૂપ છે, એમના દર્શન કરી એમના સાનિધ્યમાં રહીએ, તો એ જય મહારાજના સ્વાત્મજ્ઞનું સ્વરૂપ આપણને દેખાવું જોઈએ, દર્શન થવાં જોઈએ, એના દરેકે દરેક જે સ્તુતિના શબ્દ છે, એ સ્તુતિના એક એક શબ્દમાં જય મહારાજના સદ્ગુણનું સ્વરૂપ છે, એટલે સ્તુતિના શબ્દો વડે જય મહારાજના સ્વરૂપમાં, આપણે એમનો સાક્ષાત્કાર કરવાનો છે, એ મેળવવાનો છે. જે ત્યાગ છે, જે તપ છે, સંયમ છે, સાત્વિકતા છે, સદાચાર છે, જે પણ કાંઈ છે તે થોડું થોડું આપણામાં આવે, ધ્યાનમાં બેસાય, એકાગ્ર થવાય, એ પણ જય મહારાજની ચેતનામાંથી આપણને પ્રાપ્ત થતા અંશો છે. જય મહારાજનો આપણામાં અવિર્ભાવ થઈ રહ્યો છે. એક વખત એવો આવે કે, લાગે કે સંતરામ મહારાજનાં દર્શન થાય છે આમાં. કેમ કે ઈષ્ટની આરાધના કરતાં-કરતાં જે પણ કાંઈ ગુણ-અવગુણ છે

ભૂતાનિ યાંતિ ભૂતેજ્યા

ભગવાને ગીતામાં કહ્યું છે, જે ભૂતોની ઉપાસના કરે છે, પ્રેતાત્માની ઉપાસના કરે છે, એ પ્રેત જેવો જ થાય છે.

યાંતિ મદ્યાજિનોપિ મામ

અને જે મારી ઉપાસના કરે છે, તે મારામય થાય છે, અને મારામાં આવે છે, સ્પષ્ટ ઉઘાડી વાત કરી છે ભગવાને ગીતામાં જય મહારાજ ગીતા લઈને બિરાજ્યા છે, અને એ પણ એ જ વાત કરે છે, ગીતાનું જ્ઞાન, પણ જય મહારાજ આપણને આપી રહ્યા છે, અને આ જ વાત છે, કેમ?

**હૃદિગતા મે સદાજ્ઞાનમૂલાઃ**

સદાય જ્ઞાનનું જ સ્વરૂપ, અજ્ઞાનનો અંધકાર તો હોય જ નહીં, અજ્ઞાનનો અંધકાર એટલે પાપ, દુરાચાર, એ કેવી રીતે આવી શકે? જય મહારાજ તો મારા હૃદયમાં જ બિરાજેલા છે, અને એને કારણે મને પણ જ્ઞાન બુદ્ધિ આપી.

આટલું સુંદર સ્વરૂપ છે જય મહારાજનું. આપણે નિત્ય પાઠ કરતા હોઈએ, પણ એ પાઠ કરવામાંથી આપણે જય મહારાજના સ્વરૂપના દર્શન નથી કરી શકતા, કેમ કે ભલે તમે શબ્દો વાંચી જાવ છો, એનો અર્થ સમજો, શબ્દાનુંસંધાન પછી અર્થાનુંસંધાન કરો પછી, એની અંદર જે ભાવ છે, સત્સંગ વડે એ ભાવાનુસંધાન કરો, શબ્દાનુંસંધાન, અર્થાનુંસંધાન અને ભાવાનુસંધાન, અને ભાવાનુસંધાન થશે અને એની અંદર જો વધારે ઊંડા ઊતરશો તો સ્વરૂપાનુંસંધાન થઈ જશે, સાક્ષાત્કાર થઈ જશે.

પણ પહેલા જે સ્તુતિ કરીએ છીએ, જે નિત્ય પાઠ કરીએ છીએ, એનો શબ્દાર્થ સમજો, શબ્દ સમજો, એનો ભાવાર્થ સમજો,

અને ભાવ જ્યાં અંદરથી આવશે કે ઓહો આટલો સરસ ભાવ છે? તો ભાવ મળી જતાંની સાથે ચીજ વસ્તુ તો આપણે ખરીદી લેવાના જ છીએ બજારમાંથી, કે ભાઈ શો ભાવ? ભાવ આપણને મળી ગયો એટવે વસ્તુ પણ ખરીદી જ લેવાના છીએ. ભાવ મળ્યો એટલે ચલો ભાઈ લઈ લો, એમ ભાવ આવ્યા પછી સ્વરૂપાનુંસંધાન, સ્વરૂપનું અનુસંધાન આપણામાં આવી જ જવાનું છે, પણ એ ભાવનું અનુસંધાન આપણી પાસે પૂરેપુરું હોય, એટલે નિત્ય પાઠ ભલે કરીએ, પણ એની સાથે એની અંદર ઓતપ્રોત થવાનું, એ શબ્દોની અંદર ભળી જવાનું,

**પોતે કહેતા પોતે સુણતા પોતે જોયું પોતાનું આપ**

એ શબ્દ સ્વરૂપે થાય. જે પણ કાંઈ શબ્દ સાંભળ્યો, એ શબ્દ સાંભળ્યા પછીથી ભાવાનુસંધાનથી આગળ વધીને સ્વરૂપાનુંસંધાન સુધી પહોંચાય જ, પણ એનું ચિંતન, એનું મનન, એનું અનુસંધાન, ચોપડી લીધી અને પાઠ કરી દીધો, એવું નહીં, સમજો, એની સાથે અનુસંધાનનો પ્રયત્ન કરો, કે ઓહો જય મહારાજને માટે આટલી બધી વાતો કહી છે? અને જય મહારાજનું આ સ્વરૂપ છે? આનંદ આવશે, એનાથી અંતર્મુખતા આવશે, જેટલો ભાવ અંદરથી જાગૃત કરીશું, કોઈપણ મંત્રમાંથી, કોઈપણ શ્લોકમાંથી કોઈપણ, આપણા માનેલા ઈષ્ટમાંથી, જેટલા આપણે અંદર ઊંડા ઊતરીશું એટલું જ આપણને વધારે મળશે.

આપ સ્વાત્મજ્ઞ છો, પણ ક્યાં બેઠેલા છો? માત્ર સમાધિસ્થાનમાં જ નહીં, સમાધિસ્થાનમાં તો આપણે જ્યોતશ્રી, ગાદીશ્રી, અને પાદુકાશ્રીનાં દર્શન કરીએ છીએ, ક્યાં બેઠેલા છો? છે ખબર?

મારા હૃદયમાં બેઠેલા છો. જ્યાં પણ હોઈશું ત્યાં જય

મહારાજ આપણી સાથે જ છે, દૂર નથી જોડે જ છે. સૂઈ જશો તો પણ જય મહારાજ તમારા હૃદયમાં સૂઈ જશે.

**હૃદિગતા મે સદા જ્ઞાનમૂલા**

હંમેશને માટે, એ જ્ઞાનનું સ્વરૂપ છે, એટલા માટે તો સદાય આપણને જાગ્રત રાખે છે. જ્ઞાન એટલે જાગતા હો અને છતાં પણ અજ્ઞાની હો તો એ અવસ્થા તમારી ઊંઘની, એ અજ્ઞાન સ્થિતિ છે.

**યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ**

આખી દુનિયા ઊંઘતી હોય ત્યારે જે તપસ્વી છે, યોગી છે, તે જાગતો હોય અને પોતાનું બધું અનુભવતો હોય.

**સા નિશા પશ્યતો મુનેઃ**

જીવોની જે નિશા છે, સંસારીઓની જે નિશા છે, જે રાત્રી છે, એ રાત્રીની અંદર જ્ઞાની જાગ્રત થઈને બધું જ જોતો હોય છે.

તો અહીં જય મહારાજ માટે કહ્યું કે,

ભલેને ગમે ત્યાં હો, પણ જય મહારાજ તો હૃદયમાં જ છે, હા પણ જો ગાફેલ રહો તો,

**ઢ ઢા ઢોલ વગાડી કહ્યું રુડા પુરુષને રૂદિયે રહ્યું,**

**સમજ્યા તેણે લીધો સાર, ગાફેલ નર તો ખાશે માર**

ક્યાં? તો જીવનમાં,

**જોતજોતામાં તો જીવન ગયું**

અને છતાંય જાગ્રત કરે છે,

**ઢ ઢા ઢોલ વગાડીને કહ્યું**

ઉઠો જાગો જાગો જાગો,

**મે સદાજ્ઞાનમૂલાઃ**

બસ મારામાં બિરાજેલા જય મહારાજ હંમેશા જ્ઞાનસ્વરૂપથી જાગ્રત છે, જાગ્રત છે, અને મને પણ જાગ્રત રાખી રહ્યા છે, મારે ઊંઘવાનું ક્યાં? લક્ષ્મણજી ચૌદ વર્ષ માટે ભગવાનની સેવામાં વનવાસ હતા, ઊંઘ્યા નથી, એનું તાત્પર્ય એ સદાય જાગ્રત છે, ક્યાંય માર નથી ખાધો, કોનો? કામ ક્રોધ લોભ મોહનો. સદાય જાગ્રત રહ્યા છે, અને જે ભગવાનના સાનિધ્યમાં જ રહેતા હોય એ સદાયને માટે જાગ્રત જ છે.

**મહારાજની ખોળે માથું મૂક્યું ને સોહંગની સોડ તાણી રે,**

**વાસના તો વિરમી ગઈ ને સહજ સમાધિ ગાલી**

એ જાગ્રત સ્થિતિ છે, એ જ જાગ્રત અવસ્તા.

મારા હૃદયમાં બેઠેલા જય મહારાજનું હંમેશાં દર્શન ક્ર્યા કરું, કે મારામાં બેઠેલા છે. જ્યાં સુધી જય મહારાજનું સાંનિધ્ય આપણે આપણા પોતાનામાં અનુભવીશું, ત્યાં સુધી આપણે બિલકુલ નિષ્પાપ, સંપૂર્ણ રીતે, પણ જ્યાં જય મહારાજના સ્વરૂપને આપણે અનુભવમાંથી સહજ બહાર કાઢયું એની સાથે બધું જ ટોળું અંદર ઘૂસી જશે, ઈર્ષ્યાનું, રાગ-દ્વેષનું, ક્લેશનું, કલહનું, ચિંતાનું, અશાંતિનું આખું ટોળું અંદર પેસી જશે, જય મહારાજને અંદર બેસાડી તો જોઈએ

**દુઃખદ્નો યત્ર વાપિ**

એવો સરસ અહીંયાં આગળ વાયુમંડળ છે, કે એ બધા જ દુઃખોનો નાશ કરી નાખે. જય મહારાજના સ્વરૂપને આપણે જેટલું સમજીશું એટલો જ સંતોષ, સાત્વિકતા, સંયમ, સદાચાર, શાંતિ આપણામાં ભરપૂર જય મહારાજ રાખશે, આપણામાં જ રાખશે,

અને એ જીવન ખૂબ જ આનંદવાળું લાગશે, બિલકુલ સાહજિક જીવન જીવી રહ્યા હોય એવું લાગશે, એમાં કંટાળો નહીં આવે, ક્લેશ નહીં થાય, દુઃખ પણ નહીં થાય, માત્ર હળવાશ, જીવનની હળવાશ જેને કહેવાય. સામાન્ય જીવનમાં આપણને દિવસમાં ક્યારેક હળવાશની પળો મળે,ત્યારે આપણે બિલકુલ કેવા હલકા થઈ જઈએ છીએ? હાશ કેવી નિરાંત છે, કેવી શાંતિ છે, જીવનની હળવાશ એ જીવનની અનુભૂતિ. જય મહારાજ જ્યાં સુધી આપણા હૃદયમાં, આપણી સ્મૃતિમાં,

**મેરે ઉર વશીયે**

આપનું સ્વરૂપ મારામાં વસ્યા કરે, અને

**વશીયે અશરણ શરણ**

અમે જય મહારાજમાં વશીયે, કઈ રીતે? અમારી વૃત્તિઓથી, અમારી મનોવૃત્તિઓથી અમે જય મહારાજમાં, અને સ્વરૂપથી જય મહારાજ અમારામાં ઓતષ્ય પ્રોતષ્ય, ઇસવાસ્યમ ઉપનિષદ, ઓતપ્રોત આનું નામ, એકબીજામાં ભળી જવું, જેમ રસોઈ બનાવતી વખતે બધા જ મસાલા એકબીજામાં ભળી જાય, અને રસોઈનો સ્વાદ આવે, થોડું પણ આઘુ પાછું થશે તો રસોઈ બેસ્વાદ થશે. બહુ જ વર્ષો પહેલાંની વાત છે, એકવાર રસોઈયો હતો નહીં, બધાએ ખીચડી બનાવવાનું વિચાર્યું, ખીચડી બનાવવા માટે તપેલું ચઢાવ્યું, પણ ખીચડી બની ત્યારે એક બાજુ હળદર, એક બાજુ મીઠું, એટલે જ્યાં સુધી અંદર ઓતપ્રોત ન થાય, મીઠું છે, હળદર છે, મસાલા છે, ત્યાં સુધી એમાંથી સ્વાદ કેવી રીતે આવે? ભૂખ કેવી રીતે લાગે? એમ આપણા જીવનમાં પણ, આપણે જય મહારાજની સાથે ઓતપ્રોત થઈશું ને, તો જ એક રસાત્મકતા, એક સ્વાદિષ્ટ જીવન બનશે, કે મારી બધી વૃત્તિઓ

જય મહારાજનામાં જ, અને જય મહારાજનું સ્વરૂપ સદાય મારા રુદિયામાં.

**પ્રભુ મારા રુદિયા કમળ વચ્ચે રહો છો**

**આ ભાવ સદાય સવારમાં ઉઠતાની સાથે,** નહાઇ ધોઈ નિત્યનિયમમાં બેસીએ ને ત્યારે આ ભાવ કરો.

**પ્રભુ મારા રુદિયા કમળ વચ્ચે રહો છો**

રોજ સવારમાં આ ભાવ કરો, કે આપ મારામાં જ બિરાજેલા છો, જાગ્યા તો કોણ જાગ્યું? તો અંદર સૂતેલા જય મહારાજ જાગ્યા, મનમાં વૃત્તિ એ પ્રકારે કેળવવી જોઈએ, હું નથી જાગ્યો પણ મારામાં બિરાજમાન જય મહારાજ જાગ્યા છે. સતત સ્વરૂપાનુંસંધાન આમ બનેલું રહેવું જોઈએ, તો જ આ સ્તુતિમાંથી, આ સ્તુતિના શબ્દોમાંથી, સ્તુતિના એક-એક શબ્દોમાંથી જય મહારાજના દર્શન થશે, જુદા જુદા દર્શન થશે. સ્તુતિની અંદર જેટલા જેટલા ભાવો છે ને, એટલા એટલા ભાવોમાં જય મહારાજના દર્શન થશે.

**સહસ્ત્ર પાદા શિશિરો બાહવે**

**અનેક રૂપ રૂપાય**

જય મહારાજના વિરાટ સ્વરૂપનાં દર્શન આ સ્તુતિમાંથી થશે, અને એના માટે કહ્યું કે,

**અદ્વૈતાનંદ રૂપાત્**

અદ્વૈત જોતાં શીખો. અદ્વૈત એટલે બીજું નહીં, માત્ર એક જ, સર્વત્ર સર્વમાં જય મહારાજ છે જ, ધીરે ધીરે એની દ્રઢતા કરો, કોઈની સાથે દ્વેષ ન કરશો, કોઈની સાથે આસક્તિ પણ ન રાખશો, બસ એક જ ભાવ, કે સર્વમાં જય મહારાજ બેઠેલા છે,

મને સર્વમાં જય મહારાજનું દર્શન થાય છે. આ ભાવ સદૈવ આપણામાં બન્યો હોય તો જ,

એમાંથી અદ્વૈતનો આનંદ મળશે, અદ્વૈત સ્વરૂપ આપણે જડશે. શોધો, છે, આપણે પોતે જ છીએ, આપણા પોતાનામાં જ છે, આપણે સ્વયં છીએ, પણ આપણે એને શોધતા નથી, ઘર આપણું છે, પણ કંઈ ખ્યાલ નથી આવતો. આપણે શોધતા નથી, જેમ ઘર જડી જાય શોધતાં-શોધતાં, એમ આપણો આત્મા પણ શોધતાં-શોધતાં જડશે, નહીં જડે એમ નહીં. પ્રાતઃકાળની અંદર અનુસંધાન કરો,

**ચૈતન્ય શિષ્ય મધ્યે**

આપ જ છો, મારા હૃદયની અંદર આપ જ બિરાજો છો, આવા ભાવથી સદાય અનુસંધાન કરીશું ને, તો જય મહારાજનું સ્વરૂપ આપણા હૃદયની અંદર હંમેશા બિરાજમાન રહેશે, તો એ અદ્વૈતનું સ્વરૂપ જય મહારાજનું, આપણા સહુના હૃદયમાં બનેલું રહે.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૬૪

# કોઇના દોષ ન દેખે કશા.

**નષ્ટાસ્તં રામરૂપં**

સદાય જે રામ રૂપ છે, જે શરણે આવેલા લોકોના પાંચ ક્લેશોનો નાશ કરવાવાળા છે. તો સ્વયં રામ સ્વરૂપ છે,

**નષ્ટાસ્તં રામરૂપં શરણગતજનક્લેશ પંચાદિહારમ્**

અન્વય પણ કરવો પડે. તો જે પાંચ ક્લેશોને હરવાવાળા છે, અને સદાય જ્ઞાનનું મૂળ છે. પરમાત્મા જય મહારાજ, એમને સર્વ સ્વરૂપ કહો, સર્વ સ્વરૂપ એમના જ છે, સર્વ અવતાર એમના જ છે, એટલે એ પરબ્રહ્મ ને અહીંયા રામરૂપ કહ્યા, જે શરણે આવેલા સર્વના પાંચેય પ્રકારના ક્લેશો દૂર કરે છે. એ પાંચેય પ્રકારના ક્લેશ અવિદ્યા, અજ્ઞાન એ પણ એક ક્લેશ છે. ના સમજાતું હોય તો માણસ મુંઝાયા કરે, દુઃખી થાય. તો એ અજ્ઞાન, અણસમજ. આપણે એક વાત સમજીએ, કે આપણો આત્મા રામનું સ્વરૂપ છે,

શરણે આવેલાના જે પણ કાંઈ ક્લેશો છે, એને નષ્ટ કરવાવાળા રામ સ્વરૂપ આપ છો.

**નષ્ટાસ્તં રામરૂપં શરણગતજનક્લેશ પંચાદિહારમ્**

જય મહારાજને શરણે જઈએ એટલે આત્માને શરણે જઈએ, અને આત્મા સ્વયં રામ છે, અને જેની પાસે આત્મતત્વ રૂપી આત્મારામ છે, અને આત્મારામનું શરણું એ જ જય મહારાજનું શરણું છે. આમ રામ સ્વરૂપ કહીને આપણા જીવનના પાંચે ક્લેશોનો નાશ કરનાર છે. અહીંયા ભલે અવિદ્યા અસ્મિતા વગેરે કહ્યાં હોય, આપણે એટલું સમજીએ કે આપણા જીવનની અંદરના ક્લેશ કયા? આપણા શરીરમાં આવતા બધા જ એ ક્લેશ, અહીં આગળ રાગદ્વેષ, અવિનિવેશ, એટલે કે અહંકાર અવિદ્યા, પાંચ ઈન્દ્રિયો એ પાંચ ક્લેશો ઉત્પન્ન કરાવનારી છે. બધાયથી વિકૃતિઓ, વાસનાઓ, ભોગો, સુખ દુઃખ, બધા જ ક્લેશ આવતા હોય છે. એ પાંચેય ઈન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થતા ક્લેશોનો નાશ કરવાવાળા આપ છો. અવિદ્યા, અસ્મિતા, રાગ દ્વેષ એ બધા તો ખરા, એ રાગ દ્વેષ ઇત્યાદિ તો ખરા જ, પણ આપણા શરીરની આપણી ઈન્દ્રિયો, આપણું મન આપણને ક્યાં નથી પજવતું? પજવે જ છે ને. મન કોઈ દિવસ શાંતિથી બેસવા દે છે ખરું? પજવ્યા જ કરે છે, પજવ્યા જ કરે છે. બસ તો એ જે પાંચ પ્રકારના ક્લેશો આપણી પાંચેય ઈન્દ્રિયોના, એ નષ્ટ કરવા બહુ જ મુશ્કેલ છે, નાશ પામવા મુશ્કેલ છે. તો આપણી જાતે તો આપણે એને નાશ કરી શકતા નથી. તો જય મહારાજનું શરણ છે આપણી પાસે તો,

**શરણગતજનકલેશ પંચાદિહારમ્**

જે અમને શરણે જાય છે, જે અમને શરણે આવે છે, એ બધાયના જીવનના કલેશો, પાપ તાપ, બધા જ નાશ કરી દે છે. આપણે અહીંયાં આવીએ છીએ, અહીંયાં બેસીએ છીએ, જે પણ

કાંઈ સ્મરણ, ભજન, પાઠ નિત્યનિયમ સેવા કરીએ છીએ, એનાથી કાંઈ અનુભવ થાય છે ખરો? કાંઈક હળવાશ મળે છે ખરી? શાંતિ મળે છે ખરી? બસ એ જ છે

**યત્સંગાત્**

શરણે આવેલા સહુના વિકારો જય મહારાજ શાંત કરી દે, નષ્ટ કરી દે. આપણું મન જય મહારાજના સાનિધ્યમાં શાંત થઈ જાય, કોઈ પાપ ન કરે, બધી જ રીતે ડાહ્યું ડમરું થઈ જાય, કેમ કે જય મહારાજ આગળ બેઠા છીએ એટલે કશું પણ બોલાય નહીં, આઘું પાછું પણ થવાય નહીં, એટલે બહુ જ નિરાંતની વાત તો એ, કે બસ જય મહારાજનું શરણું મળ્યા પછીથી જો આટલો બધો લાભ થતો હોય

**ક્લેશ પંચાદિહારમ**

એક એક ક્લેશ દૂર કરવો હોય મનમાંથી, ઘરમાંથી, વ્યવહારમાંથી, તો કેટલી બધી મથામણ કરવી પડે છે? એક ક્લેશ દૂર કરવો હોય મનથી, કેટલી ભાંજગડો, અને કેટલા સંઘર્ષો થાય છે ઘરમાં? પરિવારની અંદર જ, ઘરના ને ઘરના સભ્યોની અંદર જ એક ક્લેશ દૂર નથી થતો, અને કેટલા બધા અશાંત અને દુઃખી થઈ જઈએ મનમાં, અને જ્યારે જય મહારાજના શરણમાં આવીએ એની સાથે પાંચ ક્લેશો નાશ પામી જાય.

**નષ્ટાસ્તં ક્લેશ પંચાદિહારમ્**

પાંચે પ્રકારના ક્લેશનો નાશ કરવા બેઠા છે જય મહારાજ, કે આવો, સારું કે ખોટું, અલ્યા આ શું બધું નાશ કરવા બેઠા છો? નષ્ટ કરવા બેઠા છો? એવું નહીં, આ તો સારું છે કે જય મહારાજ આપણને મુક્ત કરી દે છે, એની નિરાંત છે, શાંતિ છે, જય

મહારાજના શરણે બેઠેલા છે, કશી પણ ઉપાધિ નહીં, કશી પણ અશાંતિ નહીં, કેમકે

**જે પણ કોઈ જય મહારાજને શરણે આવે, જય મહારાજનું શરણું લે, એને ક્યારેય પણ આપત્તિ આવે નહીં. ભલે લાખો ઉપાધિઓ આવે,** તો પણ ના નડે. જે જય મહારાજને ભજે, એને લાખો ઉપાધિઓ આવે તો પણ કોઈ ના નડે. જેણે પણ આ રચના કરી હશે, કેટલો સરસ ભાવ છે, બહુ જ સરસ ભજન છે. તો રચના કરનારના હૃદયમાં જે ભાવ જાગ્યો એ વ્યક્ત કર્યો. પણ અહીંયાં તો જય મહારાજની સ્તુતિના શબ્દોમાં, જય મહારાજનું એ સ્વરૂપ જ છે.

જય મહારાજ પાંચ પ્રકારના ક્લેશો એકીસાથે કાઢી નાખે, સહેજ પણ કચરો ન રહે, મનમાં એક પણ ક્લેશ ફસાઈ રહ્યો હોય તો શું હાલત થાય છે? બેચેની, કેટલાં અંદર ઉધામાં નાખ્યા કરે? ફક્ત એક જ ક્લેશ શાંતિથી ખાવા દે ખરો? આપણા જ ઘરમાં આપણને શાંતિથી રહેવા દે ખરો? ઊંઘવા દે ખરો? તો એક ક્લેશ જે માણસને હેરાન પરેશાન કરી નાખતો હોય, અને એક ક્લેશ કાઢવાની આપણી તાકાત ના હોય. એક ક્લેશ છાતી ઉપર ચઢીને એવી રીતે બેઠો હોય, આઘું પાછું થવાય જ નહીં ને, અને અંદર જ ચૂંમાયા કરે. હવે એ ક્લેશ કાઢે કોણ? ફસાઈ ગયા છીએ આપણે અંદર, એ ક્લેશને કાઢવાની શક્તિ કોઈપણ જીવમાં નથી. એક પરમાત્મા સ્વરૂપ જય મહારાજને શરણે ગયા, તો જય મહારાજે આવતાની સાથે દ્રષ્ટિ આપી, હાશ નિરાંત થઈ, કેટલી મજા આવે છે, કેટલી શાંતિ છે અહીંયા, બેસો, હવે અહીંથી જવું જ નથી, થોડીવાર બેસોને વધારે, શું ઉતાવળ છે, કેમ કે મનના ક્લેશો

આપોઆપ શાંત થઈ જાય છે. અને જ્યાં ક્લેશ દૂર થતા હોય, જય મહારાજ પ્રસાદી રૂપે એમને એમ આપતા હોય, પ્રસાદીના સ્વરૂપે જય મહારાજ આપણને એમ ને એમ ક્લેશો દૂર કરી આપતા હોય, એ આનંદ બીજે ક્યાં મળવાનો હતો? જય મહારાજ અતિશય ઉદાર છે, જય મહારાજનું સ્વરૂપ અતિશય કોમળ છે, કે કોઈપણ શરણે આવેલો દુઃખી હોય ને, એના દુઃખ જોઈ અને તરત જ એના ઉપર દ્રવી જાય.

**પૂરણ પ્રેમ દયાળની મૂર્તિ છો** તમે

ગમે એવો મોટો પાપી આવ્યો હોય, ગમે એટલા અવગુણ લઈને આવ્યો હોય, છતાં પણ,

**પૂરણ પ્રેમ દયાળની મૂર્તિ છો** તમે

પરમ ઉદાર,

**કોટી અપરાધ વિસારીને**

આવ્યો છું ને, મારી પાસે આવ્યો છું, એ સ્વાભાવિક છે ઠંડી કડકડતી લાગતી હોય, અને અગ્નિ પાસે જઈને બેસીએ, અને જો અગ્નિ ટાઢના ઉડાડે તો અગ્નિ શાનો? ખૂબ જ ગરમી લાગી હોય, અને બરફની પાસે જઈએ અને જો ટાઢક ન મળે, તો પછી બરફ શેનો કહેવાય?

**પારસને પરસે નહી હોય હેમ,**

**ત્યારે તેને પારસ કહીએ કેમ,**

**રામ નામ લીધે દામે અજ્ઞાન,**

**ત્યારે કોણ કહેશે ભલા ભગવાન**

પ્રીતમ સ્વામી એ એટલા બધા ટોણા માર્યા છે, એટલાં બધાં મહેણાં માર્યાં છે, કે વાત ના પૂછો.

**સિંહને શરણે જંબુક ખાય,**

**ત્યારે સિંહ શરણે ગયે શું થાય**

જો શિયાળવા જ ફાડી ખાતા હોય, તો પછી સિંહને શરણે આવવાનો અર્થ જ શું? બાપજી તમારે શરણે આવેલા છીએ, અને આપ ક્લેશ દૂર કરવાને સમર્થ છો, અમે આપને આંગણે આવીએ અને પછી એમ ને એમ ભૂખ્યા જઈએ ખરા? કોઈ પણ ભૂખ્યો રહે ખરો જય મહારાજને આંગણે? તો પછી એનાં પાપ કેવી રીતે રહી શકે? એવા ઉદાર છે જય મહારાજ, કે એના પાપ દૂર થાય. એવું સાધન પણ આપી દે, લે આ કરજે, તારાં બધાં જ પાપ દૂર થઈ જશે, લે આટલું કરજે સુખી થઈશ, આ મંત્ર કરજે તારું કામ પૂરું થશે, આમ જય મહારાજ તો,

**ક્લેશ પંચાદિહારમ્**

દરેક પ્રકારના ક્લેશોને દૂર કરે એ જ સદ્ગુરુ, સદ્ગુરુ સાચી સમજણ આપશે. પરમાત્મા જય મહારાજ આપણા સહુના જીવનમાં આવીને સુખ શાંતિ આપે છે. જય મહારાજ ઉદાર છે. કરોડો કરોડો અપરાધો કરીએ તો પણ જય મહારાજ તો માફી આપવા માટે જ બેઠેલા છે. કહો જોઈએ, આપણો સ્વભાવ કેવો છે? ઘરમાં કોઈએ એક ગુનો કર્યો હોય, તો પણ આપણે માફી આપવા માટે તૈયાર નથી હોતા, કેટલા બધા બૂમબરાડા, આમ કર્યું જ કેમ, આમ થાય જ કેમ, પણ જય મહારાજ તો ઉદાર છે, કરોડો અપરાધો,

**કોટી અપરાધ વિસારી**

આ જય મહારાજનું સ્વરૂપ છે, કરોડો અપરાધને ભૂલી જાય, કાંઈ વાંધો નહીં, આટલી ઉદારતા શીખજો જય મહારાજને શરણે આવીને, ઘરમાં, વ્યવહારમાં, આવા તો કેટલાય સંઘર્ષો અને ક્લેશો થવાના, પણ ઘરને તૂટવા ન દઈએ, ઘરમાં અશાંતિ ન થવા દઈએ, જો જય મહારાજને શરણે છીએ, અને જય મહારાજ તો કરોડો અપરાધ માફ કરવાવાળા છે, તો આ તો આપણા પરિવારમાં છે, પરિવારમાં કોઈ એક જણનો એક ગુનો માફ ન કરી શકાય? ચાલો શાંત થઈ જાવ, ભૂલી જાવ, હવે આવું ન કરશો, બેસો બધા શાંતિથી અને જમો, આ ભાવ આવવો જોઈએ. એકવાર શું થયું છે તો બરોબર છે, પણ ફરી ન થવું જોઈએ, હળવાશ. જય મહારાજના સાનિધ્યમાં રહીને જય મહારાજના સ્વરૂપની અનુભૂતિ કરવી હોય, તો ઉદાર થવું પડશે, કારણકે એક એક જય મહારાજના સદ્‌ગુણોનો આવિર્ભાવ આપણામાં થાય, અને આપણને મળે, તો આપણે હળવાશ અનુભવી શકીએ, અને હળવાશ અનુભવવી હોય તો ઉદાર થવું જ પડશે.

**કોઈના દોષ ન દેખે કશા,**

**નન્ના નિર્મળ તેની દશા**

એટલું યાદ રાખજો, કે કોઈના પણ દોષની ગણતરી રાખશો નહીં, કે આ વ્યક્તિ આટલા દોષવાળો છે. દોષ જોવાનું પરિણામ શું આવે, ખબર છે? એક તો સવારના પહોરમાં તબાસરુ લઈને નીકળે, રસ્તામાં પોદળા પડ્યા હોય તે વીણી લાવે, અને પોતના ઘર આગળ ઉકરડો બનાવે. દોષ જોવો એટલે આખા ગામના પોદળા ઉઠાવી લાવી, અને ઘર આગળ ઉકરડો બનાવવો, હવે આ સારું લાગે ખરું? આખો દિવસ ફરી ફરી અને લોકોના

દોષ અને અપરાધ જોઈ, અને સાંજ પડે આપણા અંતઃકરણના આંગણે એ ઠાલવવાનો એ ઉકરડો પછી મોટોને મોટો થતો જાય. આપણા જીવનમાં લોકોના દોષ વીણી લાવી અને આપણે આપણા અંતઃકરણમાં એ ઠાલવીએ છીએ. એના લીધે આપણું ઘર ગંધાય છે ઉકરડો આપણા ઘરના આંગણે જ આવે છે કાઢો એને

**કોઈના દોષ ન દેખે કશા**

**નન્ના નિર્મળ તેની દશા**

દોષ દ્રષ્ટિ રાખવી જ નહીં, લીમડો કડવો જ હોય, પણ જ્યારે લીમડા વિશે બોલીએ ત્યારે, આ લીમડો કેટલો સરસ છે, એના દાતણ કરીએ તો દાંત સારા રહે, લીમડો ખાઈએ તો શરીર સ્વસ્થ રહે, લીમડાના પાણીથી નાહીએ તો તાવ જતો રહે, આ ભાવ રાખવો. સદ્‌ગુણો જ જોવાના, જો દોષભાવથી જોઈશું ને તો કોઈપણ સદ્‌ગુણ નહીં મળે. ભલે કડવાશ એનો એક દુર્ગુણ છે, પણ સદ્‌ગુણ હજાર છે, અને એ દુર્ગુણ તમને કેટલો નડશે? બસ જીભ ઉપર જ. લીમડાની કડવાશ તમને નડશે તો બસ આટલી જીભ ઉપર જ, જીભથી નીચે ગયા પછી એ અમૃત. આખા શરીરને ફાયદો થશે, ડાયાબિટિસ પણ મટાડશે. તો પછી એક આવડી અમથી જીભને શા માટે લાડ લડાવવા? આટલા મોટા શરીરને જો લાભ થતો હોય લીમડાથી, જીભ એકલી જ બોલે કે તું કડવો છે, તું કડવો છું, પણ જીભ નીચે ઉતરી ગયા પછી આખું શરીર કહે કે હાશ બહુ જ સરસ થયું. ઉનાળામાં ગરમી હોય, અને લીમડાનો ગરમો પીવો તો ગરમી ઓછી લાગે, લીમડાના આટલા બધા ફાયદા છે, એટલે દુર્ગુણ જોયા વગર કોઈનો પણ એક સદ્‌ગુણ લઈ લો, કે ના ભાઈ તમે બહુ સારા માણસ છો, મંદિરમાં દર્શન કરવા

માટે આવ્યા છો, ચાલો આપણે સાથે જઈએ, **કોઈનો પણ દુર્ગુણ જોવો નહીં, દુર્ગુણ જોવાથી આપણું જીવન બગડશે. આપણે એક છીએ, અને દુનિયાના માણસો અનેક છે. દરેકનામાં કોઈ ને કોઈ દુર્ગુણ છે. જો ફક્ત દુર્ગુણો જોયા કરીશું તો એ બધાયના દુર્ગુણો એકઠા થશે આપણા મગજમાં,** બોલો પછી શું કરશો? ભેગા થાય એટલે એનું તોરણ બાંધવાનું, અને એ તોરણ ઘરની આજુબાજુ બાંધી દેવાનું, પછી ભલે ઘર ઉકરડો બને. અહીં એક વેદાંતી હતા, અંબાલાલ, કાકરખાડના, પાછળ બેસતા હતા ઓટલા ઉપર મુનિ નિવાસના. અહીંથી ઘેર જાય એટલે રસ્તા ઉપરથી ફેંકી દીધેલા ડબલાં, કપડાનાં ચિથરાં, એ બધું જ વીણી વીણીને ઘર આગળ ઢગલો કરે. હતાં વેદાંતી, અહીંથી જાય એટલે રસ્તામાં જે ફેંકેલું હોય તે બધું જ લઈ જઈ અને ઘર આગળ મૂકે. આ બધું કામનું છે, હું લઈ આવ્યો છું. અલ્યા ભાઈ પણ આ કચરો શા માટે લઈને આવ્યા છો? ઘરનું આંગણું કેવું લાગે? જાણ કે કચરાની ટોપલી. એમ લોકોના અવગુણો જ વીણી લાવવાની આદત પડી હશે, તો આપણા મગજનું આંગણું ઉકરડો બની જશે. સદ્‌ગુણ જોતાં શીખીએ, અને સદ્‌ગુણ જોવાનું જો શીખીશું તો આપણું જીવન શાંત રહેશે. આપણા ક્લેશો દૂર થશે. જય મહારાજ કોઈના પણ દુર્ગુણ જોવાનું કહેતા જ નથી. દરેકમાં જય મહારાજને જોયા હોય, જુઓને જટા છે... ભસ્મ ચોળી છે ધૂણા આગળ બેસી રહ્યા છે. આ બધા અવગુણ જોશો જય મહારાજમાં? એકલા કોપીન પહેરીને બેઠેલા છે, જો આ બધા જ અવગુણ જોયા કરશો તો જય મહારાજના સ્વરૂપને કેવી રીતે મેળવી શકશો? જય મહારાજ તો સ્વયં બીજાના ક્લેશો દૂર કરવાવાળા છે, એ રામ સ્વરૂપ પરમાત્મા છે જય મહારાજ.

**નષ્ટાસ્તં રામરૂપં શરણગતજનક્લેશ પંચાદિહારમ્**

જે જય મહારાજના શરણે આવ્યો છે, એના ક્લેશો જય મહારાજ દૂર કરે છે, અને આપ તો સ્વયં ભગવાન રામ છો.

**રાંમરૂપં**

ભગવાન રામનું સ્વરૂપ આપ છો, એટલે જય મહારાજ સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છે. અને બીજા બધા અવતારો છે. જય મહારાજ બીજા કોઈ નથી, રામકૃષ્ણ પણ એ જ છે, બીજું સ્વરૂપ છે જ નહીં. અદ્વૈતાનંદ રૂપાત્

સર્વત્ર આપ એક જ છો અદ્વૈત, બીજું નહીં. આટલી સરસ દ્રષ્ટિ મળતી હોય, આટલું સરસ જય મહારાજનું સ્વરૂપ મળતું હોય, અદ્વૈતનો આનંદ લેનાર, અદ્વૈતનો આનંદ માણનાર, અદ્વૈત એટલે બીજું કશું જ નહીં માત્ર એક જ, એક જ સર્વત્ર છે સર્વમાં છે.

**નમઃ સર્વસ્તે તે તદિદ મિતિ સર્વાય ચ નમઃ**

તે સર્વમાં છે, અને સર્વ એની અંદર છે, એને વંદન કરીએ છીએ. આવો ભાવ, આવી દ્રષ્ટિ સતત બની રહેવી જોઈએ. જય મહારાજ સ્વયં એ પણ રામનું જ સ્વરૂપ છે. એનાથી ભિન્ન અન્ય કાંઈ નથી, અને એ જ બધા જ પ્રકારના ક્લેશો દૂર કરી સાચી શાંતિ આપે છે. જય મહારાજનું સ્વરૂપ તો અતિ દિવ્ય છે, જય મહારાજને શાંત કહીને,

**શાન્તં શ્રી સંતરામં**

**શાન્તં શ્રી ધર્મતત્વં**

આપ તો શાંત છો, અને સમસ્ત ધર્મનું તત્વ છો, અને

એનો વૈભવ, એની શ્રી લક્ષ્મી પણ આપ છો, આવા અનેક ભાવો વડે જય મહારાજને આપણે ભજીએ. **જય મહારાજના સ્વરૂપને આપણે માણવાનું છે, માત્ર દર્શન કરી ચાલ્યા જવાનું નથી. જે પણ કાંઈ સ્તુતિ છે, એ સ્તુતિના જે પણ કાંઈ સંબોધનો છે, શબ્દો છે, એના વડે આપણે જય મહારાજને માણીએ.** જેમ જમવા બેસીએ, અને ભોજનનો સ્વાદ માણીએ, કેટલું સરસ થયું? છે, કેરી કેટલી સરસ છે, એનો સ્વાદ માણીએ છીએ, એમ જ જય મહારાજને પણ આપણે માણવાના છે. જય મહારાજ કેટલા સૌમ્ય છે, કેટલા શાંત છે, કેટલા સાત્વિક છે, કેટલા દર્શનીય છે, એ રીતે આપણે જય મહારાજને માણતા માણતા આનંદ અનુભવીએ. જેમ કેરીનો રસ કાઢયો હોય, કેટલો ઘટ છે, કેટલો સરસ કેસરી રંગનો છે, કેટલો સરસ મીઠો છે, સુગંધી કેટલી સરસ આવે છે, વગર ખાધે માણી લેવાનું, માણવાનું પહેલું. એમ જય મહારાજના સ્વરૂપને આપણે માણીએ. જય મહારાજ શાંત સ્વરૂપ છે, જય મહારાજ સૌને શરણ આપવાવાળા છે, જો આટલા બધા ભાવથી આપણે જ આપણા સ્વરૂપમાં જય મહારાજનો આવિર્ભાવ કરી લઈએ, જેમ કેરીનો સ્વાદ જોયાથી જ ખબર પડે, તો ચાખ્યા પછી કેટલો આનંદ આવે છે? બસ આ રીતે, તે રામસ્વરૂપ આપ છો અને આમારામાં આપ જ બિરાજેલા છો, આપ સ્વયં અદ્વૈતનું જ સુખ છો, અદ્વૈતના સુખમાં કેટલો આનંદ આવે, ખબર છે? કોઈની પણ જોડે વેરઝેર નહીં, માન અપમાન નહીં, કોઈી પણ ગમો-અણગમો નહીં, કોઈની સાથે દુશ્મનાવટ પણ નહીં, બસ આ સ્થિતિ, આનંદ, એ છે અદ્વૈત આનંદરૂપ. પોતાનાથી જુદુ અન્ય કાંઈ પણ દેખાતું જ ન હોય, કોને દુઃખી કરવો?

**ઉમા જે રામ ચરણ રત વિગત કામ મદ ક્રોધ**

**નિજ પ્રભુ મય દેખહિ જગત**

બધે જ મારા સીતારામજી જ બિરાજેલા છે, બધે જ મારા સીતારામજી જ છે. લોમશ ઋષિએ શ્રાપ આપ્યો, એ મારા ભગવાને શ્રાપ આપ્યો, મેં શ્રાપ લીધો તો એ મારા ભગવાને શ્રાપ લઈ લીધો,

વિરોધ કોની સાથે કરવાનો? એ બધું જ મારું સ્વરૂપ છે, બધાં હું છું અને બધાં મારામાં છે.

**અદ્વૈતાનંદ રૂપાત્**

અને એ જ અદ્વૈતનો આનંદ લેવાનો. જો દ્વૈત થઈ ગયું તો રાગ-દ્વેષ આવવાનો, ક્યાં તો આશક્તિ થઈ જાય, ક્યાં તો વેર થઈ જાય, રાગદ્વેષ એ જ છે, કોનું અપમાન કરું, બધાયમાં મારા ભગવાન દેખાય છે, અને એ જે દ્રષ્ટિ આવી એને કારણે કોઈનાથી પણ દુઃખી નહીં. કોઈના પણ અવગુણ જોવાના જ નહીં, બધાય સારા છે, બધાયમાં મારા ભગવાન દેખાય છે, અને એ જે દ્રષ્ટિ આવી, તેને કારણે કોઈનાથી પણ દુઃખી નહીં. કોઈના પણ અવગુણ જોવાના જ નહીં, બધા જ સારા છે, બધામાં મારા ભગવાન, મારા જય મહારાજ બિરાજેલા છે, **બધાયને જય મહારાજ જે શ્રદ્ધાથી આવે છે મંદિરમાં.** એ જય મહારાજની શ્રદ્ધા લઈને આવે છે, એના હૃદયમાં, મનમાં, મંદિરમાં આવતા સુધી તો જય મહારાજ બેઠેલા જ છે, લાવને એમને જય મહારાજ કહી દઉં, મંદિરમાં આવ્યા છો, જય મહારાજ. હૃદયમાં બેઠેલા જય મહારાજને પગે લાગીએ છીએ, બહાર ગયા પછી નહીં. બહાર ગયા પછી તો એમના હૃદયમાં આવીને વ્યવહાર બેસી જશે. તે વખતે હાથ જોડવાનું મન નહીં થાય, ત્યારે કહેશે કે કેમ છો.

અદ્વૈતનો આનંદ અલૌકિક છે.

**ન અન્ય ન દ્વૈત ઈતિ અદ્વૈત**

જગતમાં મારા ઈષ્ટદેવ પરમાત્મા સિવાય બીજુ કાંઈ છે જ નહીં, એનું નામ,

**અદ્વૈતાનંદ રૂપાત્**

આપ તો અદ્વૈતનું સાક્ષાત આનંદ સ્વરૂપ છો, અને અભેદમાં જે આનંદ આવે, અભેદ, કોઈપણ જાતનો ભેદભાવ નહીં, બહુ જ ઊંચા પ્રકારનો હોય, અને તમે બધાયની સાથે પ્રેમની દ્રષ્ટિથી જોશો, વ્યવહાર કરશો, બધા જ તમારી સાથે પ્રેમ કરશે. ડોંગરેજી મહારાજ માટે કોઈને પણ દ્વેષ થાય ખરો? બધાયમાં આનંદથી, કે મારા ઠાકોરજી બિરાજેલા છે, એમને જય શ્રી કૃષ્ણ. આપણને જો ડોંગરેજી મહારાજ એમ કહે કે, તું ફલાણો છું ને તું આવો છું, તો સામે કહેશે કે તમે આવા છો, પણ દ્રષ્ટિ એવી કે બધાયમાં મારા ઠાકોરજી બિરાજેલા છે. એટલે એ જે અદ્વૈતનો આનંદ છે ભક્તિમાં કે જ્ઞાનમાં, એ બહુ જ ઊંચામાં ઊંચો આનંદ છે. એ જય મહારાજનું જ સ્વરૂપ છે. બસ જય મહારાજના એ સ્વરૂપને આત્મસાત કરો, એમાંથી સાક્ષાત્કાર કરો જય મહારાજનો,

**અદ્વૈતાનંદ રૂપાત્**

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૬૫

# ગુરુગમે અજવાળું થયું.

**તંરામરૂપં**

એ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા જય મહારાજ સ્વરૂપ છે. **જય મહારાજ સ્વયં રામ સ્વરૂપમ્, જય મહારાજ પોતે ત્રેતાયુગમાં ભગવાન શ્રીરામ, આજે સંતરામ સ્વરૂપે આપણા સૌને પ્રાપ્ત થયા છે.**

**તં રામરૂપં શરણગતજન**

ભગવાન રામ ઉદાર સ્વરૂપે શરણે આવેલા સહુના ક્લેશો દૂર કરવાવાળા છે. માત્ર શરણર્થી બનો, જે ભગવાન શરણે આવે તેને તારી લે છે.

**શરણ તમારે જે આવે તેને લે છે તારી**

શરણાગત વત્સલ છે પરમાત્મા સ્વયં. જય મહારાજ પણ દયાળુ છે, શરણાર્થીને પરિપૂર્ણ રીતે સાચવવાવાળા છે. એના કષ્ટ, એના ક્લેશ, જ્ઞાન દ્વારા બધા જ દૂર કરવાવાળા છે.

**જ્ઞાનસ્વરૂપં નિજબોધયુક્તં**

જય મહારાજ જ્ઞાનસ્વરૂપ છે,જેમણે પરિપૂર્ણ રીતે પોતાનું આત્મતત્વ પ્રાપ્ત કરી લીધું છે, જેણે આત્મસાત્ કરી લીધો છે,

તેવા જય મહારાજ પાંચેય પ્રકારના ક્લેશ દૂર કરે છે. માનવ જીવન અનેક પ્રકારના ક્લેશોથી અટવાયેલું છે. જે પણ બધા ક્લેશો એ પાંચ પ્રકારના છે, **બધા જ ક્લેશો એ પાંચ પ્રકારના ક્લેશોમાંથી પ્રગટ થતા હોય છે. રાગ, દ્વેષ, અહંકાર, અવિદ્યા, આ બધા જ ક્લેશ ઉત્પન્ન કરનારા છે.** અવિદ્યા છે, અણસમજ, માણસના જીવનમાં અણસમજ કેટલી બધી અંધાધૂંધી ઊભી કરે છે? કેટલી બધી અશાંતિ ઉભી કર છે? માત્ર એક અણસમજ, કોઈપણ વ્યક્તિ ને બરાબર ન સમજી શકીએ પછી એની સાથે કુભાવ, અમન થઈ જાય, તો એ જે અણસમજ છે એનું નામ છે અજ્ઞાન. એ એમાંથી ઉત્પન્ન થાય છે રાગ-દ્વેષ. એટલું યાદ રાખજો, કે આ રાગ દ્વેષ એ પણ ક્લેશ જ છે, કોઈપણ વ્યક્તિની સાથે અતિ આશક્તિ થઈ જવી એનું નામ રાગ છે, અને એ અતિશય આશક્તિ પણ માણસને દુઃખી કરે છે, એટલે અતિશય આસક્તિ પણ ભગવાન ભુલાવવાવાળા છે. જય મહારાજ તો સાક્ષાત ભગવાન છે, અને એ સ્વયં આ રાગ દ્વેષવાળી જે માનસિકતા છે, એને તોડાવે છે. કોઈપણ પ્રકારનું સાધન ભજન કરવું હોય એટલે દ્વેષ તો ચાલે જ નહીં, પણ આસક્તિ પણ ત્યાં ન હોવી જોઈએ. જો રાગ-દ્વેષ હશે તો પણ તમને ભજનની અંદર એકાગ્ર નહીં થવા દે, બધા પાસેથી તમને બધું છોડાવી ને એકલા કરી નાખે.

**સબકે મમતા**

બધાની સાથે જે મમત્વ ના તાંતણા છે, તે બધા જ તોડી છોડી, એને ભેગા કરી,

**તાગ બટોરી**

એક સરસ મજાની દોરી બનાવો. જે તાંતણા સગા સંબંધીઓની સાથે બાંધ્યા છે, બહુ જ પાતળા તાંતણા છે, પણ એ જલ્દી તૂટતા નથી, છૂટતા નથી, એનું નામ રાગ છે અને એ રડાવશે જ, દુઃખી જ કરશે, હેરાન કરશે જ, અશાંતિ ઊભી કરશે જ. કેમ કે જો એ દુઃખી છે તો આપણે પણ દુઃખી છીએ. આજે જે સમાચાર છે કેદારનાથના, એ સમાચારમાં જે તાંતણા બાંધેલા છે એ બધા જ દુઃખી થવાના જ છે, કેમ કે એ મારા છે, એમાં પ્રેમ છે, એમાં આસક્તિ છે, અને એને કારણે આપણે અહીંયા બેઠા બેઠા પણ દુઃખી છીએ, એટલે જેમ દ્વેષ દુઃખી કરે છે, એમ આસક્તિ રાગ પણ દુઃખી કરવાનું સાધન છે. કોઈકના ઘરમાં રહેતા હોઈએ ભાડે, તો બીજાનું છે ને, આપણે શું? પણ પોતાની માલિકીના ઘરમાં રહેતા હોઈએ તો? પાડોશી ખીલો મારતો હોય ને, ભાઈ રહેવા દે છાતીમાં વાગે છે, આ બાજુ પોપડા ખરે છે, બૂમ પાડીએ છીએ ને? કેમ કે આસક્તિ છે, આ ઘર મારું છે. તો એ જે મારાપણાનો ભાવ છે તે દુઃખી કરનાર છે. **જ્યાં સુધી રાગ-દ્વેષ દૂર ન થાય, જ્યાં સુધી રાગ-દ્વેષ ન છૂટે મનમાંથી, ત્યાં સુધી માણસ દુઃખી જ રહે છે.** એમ અસ્મિતા, એટલે અહંકાર. અહંકાર પણ માણસને દુઃખી કરે છે. આવડો મોટો વિદ્વાન રાવણ, મોટો શિવ ભક્ત, છતાં પણ એનું પતન થયું, એનો નાશ થયો, શાના કારણે? અહંકાર, અસ્મિતા, વાતવાતમાં પોતાની જાતને અહંકારની વચ્ચે મૂકી દે. હુંપણું, એ આપણ આ જીવનની અંદર અજ્ઞાનનું કારણ છે. બધું જ હેરાન કરે છે, બધું જ દુઃખી કરે છે, અજ્ઞાન પણ દુઃખી કરે છે. અજ્ઞાન એટલે અણસમજ. ઘણીવાર એવા પ્રકારની પણ અણસમજણ હોય, કે સામા માણસનામાં કશું પણ ન હોય, છતાં પણ આપણી માનસિકતા ઢોળાયા જ કરે કે

આમ જ છે. એ અજ્ઞાનની સ્થિતિ. ત્યાં કશું પણ ન હોય છતાં પણ મનની અંદર એક અભાવ રહે, એક સ્થિતિ ઊભી રહ્યા કરે, અને એ માનસિકતા અજ્ઞાનને કારણે છે. ના સમજી શક્યા હોય વ્યક્તિ વ્યક્તિને, ત્યારે આ પરિસ્થિતિ ઊભી થાય. દરેક જણ અનુભવ કરે છે કે સામો માણસ મને ના ઓળખી શક્યો, મારો આટલો સરળ વ્યવહાર છે, હું બિલકુલ સંભાળીને ચાલુ છું, છતાંય. તો આ સ્થિતિ એક અજ્ઞાનની અવસ્થા છે, કે માણસ સમજતો જ ના હોય, સમજી લે કે શરીર હું છું, શરીર જ હું છું, આત્માની એને કોઈ ગતાગમ જ નથી, અને શરીર જેટલા દુઃખો આપે એટલા દુઃખોથી દુઃખી, અને હાય હાય હું દુઃખી છું, હું પીડાઉ છું, મારા જીવનની અંદર કેટલાં બધાં દુઃખ છે, હું કેવો નિરાધાર છું, આનું કારણ શું? દેહાધ્યાસ, આત્માનું અજ્ઞાન છે. અહીંયાં પાંચ ક્લેશોની અંદર સૌથી પહેલા ક્લેશનું નામ છે, અજ્ઞાન. કોઈપણ બાબતનું અજ્ઞાન હોય તો માણસ દુઃખી થાય જ. પોતાના આત્માની સાચી સમજણ, સાચું જ્ઞાન નથી, એટલા માટે મૃત્યુની બીક, મૃત્યુનો ભય વારંવાર લાગ્યા કરે છે, કે હાય એ આવ્યું મોત. પણ જો મનની અંદર એક સાચી સમજણ હોય, કે હું આત્મા છું, હું જનમવાવાળો પણ નથી કે મરવાવાળો પણ નથી, આ છે જ્ઞાન દ્રષ્ટિ, અને જ્યારે પણ મૃત્યુનો ભય લાગે કે, એ આવ્યું, મને મારશે, હું મરી જઈશ, હું ખલાસ થઈ જઈશ, આ અજ્ઞાન છે. તો એ અજ્ઞાન જ્યાં સુધી આપણામાં આત્માની અનુભૂતિ વગર રહેલું છે, ત્યાં સુધી આપણને બધી જ બીક લાગવાની, બધા જ ભય લાગવાના. આપણું પોતાનું ઘર છે, અનુભવવાળું છે, એક એક ખૂણો અનુભવવાળો છે, એ ઘરમાં અંધારામાં પણ એક ખૂણામાંથી બીજા ખૂણામાં જવા માટે બીક લાગશે ખરી? નહિ લાગે, કારણકે

જ્ઞાન છે, હું આખા ઘરનો અનુભવી છું, જ્ઞાની છું, એટલે અંધકાર હોવા છતાંય કોઈ પણ વસ્તુ આપણે લઈ શકીએ છીએ, એકદમ લાઈટ જતી રહે, તો પણ જ્યાં પણ મીણબત્તી અને દીવાસળી મૂકી હોય ત્યાંથી લઈ આવીએ છીએ ને? અંધારું હશે તો પણ હાથમાં તરત જ આવી જશે કેમ કે એનું જ્ઞાન છે. એમ જ્યાં જીવનની અંદર સમજણ જ ન હોય, પોતાના ઘરમાં ક્યાં મૂક્યું છે તે જડે જ નહીં, પછી બેસી રહેવું પડે લાઈટ ન આવે ત્યાં સુધી. મીણબત્તી પણ નથી જડતી અને પેટી પણ નથી જડતી. અજ્ઞાનની વધારે અંધકારવાળી અવસ્થાઓ ઊભી થાય છે, એક તો મને ખબર નથી કે મારા ઘરમાં મીણબત્તી અને પેટી મેં ક્યાં મૂકી છે એ અજ્ઞાન તો ખરું જ, અને આ અંધકારમાં બેસી રહેવાનું, જય મહારાજ તો અજ્ઞાનનો નાશ કરવાવાળા છે.

**ક્લેશ પંચાદિહારમ્**

તો જય મહારાજ તો અજ્ઞાનનો નાશ કરવાવાળા છે ને, તો શું કહીશું?

**અજ્ઞાન અંધારું ગયું રે, ગુરુગમે અજવાળું થયું,**

**સાચું સુખ સાગરે કહ્યું, અજ્ઞાન અંધારું ગયું**

ગુરુગમ, જય મહારાજ તેમના શ્રીમુખેથી આપણને જે પણ કાંઈ સાચી સમજણ આપે, અને આપણા મગજની અંદર ઉતરે, એનું નામ ગુરુગમ. પણ ગમે એટલું આપ્યું હોય, સારામાં સારું, પણ આપણા મગજમાં પેસે જ નહીં, સમજાય જ નહીં, અને આપણી જડતા, આપણું અજ્ઞાન ખસે જ નહીં, આ એક જડતાની અવસ્થા છે. ગુરુજીએ ગમે એટલા આદેશ, ઉપદેશ, સમજણ, જ્ઞાન આપ્યું હોય છતાં પણ મનમાં ન ઉતરે, કઠોળ રાંધવાનું હોય

અને એ કઠોળમાં એ પાંચ દાણા એવા હોય કે. જે ચડે જ નહીં, ગાંગડુ જેને કહેવાય.

**ગુરુગમે અજવાળું થયું**

જય મહારાજ તો આપણેને સમજણ આપવા બેઠા જ છે, આપે જ છે, અને આપેલી છે જ આપણી પાસે, છતાંય ના સમજાય તો આપણે ગાંગડુ. આટલો બધો જ્ઞાનનો પ્રકાશ મળ્યો, આટલી બધી જ્ઞાનની હુંફ મળી, છતાંય નથી સમજાતું, સહેજ પણ ઓગળતું નથી, તો એ ગુરુગમ છે, એ ગુરુગમનો અર્થ એટલો જ કે આપણા હિતની કોઈ પણ વાત જય મહારાજના શ્રીમુખથી આપણને પ્રાપ્ત થઈ હોય, અને એ આપણે પૂરેપૂરી સમજી લઈએ, અને એને આપણામાં આત્મસાત કરી લઈએ, એ સમજાય, શાંતિ મળે, આનંદ રહે, સુખ મળે, તો સમજવાનું કે એ ગુરુગમ આપણામાં ઉતરી, તો આ વસ્તુ અભિનિવેષ તરીકે તો અહંકાર છે, અને અજ્ઞાન છે, રાગદ્વેષ છે, અસ્મિતા છે, આ પાંચ આપણામાં રહેલા ક્લેશ છે. એ પાંચેય ક્લેશોને દૂર કરવાવાળા જય મહારાજ છે

**ક્લેશ પંચાદિહારમ્**

આપ તો રામ સ્વરૂપ છો,

**નષ્ટાસ્તં રામરૂપં શરણગતજનક્લેશ પંચાદિહારમ્**

**આપણા જીવનની અંદર જો આ પાંચેય ક્લેશો દૂર થાય, તો એમ સમજવાનું કે, જય મહારાજની, ગુરુકૃપાની બહુ મોટામાં મોટી પ્રસાદી મળી ગઈ છે, જેને કહેવાય કે તૃપ્ત, બસ હવે કંઈ નથી જોઈતું, ઘણું બધું આપી દીધું. નરસિંહ મહેતાનું બધું જ લઈ લીધું, છતાં પણ**

નરસિંહ મહેતાએ કહ્યું કે

**ભલું થયું ભાંગી જંજાળ**

સંતોષ, છૂટયા. એની અંદર પોતાને એમ થવું જોઈએ, કે હવે હું મુક્ત રીતે મારું ભજન, સત્સંગ, મારું આત્માનુસંધાન કરી શકીશ. આમ જય મહારાજ અજ્ઞાનમાંથી બહાર કાઢી લે, અને જે પણ કંઈ અજ્ઞાનથી, આસક્તિથી, જે તાંતણા બંધાયેલા છે બધાયની સાથે, એ બધા જ તોડીને, એક કરીને, એની દોરી બનાવો, એનો એક છેડો મનને બાંધો અને બીજો છેડો પ્રભુના ચરણમાં બાંધો

**મમ પદ મન હી બાંધ બર દોરી**

બધી જ આસક્તિઓના તાંતણા તોડી નાખો, અને ભગવાનના ચરણમાં બેસો. ભગવાનનું શરણ અને ચરણ એ તો દીર્ઘ નૌકા છે

**અપાર સંસાર સમુદ્ર મધ્યે**

**સમ્મજજતો મે શરણં કિમસ્તિ**

**ગુરો કૃપાલો કૃપાય વદૈત**

**દ્વિસ્વેશપાદામ્બુજદીર્ઘનૌકા**

**ભગવાનના ચરણોની નૌકામાં બેસી જા,**

આ આખો સંસાર એ અપાર છે, ભગવાનના ચરણોની નૌકા એને પાર ઉતારી દે છે, પણ જ્યાં આપણી પોતાની માનસિકતા એ ગુરુગમને સ્વીકારવા માટે તૈયાર હોય તો. ગુરુ જય મહારાજ જે સમજણ આપે તે જ્ઞાન, અને તે જ્ઞાન આપણને પચે, જીવનમાં ઉતરે, અને એનું પરિણામ આપે તેનું નામ ગુરુગમ. કોઈ

પૂછે કે મહારાજ ગુરુ ગમ એટલે શું? આ ગુરુગમનો અર્થ છે? **ગુરુગમનો અર્થ એક જ, કે જય મહારાજે જે પણ કાંઈ પોતાના શ્રીમુખેથી આપણને આપ્યું છે, એ આપણા જીવનમાં સમજણપૂર્વક ખૂબ સારી રીતે વણાઈ જાય, અને એ સમજ્યા પછી આપણને સુખ શાંતિ આપે, આપણા બધા જ ક્લેશો દૂર થાય, હાશ મને જય મહારાજે છોડાવ્યો, મને મુક્ત કરી દીધો, બસ એનું જ નામ છે.**

**ક્લેશ પંચાદિહારમ્ શરણગતજન**

જે જય મહારાજને શરણે આવે છે.

**શરણ તમારે જે આવે, સદાય સિર પર ગાજો છો**

**મન મૂક્યું મે તમ ચરણે**

**સાધન સદ્ગુરુનું સાચું મન ચરણે મૂકીને રાચું**

સદ્ગુરુ સ્વયં ભગવાન પોતે જ છે, બીજું કોઈ નથી. જે પણ સંતો મહાપુરુષો છે ને, એ ભગવાનનું મુખ છે, ભગવાન એ મહાપુરૂષોના મુખેથી બોલતા હોય છે, જે પણ કાંઈ બોલે છે, એ ભગવાનનું વાક્ય તો સત્ય જ હોય. અહીંયાં પણ કહ્યું છે ને, કે આપ તો રામ સ્વરૂપ છો

**તં રામરૂપં ક્લેશ પંચાદિહારમ્**

બધા જ પ્રકારના ક્લેશો આપ દૂર કરવાવાળા છો. બસ આ ભાવ આપણા હૃદયમાં બનેલો રહે, સતત આ સમજણ આપણામાં જાગ્રત રહેવી જોઈએ. સુષુપ્ત નહીં, સમજણ તો હોય, પણ ક્યારેક એ સુષુપ્ત હોય, ઊંઘી ગઈ હોય. જો સૂતા હોઈએ ને, તો ઘરમાં ચોર પેસી જાય અને આખા જીવનભરની કમાણી લઈ જાય, તો પણ આપણને ખબર પડે નહીં, સવારે ઊઠીએ ત્યારે,

ઓહ! જ બધું જ ચોરાઈ ગયું, લૂંટાઈ ગયા. હંમેશાં સુષુપ્ત અવસ્થામાં જ લૂંટાઈ જવાતું હોય છે. અજ્ઞાનની સ્થિતિની અંદર પણ, અણસમજની અંદર પણ ભવિષ્ય લૂંટાશે, આરોગ્ય લૂંટાશે, સમય લુંટાઈ જશે. જો આપણું જીવન આપણને પોતાને સમજાય, તો એને લૂંટાવા નહીં દઈએ. પણ માણસ પોતાનું જ જીવન પોતાની જાતે લૂંટાવા દેતો હોય છે, અને પ્રીતમ સ્વામીજીએ તો કહ્યું છે કે,

**કામ ક્રોધ લોભ લૂંટે જ્યારે ચોર,**

**ત્યારે શું નાથ તમારું જોર**

તો આ સ્થિતિમાં પરમાત્માની પાસે, **જય મહારાજની પાસે એક જ પ્રાર્થના કરવાની સદાય અમને આપની પાસે રાખજો, અને આપ અમારી સાથે રહેજો.**

|| જય મહારાજ ||

## પ્રકરણ-૬૬

# પંચાદિ કલેશહારમ્

પરબ્રહ્મ પરમાત્મા, દિવ્ય ચેતના સ્વરૂપ જે સ્વયં અદ્વૈતસ્વરૂપ છે.

**અદ્વૈતાનંદ રૂપાત્**

જગત સૃષ્ટિ સર્વત્ર એ જ છે, અને સર્વત્ર સૃષ્ટિ એમનામાં છે.

એ અદ્વૈત સ્વરૂપ, જે અમારું કલ્યાણ કરવાવાળા છે, અને એ અદ્વૈત આનંદના સ્વરૂપે,

**ક્લેશ પંચાદિહારમ્ શરણગતજન**

અદ્વૈત આનંદના સ્વરૂપના શરણે ગયા, પછીથી એ આપણું પરમ કલ્યાણ કરવાના જ છે, પણ શરણ આપણું પરિશુદ્ધ હોવું જોઈએ. જેમ દાનમાં આપી દીધેલી વસ્તુ, કે જે પાછી ન લેવાય, એમ શરણાગતિ પણ એવી હોય, સંપૂર્ણ શરણાગતિમાં સોંપી દીધા પછીથી પાછું કશું પણ નહીં.

ડુબાડે તો પણ વચ્ચે તરફડિયાં નહીં મારવાનાં, જેવી આપની ઈચ્છા, ડૂબાડશો તો પણ કાંઈ નહીં.

**મારી જીવન કેરી નાવ પ્રભુ તારે હાથ સોંપી**

એટલે અહીંયાં અદ્વૈત આનંદ સ્વરૂપ કહી દીધું, અને કહ્યું કે

**ક્લેશ પંચાદિહારં શરણગતજન**

આમ અદ્વૈત આનંદના સ્વરૂપને શરણે ગયા પછીથી, એનું શરણ લીધા પછીથી આ જીવનના પાંચ પ્રકારના ક્લેશોનો નાશ કરી નાખશે જય મહારાજ, આવી એમનામાં ક્ષમતા છે. આપણે આપણા મનની અંદર ભરાઈ ગયેલો એક ક્લેશ નથી કાઢી શકતા. આપણા પોતાના મનમાંથી આપણો પોતાનો ક્લેશ કાઢી નથી શકતા. આપણામાં એ તાકાત, એ શક્તિ છે જ નહીં, કે વ્યક્તિ પોતાના મનમાંથી પોતાનો ક્લેશ કાઢી શકે. આવું શરણ હોય, કેવું શરણ? સંપન્ન શરણ, દિવ્ય શરણ, વૈભવી શરણ મળ્યું હોય આપણને, અને એમાં સંપૂર્ણ સમર્પિત થયા હોઈએ, devotes થઈ ગયા હોઈએ તો,

**શરણગતજન ક્લેશ હંતાસિભોત્વમ્**

એ રીતે શરણે રહીએ, તો એક પણ ક્લેશ આપણને આપણા જીવનમાં હલાવી શકે જ નહીં, સતાવી શકે જ નહીં, આટલી બધી શક્તિ? હા, દિવ્ય ચેતના છે, સામાન્ય નથી, સ્વયં બ્રહ્મ તત્વ છે.

**શાંત શ્રી બ્રહ્મતત્વ પ્રણતજનમનોઅભીષ્ટદમ્**

મનોવાંછિત આપણા માટે બેઠા છે બોલો, પણ મનોવાંછિતમાં શું માગીએ છીએ? અદ્વૈત સ્વરૂપનો આનંદ નથી માંગતા, આપણે દુનિયાની એવી અનેક તુચ્છ વસ્તુઓની માંગણી કરીએ છીએ, કે બાપજી સામે જો જો, અને આટલું કરજો. માંગવું તો નરસિંહ મહેતાની માફક જ, કે આપની ઈચ્છા મુજબ કરો.

પત્ની ગઈ, દિકરો ગયો, પણ ફરિયાદ નથી કરી કે ભગવાન તે આવું કેમ કર્યું, એની જગ્યાએ નરસિંહ મહેતા તો બોલ્યા કે નિરાંત થઈ ગઈ. આનું નામ શરણાગતિ, પ્રભુ તે કર્યું એ મંજૂર છે. પણ જો કૈક અજુગતું થઈ ગયું, અરે પ્રભુ તમે આવું કેમ કર્યું? કંઈક તો દયા કરો મારી ઉપર, ત્યાં કોઈ પણ પ્રકારનો હિચકિચાટ નહીં ચાલે, સ્થિરતા, મનની સ્થિરતા, કે જે પણ કાંઈ કર્યું છે તે પ્રભુ એ જ કર્યું છે, અને મારા સારા માટે જ કર્યું છે. મનની અંદર સહેજ પણ અવઢવ નહીં, આટલું સમજી લો બસ.

**જે હરિ કરશે તે મમ હિતનું એહ ભરોસો જાય નહિ.**

**અદ્વૈતાનંદ રૂપાત્ શરણગતજન ક્લેશં પંચાદિહારમ**

આપણને આવા સમર્થ મળ્યા હોય, અને છતાં ભીખ માગવાનો વારો આવે ત્યારે કેવું લાગે? મારે શરણે આવેલો આ ભિખારી થઈ ગયો, ભીખ માંગવા નીકળ્યો, શી જરૂર છે? મારે એને જે રસ્તે લઈ જવો છે, એ રસ્તે તો હું એને લઈ જઈ રહ્યો છું, આમ એ રસ્તાને લાયક પોતે છે કે નહીં એ પોતે વિચારે, બહુ જ કઠણ છે, ગુરુજીએ જે કહ્યું હોય,

**તેને રહેજે વેણ વિશ્વાસે**

એ શબ્દોની અંદર ભરોસો રાખજે. ગુરુજીએ સ્વીકારી લીધો, અને પછી શરણાગતિ સ્વીકારી પછીથી અવિશ્વાસ કોનામાં? સદ્ગુરુમાં? જય મહારાજમાં અવિશ્વાસ? આને શું કહેવાય? શ્રદ્ધાની અંદર કચાશ. શરણાગતિની અંદર નબળાઈ. જય મહારાજમાં પરિપૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ,

**ક્લેશ પંચાદિહારમ્**

પાંચેય, એક નહીં, એક નાનો સરખો ક્લેશ નહીં. આપણા મગજની અંદર એક નાનો સરખો ક્લેશ બેસી જાય, પછી જુઓ જોઈએ, માથું દુખવા લાગશે, ઊંઘ નહિ આવે, ચેન નહીં પડે, કહે છે કે માનસિક તણાવ વધી ગયો છે, ભૂખ નથી લાગતી, ઊંઘ નથી આવતી. એક નાનો સરખો ક્લેશ, કે જે આપણને હેરાન હેરાન કરી નાખે, ના જીવવા દે ના મરવા દે, ના સુવા દે ના જાગવા દે, ના ખાવા દે અને ના ભૂખ્યા રહેવા દે, એક નાનો સરખો આપણા જીવનનો, આપણો ક્લેશ આપણે હટાવી શકતા નથી. આટલી નિર્બળતા આપણી ખરી કે નહીં? આ નિર્બળતા છે. પણ જેનું શરણ લીધું છે, એમણે કાઢી નાખી આ નિર્બળતા. હવે બીક શાની? શાંતિથી ચાલો, આગળ કશું પણ થવાનું નથી.

**રામનામ જો હરદે ઘરે, રાજા પ્રજા તેને શું કરે**

**બાલ ના બાંકા કર શકે, જો જગ બેરિ હોય**

**રામ કરે ચાહે સોહી હોય કરે અન્યથા અસ નહિ કોઈ**

પ્રભુની ઈચ્છા પ્રમાણે જ થવાનું છે, એને કોઈ પણ આઘુંપાછું કરી શકવાનું નથી, આ દ્રઢતા હોવી જોઈએ, પછી તો નબળાઈ ક્યાં રહેવાની હતી? કયાં ભિખારીપણું રહેવાનું હતું? પછી તો તાકાતવર,

બહુ જ સરસ વાત લખેલી છે રંગ અવધૂત મહારાજે કે,

**મૂરખને નાદાન તોય સમર્થ ઘરનો શ્વાન**

મોટા ઘરનું કૂતરું થવું હોય તો એમ થવાય છે? બાપજી અમે તો આપના ઘરના છીએ, પછી અમારે શાની બીક હોય. એ શ્રદ્ધા અને વિશ્વાસ હોવો જોઈએ, કે જય મહારાજ મારુ સર્વ પ્રકારે

કલ્યાણ કરવાના જ છે.

**તમારે શરણે જે કોઇ આવે છે તેના સદાય શિર પર ગાજો છો.**

**અને શિર પર ગાજે એટલે?**

**સિર સદ્‌ગુરુ સંત પ્રતાપ વરતી ઠરતી રે**

વૃત્તિઓ આપોઆપ ઠરી જાય. તો જાગ્રત એ થવાનું છે, કે જય મહારાજ આટલા સમર્થ છે. જે સંતોએ અનુભૂતિ આપણને આપી છે સ્તુતિના એક એક સંબોધનની અંદર અને એ સંબોધનની અંદર આપણને જય મહારાજનાં દર્શન કરાવ્યાં છે, આ ક્ષમતા છે જય મહારાજની. જય મહારાજના સ્વરૂપનાં દર્શન કરવાં હોય, તો આ રીતે સત્સંગ દ્વારા સ્તુતિમાં સ્વરૂપના દર્શન કરવાનાં.

જે શરણે ગયેલો છે એ નિર્ભય થઈને રહેવાનો. કોઈપણ શંકા ન રાખશો. શરણાગતિ જય મહારાજની એટલે નિર્ભયતાની શરણાગતિ, કશાથી બીવાનું નહીં, કોઈનાથી પણ બીવાનું નહીં.

**સાચા સદ્‌ગુરુ જેને મળ્યા તેને શો ભય છે**

કોની બીક રાખવાની પછી

**કલેશ પંચાદિહારમ**

જે પાંચેય પ્રકારના કલેશોનો નાશ કરવાવાળા છે, પછી કાયર થઈને, માનસિક દુઃખી થઈને શા માટે બેસી રહીએ? **હું જય મહારાજનો છું, જય મહારાજને શરણે બેઠેલો છું, જય મહારાજ મારા જ છે, આ દ્રઢતા આપણને ક્યારેય દુઃખી નહીં થવા દે, અશાંતી નહીં થવા દે, અને જે પણ કાંઈ હશે ને તે આમ ચપટી વગાડતાં જ કાઢી નાખશે.**

**ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા**

તરત જ એને શાંત કરી દેશે, બસ શાંતિ મળી ગઈ. અનુભવ કરજો, ક્યારેય પણ અશાંતિ આવીને ઊભી રહી જાય, મનમાં ક્લેશ આવીને ઊભો રહે, ત્યારે જય મહારાજનું સ્મરણ કરો, કે બાપજી આપ તો,

શરણગતજન ક્લેશ પંચાદિહારમ્ છો, બધા જ ક્લેશો દૂર કરવાવાળા છો, મારો આ એક કલેશ કાઢી નાખો. બસ, જય મહારાજ સમર્થ છે. તેમને શરણે જો આપણે દિલથી, હૃદયપૂર્વક જઈશું તો એ ક્લેશ ક્ષણની અંદર કાઢી નાખશે, એક પગમાં કાંટો વાગ્યો હોય, અને કોઈ કાંટો કાઢનારો એવો એકસપર્ટ હોય ને તો પગ પકડી, કાંટા ને સોઈથી સહેજ ઉંચો કરીને તરત જ કાઢી નાખે, અને કોઈ અજાણ્યા એ કાઢવાનો હોય તો? ચીસો પડાવે, આ જ વસ્તુ છે જય મહારાજનું શરણ. આપણા પગમાં વાગેલો દુઃખનો કાંટો, અસહ્ય વેદના હોય, પણ જય મહારાજ એ કાંટાને તરત જ ઉપર લાવી દેશે. તો મનમાં પેસી ગયેલો, એ ખૂંપી ગયેલો ક્લેશનો કાંટો તરત જ કાઢી નાખશે.

એક નહીં, જેટલા કાંટા હશે આપણા જીવનની અંદર, એ બધા જ કાંટાને કાઢી નાખવાનું સામર્થ્ય જય મહારાજનામાં પડેલું છે, પણ આપણે શરણાગતિ સ્વીકારવી પડે. શરણાગતિમાં પૂરેપૂરો સમર્પણનો ભાવ, લાવીને મૂક્યો ત્યાર પછીથી કશું પણ બાકી નહીં રહે, કશું પણ લેવાની ઈચ્છા નહીં થાય, અને કશું માગવાની પણ ઈચ્છા નહીં થાય. જેમ જેમ ભજનાનંદ વધતો જાય ને, તેમ તેમ સાત્વિકતા વધતી જશે, અને સાત્વિકતા વધતી જશે, તેમ તેમ ઊંઘ ઓછી થઈ જશે, આહાર ખોરાક પણ ઓછો થતો

જશે, ભૂખ નહીં લાગે, અને છતાં પણ એની અંદર આનંદ સંતોષ શાંતિ, જેટલો જય મહારાજ ઉપર ભરોસો વધતો જશે, એટલી નિર્ભયતા આવતી જશે, સાત્વિકતા આવતી જશે, જેટલી સાત્વિકતા આવતી જશે એટલી ભૂખ ઓછી લાગશે. કેટલાય એવા સંતો જોયા છે, કે એક રોટલી અને થોડુંક શાક કે દાળ, એટલું જ જમવાનું ચોવીસ કલાકમાં, બાકી પોતાના ભજનમાં મસ્ત. સાત્વિકતા અને ભજનમાં સંતોષ અને તૃપ્તિ મળશે. તો જય મહારાજનું શરણ જો આપણે પૂરેપૂરા સમજણપૂર્વક જીવનમાં ઉતારી લઈશું, તો આપણા જીવનમાં ક્યારેય કોઈપણ પ્રકારની પીડા, દુઃખ, અશાંતિ, માનસિક ક્લેશ ઉભો જ નહીં રહી શકે. કહ્યું ને કે કાંટો કાઢનાર જો અનુભવી હશે તો સહેજમાં કાંટો કાઢી નાખશે.

શરણ કેવા પ્રકારનું હોય? કોઈ ચીજવસ્તુ માગવા માટે પણ શરણ હોય, કોઈ પરિસ્થિતિમાંથી બચવા માટે પણ શરણ હોય, કોઈ ચીજ વસ્તુ મેળવવા માટે પણ શરણાગતિ હોય, પણ અહીં તો કાંઈ પણ નહીં, માત્ર અદ્વૈત આનંદ સ્વરૂપ આપ છો, અદ્વૈત આનંદનું સ્વરૂપ એટલે પોતે જ સર્વમાં અને સર્વ પોતાનામાં.

**પોતે પોતામાં ભળી રહ્યા ને પોતે જોયું પોતાનું આપ**

ત્યાં પહોંચવાનું છે, અને એ સ્થિતિ ધીરે ધીરે સત્સંગ દ્વારા, સમજણ દ્વારા,

**શનૈઃ શનૈરુપરમેદ્‌બુદ્ધ્યા ધૃતિગૃહીતયા**

ધૈર્યથી, સમજણપૂર્વક ધીમે ધીમે ત્યાં સુધી પહોંચશે જરૂર,

ચાલવા માંડો.. રસ્તો બતાવ્યો હોય,ખબર હોય કે આ રસ્તેથી પહોંચાશે, જરૂર બધી જ સમજ આપી દીધેલી હોય, અને છતાંય એ રસ્તા ઉપર ત્યાં ને ત્યાં જ બેસી રહીએ, તો પછી પહોંચાશે ખરું? પહોંચવા માટે ઊભા થઈને ચાલવું પડે. જો ચાલવાનું ચાલુ કરીશું તો પહોંચાશે જરૂર. જો તમારી પાસે શ્રદ્ધા અને નિષ્ઠા હશે તો. ભગવાન દ્વારકાથી ડાકોર સુધી આવ્યા, તો લાવ્યું કોણ? ભગવાન લાવ્યા, ભક્તને એટલી નિષ્ઠા હતી, ભલે પોતે ઘરડો થયો હતો, ગાડું પણ કેટલું જૂનું હતું, અને બળદ પણ ઘરડા, પણ શ્રદ્ધા નિષ્ઠા. આપણી શરણાગતિ એવા પ્રકારની હોય, કે પછી બધી જ બાગડોર, આપણી લગામ જય મહારાજના જ હાથમાં હોય.

**અબ સોંપ દીયા ઈસ જીવન કા સબ ભાર તુમ્હારે ચરણોમેં**

આ સમજણ જો આપણી પાસે હોય, તો જય મહારાજ આપણા જીવનમાં એક પણ ક્લેશ નહીં રહેવા દે. બધા જ ક્લેશ દૂર કરી નાખશે. સમર્થ છે, અવધૂત છે, યોગીરાજ છે, પરમ બ્રહ્મ તત્વ છે. સ્વયં આદિનારાયણ પોતે છે, દત્તાત્રેય સ્વરૂપે જય મહારાજ પધાર્યા છે અહીંયા. આપણને આપણી પોતાની સમજણથી જય મહારાજને ઓળખતા, જય મહારાજનાં દર્શન કરતાં આવડશે, તો પછી આપણને બધું જ મળી જશે. કોઈપણ વ્યક્તિને સમજવો, ઓળખવો એ પહેલું મોટામાં મોટું કામ છે. જય મહારાજનું સ્વરૂપ આપણામાં વસી જાય, અને આપણી વૃત્તિઓ પૂરેપૂરી જય મહારાજનામાં વસી જાય, આ સ્થિતિ આવે ત્યારે સાચો પરિચય થાય. **સદગુરુ એક સામાન્ય માણસ જેવા જ લાગશે. દુર્જનને માથે શિંગડા નથી ઉગતા, અને સજ્જનના હાથમાં**

**કમળ નથી ખીલતાં, એટલે એ કઈ જુદા દેખાતા નથી, છતાંય એમનામાં સામર્થ્ય હોય છે,** એમનામાં મોટામાં મોટી ક્ષમતા બેઠેલી હોય છે. ફળ જોવાથી એ ખબરના પડે કે ફળની મીઠાશ જેટલી છે, દૂધમાં માખણ જોવા જઈશું તો માખણ ક્યાંય નહિ દેખાય, છતાંય એમાં માખણ રહેલું છે, એમ સદ્ગુરુમાં દેખાવમાં બહારથી કશું પણ નહિ દેખાય, છતાંય અદ્વૈત આનંદનું પરમ તત્વ એની અંદર બિરાજેલું છે. સદગુરુનો પરિચય આપણા જીવનમાં શ્રદ્ધાપૂર્વક, સત્સંગ દ્વારા, સ્તુતિ અને પ્રાર્થના વડે મેળવવાનો છે. જેમ કોઈ મંદિરમાં જઈએ, અને કહીએ કે, મૂર્તિમાં તો સાક્ષાત્ ભગવાન છે, મને અનુભવ થાય છે, જ્યારે પણ આવું ત્યારે મને અનુભવ આપે છે. છે તો એક મૂર્તિ જ, પણ એની અંદર શ્રદ્ધા છે, અને એમાંથી આપણને અનુભૂતિ મળે છે. એમ ગુરુ મહારાજના શ્રીવિગ્રહની અંદર એટલી બધી શ્રદ્ધા હોય, કે ભલે માનવ શરીર છે. પણ એમનાથી મેળવી શકાશે. અનુભૂતિ કરજો શક્તિ મળશે ઊર્જા મળશે, અને એટલા માટે તો જય મહારાજને અદ્વૈતના આનંદ સ્વરૂપે સંબોધ્યા

અદ્વૈતનો આનંદ કેવો હશે? જેણે માણ્યો હોય એને ખબર પડે. સંસારમાં, એના વ્યવહારની અંદર દ્વૈત તો રહેવાનું જ. આ તારું ને આ મારું આ હું અને આ તું આમ દ્વૈત તો રહેવાનું જ, નહીં નીકળવાનું.

**મારું-તારું ખેંચતાણ સઘળે સરખો આતમરામ**

બધું એક જ છે. મારું-તારું ગમે એટલું ખેંચાતાણ કરીશુંને, એમાંથી કોઈ સાર નહીં નીકળે, બસ,

વલોણું વલોવતા હોઈએ, અને મારું ને તારું એમ કરીને

સામે સામે ખેંચાતાણ કરો, અંદરથી માખણ નહીં નીકળે, છાશ પણ નહીં મળે. જીવન આખું ખેંચાતાણ કરીએ તારું ને મારું કરીને, અંતમાં કશું પણ નહીં મળે. પણ આપણે બધા એક જ છીએ, એક જ કુટુંબના છીએ, એક જ પરિવાર છીએ, બધા સંપીને રહીએ, તો એ ઘરમાંથી પ્રેમનું માખણ મળશે, હાશ કેટલો આનંદ છે? ઘર કેટલું શાંત છે? પણ જો તારું મારુમાં પડી ગયા, તો પછી પતી ગયું, ઘરમાં ક્યાંય શાંતિ જોવા નહીં મળે, એ ઘર નરક થઈ જશે, ઘરમાં ઉભુ રહેવાની પણ ઈચ્છા નહીં થાય, આવ્યા કે તરત જ પાણી પીને બહાર જતા રહેશે, ક્યાં ઊભું રહેવું આ કકળાટમાં? થાય છે ને એવું? ઉભુ રહેવાની ઈચ્છા પણ ન થાય, ઘરમાં આવીને તરત જ બહાર નીકળી જાય, કેમ કે ઘરની અંદર મારા તારાના વલોણાના જોતરા સામે સામાં ખેંચીએ છીએ, મથી મરીએ છીએ, પણ હાથમાં કશું પણ ન આવે. અહીંયાં આપણે બધા એકસાથે મળીને જ બેસી જઈએ, તો અહીંયા અત્યારે સ્વર્ગ છે. એવું સ્વર્ગ આપણા જીવનમાં, આપણા પરિવારની અંદર બને, અને બધાના હૃદય આમ સમરસ થઈ જાય, બધઆ સાથે બેઠા હોય, સાથે મળીને જમતા હોય, વાતો કરતા હોય, વહેલા આવી જજો, મોડું ન થાય, એ છે પ્રેમ, અદ્વૈત. આમ અદ્વૈત એ આનંદનું સ્વરૂપ છે, અને અદ્વૈતમાંથી જે આનંદ મળશે એવો આનંદ બીજે ક્યાંય નહિ મળે. અને એટલા માટે એ જીવનની અંદર આત્મસાત કરવા માટે, એને ઓળખવા માટે પણ જય મહારાજને આપણે અદ્વૈત આનંદ રૂપ કહ્યા, કે આપ અદ્વૈત આનંદ સ્વરૂપ છો, કોઈ ભેદ નહિ, નાના મોટાનો, તારા મારાનો, બધા જ સરખા.

**સઘળે સરખો આતમ રામ સાંધા વાંધા મનનું કામ, હું મારું**

**રુદિયેથી ટાળ**

બસ હૃદયમાંથી કાઢી નાખો તારું મારું, બધું આપણું જ છે, ભલે લે તું ખા, તમે વાપરો, આમ એ અદ્વૈતનો પ્રેમ. આનંદ એ જ સાચું જીવન છે એમ જય મહારાજ કહે છે. એવા જય મહારાજને ઓળખીએ, એમને શરણે જઈએ.

પાંચેય પ્રકારના ક્લેશનો નાશ કરવાવાળા જય મહારાજ આપણા સહુનું કલ્યાણ કરે, આપણા સહુના હૃદયમાં બિરાજેલા રહે, અને આપણા સૌના જીવનને એવી ખૂબ સરસ મજાની શાંતિ આપે.

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૬૭

# જેવો સંગ તેવો રંગ

પરબ્રહ્મ પરમાત્મા, સ્વયં જે અભયપદ આપનાર છે, શરણે આવેલા ભક્તોને,

ભવ એટલે જે ઉત્પન્ન થતા હોય તે બધા જ ભય દૂર કરવાવાળા છે. ઉત્પન્ન તો આ શરીર જ થાય છે, વિચારો પણ ઉત્પન્ન થાય છે, એના ભય રહે છે. શરીર પણ જન્મે છે, અને વિચારો પણ જન્મે છે, તો એ ઘણા બધા જે ઉત્પન્ન થવાવાળા ભય છે એ બધાને જય મહારાજ દૂર કરવાવાળા છે.

જય મહારાજનું સ્વરૂપ શ્રોત્રિય છે અને જે બ્રહ્મ જ્ઞાતા છે તે શ્રોત્રિય કહેવાય છે. જેને એના જીવનની અંદર પરમ જ્ઞાન પ્રાપ્ત થયેલું છે એને શ્રોત્રિય કહેવામાં આવે છે. તો જય મહારાજ શ્રોત્રિય બ્રહ્મસ્વરૂપ છે

**શ્રોત્રિયં સંતરામં**

આપ તો શાસ્ત્રના જ્ઞાતા છો, આપ વેદોના, ઉપનિષદના, સમસ્ત ધર્મના જ્ઞાતા છો, એટલા માટે આપ શ્રોત્રિય છો, તો શ્રોત્રિય એ પણ સ્વરૂપ જય મહારાજનું છે, અદ્વૈત આનંદ આપનાર સ્વરૂપ પણ જય મહારાજનું છે. જય મહારાજના કેટલા

બધા સ્વરૂપો છે? ઓળખો. બધા સ્વરૂપને ઓળખીશું તો જ પ્રાપ્ત થશે. આપણા પોતાની અંદર જો જય મહારાજનાં દર્શન કરવાં હોય, એમનો આવિર્ભાવ કરવો હોય તો જય મહારાજના બધા જ સદ્ગુણોના સ્વરૂપને આપણે સમજવાં પડે. જય મહારાજના સદ્ગુરુ સ્વરૂપને આપણે સમજવું પડે. જય મહારાજના સદ્ગુરુ સ્વરૂપને એક એક સંબોધન, ઉચ્ચ ગુણ, ઉચ્ચ પ્રકારની શક્તિઓ જેમનામાં રહેલી છે, એવા સંબોધન વડે જય મહારાજને પ્રાર્થનામાં નવાજ્યા હોય, અને એમાં કહ્યું હોય કે,

**શરણગતજનક્લેશપંચાદિહારમ્**

**બહુલભવભયઘ્નં જનાનાં ભજેહમ્**

જે દૂર કરવાવાળા છે. ભવના ભય જે છે, જન્મ મરણના ભય જે છે, જન્મનો ભય તો કોઈને પણ ખબર પડતી નથી પણ મૃત્યુનો ભય તો હર એક પળે દરેકને સતાવતો હોય છે, દરેકના મનમાં રમ્યા જ કરતો હોય છે. તો એ જે ભય છે, મૃત્યુનો ભય, એ મૃત્યુના ભયને ટાળવાવાળા જય મહારાજ છે.જય મહારાજનું સ્વરૂપ કેટલું દિવ્ય છે? અગાઉ આપણે જોયું કે,

**અદ્વૈતાનંદરૂપાત્ પ્રણતજનગણા**

વંદન કરવાવાળાને, શરણે આવેલાઓને આટલું મોટું પ્રદાન કરવાવાળા છે. જય મહારાજ પોતે ભગવત સ્વરૂપ છે, અને પોતે પોતાનામાં રમી રહ્યા છે. એટલે એ પદને પોતાનામાં સમાવી લીધું, જેને કહેવાય કે આત્મસાત કરી લીધો. કોઈપણ જ્યારે અંશ સ્વરૂપે આત્મસાત કરે છે. ત્યારે એનું આખું સ્વરૂપ જ બદલાઈ જાય છે.

**જે શબ્દે રહ્યા તે શબદ જેવા, તેને શબદ ના કહીએ,**

**એવા શબદ સ્વરૂપ હોય અળગા**

શબ્દ એટલે શું? જે આ સત્સંગ થાય છે, જે બોધ આપવામાં આવે છે, એનું નામ શબ્દ. એક એક શબ્દ પોતાના સ્વરૂપમાં સમાવે, અને પોતાના સ્વરૂપમાં સમાવેલો એ શબ્દ એ જ એને સતત જાગ્રત રાખે છે, અને જાગ્રતની એ સ્થિતિ જે છે જેને આપણે કહીએ કે અદ્વૈતના આનંદ સ્વરૂપ છે. જય મહારાજનામાં આપણે પોતે સમાવિષ્ટ થઈ જઈએ, મનથી, વૃત્તિઓથી, અને જય મહારાજનું સ્વરૂપ આપણા પોતાનામાં સમાવિષ્ટ થઈ જાય, અદ્વૈત, અદ્વૈત આનું નામ છે. આ બાબતનું આપણે બે ત્રણ વાર આવર્તન કર્યું એટલે બહુ જ સ્પષ્ટ થઈ ગયું, આપણી વૃત્તિઓ સતત જય મહારાજના સ્વરૂપમાં જ બની રહેવી જોઈએ, અને જય મહારાજનું સ્વરૂપ આપણા પોતાનામાં સ્થિર થવું જોઈએ, આનું નામ છે અદ્વૈત. અદ્વૈતના આનંદના સ્વરૂપે જય મહારાજ આપણા હૃદયમાં બેઠેલા છે. જ્યાં સાચી સમજણનો આનંદ જ હૃદયમાં હોય તો પછી પ્રફુલ્લિતતા, પ્રસન્નતા, આનંદ, મનમાં કોઈપણ જાતની ઉપાધિ, ક્લેશ, અશાંતિ આવી જ ન શકે, જય મહારાજ બેઠેલા છે, અદ્વૈતના આનંદ સ્વરૂપે બેઠેલા છે, અને એટલા બધા અગાધ સ્વરૂપની અંદર આપણે સહજ ભાવે ભળી જવાનું છે.

જે શરણે ગયો તે જય મહારાજનો થઈ ગયો. અને જે જય મહારાજનો થઈ ગયો એને જય મહારાજ શાંતિ અપાવશે. સત્ સ્વરૂપ અપાવશે, અને એને માટે જય મહારાજ તૈયાર બેઠેલા છે. કોઈપણ આપત્તિઓનો સામનો કરવાની શક્તિ જય મહારાજ આપે છે, જય મહારાજની આ શક્તિ છે, જય મહારાજનું સ્વરૂપ

છે,

**જેને મારા સંતરામ મહારાજ સહાય કરે,**

**લાખો ઉપાધિ આવે તોય ના નડે**

**ક્લેશ પંચાદિહારમ્**

લાખો ઉપાધિઓની વાત છે ત્યાં પછી એક-બે તો શું કરવાની હતી આપણને? જય મહારાજમાં એટલું સામર્થ્ય છે તો જય મહારાજની સહાય, જય મહારાજનું શરણ આપણી પાસે હોય, અને એના હકદાર થઈએ, પછી લાખો ઉપાધિઓ આવે તો પણ ક્યાં રડવાનું? એ ઉપાધિઓ આપણને શું કરી શકવાની હતી? જેટલી આવવી હોય એટલી આવવા દો એમ ખુમારીથી કહી શકાય, કેમ કે જય મહારાજ અમારી સાથે છે. મારા હૃદયમાં બેઠેલા છે. એમણે મને સમજણ આપી છે, મોતથી બીવાનું નહીં.

**બહુલ ભવભયદ્નં જનાનાં ભજેહમ્**

આટલા મોટા જય મહારાજ છે, અને એમને ભજીએ છીએ. બધા જ ભયમાંથી મુક્ત કરાવી આપનાર એવા સ્વરૂપને અમે અમારા જીવનની અંદર ભક્તિભાવ અને શ્રદ્ધાથી સ્થાપિત કરી દીધા છે.

**બાલ ના બાંકા કર શકે જો જગ બેરી હોય**

જે ભગવાનને શરણે છે એને કશું પણ ન થાય. તો આવી શ્રદ્ધા, આવો વિશ્વાસ આપણામાં થવો જોઈએ, કે સ્વરૂપની સ્થિતિ પ્રાપ્ત થાય, પછીથી કોઈપણ જાતનો શારીરિક ભય રહે જ નહીં. આ ઋષિઓ જંગલમાં એકલા કેવી રીતે રહેતા હશે? જંગલમાં તો

બધા જ પશુઓ પક્ષીઓ, બધું જ હોય, હિંસક પશુઓ પણ હોય સાપ પણ હોય, છતાં પણ તે બધાની વચ્ચે નિર્ભય થઈને રહે વનમાં, જંગલની અંદર કુટીર બાંધીને, અંદર સાપ પણ પેસી જાય. તો એમને આટલી બધી નિર્ભયતા? કેમકે પોતે આત્મસાત કરી લીધો છે પરમાત્માનો.

આવા મોટા જય મહારાજ પરિપૂર્ણ રીતે પોતાના સ્વરૂપમાં સ્થિત છે, જેને બ્રહ્મસ્વરૂપ કહેવાય, જેને બ્રહ્મદર્શન કહેવાય, અને એ પણ સમસ્ત સૃષ્ટિની અંદર વ્યાપ્ત છે. આવા જય મહારાજને અમે, એમના સ્વજન, ભજી રહ્યા છીએ, અને જય મહારાજ અમારા બધા જ ભવોભવનાં દુઃખ દૂર કરી રહ્યા છે, એમનું અમે સ્મરણ અને ભજન કરીએ છીએ.

જેને કહેવાય કે નષ્ટ કરી નાખે, કશું પણ ન રહેવા દે, મુક્ત કરી દે. અને જ્યાં આવી પરમ શક્તિનું આપણે આરાધન કરતા હોઈએ તો, એમને કહ્યા

**શ્રોત્રિયં સંતરામ્**

આપ તો તત્વવેત્તા છો, જ્ઞાતા છો સમસ્ત સૃષ્ટિના, એટલે જય મહારાજના સંબોધનથી આગળ એમના સ્વરૂપને આપણે માણી શકીએ, જ્યાં આ વસ્તુ આપણને બીજે ક્યાંય ન મળે, અને એના માટે કહ્યું કે,

**અદ્વૈતાનંદરૂપાત્ પ્રણત જનગણાઅભીષ્ટદં દિવ્યરૂપમ્ ।**

દિવ્ય રૂપ આપે છે, અભય આપે છે, ક્લેશોને દૂર કરે છે, જો આટલું બધું છે, ક્લેશોને દુર કરવાવાળા, અનેક પ્રકારની આપત્તિઓમાંથી જય મહારાજ ઉક્ષારી લેશે, આપણામાં કેટલી

શ્રદ્ધા છે, કેટલો વિશ્વાસ છે, એમાં આપણી પરીક્ષા થઈ જાય. જય મહારાજ તો સંપૂર્ણ આપવા માટે તૈયાર બેઠા છે ઉદાર હાથે. પણ આપણામાં કેટલી તૈયારી છે એની ઉપર આધાર છે. આપણામાં ત્રુટિ હોય, તો જય મહારાજ ક્યાંથી આપે? ત્યાં સુધી પહોંચવામાં જ બીક લાગતી હોય, કે જઈશું તો શું થશે? આપણામાં? નથી? ઠપકો આપશે? તો ભય લાગે ત્યાં આગળ, કે જય મહારાજના સાનિધ્યમાં પહોંચવું કેવી રીતે? અને પહોંચીશું તો પૂરેપૂરા વિશ્વાસથી, સમર્પણ ભાવથી આપણે સમર્પિત થઈ જઈશું ખરા? અપનાવી શકીશું ખરા? આ અવઢવ સ્થિતિ છે, અને એને કારણે આપણને આટલું બધું આપતા હોવા છતાં આપણે પૂરેપૂરા સમર્પિત થઈ શકતા નથી. મન બુદ્ધિથી, કે અમે એમનું ભજન કરી રહ્યા છીએ, અને એ અમને સંભાળી રહ્યા છે. અમે એમનું ભજન કરી રહ્યા છીએ, એમની ભક્તિમાં અમે બિલકુલ મગ્ન થઈ ગયા છીએ.

અમારા દરેક દુઃખને દૂર કરવાવાળા છે, અને એમને જ અમે સદાય ભજતા રહીએ છીએ. ત્યારે અમને આ પરિણામ, આ સ્થિતિ મળી છે. અહીંયા પરિચય એટલો આપ્યો જય મહારાજનો, કે જુવો જય મહારાજ આટલું બધું સામર્થ્ય લઈ મને આપવા માટે બેઠેલા છે. ભવભય પણ દૂર કરે છે.જન્મ મરણના જે લખ ચોરાસીના ફેરા છે, એમાંથી પણ જય મહારાજ આપણને બહાર કાઢવા માટે તૈયાર બેઠેલા છે, પણ આસક્તિઓ, જે વળગાડ છે, એ છૂટતા ન હોય તો પછી ક્યાંથી તમને આગળ જવા દે? ભગવાનને ત્યાં જતા હોઈએ તો પણ પાછળથી ખેંચે, કે નથી જવાનું હમણાં, હજુ વાર છે. સંસારની પરિસ્થિતિઓ જ

પાછળથી ખેંચતી હોય છે. મન જ્યાં આસક્તિઓમાં બંધાયેલું હોય, પછી જય મહારાજ તરફની પરિપૂર્ણતા ક્યાંથી પ્રાપ્ત થઈ શકે? બસ શ્રદ્ધા વિશ્વાસથી જય મહારાજને ભજીએ, જય મહારાજના સ્વરૂપને અનુભવીએ, કે આ સ્વરૂપ આપણને આટલી બધી શક્તિનો પ્રસાદ આપનાર છે.

જે જ્ઞાન, જે શાસ્ત્ર એમની પાસે છે, એ શાસ્ત્રો તો આપણાં છે, જે જય મહારાજના છે તે આપણા છે, એટલે એમની પાસે જે સમજ છે તે સમજ આપણને મળવાની જ છે. જય મહારાજ તો ખુલ્લા હાથે આપવા બેઠેલા જ છે. જેમ સૂર્ય પ્રકાશ આપે છે, પણ આપણે કેટલું લઈ શકીએ છીએ. વરસાદ તો ખૂબ વરસી રહ્યો છે પણ આપણે મૂકેલા વાસણમાં કેટલું પાણી ભરાય? એમાં પણ જો વાસણ ઊંધું મૂકી દીધું તો કશું પણ હાથમાં ન આવે. ઉદારને આંગણે બેસી જઈએ, પણ આપણી મૂર્ખતા, આપણી અભાગતા. આપણાં વાસણ જ ઊંધા મુકાવી દે, પછી અંદર એક છાંટોય પાણી ન આવે, આવે ક્યાંથી? એ કૃપા ક્યાથી મળે? એટલે જય મહારાજ તો ભવ્ય છે, કષ્ટભંજન છે, ક્લેશપંચાદિહારમ છે, એવા જય મહારાજને આપણે નિત્ય સ્મરીએ. એટલું યાદ રાખજો કે જય મહારાજનું સ્વરૂપ માત્ર આનંદનું જ છે, જય મહારાજનું સ્વરૂપ માત્ર આનંદ સ્વરૂપ છે, ક્યાંય પણ દુઃખ હોતું જ નથી, ક્લેશ હોતો જ નથી. જ્યારે પણ ક્લેશ કે દુઃખ ઊભાં થાય છે ને, ત્યારે એનું કારણ આપણે હોઈએ છીએ, આપણો વ્યવહાર હોય છે, આપણો સંસાર હોય છે. જય મહારાજ તો સદાય આપણને સુખી રાખવા માંગે છે, સદાયને માટે શાંતિ આપવા માગે છે, પણ એ શાંતિને આપણે ઝીલી શકતા નથી. સાચું કહેજો, ઘરમાં એકાંત

મળી જાય તો શું થાય? કંટાળો આવેને? એ એકાંત, એ શાંતિ નથી જીરવાતી. એકાંત, એ તો બહુ જ સરસ વસ્તુ છે, જુઓ કે ઘરમાં કોઈ નથી, એકલા જ છીએ. બેસી જાવ આપણા સાધન ભજનમાં, જુઓ કેટલો આનંદ આવે છે, કેટલી શાંતિ મળે છે, કેટલી એકાગ્રતા આવે છે, પણ એ એકાંતને જીરવવું પચાવવું અઘરું છે. જય મહારાજ તો ઘણું બધું આપવા માટે તૈયાર છે, પણ આપણી શક્તિ નથી. વરસાદ પડતો હોય, અને આપણે આપણું વાસણ છતું મૂક્યું હોય તો ભરાઈ જશે, અને પછી બાકીનું તે બહાર નીકળી જશે, કેમ કે આપણી પાત્રતા નાની હોય, ટૂંકી હોય, તો એટલું જ મેળવી શકાય, પણ જે પ્રાપ્ત થયું એનો આનંદ મેળવી શકો તો પણ ઘણું છે. એટલું મળ્યા પછી પણ, બસ આટલું જ આપ્યું? જય મહારાજ તો બહુ મોટા છે, મોટો રાજા હતો, જમવા બોલાવ્યા, જમ્યા પછી સોનાની થાળી, વાટકી, ગ્લાસ, ચમચી બધું જ આપી દીધું, કે લો લઇ જાઉં તમારે ઘરે. તોય કહેશે કે આવડો મોટો રાજા થઇને આપી આપીને આટલું જ આપ્યું? જય મહારાજ તો આપે છે ખૂબ, પણ લેવાવાળાની ક્ષમતા નથી હોતી. જય મહારાજ તો આપવા બેઠા જ છે, પણ તમે ના લઇ જઇ શકો એનું શું? તો આમ આપણી આ સ્તુતિમાં જય મહારાજને જે કાંઇ સંબોધ્યા છે, જય મહારાજનું જે પણ કાંઇ સ્વરૂપ છે, એ સ્વરૂપ આપણને ખૂબ વિશાળ રીતે આપ્યું છે, અને એને સમજાવવા માટે પ્રયત્ન કર્યો છે. આટલા દિવસના સત્સંગમાં આપણે કેટલું મેળવી શક્યા, કેટલું યાદ રહ્યું, કેટલું ઘરે જઇ અને એનું ચિંતન કર્યું, મનન કર્યું, એની ઉપર આધાર છે, મળે છે તો રોજ, પણ મળ્યા પછીથી કેટલું એને અનુસરીએ છીએ, વ્યવહારથી, વિચારોથી? ઘરે જઇ

અને આ કશું યાદ કરો છો ખરા? યાદ રહે છે આમાનું કશું પણ? તો એ જ અનુસરણ છે, જે ચિંતન મનન છે, એ જ આપણા જીવનની અંદર મોટામાં મોટી મૂડી એકત્રિત કરી આપશે. જે પણ કાંઇ સત્સંગ કરીએ, જે પણ કાંઇ અહી સદ્ભાવ પૂર્વક સાંભળીએ, એને સ્મરણ કરો, એને યાદ કરો અને દ્રઢ કરો, આવર્તન કરો એનું. વારંવાર આ વર્તન થતાં એ યાદ રહી જશે, દ્રઢ થઇ જશે, અને એનાથી જ, એ સંસ્કાર વડે આપણું જીવન ઘડાશે. આપણો વ્યવહાર સુધરશે. એ જ સત્સંગથી આપણા વિચારો બનશે. જે વિચારો સત્સંગ વગર ના હોય તે કેવા હશે? **સારામાં સારા વિચારો બનાવી શકતું હોય તો એ સત્સંગ બનાવી શકે છે, એટલે સત્સંગ એ તો સારા વિચારોનું કારખાનું છે.** જે પણ કાંઇ સારી વાત સમજાઇ. જે પણ કાંઇ વધારે એની ઉપર હાઇલાઇટ થયું એને સ્વીકારી લો, એ પ્રમાણે આપણા જીવન માટે આપણે પોતે તૈયાર થઇએ, તો એમાંથી જ આપણું જીવન બનશે. ઘરની આજુબાજુ જે વાતાવરણ, જે પરિસ્થિતિ હોય એ પ્રમાણેનું આપણું જીવન બનતું હોય છે. ગામડાઓની અંદર, વનમાં ઘર બાંધીને રહેતા હોય, તેમની આજુબાજુનું વાતાવરણ કેવું હોય છે એ પ્રમાણે જ તૈયાર થશે એ વ્યકિત. આપણી પાસે સત્સંગ છે, સેવા છે, સ્મરણ છે, આટલા બધા સુંદર વાતાવરણની વચ્ચે રહીએ છીએ. ફૂલના બગીચામાં રહીએ તો સુગંધી જ આવવાની છે, પણ જો ઉકરડાની વચ્ચે આપણું રહેઠાણ હશે તો દુર્ગંધ જ આવવાની છે. આજુબાજુનું વાતાવરણ એ જ માણસના જીવનને અસર કરતું હોય છે. ચાર બાજુ સારા માણસો રહેવાવાળા હોય, બેસવાવાળા હોય, તો આપણામાં સારાઇ આવવાની જ છે, વિચારો છે,

આપણી દૃષ્ટિ છે, તે બધું જ સારું થશે. પણ ખોટા વાતાવરણમાં જો ફસાઇ ગયા હોઇશું તો આપણી દૃષ્ટિ પણ બગડવાની છે, આપણો વ્યવહાર પણ બગડવાનો છે. નાના નાના છોકરા જો જો તમે, કોઇ ના ઘરે ગયા હોઇએ અને પછી એને સાંભળજો, એ ઘરમાં જે વાતાવરણ હશે એ પ્રમાણે આપણા ઘરમાં બોલતો થઇ જશે, એને ખબર નથી કે હું શું બોલું છું, આપણે કહેવું પડે કે બેટા ન બોલાય આવું, આ બધું કયાંથી શીખી લાવ્યો, એમ પૂછવું પડે. એટલે વ્યકિતની આજુબાજુનું વાતાવરણ, પરિસ્થિતિ જ એમનું ઘડતર કરે છે. આપણે કંઇ પરિસ્થિતિની વચ્ચે રહેવું જોઇએ, કઇ પરિસ્થિતિ નકામી છે એમાંથી આપણે બહાર નીકળી જવું જોઇએ, એ માણસે સમજવું જોઇએ, એ તો નિર્ણય કરવાનો હોય છે. તો જ જીવનની અંદર સારા સંસ્કાર, સારો વ્યવહાર, સારી દૃષ્ટિ આપણે કેળવી શકીશું. ખોટા લોકોની વચ્ચે રહીશું, તો દૃષ્ટિ પણ બગડવાની જ છે. વૃત્તિ પણ બગડવાની છે. વ્યવહાર પણ બગાડવાનો છે. અને એટલા માટે સત્સંગના આધારે, રોજ આપણે બેસતા હોઇએ, તો આપણું જીવન, આપણા વિચાર, આપણો વ્યવહાર, બધું જ સારું થવાનું જ છે. અહીં જય મહારાજ માટે કહ્યું કે,

**ક્ષોત્રિયં સંતરામં બહુલભ વભયધ્નં જનાનાં ભજેહમ્**

આપણા ભવ ભયને આપત્તિઓને દૂર કરવાવાળા છે જય મહારાજ, એમને અમે નિશદિન ભજિએ છીએ.

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૬૮

# સદ્‌ગુરુનું ફિલ્ટર

**ક્ષોત્રિયં સંતરામં બહુલભવભયઘ્નં જનાનાં ભજેડહમ્**

જે સાક્ષાત સ્વયં પરમાત્મા રામ સ્વરૂપ છે, જે સર્વના હૃદયમાં બિરાજેલા છે, મારા હૃદયમાં રહેલા અજ્ઞાનમાંથી ઉદ્‌ભવેલા પાપ, તાપોને નાશ કરવાવાળા છે. મારા હૃદયની અંદર, મારા જીવનની અંદર, અજ્ઞાનને કારણે જે પણ કાંઇ પાપ છે, અને એ પાપને કારણે જે દુઃખોનો તાપ છે, જય મહારાજ એ દૂર કરવાવાળા છે. આ સ્તુતિમાં જય મહારાજનાં કેટલાં સરસ દર્શન કરાવ્યાં છે, કે આપણા જીવનની અંદર જે પણ કાંઇ પાપ થયા, દુરાચાર થયા હોય, કુકર્મ થયાં હોય, એના ફળ સ્વરૂપ પાપ ઉદ્‌ભવે છે, **અને પાપનું પરિણામ છે દુઃખ. પુણ્યનું પરિણામ છે સુખ,** તો અનેક પાપનું દુઃખ અને એ દુઃખનો તાપ માણસથી સહન થઇ શકતો નથી. આપણે બીજાનું દુઃખ નથી જોઇ શકતા અને દુઃખી થઇએ છીએ, તો પોતાનું જ દુઃખ હોય એ દુઃખ કેટલો પરિતાપ આપે? અંદર એને તપાવી નાખે, માણસ કેટલો દુઃખી થઇ જાય? જે પાપના તાપનાં સંકટ જે છે, એ વ્યકિત માત્રથી કયારેય પણ દૂર થઇ શકતાં નથી, કેમ કે **કર્મનાં ફળ દરેકને ભોગવવાં પડતાં હોય છે. અનેક જન્મના કરેલા કર્મ, કયારેક ને**

**કયારેક, કયાંક ને કયાંક ભોગવવા પડતા જ હોય છે,** એ આ જન્મના કે બે-પાંચ જન્મના નથી હોતાં. કોઇક એવા અક્ષમ્ય પાપો હોય, એને પણ ભોગવવાં જ પડતાં હોય છે. લખચોરાસીમાં કયારેય પણ, કયાંય પણ પાપ કર્યું હોય તો એ પાપનું પરિણામ ભોગવવું પડતું ોય છે. સૌભરી ઋષિ હતા, એમને રાજાએ ચોર માનીને અંધારામાં શૂળીએ ચડાવી દીધા, શૂળી ઉપર ભાલો અને એની ઉપર ચડાવી દીધા. પછી ઋષિ એ યમરાજની પાસે જવાબ માગ્યો, કે હું તપસ્વી છું. મારું આવું કોઇ પાપકર્મ નથી, અને છતાં પણ આ સજા મને કેમ? યમરાજાએ યાદ કરાવ્યું, કે તમારા અમુક સમયની અંદર, અમુક જન્મની અંદર તમે એક પતંગિયાને કાંટા ઉપર ભોંકી અને શૂળીએ ચઢાવ્યું હતું, એ કર્મનું ફળ અત્યારે તમને પ્રાપ્ત થઇ રહ્યું છે. તો જન્મ જન્માંતરનાં પાપો હોય, એ પણ કયારેકને કયારેક ભોગવવાં પડે ત્યારે, અરે પ્રભુ મેં તો કશું પણ ખોટું કર્યું નથી, કોઇપણ પાપ કર્યું નથી, છતાં પણ આ દંડ, આ સજા મને કેમ? એમ આપણને પોતાને થાય. **પણ કોઇ પણ જીવાત્મા નિરાપરાધ નથી હોતો. જયારે જયારે દુઃખ ભોગવે છે, એ બધી જ પાપની સજા હોય છે, અને એ એણે કયારેકને કયારેક, કોઇ પણ જનમની અંદર એની સજા ભોગવવી જ પડતી હોય છે.** તો એ સૌભરી ઋષિએ આ સ્થિતિ જોઇ એ સજા ભોગવી લીધે, કંઇ નહિ, મારાં કરેલાં કર્મ છે એ તો મારે ભોગવવાનાં જ છે. અહીંયાં કહે છે, કે જનમોજનમનાં જે પાપો છે, એ પાપનાં જે દુઃખ છે અને દુઃખની જે વેદના છે તે સહન કરી શકાતી નથી. માણસ કેટલું બધું છટપટાતો હોય? એક પથરી જયારે દુખવા માંડે ત્યારે યાદ કરજો, માણસને કેટલો બધો ઊંચોનીચ, આઘોપાછો કરી નાખે છે, જેને

અનુભવ હશે એને ખબર હશે, ના સૂવા દે, ના ખાવા દે, ના બેસવા દે, એને હેરાન હેરાન કરી મૂકે, ઊંઘવા પણ ના દે અને જાગવા પણ ના દે, પથરીનો દુખાવો એવો છે. એ જે અસહ્ય વેદના છે, એનું નામ છે દુઃખનો તાપ.

**યત્સંગાત્પાપતાપાઃ**

આપ પાપના તાપ દૂર કરવાવાળા છો. શરીરમાં તાવ આવે અને શરીર તપે, એ પાપનો જ તાપ છે. કરેલા કર્મનો બદલો દરેક વ્યકિત માત્રને ભોગવવો પડે છે, પણ જય મહારાજનું શરણ, જે બ્રહ્મસ્વરૂપ છે, અને બ્રહ્મસ્વરૂપ ને શરણે જે ગયો

જેને જય મહારાજે પોતાના તરીકે સ્વીકાર્યો છે, જે પણ કોઇ શરણ લઇને જય મહારાજના સાનિધ્યમાં છે, એમનાં પાપ તાપ ને આપ દૂર કરવાવાળા છો.

**એવા આપને અમે ભજીએ છીએ.**

**ભજેહમંજનાનાં ભવભયઘ્નં્**

ઘ્નં એટલે મારી નાખવાવાળા. ભયને મારી નાંખવાવાળા આપ છો. ભયને દૂર કરવાવાળા છો. **જો પાપના તાપને કારણે જેટલા પણ જન્મ લેવા પડે છે, તો એ દરેક જન્મ પાપ છે. કોઇપણ જનમ દુઃખ વગરનું છે ખરું?** માણસ તરીકે એને શાંતિથી જીવાય એવો કોઇ પણ સંસાર નથી. માનો કે તપસ્યા કરવા માટે વનમાં ગયા, તો વનમાં કેટલાય મચ્છર, કેટલાય જંતુઓ, કેટલાય પશુ-પક્ષીઓ અને હિંસક પ્રાણીઓ હોય. વનમાં આશ્રમ બાંધીને રહે, એની અંદર પણ તમે જુઓ જોઇએ, વરસાદ પડે, મચ્છર પણ કરડે, તો ત્યાં તપ એટલું સહેલું પણ નથી. જે સુવિધાઓ ઘરમાં છે

અને એનું સુખ છે, એ સુવિધાઓ જંગલમાં રહેનાર માટે દુઃખ છે, અને જંગલમાં જે શાંતિ છે, જે આનંદ છે, એ ઘરમાં નથી, એનું પણ દુઃખ છે. ચાહે તમે પૂર્વ દિશામાં ઘર કરીને રહો, કે ચાહે તમે પશ્ચિમ દિશામાં ઘર કરીને રહો. પૂર્વ દિશામાં હશો તો સવારે તમને તાપ લાગશે, અને પશ્ચિમ દિશામાં હશો તો બપોર પછી તમને તાપ લાગશે, ક્યાં જશો? દુઃખ કોઇનો પણ કેડો છોડતું નથી, દુઃખ કોઇને પણ છોડતું નથી. આવેલા દુઃખને હાય હાય કરતા નહીં, પણ હરી હરી કરતા ભોગવીએ, આવવા દો ને, કશો પણ વાંધો નહીં. મીરા, નરસિંહ, એકનાથ. એકનાથજીને તો એમની ઘરવાળાએ શેરડીના સાંઠા લઇ ટીપવા માંડ્યા હતા, છતાં પણ એકનાથજીએ હસતાં હસતાં કહ્યું કે બહુ જ સારું થયું. એક શેરડીના સાંઠાના બે ટુકડા થયા, હવે આપણે બે એ ખાઇશું, આપણે વહેંચીને ખાઇશું, આવી વસ્તુસ્થિતિ દરેકના જીવનની અંદર રહેવાની જ છે, પણ

**બહુલભવ ભયઘ્નં જનાનાં ભજેહમ્**

એને તોડી નાંખવાવાળા છે. તો ગમે તેવાં કર્મો હોય, પાપના તાપો ભોગવવા પડતા હોય છે. પણ હૃદયની અંદર એક સાચી સમજણ બરાબર ગોઠવાઇ ગઇ પછી? પાણી આગળ ફિલ્ટર ગોઠવી દીધું હોય, પછી ગમે તેવું પાણી આવે પણ ફિલ્ટરની બહાર નીકળે એટલે ચોખ્ખું ને ચોખ્ખું, એમ આપણા જીવનની અંદર પણ ગુરુ મહારાજનું સાનિધ્ય અને શરણ, સમજણ અને જ્ઞાનનું એવું ફિલ્ટર ગોઠવી દે, કે સુખ અને દુઃખ એમાંથી ફિલ્ટર થઇ અને બહાર નીકળે એટલે એમાં કશું પણ ના

મળે, આવવા દો ને દુઃખ આવશે તો પણ મારે શું? ભલેને લાખો ઉપાધિઓઓ આવે તો પણ ના નડે, ઉપાધિઓ તો આવવાની જ છે. પાંડવોની સાથે સ્વયં ભગવાન હતા છતાં પણ ઉપાધિઓ નાનીસૂની નથી આવી. મહાભારતનું યુદ્ધ એ એક પ્રકારે વિશ્વ યુદ્ધ જ છે, અને એક વિશ્વ યુદ્ધ થાય એટલે કેટલી બધી વસતીનો નાશ થઇ જાય છે. એનું સાચું દર્શન મહાભારતના યુદ્ધમાંથી મળે છે. પાંડવોને ભગવાને જે ફિલ્ટર ગોઠવી આપ્યું. આપત્તિઓ આવી પણ દુઃખોને ગાળીને સહન કરી લીધાં. એમ જય મહારાજના શરણે, સદ્‌ગુરુના શરણે આપણે ગયા તો શું આપ્યું આપણને ?

આપ અદ્વૈતના આનંદનું સ્વરૂપ છો. એ અમને મળ્યું, અને અમે પણ એટલા જ આનંદિત થઇ ગયા, સુખી થઇ ગયા અને એને કારણે એ સાચી સમજણ, એ સાચું જ્ઞાન મળ્યું. સત્સંગના જ્ઞાનની અંદર એટલી મોટી તાકાત છે, એ એવું મોટું ફિલ્ટર છે એમાંથી કોઇપણ અણુ, કોઇપણ જીવાણું પસાર થઇ શકે જ નહીં. બિલકુલ સાફ કરી દે, સહન કરવાની શકિત આપે, કે ચાલો આ સહન કરી લઇએ, Come what may, જે પણ કોઇ આવે, એને સહન કરવાની શકિત આપે, અને એટલા માટે જ અહીંયા આગળ કહ્યું કે,

જેમણે પોતાના સ્વજનોના આટલા બધા ભય. આટલા બધા પાપ જનમ જનમ ના, અને જન્મના ફેરા પણ દૂર કરી નાખ્યા. જય મહારાજનું શરણું કેટલું બધું શક્તિશાળી છે, કેટલું બધું વૈભવશાળી અને વિશાળ છે?

બધા જ લખચોરાસીને પણ તોડી નાખે, પછી જનમ જનમનાં પાપ રહ્યાં જ કયાં? કયાં ભોગવવાનાં રહ્યાં? પોતાને

શરણે આવેલા સ્વજનને જય મહારાજ આટલો બધો પોતાનો કરી લે છે, આવો, ચાલ્યા આવો, માર્ગ બિલકુલ ખુલ્લો છે, જે પણ કોઇ આવે એની માટે, સીધા જ ચાલ્યા આવો, વચ્ચે કયાંય અટવાશો નહીં, કયાંય ઊભા રહેશો નહીં. જો આટલો પ્રશસ્ત કરેલો માર્ગ હોય, પાપ અને પુણ્યથી દૂર, દુઃખોથી દૂર, માત્ર પોતાના સ્વજન તરીકે સ્વીકારી લઇ, બહુ જ સીધી વાત છે, એમને શરણે જઇને બેઠા પછી કોઇપણ વાંદરું, કોઇપણ શિયાળ નજીક આવી શકે ખરું? એ વાંદરા અને શિયાળ એટલે, કોઇપણ દુવૃત્તિ, કોઇપણ દૂરાચાર, એ આપણી નજીક આવી શકે જ નહીં, કેમ કે જય મહારાજની જોડે બેઠા છીએ, સમર્થના ખોળામાં બેસી ગયા છીએ અમે તો. પેલું નાનું છોકરું ઘરમાં હોય. ને, કાંઇક અટકચાળું કરી આવે, પછી દોડતું દોડતું જઇ મા કે બાપના ખોળામાં બસી જાય, અને પછી કહે કે લે લે લે. બાપના ખોળામાં બેસી ગયો હોય પછી કોઇ એની નજીક આવી શકે જ નહીં. જય મહારાજની એ શક્તિ છે, અને એ શક્તિને ઓળખતાં આપણને આવડવું જોઇએ. શરણગતજન કહી દીધું, એટલે પોતાનો આત્મીય, જેને આપણે સ્વજન કહીએ છીએ તે.

જન એટલે પોતાનો, આત્મીય, અભિન્ન. તો જો જય મહારાજ આપણને અભિન્ન બનાવી દેતા હોય આત્મીય તરીકે સ્વીકારી લે પછી આપણને કોનો ભય? કોઇપણ ભય શા માટે રાખવો? કોઇ પશુપક્ષીનો કે કોઇ હથિયારનો ભય નહીં, કોઇ ઝેર કે કોઇ વિષનો પણ ભય નહીં. જય મહારાજ તો લખચોરાસીના ભયને પણ તોડી નાખનાર છે, એનાથી મોટો તો કોઇ ભય નથી ને?

**વારંવાર જન્મવું અને અવતરવું રે**

કેટલો સરસ ભાવ છે, એ માટે તો જય મહારાજનું શરણ લઇ લેવું. કહ્યું કે,

જય મહારાજ જો ભવનો ભય દૂર કરી શકતા હોય, તો એવા જય મહારાજને ભજવામાં આપણને કયાં ખોટ આવવાની હતી? માત્ર નફો જ નફો છે, કોઇપણ મૂડીરોકાણ નથી, મૂડીરોકાણ એટલું જ કે એમને શરણે પહોંચી જઇએ, બસ પછી બાકીનો જે પણ કાંઇ વેપાર થાય અને તેમાં નફો આપણો જ. જય મહારાજ કહે કે લો જાવ, સાંભળો, જપ કરો તપ કરો, ભગવત્ ભજન કરો, સ્વાધ્યાય કરો, સત્સંગ કરો શાસ્ત્ર જ્ઞાન મેળવો, એટલો નફો લઇ જાવ?

|| જય મહારાજ ||

## પ્રકરણ-૬૯

# અતિ લોભ નિવાર

**નષ્ટાંસ્તં રામરૂપં શરણગતજનકલેશ પંચદિહારમં,**

જેનાં પાપ એકદમ નાશ પામેલાં છે, એવા રામરૂપ જય મહારાજ પોતાને શરણે આવેલા સહુના પાંચેય પ્રકારના કલેશો દૂર કરવાવાળા છે. જેમનું શરણ અને સ્મરણ અનેક પાપના કલેશોમાંથી મુકત કરાવે છે. જય મહારાજ પરમ દિવ્ય સ્વરૂપ છે, પરમ દિવ્ય ચૈતન્ય છે, અને અદ્વૈત સ્વરૂપે એ સર્વત્ર બિરાજમાન છે. સર્વ જગતમાં માત્ર એક જ તત્વ વિલસી રહ્યું છે, એ સિવાય અન્ય કશું છે જ નહીં.

**અદ્વૈતાનંદરૂપાત્**

સમગ્ર સૃષ્ટિની અંદરના જે પણ કાંઇ જીવાત્માઓ છે, તે બધા જ વ્યાપક બ્રહ્મના, પરમાત્માના અંશ છે. જેમ શરીરમાં અબજો રકતકણો છે, અને કોષો છે, અને એ દરેક કોષોમાં ચેતના છે આત્માની

**પિંડે સો બ્રહ્માંડે**

એમ સમસ્ત સૃષ્ટિમાં બધા જ, ઝાડ, પાન, જીવ, પશુ, પક્ષી, જળચર, થળચર બધા જ, એવા અબજોની સંખ્યામાં છે, એમ શરીરની અંદર પણ અબજોની સંખયામાં કોષો અને કણોમાં

ચેતના છે. જેમ આખા શરીરમાં અબજો કોષોમાં ચેતના અનેક, પણ આત્મા એક. એ આત્માના આધારે આખા શરીરના કોષો જીવંત રહે છે. એમ સમસ્ત સૃષ્ટિ એ પરમાત્માના વ્યાપક વિગ્રહના કોષો છે. બધા જ જીવે છે, દરેકનામાં ચેતના છે. પણ પરબ્રહ્મ પરમાત્મા એ સમગ્ર સૃષ્ટિનો આત્મા છે. જેમ શરીરમાં અનેક કોષો બનતા જાય. એકબીજા સાથે મળતા જાય, મરતા જાય, એવું જ સૃષ્ટિમાં પણ છે. એને વેદાંતની દૃષ્ટિએ જોઇએ તો, પરમાત્મા અદ્વૈત છે, પરમાત્માનું સ્વરૂપ સર્વત્ર છે અને સર્વમાં છે. જેમ આત્મા એક છે, અને એ જ આખા શરીરની ચેતનાનું નિયમન કરે છે, એમ પરમાત્મા, જય મહારાજ સ્વરૂપ પરમ તત્વ સ્વરૂપ, સમગ્ર સૃષ્ટિમાં એક જ છે, અને એ જ સમગ્ર સૃષ્ટિનું નિયમન કરે છે, અને એટલા માટે જ કહ્યું છે કે,

શરીરમાં આત્મા કેટલા? એક જ. માટે એ આત્માના સ્વરૂપને અદ્વૈત કહ્યો, એમ સમગ્ર જે પણ કાંઇ જડ-ચેતન આ સૃષ્ટિ છે, એમાં પરમાત્મા એક જ છે, અદ્વૈત. આ સૃષ્ટિ, જડ ચેતન, બ્રહ્માંડ, બધામાં અબજોની સંખ્યામાં પશુ-પક્ષીઓ, મનુષ્ય તારા નક્ષત્રો છે. આ બધાનો કાળક્રમે નાશ થાય છે, અને ફરી ઉદ્‌ભવ થાય છે, પણ પરમાત્મા તો એક જ છે, એટલે કહ્યું કે અદ્વૈત. સર્વત્ર અને સર્વસ્વ એક જ પરમાત્મા છે. આ શરીર પણ પંચતત્વમાં મળી જાય છે, સુષ્ટિ નિર્માણનું તંત્ર સદાય ચાલ્યા જ કરતું હોય છે, પરંતુ કોઇ પરિવર્તન ન દેખાય, દુનિયા એની એ જ દેખાય, પરંતુ એમાંથી કેટલાય નીકળી ગયા હોય અને કેટલાય નવા આવ્યા હોય. વિજ્ઞાન પણ કહે છે કે આ શરીર પણ બદલાતું જ રહે છે, બદલાતું જ રહે છે. ભગવાન કેવી રીતે આખા શરીરનું

ટ્રાન્સપ્લાન્ટ કરતા હશે? દર સાત વર્ષે આખા શરીરના બધા જ કોષો બદલાઇ જતા હોય છે. આ ટ્રાન્સપ્લાન્ટ માટે કઇ દવો હશે? કયું ઓપરેશન થિયેટર હશે? દવાઓ એટલે આપણે જે ખોરાક લઇએ છીએ તે. એમ પૃથ્વીમાં પણ વનસ્પતિ ઉગ્યા કરે, નાશ પામ્યા કરે, પશુ પક્ષી પણ જનમ્યા કરે, નાશ પામે, મનુષ્ય પણ જન્મે અને મરે, આમ સૃષ્ટિ પણ ટ્રાન્સપ્લાન્ટ થતી રહેતી હોય છે, કાંઇ ખતમ થઇ નથી જતી, જેમ આખા શરીરનું ટ્રાન્સપ્લાન્ટ થાય છે પણ શરીર મરી જતું નથી. તો આમ અહીં કહ્યું કે,

જય મહારાજનું અદ્વૈત આનંદનું સ્વરૂપ આપણા સહુમાં બિરાજી રહ્યું છે, આપણા દરેકના હૃદયની અંદર.

જે વંદન કરે છે તે સહુને માટે, વંદન કરે છે એટલે જે માને છે, કે જય મહારાજની આવી વ્યાપક શક્તિ છે. તે જય મહારાજને વંદન કરે છે.

બીજા માટે પણ આ જ છે. તે બીજા સ્વરૂપે, બીજા નામથી માનતા હોય, પણ છે તો જય મહારાજ જ. આમ આવા સુંદર ભાવ આપણને આ સ્તુતિમાંથી મળે છે. આ સ્તુતિની પ્રાર્થનાના શબ્દોની અંદર અગાધ શકિત રહેલી છે, અને દ્રષ્ટિ પણ એટલી બધી વિશાળ, ખુલ્લી છે. ભગવાન જેવું ઉદાર છે કોઇ? આ બધું આપ્યું શરીરમાં. ભગવાનનો એટલો આભાર, ઉપકાર, એમની દયા માનો બીજા વિકલાંગ ખોડખાંપણવાળા શરીને જોઇએ ત્યારે આપણને તો આખા ને આખા સરસ બનાવેલા છે, કેટલો મોટો ભગવાનનો ઉપકાર, કેટલી મોટી દયા છે, છતાં પણ ફરિયાદો કરતા રહીએ, કે આમ છે, તેમ છે, ભગવાને આ નથી આપ્યું,

સંતોષ નથી. ભગવાનના પ્રત્યે એટલી આપણને શ્રદ્ધા નથી, આસ્થા નથી. ભગવાને આખું શરીર બનાવ્યું, પણ આ મગજની હાંડલી ઊંધી મૂકી, જો છતી કરી અને અંદર ભરવા જાય ને તો અંદર કશું પણ રહે જ નહીં ને. ગમે તેટલું નાખ નાખ કરીએ, પણ એ ભરાય જ નહીં ને. એક તત્વચિંતક હતો, રાજાની પાસે બેઠો હતો, વાતવાતમાં રાજાએ કહ્યું કે આપ મારી પાસે માગો, તો તત્વચિંતકે કહ્યું કે શું માગું, રાજાએ કહ્યું કે ના ના હું સમ્રાટ છું, કાંઇક તો માગો, એટલે તત્વચિંતકે કહ્યું, અચ્છા, જો ભી કુછ તું દેગા વો હમ લે લેંગે, ભિક્ષાપાત્ર હતું એમનું તે મૂકયું, રાજાએ કહ્યું જાવ ભરી લાવો આ ભિક્ષાપાત્ર, ભિક્ષાપાત્રમાં લાવીને નાખ્યું, પણ ભિક્ષાપાત્ર તો ભરાયું જ નહીં, ફિરસે લાવો, ફરી પણ ના ભરાયું, ઓર લાવો, રાજાનો આખો ખજાનો ખાલી થઇ ગયો. પછી પેલા તત્વચિંતકે કહ્યું કે, બસ ખતમ હો ગયા? પછી કહ્યું કે, **જો ભીખ કી હાંડી હોતી હે ના, વો કભી ભી નહી ભરતી, ખાલી હી રહેતી હૈ, યે ભીખ કી હાંડી ખાલી કી ખાલી રહેતી હૈ, કભી ભી નહી ભરતી. ગમે તેટલું આપે ઇશ્વર પણ માણસને સંતોષ નથી હોતો, એનું મગજ ભૂખ્યુંને ભૂખ્યું જ રહે, ભિખારીની જેમ.** અને આમ તો આપણે ભિખારી જ ને, ભગવાનની આગળ તો ભિખારી જ ને, ભગવાન આટલું આપજે. ભગવાન આટલું કરજે, માણસને સંતોષ નથી. આટલું સરસ શરીર આપ્યું છે, એની અંદર આટલી બધી સગવડો આપી દીધી છે, અને કશું પણ ભાંગ્યું તૂટયું નથી, બીજાને જોઇને પણ આપણને સંતોષ થવો જોઇએ, કે આના કરતાં મારી દશા કેટલી સારી છે, આખું ને આખું આટલું સુંદર શરીર આપ્યું છે. હરિદાસજીએ બહુ જ સરસ વાત કરી છે.

**''શું રે માગે હવે હરિ કને, આપ્યું છે તે તો સંભાળ,**

**છે છતી વસ્તુ દેખે નહિં, અવો આંધળો ભીત''**

આત્મા છે, પણ આત્માનુભાવની તને ખબર નથી, તે તો તું માગતો નથી.

કેટલી અમૂલ્ય બે આંખો આપી છે, બે કાન આપ્યા છે. એક આંખ કાઢીને આપવાનું કહે, આપી તો જુવો, આપે કોઇ? આટલા કરોડ આપશે, ભલે હું ગરીબ રહ્યો પણ હું મારી આંખ નહીં આપું, કેટલા કીમતી થઇ ગયા. પરમાત્માએ આટલું બધું આપ્યું છે, એની કૃપા સમજો, રોજ એમને પ્રેમથી પ્રાર્થો. ભલે ગમે એટલા દુઃખો હોય પણ ભગવાને શરીર તો મને સરસ આપ્યું છે.

**''અતિ લોભ નિવાર''**

ભગવાને આ શરીરમાં જે પણ કાંઇ આપ્યું છે, તેમાં સંતોષ માનતાં શીખો, અને એ પરમાત્મા આપણામાં પણ બેઠેલો છે, અને એટલા માટે કહ્યું કે એ પરમાત્મા એક જ છે, બીજું નથી, અને એટલા માટે જય મહારાજના સ્વરૂપને કહી દીધું.

**''અદ્વૈતાનંદરૂપાત્''**

જય મહારાજ એ તો અદ્વૈત આનંદનું સ્વરૂપ છે, અને આનંદનું સ્વરૂપ કેવું છે?

**આનંદમાનંદ કર પ્રસન્નમ્''**

આનંદસ્વરૂપ તો આનંદ કરાવનારા પ્રસન્ન છો.

**''જ્ઞાનસ્વરૂપં''**

આપ જ્ઞાન સ્વરૂપ છો. આનંદ જ્ઞાનમાં થી આવે,

**''નિજબોધયુકતં''**

આ બાજુ નિજબોધયુકત કહ્યું, અને અહીં કહ્યું કે,

**''અદ્વૈતાનંદરૂપાત્''**

એક જ થયું છે. શરીર તું નથી. માત્ર એક જ આત્મા, ચૈતન્ય. અદ્વૈતનો આનંદ જે છે, એ અલૌકિક છે, કેમ કે આ આનંદ દુનિયાની કોઇ વસ્તુમાંથી, કોઇ પરિસ્થિતિમાંથી, કોઇ વ્યકિતમાંથી નહીં મળે, એ આનંદ તો માત્ર અદ્વૈતમાંથી જ પ્રાપ્ત થશે. એટલે બીજું નહીં, કેમ કે જો બીજું જોવા જશો, તો રાગ દ્વેષ ઉત્પન્ન થશે, માન અપમાન થશે, મારું-તારું થશે, પણ બધાં જ સ્વરૂપ બગવાનનાં, જય મહારાજનાં જ છે.

**''ઘટ ઘટ વ્યાપી છો ગુરુ મ્હારા''**

**કાઇ દાસ પાસ રાખી તાર્યા,**

**આપી ઉપદેશ ને ઓધાર્યા.... સતગુરુ મહારાજ''**

આટલા બધાનો ઉદ્ધાર કર્યો પોતાની પાસે રાખીને, એ ભાવ આપણામાં સતત સતત બન્યો રહેવો જોઇએ. જય મહારાજનું સ્વરૂપ સર્વત્ર છે. સર્વત્ર આપ જ વસી રહ્યા છો. **કોઇપણ મંદિરમાં જાવ, કોઇપણ તીર્થમાં જાવ, મૂર્તિ ગમે તે હોય, દર્શન જય મહારાજના જ થવા જોઇએ, એનું નામ અદ્વૈત. દરેક મંદિરમાં આપ એક જ બિરાજેલા છો, બીજા છે જ નહીં, બદ્રીનાથમાં જઇએ કે પછી રામેશ્વરમાં જઇએ, કે પછી કેદારનારથમાં જઇએ, બધે જય મહારાજનું સ્વરૂપ દેખાવું જોઇએ, દર્શન થવા જોઇએ, એનું નામ છે.**

**''અદ્વૈતાનંદરૂપાત''**

**''કોટી તીર્થ ગુરુ ને ચરણે, ગુરુ સમાન નહીં કાંઇ.''**

**જોગ જપન જપ તપ, સર્વે ગુરુ ના વચન માહિ''**

તીર્થ કરવા જઇએ અને આવી દશા થાય, તો બીજે બધે તીર્થ કરવા જઇએ, એના કરતાં અહીં જ જય મહારાજનાં દર્શન શું ખોટા છે? ચાણક્ય તો કહે છે કે,

**તીર્થયાત્રા અધમાધમા,**

**ઉત્તમા સહજાવસ્થા.**

**મધ્યમાં ધ્યાન ધારણ''**

અધમમાં અધમ જો હોય તો તીર્થયાત્રા છે. બધું જ અદ્વૈતમાં સમાયેલું છે, જય મહારાજનું જ આખું વિરાટ સ્વરૂપ છે. ભગવાને અર્જુનને બતાવ્યું વિરાટ સ્વરૂપ, કે લે તું દર્શન કરી લે, જશોદા એ કહ્યું કે માટી કેમ ખાધી ? બાળ ગોપાળ કહે કે માટી નથી ખાધી, તો મોં પહોળું કર, મુખમાં આખા બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં, કે લો, સ્તબ્ધ થઇ ગયા જશોદામાં, આ શું? સર્વત્ર એ જ છે, બીજું છે જ નહીં.

**''નિજ પ્રભુમય દેખહિ જગત''**

મારો ભગવાન બધે જ છે, અપમાન કરનાર પણ મારો ભગવાન જ છે, એને જો તમાચો મારું તો મારા ભગવાનને તમારો વાગે. ભગવાન બુદ્ધ તપસ્યામાં બેઠા હતા એક વૃક્ષ નીચે, એમની નજીકનો એક સગો હતો તે એમનો ખૂબ જ વિરોધી હતો, ત્યાં આવી અને ભગવાન બુદ્ધને એણે ગાળો જ બોલવા માંડી, ગાળો

જ બોલવા માંડી. સતત બે કલાક સુધી ગાળો જ બોલતો રહ્યો, પછી થાક્યો, પછી તથાગતે આંખો ખોલીને કહ્યું, કે વત્સ તારા ઘરે કોઇ મહેમાન આવે, એની માટે બધી જ તૈયારીઓ કરી હોય, ખૂબ જ સરસ વસ્તુઓ લાવ્યો હોય, ખૂબ જ સરસ જમવાનું બનાવ્યું હોય, ગિફ્ટ આપવા માટે પણ સરસ વસ્તુ લાવ્યો હોય, પણ એ માણસ તારી કોઇ પણ ચીજ-વસ્તુને લઇને ન જાય, અડે પણ નહીં, તો શું થાય? પેલાએ કહ્યું કે, એમાં શું પૂછે છે વળી, મારા ઘરમાં છે એટલે મારું જ છે. તથાગતે કહ્યું કે બિલકુલ સાચું છે, તેં આટલી બધી ગાળો બોલી, પણ એમાંની એક પણ ગાળ મેં લીધી નથી, તો એ કોની પાસે રહેશે? પેલો બિચારો શરમાઇ ગયો,પગમાં પડી ગયો. હંમેશાં માન અપમાન જે પણ કંઇ થાય, છતાં પણ, એનામાં ભગવાન બેઠેલો છે એ ભાવ, સામા માણસને ઠંડોગાર કરી નાખે. મેં એક પણ ગાળ સ્વીકારી નથી, પછી એ કોની પાસે રહી? તારી પાસે જ રહી, તો આમ,

**''નિજ પ્રભુમય દેખહિ જગત''**

સર્વત્ર અદ્વૈત ભાવથી પોતાના ઇષ્ટદેવને જુવો, ગમે ત્યાં કોઇપણ મંદિરે જાવ પણ દર્શન તો મારા જય મહારાજના જ થાય છે, તપસ્યા કરી રહ્યા છે, સૌને ખવડાવી રહ્યા છે, આ જ ભાવ.

બસ અદ્વૈત એ આનંદનું જ સ્વરૂપ છે, અને સાચું તે જ છે. સર્વત્ર તમે ઇષ્ટદેવની દ્રષ્ટિ રાખો, તો વ્યવહાર ભેદ ઉત્પન્ન નહીં થાય, અને ભેદ ઉત્પન્ન ન થાય એટલે મારું તારું તો રહેવાનું જ નથી, બસ આનંદ જ કરો. અદ્વૈત માત્ર આનંદનું જ સ્વરૂપ છે. એ આનંદનું સ્વરૂપ,

**''પ્રણતજનગણા અભીષ્ટનિત્યમિડે''**

જે શરણે આવેલા છે, જે જય મહારાજને ભજે છે, તે બધા બધા ને, નિત્યનિયમવાળાને, જય મહારાજ આ સ્વરૂપનો આનંદ આપે છે, એટલું જ નહીં,

**''કલેશ પંચાદિહારમ્''**

જીવનના બધા જ પ્રકારના કલોશોને વાળી ઝુડીને નાશ કરી નાખે છે. જય મહારાજ પોતે રામ સ્વરૂપ છે.

**''રામ રુપમ્''**

શરણાગતોના જીવનના કલેશો દૂર કરનારું આ રામ સ્વરૂપ છે. અહીં કહ્યું કે,

**''સ્વરૂપમ્ શરણગતજન કલેશ પંચાદિહારમ્''**

એ સ્વ્રૂપે શરણે આવેલાઓની હંમેશા રક્ષા કરે છે. ભગવાન જય મહારાજ તો દયાળુ છે, શરણે આવેલા સહુના કલેશો દૂર કરે છે, સહુને સુખી કરવાવાળા છે, શ્રદ્ધા દ્રઢતા વિશ્વાસ જય મહારાજમાં પરિપૂર્ણ રીતે હોવો જોઇએ. જય મહારાજ જીવનના બધા જ કલેશો પૂર્ણ રીતે દૂર કરવા માટે બેઠા જ છે. તૈયાર જ છે. જેમ કોઇને ત્યાં અવસાન થયું હોય, અને બધા આવી ગયા હોય તો, બધા બેઠા જ છે લઇ જવા માટે જ. જય મહારાજ બેઠા જ છે.

જેમ સ્મશાન માટે બધા બેઠા હોય ડાઘુઓ ઘરમાં આવીને, પછી ઉઠવો ઉઠાવો, એમ બધા જ કલેશને લઇ જવા માટે જય મહારાજ તૈયાર બેઠા છે.

અહીં જ મહારાજનું સ્વરૂપ કેવું આપ્યું? શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, બહુ જ ઊંચામાં ઊંચું તત્વ થઇ ગયું. જેમણે પૂરેપૂરી બ્રહ્મની સ્થિતિને પ્રાપ્ત કરી લીધી છે, સમજી લીધી છે, અને એની અંદર સ્થિર થઇ ગયા છે તે શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, બધા જ શાસ્ત્રો, બધા જ વેદો એમની આગળ આમ સામે ઊભા હોય. કોઇ પણ મંત્ર, કોઇ પણ શ્લોક, કોઇ પણ ગ્રંથ, સેવામાં આવી જાય. તરત જ એની ઉપસ્થિતિ આવી જાય, જેમ રાજા હુકમ કરે, અને તરત જ હાજર થઇ જાય. શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ એટલે રાજાના જેવો વૈભવ. કોઇપણ ગ્રંથ, કોઇપણ શાસ્ત્ર, કોઇ પણ શ્લોક, કોઇપણ મંત્ર તરત જ સેવામાં આવીને ઊભા થઇ જાય. જેમ ભગવાન દત્તાત્રેયની પાસે, ચાર વેદ ચાર કુતરાનું સ્વરૂપ લઇને ઊભા છે. આપની સેવામાં હાજર છીએ. એ ચારેય વેદો આવીને ઊભા થઇ ગયા છે, કેવું સ્વરૂપ લઇને? શાસ્ત્ર, ધર્મગ્રંથો, એવા શ્રોત્રિયની પાસે સેવામાં તત્પર થઇને સામે ઊભા હોય, અને દરેક ઇચ્છે છે કે મને આજ્ઞા કરે. એમ કોઇપણ શાસ્ત્ર, ધર્મ, ગ્રંથ, વેદ, મંત્ર, જય મહારાજની સેવામાં તત્પર હોય, એનું નામ શ્રોત્રિય કહ્યું,

**''શ્રોત્રિયં સંતરામં''**

જેણે સ્તુતિ કરી હશે, એને જય મહારાજના સ્વરૂપનાં કેવા દર્શન થયાં હશે, કે આ શબ્દોથી સંબોધન કર્યું. આનંદ તો એટલો બધો આવે છે, કે વાત ન પૂછો, પણ એ સત્સંગનું સ્વરૂપ છે. સત્સંગ હંમેશાં આનંદ આપનારો જ હોય, એ હંમેશાં પ્રસન્નતા જ આપ્યા કરે, ઓહો જય મહારાજનું આ સ્વરૂપ છે, આપણે તો આવી અને દર્શન કરીને ચાલ્યા જઇએ,

**''તમને નથી ઓળખતા પામર પ્રાણી.**

**તમે વરસો છો અમૃત વાણી''**

જય મહારાજની સ્તુતિ કરી દીધી છે,

**''ગુરુ મહારાજ તમે વરશો છો અમૃત ધાર''**

આપ તો અમૃતની માફક અમને આપવા માટે તૈયાર બેઠા છો, પણ અમૃત છે એની અમને ખબર જ નથી. ઉપરથી જતું રહે છે, પછી ખાલી ના ખાલી અને કોરા ના કોરા. એટલે જય મહારાજના એ સ્વરૂપને ખૂબ જ આનંદપૂર્વક સમજીએ, અને એટલા જ ભાવથી એમનાં દર્શન કરીએ, આ સમગ્ર વ્યાપકબ્રહ્મનું સ્વરૂપ એ આપનું સ્વરૂપ છે.

।। જય મહારાજ ।।